વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૫૦મું
જાન્યુઆરી : ૨૦૨૫
અંક : ૫૬૦
મંગલ મંદિર ● જાન્યુઆરી-૨૦૨૫ ● ૧
(કુલ પાના : ૭૬)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર







: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

## મુખ્ય વાસ્તવિકતાઓ

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850** + શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
- **1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રેડિટેશન
- **3300** + જોશીલા વ્યાવસાયિકો

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

V-TRANS®
Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis

છેલ્લા ૪૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી** મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦
- **ફાલ્ગુની હિરેન – સભ્ય** મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭
- **ચૌલા કુરૂવા – સભ્ય** મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮
- **રસિક ખીમજી મહેતા – સભ્ય** મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯
- **પ્રભુલાલ કપૂરચંદ સંઘવી – સભ્ય** મો. ૯૯૭૯૮ ૮૧૭૨૦

**કવર પેઇજ ડિઝાઇન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

## ભાગ-૧ : સંસ્થા સમાચાર તથા અન્ય

### તંત્રીલેખ


- કિંમતી હીરાના પથ્થરની શોધ ...... **અશોક મહેતા** ...... ૫
- અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈનનો અ.મ્યુ.કો.ના મ્યુનિ. કમિશનરને પત્ર ...... ૬
- ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ : ધ્વજવંદન કાર્યક્રમ : જાહેર આમંત્રણ ...... ૭
- મહિલા ઉત્કર્ષ સમિતિના કાર્યક્રમનો અહેવાલ ...... ૭
- વયસ્ક સમિતિના કાર્યક્રમનો (તા. ૨૬-૧૧-૨૦૨૪ અને તા. ૧૦-૧૨-૨૦૨૪) અહેવાલ ...... ૯
- યુવા વિકાસ સમિતિના કાર્યક્રમનો અહેવાલ ...... ૧૩
- તબીબી સાધનોનો દાન સ્વીકાર ● ચક્ષુદાન અને દેહદાન ...... ૧૪
- પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર દ્વારા યોજાયેલ ફ્રી નિદાન કેમ્પની તસવીરી ઝલક ...... ૧૪
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
  વિવિધ મેડિકલ સેન્ટરો ખાતે દિવાળીના તહેવાર નિમિત્તે બનાવવામાં આવેલ રંગોળીની ઝલક ...... ૧૫
- સરનામા ફેરફાર ● શુભ લગ્ન ● સાભાર સ્વીકાર ...... ૧૬
- ઉડતી નજરે ...... ૧૭
- 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી ...... ૧૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ...... ૧૯
- 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવતી જાહેરાતના દરો ...... ૨૩
- અતીતના ઓવારેથી : મણકો-૧૭ ...... ૨૪
- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૨૧ ...... **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ...... ૨૮
- આપણા ડૉક્ટર્સને પહેચાનો : મણકો-૧૬ ...... **અશોક મહેતા** ...... ૩૦
- મુંબઈની હોસ્પિટલોમાં સેવા આપતા સેવાભાવીઓના નામ અને નંબર ...... ૩૨
- *Nano Nine* શબ્દ રમત-૨૧૪ ...... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૩૩
- *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૭૨) ...... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૩૫
- પ્રતિભાવ ...... ૩૬
- અન્ય સંસ્થાના સમાચાર ...... ૩૮
- નવી શિક્ષણ નીતિ પ્રાપ્ત થઈ : કેન્દ્રીય કેબિનેટની મંજૂરી ...... ૪૧
- દેશ - વિદેશ ...... **ચૌલા કુરૂવા** ...... ૪૨
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ...... **સંકલન : રસીક ખીમજી મહેતા** ...... ૪૪


## ભાગ-૨ : લેખ વિભાગ તથા અન્ય

### પ્રેરણાત્મક પ્રસંગો


- મણકો-૨૨ : જે કામ હાથ પર હોય તેના ઉપર જ ધ્યાન આપવું
  મણકો-૨૩ : પ્રતિભાઓની સાદાઈ ...... **સંકલન : ડૉ. આશિષ ચોકસી** ...... ૪૭


### સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો


- મણકો-૧૩ : મદનલાલ ધીંગરા ...... **રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ** ...... ૪૮


### એરિસ્ટોક્રેટ્સ


- પ્રકરણ-૧૦ : ઓસવાલ શ્રેષ્ઠી – ૩ ...... **દેવેન્દ્ર પટેલ** ...... ૪૯

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી દેવેશ દિલીપ દંડ
મો. ૯૩૨૭૯ ૧૮૫૭૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

**નૂતન માહિતી**
- મધર્સ મિલ્ક બેન્ક ................ **ભાલચંદ્ર જાની (ગુજરાત સમાચારના સૌજન્યથી)** ..... ૫૧

**વિકાસ**
- કચ્છમાં સર્વાંગી વિકાસનો જેટ યુગ ................ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ..... ૫૩

**વિજય દિન**
- ૧૬મી ડિસેમ્બર : ભારતના ઐતિહાસિક વિજયનો દિવસ ................ **જગદીશચંદ્ર છાયા** ..... ૫૪

**વિશિષ્ટ દિવસ**
- ૧૬મી જાન્યુઆરી : રાષ્ટ્રીય સ્ટાર્ટ-અપ દિવસ ................ **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૫૫

**માહિતી**
- રખડતા કૂતરાઓ માટે વડોદરામાં સ્મશાન બનાવવા હિલચાલ ................ **મનીષ જોશી 'મૌન'** ..... ૫૭

**પ્રવાસ**
- વન-ડે ટુર ................ **અશોક વી. શાહ** ..... ૫૮

**તંદુરસ્તી**
- "લિવિંગ વિલ" – LIVING WILL ................ **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૫૯
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
- IBS (Irritable Bowel Syndrome).. ................ **ડૉ. કમલેશ એન. શાહ** ..... ૬૧

**વિવિધતા**
- જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો : લેખાંક-૯ ................ **દૃષ્ટિ મહેતા, યેશા મહેતા** ..... ૬૨

**તીર્થ દર્શન**
- દર્શન-૬૮ : શ્રી હથુન્ડી તીર્થ (શ્રી રાતા મહાવીર ભગવાન)
- દર્શન-૬૯ : શ્રી ફલૌધી તીર્થ (શ્રીફળવૃદ્ધિ પાર્શ્વનાથ ભગવાન) .... **પ્રેષક : કે.ડી. શાહ** ..... ૬૩

**જૈન દેરાસરો**
- કચ્છના વિવિધ તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ – ૩ ................ **મહેન્દ્ર લખમશી મોતા** ..... ૬૪

**વાર્તા**
- લઘુકથા : સંયુક્ત પરિવાર ................ ૬૭
- સફળતા ................ **ધીરજલાલ ડી. તન્ના** ..... ૬૯
- થાળી, વાટકો અને ચમચી ................ **સ્મિતાબેન પટેલ** ..... ૭૧
- ભારતના બુઝુર્ગો ................ ૭૩

**આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો**
- મુંજો કચ્છડો ................ **શાંતિલાલ રામજી લાલકા** ..... ૬૦
- ગઝલ ................ **ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'** ..... ૬૮

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# કિંમતી હીરાના પથ્થરની શોધ...

અશોક મહેતા

સોમવાર, તા. ૨૩ ડિસેમ્બર ૨૦૨૪ના "ગુજરાત સમાચાર"માં રોમાનિયા દેશના નીચે મુજબના એક સમાચાર પ્રસારીત કરવામાં આવેલ હતા.

એક વૃદ્ધ મહિલાએ છેલ્લા ઘણાં વર્ષોથી નદી કિનારેથી મળેલા લાલ રંગના એક પથ્થરને દરવાજાની સ્ટોપર બનાવીને રાખેલ હતો. આ પથ્થર દરવાજાને ખુલ્લો રાખવામાં મદદ કરતો હતો. ૩.૫ કિ.ગ્રા. વજનનો આ પથ્થર ખૂબ જ મૂલ્યવાન હોવાનો મહિલાના મૃત્યુ પછી ખ્યાલ આવ્યો હતો. નિષ્ણાતોએ (ઝવેરીઓએ) તેની પરખ કરી તો તે ૩.૮થી ૭ કરોડ વર્ષ જૂનો હોવાનું જણાયું. તેની કિંમત તે સમયે રૂા. ૮.૫ કરોડની અંકાયેલ હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉદ્ગમ કાળના સમયથી તેની પાસે એકત્રિત થયેલ સારા એવા અમૂલ્ય કિંમતી હીરાઓ – કાર્યકર્તાઓ હતા કે જે સમાજને સારી એવી ઊંચાઈએ પહોંચાડી શક્યા હતા.

સારા એવા સમય દરમિયાન એ સમયના મોટાભાગના કાર્યકરો કાળના ગર્ભમાં વીલિન થતા ગયા અને બાકી રહેલ હતા એ વૃદ્ધાવસ્થાને કારણે ફરજિયાત નિષ્ક્રિય થતા ગયા. અમૂલ્ય હીરા સમાન હજુ કેટલાક કાર્યકરો પોતાની સેવા આપી રહ્યા છે પરંતુ શ્રી કચ્છી જૈન સેવા સમાજ જેવી વિશાળ ફલકવાળી સંસ્થાને જૂજ કાર્યકરોથી ના ચલાવી શકાય. તેને અગાઉની માફક કાર્યકરોનું એક ઝુંડ જોઈએ કે જે દિન-રાત જોયા વગર પોતાના ક્ષેત્રના કાર્યો વિરમ્યા વગર પૂરઝડપે આગળ ધપાવી શકે.

સમાજના અંદાજિત ૧૦૦૦ પરિવારની ગણનાએ ૪૦૦૦નો માનવ સમૂહ થયો કે જેમાં કિંમતી પથ્થર – હીરા જેવા અનેક કાર્યકરો આજે પણ હસ્તી ધરાવતા હશે. પરંતુ જ્યાં લગી ઝવેરીની નજરમાં એ કાર્યકરો ના આવે ત્યાં લગી એ કિંમતી પથ્થરનું મૂલ્ય નજર સમક્ષ નહીં આવી શકે.

જશોદાનગરના મેડિકલ સેન્ટરની સ્થાપના સમયે આવો એક કિંમતી પથ્થર કે જેની કિંમત અમૂલ્ય ગણાય તેવા એક કિંમતી પથ્થર – **ચેતન ઘરોડ**ની શોધ સમાજના ઝવેરીએ કરેલ છે. પરંતુ હજુ આવા ઓછામાં ઓછા ૧૦થી ૧૫ કિંમતી પથ્થરોની શોધ નહીં થઈ શકે ત્યાં લગી સમાજની પ્રગતિની મિશાલ સ્વાભાવિકપણે ધીમી રહેવાની.

આજની તારીખમાં સમાજના ઝવેરીઓ કિંમતી હીરાના પથ્થરોની શોધમાં લાગી જાય એ સમાજની તાતી જરૂરિયાત છે. ત્યારબાદ વગર કહ્યે આ સમાજની મિશાલ અગાઉની માફક ઝળહળતી જ રહેશે.

૨૦૩, સવિતા એન્ક્લેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,
બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦

**શ્રીમતી પ્રતિભાબેન રાકેશકુમાર જૈન**
**મેયર**

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**મહાનગર સેવા સદન**

*તા. ૧૬-૧૨-૨૦૨૪*

*મ્યુનિસિપલ કમિશનરશ્રી,*

દક્ષિણ ઝોનના બહેરામપુરા વોર્ડમાં આણંદજી કલ્યાણજી બ્લોકમાં આર.સી.સી. રોડ અને પેવર બ્લોક નાંખવાના કામના ૧૦૦% મુજબના આપવાના થતા અંદાજિત ખર્ચ પેટે ૨૦૨૪-૨૫ના મારા મેયર તરીકેના બજેટમાંથી રૂપિયા ૨૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એકવીસ લાખ પૂરા) ફાળવી આપું છું.

*સદર કામ તાકીદે કરાવવા યોગ્ય કરશો.*

*સહી/-*
*મેયર*

*જય જિનેન્દ્ર.*

*જય ભારત.*

બહેરામપુરા વોર્ડના પૂર્વ ઉમેદવાર કવિતાબેન શાહના પ્રયત્ન અને મેયરશ્રી સાથેના સતત સંકલનમાં રહીને બહેરામપુરા વોર્ડમાં આવેલ આણંદજી કલ્યાણજી જૈન બ્લોકમાં પેવર બ્લોક અને આર.સી.સી. રોડ બનાવવા માટે આજરોજ તા. ૧૮-૧૨-૨૦૨૪ના સંપૂર્ણ બજેટ ફાળવવા બદલ અમો બ્લોકના રહીશ મેયર શ્રી પ્રતિભાબેન જૈનનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ. (ખૂબ ખૂબ અનુમોદના).

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની "નવનીત આવાસ યોજના" આ પરિસરમાં બનાવવામાં આવેલ છે અને તેમાં ગ્રાઉન્ડ ફ્લોર + ૩ માળનું મકાન બનાવી તેમાં ટોટલ ૪૦ ફ્લેટ બનાવવામાં આવેલ હતા અને તે જરૂરિયાતવાળા કચ્છી જૈન પરિવારોને વર્ષ ૨૦૦૭માં ફાળવવામાં આવેલ હતા કે જ્યાં હાલે આ પરિવારો નિવાસ કરી રહ્યા છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજના કવિતાબેન શાહ અને તેમનો પરિવાર આ બ્લોકમાં જ નિવાસ કરે છે.

*કવિતાબેનને મંગલ મંદિરના ખૂબ ખૂબ અભિનંદન.*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ



### જાહેર આમંત્રણ

### રવિવાર, તા. ૨૬-૦૧-૨૦૨૫ : ધ્વજ વંદન કાર્યક્રમ

*રાષ્ટ્રના ૭૫મા પ્રજાસત્તાક દિન નિમિત્તે રવિવાર, તા. ૨૬-૦૧-૨૦૨૫ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં **શ્રી જ્ઞાનચંદ ટી. ભાનુશાળી**ના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. ધ્વજ વંદન બાદ સાયબર ફ્રોડ ઉપર સાયબર વિભાગ - શાહીબાગ તરફથી માર્ગદર્શન આપવામાં આવશે.*

***સમાજના સર્વે સભ્યોને આ કાર્યક્રમમાં સમયસર પધારવા માટે ભાવભર્યું આમંત્રણ છે.***

| | |
|---|---|
| **રજનીકાંત પારેખ** | **પ્રતાપ નારાણજી દંડ** |
| **માનદ્ મંત્રી** | **મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ** |
| **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** | **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** |

## મહિલા ઉત્કર્ષ સમિતિ

***પદ્મભૂષણ શ્રીમતી ઈલા ભટ્ટ સ્થાપિત "SEWA" (Self Employed Women's Association) સંસ્થા અને "SEWA" સંચાલિત "કમલા"ની મુલાકાત***

***Fortunate to visit such auspicious place.***

***બહેનોના ગમતા કાર્યક્રમ – મિની પિકનીકનું આયોજન બુધવાર, તા. ૨૭-૧૧-૨૦૨૪ના કરાયું હતું.***

***કાર્યક્રમ : Lunch with Fun @ Kamla Cafe.***

પચાસેક બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સૌ બહેનો પોતાની રીતે સ્વખર્ચે સ્થળ પર પહોંચ્યા હતા. સમિતિના સભ્યોએ અવનવી ગેઈમ્સ રમાડીને અને ઈનામો આપીને બહેનોને આનંદિત કરી દીધા હતા. પ્રકૃતિની સાથે રહીને બહેનોએ Welcome Drink થી Dessert ની મજા લીધી હરી. હરીયાળીની શીતળતા પણ માણી હતી. નૈસર્ગિક વાતાવરણ, કમલાની વ્યવસ્થા અને સમિતિનું આયોજન – બધું જ બહેનોએ ખૂબ વખાણ્યા હતા.

**"કમલા" નામ શા માટે?**

શ્રીમતી કમલા ચૌધરીએ પોતાની બોડકદેવ ખાતેની જમીન – જગ્યા "SEWA" સંસ્થાને Donate કરી હતી. જેના કારણે નામ "કમલા" અપાયું હતું.

અંતમાં સૌ બહેનોને શ્રીમતી ઈલા ભટ્ટ અને એમની "SEWA" સંસ્થાનો ટૂંકો પરિચય કન્વીનર દ્વારા અપાયો હતો.

**પદ્મભૂષણ ઇલા ભટ્ટ અને SEWAનો પરિચય**

***'Poverty is not God given. It is definitely man made. No one is born poor. Society makes one poor. Poverty is a passive form of Violence."***

આ Quote છે – શ્રીમતી ઈલા ભટ્ટનો. આવા અનેક Quotes દ્વારા પોતાની વિચારધારા સમાજમાં વહેતી મૂકનાર શ્રીમતી ઈલા ભટ્ટે સેવા "SEWA" સંસ્થાની સ્થાપના ૧૯૭૨માં અમદાવાદમાં કરી હતી. SEWA means : Self Employed Women's Association... OR સ્વરોજગાર મહિલા સેવા સંઘ.

SEWA, એ ત્રણ ચળવળ - movement નો સંગમ છે : (1) Women's movement, (2) Labour movement, (3) Co-operative movement.



મહિલા ઉત્કર્ષ સમિતિના કમિટી મેમ્બર્સ



SEWA સંસ્થાની મુલાકાતે સમિતિની બહેનો



**Lunch with Fun at SEWA-Kamla.**




"રૂડી કમલા" – કાર્યક્રમનું સ્થળ

સંસ્થાનો Goal – unorganised Sector માં કામ કરતી મહિલાઓને એમના હક્કો અપાવવા. તગારા ઉંચકનાર, પ્લાસ્ટીક કચરો વીણનાર, રમકડાં બનાવનાર, Street vendor, મિલ મજૂર – જેમની માટે કોઈ કાયદા નથી, કોઈ સુરક્ષા નથી. આવી બહેનોને હંગામી ધોરણે નહીં પણ કાયમી ધોરણે કામ મળી રહે તેવી જોગવાઈ કરાવી આપી. જેના કારણે એમને સામાજિક સુરક્ષા, આર્થિક સુરક્ષા, કાયદાકીય સુરક્ષા મળતી રહે. એટલું જ નહીં, આવા મહિલા કામદારોના વિકાસ માટે બીજી સેવાઓ પણ શરૂ કરાઈ. જેવી કે SEWA Bank, Child Care Unit, Healthcare Unit, Legal services, Insurance વગેરે. આજે પણ SEWA બેંકમાં બહેનો મહિનાની નાની બચત કરી શકે છે અને ધંધા અર્થે લોન પણ મેળવી શકે છે.

ટૂંકમાં, શ્રમજીવી બહેનો માટે, શ્રમજીવી બહેનોની અને શ્રમજીવી બહેનો દ્વારા ચાલતી સંસ્થા એટલે "SEWA."

ઈતિહાસમાં પહેલી વખત આ શ્રમજીવી બહેનોને "Self Employed" એવું નામ અપાયું. સ્વરોજગાર મેળવતી મહિલાોનું એક સંગઠન તૈયાર કરાયું. જેની શરૂઆત અમદાવાદથી થઈ પણ આજે દેશભરમાં ફેલાયેલી આ સંસ્થા છે. ૨૦૦૮માં ૧૦ લાખ બહેનો આ સંસ્થા સાથે જોડાઈ હતી આજે ૨૦ લાખથી વધુ બહેનો જોડાયેલી છે. દેશભરમાં આ એક સૌથી મોટું કામદાર સંગઠન છે. જે આજે પણ કાર્યરત છે.

આવા ઉમદા અને ભગીરથ કાર્યો બદલ શ્રીમતી ઈલા ભટ્ટને ઘણી વખત સન્માનિત કરવામાં આવ્યા. ઉચ્ચ કોટીનો ઍવોર્ડ – Roman Magsaysay ઍવોર્ડ અને પદ્મભૂષણ ઍવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યા હતા.

આવી વિશિષ્ટ વ્યક્તિ, ઉચ્ચ કક્ષાની વ્યક્તિ જેણે પોતાનું જીવન શ્રમજીવી મહિલાઓ માટે સમર્પિત કરી દીધું – એ આજે આપણી વચ્ચે નથી પણ "SEWA"ના માધ્યમથી લાખો શ્રમજીવી મહિલાઓના દિલમાં જીવંત છે.

શ્રીમતી ઈલા ભટ્ટને કોટી કોટી વંદન.

આ ટૂંકો પરિચય આપ્યા પછી બહેનો "SEWA" સંસ્થાથી ખૂબ પ્રભાવિત થયા હતા. ફરી પણ આવી સંસ્થાઓની મુલાકાત ગોઠવતા રહેજો... એવા સૂચન સાથે સૌ છૂટા પડ્યા હતા. સમિતિના સભ્યોની મહેનતે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**સમિતિની પ્રવૃત્તિઓની જાણકારી મેળવવા જોડાઓ**
**@ Whatsapp Group : 80009 72969**

**શ્રીમતી સુલુ જલદીપ શાહ**
**કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ**

# વયસ્ક સમિતિ

વયસ્ક સમિતિ દ્વારા ઢળતી ઉંમરે જિંદગીભર મહેનત કરીને ઉપાર્જન કરેલ મૂડી - બચતને વડીલો કઈ રીતે કોઈપણ જાતના રીસ્ક વગર આ મૂડીના મૂલ્યાંકનમાં વધારો થાય અને તેને સારી રીતે વાપરી શકાય તેની સમજણ આપતો વાર્તાલાપ તા. ૨૬-૧૧-૨૦૨૪ના રોજ યોજાઈ ગયો.

આ વાર્તાલાપના આયોજન માટે શ્રીમતી મનાલી શાહે ખૂબ જ જહેમત ઉઠાવી હતી. ખૂબ જ સરળ અને રસ જગાવે તેવી શૈલીમાં શ્રી પાર્થ પાઠકે દરેક વડીલોને સમજણ આપી હતી. ત્યારબાદ વડીલોના પ્રશ્નોના જવાબો આપી સૌની જીજ્ઞાસા સંતોષી હતી.

આ કાર્યક્રમમાં HDFC AMC Ltd. ના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી જસ્મીન મહેતા અને HDFC AMC Ltd. ના રીજીયોનલ મેનેજર શ્રી અમિત ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા.

વાર્તાલાપ પછી હૃદયસ્પર્શી ફિલ્મ "ઘડપણમાં એકલા જીવવું સહેલું નથી" તે બતાવવામાં આવેલ હતી. ત્યારબાદ સૌને પ્રિય એવી હાઉસી ગેમ રમાડવામાં આવી હતી.

આજે નીચે પ્રમાણેના વડીલોનો જન્મ દિવસ કેક કાપી અને શુભેચ્છાઓ પાઠવીને ઉજવવામાં આવ્યો હતો : (૧) શ્રી જયંતીભાઈ શાહ, (૨) શ્રી મેઘજીભાઈ છેડા, (૩) શ્રી જયેશ શાહ અને શ્રીમતી સરોજ શાહ, (૪) શ્રી મુકેશ મહેતા અને શ્રીમતી શોભના મહેતા, (૫) શ્રી નીતેન વસા, (૬) શ્રી લક્ષ્મીચંદ વીરા અને (૭) શ્રીમતી જક્ષાબેન શાહ.

***ઉપર્યુક્ત પ્રસંગે વડીલો તરફથી નીચે મુજબ ડોનેશન પ્રાપ્ત થયું હતું.***

૧. શ્રી મેઘજીભાઈ છેડા વર્ષગાંઠ નિમિત્તે રૂા. ૫૧૦૦/-
તેમજ તેમના પૌત્ર
ચિ. ઉર્વિશ ચેતન છેડા અને
શ્રીમતી શૈલી ઉર્વિશ છેડાના લગ્ન પ્રસંગે

***નીચેની વ્યક્તિઓ તરફથી વર્ષગાંઠ નિમિત્તે ડોનેશન પ્રાપ્ત થયું હતું.***

૧. શ્રી જયંતીભાઈ અમૃતલાલ શાહ રૂા. ૫,૦૦૦/-

૨. શ્રી જયેશ નાગજીભાઈ શાહ અને
શ્રીમતી સરોજ જયેશ શાહ રૂા. ૨,૫૦૦/-

૩. શ્રી મુકેશ જમનાદાસ મહેતા અને
શ્રીમતી શોભના મુકેશ મહેતા રૂા. ૨,૫૦૦/-



*શ્રીમતી મનાલી શાહનું સન્માન.*
*(તસવીરમાં ડાબેથી) સરલાબેન શાહ, મનાલી શાહ, દમયંતી દંડ, મીનાક્ષી પારેખ, નિર્મળાબેન કોઠારી*



*શ્રી અમિત ઠક્કરનું બહુમાન.*
*(તસવીરમાં ડાબેથી) શ્રી જ્યોતેન્દ્ર સંઘવી, શ્રી રમણિકલાલ ગોસર, શ્રી રજનીકાંત પારેખ અને શ્રી અમિત ઠક્કર*



*જન્મ દિવસની કેક કાપતા*
*શ્રી જયંતીભાઈ શાહ*



*શ્રી જસ્મીન શાહનું બહુમાન.*
*(તસવીરમાં ડાબેથી) શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી જસ્મીન મહેતા અને શ્રી રજનીકાંત પારેખ*



*જન્મ દિવસની કેક કાપતા*
*શ્રીમતી સરોજ શાહ અને શ્રી જયેશ શાહ*



*શ્રી પાર્થ પાઠકનું બહુમાન.*
*(તસવીરમાં ડાબેથી) શ્રી દિલીપ દંડ, શ્રી નરેન્દ્ર કોઠારી, શ્રી પાર્થ પાઠક અને શ્રી કે.ડી. શાહ*



*વયસ્ક સમિતિના પ્રથમ કાર્યક્રમ દરમિયાન*
*જન્મ દિવસની કેક કાપતા*
*શ્રીમતી શોભના મહેતા અને શ્રી મુકેશ મહેતા.*

| | | |
|---|---|---|
| ૪. | શ્રી નીતેન નવીનચંદ્ર વસા | રૂા. ૨,૫૦૦/- |
| ૫. | શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા | રૂા. ૨,૧૦૦/- |
| ૬. | શ્રીમતી જક્ષાબેન મહેન્દ્ર શાહ | રૂા. ૧,૫૦૦/- |
| ૭. | એક સન્નારી તરફથી | રૂા. ૨,૫૦૦/- |

★

વયસ્ક સમિતિ તરફથી અન્ય એક કાર્યક્રમ તા. ૧૦-૧૨-૨૦૨૪ના રોજ યોજાઈ ગયો.

કાર્યક્રમની શરૂઆતમાં કન્વીનરશ્રીએ સર્વેને આવકાર્યા હતા.

ત્યારબાદ ડૉ. પથિક પરીખે લીવરમાં થતા રોગો વિશે માહિતી આપી હતી અને આપણે સામાન્ય રીતે કમળા અંગે કેટલીક ખોટી માન્યતાઓ ધરાવીએ છીએ તે માન્યતા ઉપર પ્રકાશ પાડ્યો હતો. તેમણે લીવર ટ્રાન્સપ્લાન્ટ વિશે ખૂબ જ અદ્ભુત માહિતી આપી હતી.

ડૉ. લાલ ડાઘા, કે જેઓ સિનિયર કાર્ડિયોલોજિસ્ટ છે, તેમણે હૃદયનાં કાર્ય તથા થતા રોગો વિશે જાણકારી આપી અને આ રોગ ન થાય તે માટે શું સાવચેતી લેવી અને થયા પછી શું કાળજી રાખવી તેના વિશે સુંદર માહિતી આપેલ હતી. તેમણે ખાસ જણાવ્યું હતું કે આ પરિસ્થિતિમાં ગભરાઈને ખોટો નિર્ણય ન લેવાય તેની કાળજી રાખવાની તેમજ હૃદયરોગના હુમલાની શરૂઆતનો સમય, જે ગોલ્ડન પીરિયડ કહેવાય છે, તેમાં સારવાર વિશે માહિતી આપી હતી.

અંતમાં ડૉ. પ્રિયાંક રોચી રામાણી કે જેઓ ઓર્થોપેડિક ડૉક્ટર છે, તેમણે જણાવ્યું હતું કે હમણાં આપે સાંભળ્યું તે પ્રમાણે હૃદય અને અન્ય અંગોને તંદુરસ્ત રાખવા માટે ચાલવું

અને કસરત કરવી ખૂબ જ જરૂરી છે અને આ કરવા માટે પગ સાબૂત હોવા જરૂરી છે. તેમણે હાડકાંના વિવિધ રોગો અને તેમાંય ખાસ કરીને ઘુંટણના રોગો અને ની રીપ્લેસમેન્ટ વિશે ખૂબ જ સુંદર માહિતી આપી હતી.

★ ડૉ. પથિક એમ. પરીખ – હેમેટોલોજિસ્ટનું બહુમાન શ્રી પ્રતાપ નારાણજી દંડે અને શ્રી રજનીકાંત ધરમશી પારેખે કરેલ હતું.

★ ડૉ. લાલ ડાઘાનું બહુમાન શ્રી રજનીકાંત ધરમશી પારેખ, શ્રી દિલીપ કુંવરજી દંડ, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર અને શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારીએ કરેલ હતું.

★ ડૉ. પ્રિયાંક રોચી રામાણીનું બહુમાન શ્રી કે.ડી. શાહ, શ્રી મહેશ ઠાકરશી શાહ તથા શ્રી જ્યોતિન્દ્ર રવિલાલ સંઘવીએ કરેલ હતું.

આજ રોજ શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડ અને શ્રી હસમુખભાઈ દામજી દેઢિયાના બર્થ ડેની કેક કાપીને તેઓના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી.

ત્યારબાદ સૌને પ્રિય એવી હાઉસીની ગેમ રમાડવામાં આવેલ હતી.

કાર્યક્રમ દરમિયાન વડીલો માટે વય વંદના (આયુષ્યમાન કાર્ડ) કાઢવાની વ્યવસ્થા પાલડી ભવન ખાતે વયસ્ક સમિતિ તરફથી કરવામાં આવી હતી. આ સવલતનો લાભ ૪૦ વ્યક્તિઓએ લીધેલ હતો. તેમના વય વંદના (આયુષ્યમાન કાર્ડ) કાઢવામાં આવ્યા હતા.

અંતમાં રાષ્ટ્રગીત ગાઈને તેમજ ભાવતા ભોજન કરીને સૌ છૂટા પડ્યા હતા.

*રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ*



*ડૉ. પથિક પરમારનું બહુમાન.*
*(તસવીરમાં ડાબેથી) ડૉ. પથિક પરમાર, શ્રી નરેન્દ્ર કોઠારી, શ્રી પ્રતાપભાઈ દંડ અને શ્રી રજનીકાંત પારેખ*



*વયસ્ક સમિતિના દ્વિતીય કાર્યક્રમ દરમિયાન ડૉક્ટરોની ટીમ સાથે વયસ્ક સમિતિના સભ્યશ્રીઓ.*



*ડૉ. પ્રિયાંક રૂચિ રામાણીનું બહુમાન.*
*(તસવીરમાં ડાબેથી) શ્રી કે.ડી. શાહ, શ્રી મહેશ શાહ, શ્રી જ્યોતેન્દ્ર સંઘવી અને ડૉ. પ્રિયાંક રૂચિ રામાણી*



*ડૉ. લાલ ડાઘાનું બહુમાન.*
*(તસવીરમાં ડાબેથી) શ્રી નરેન્દ્ર કોઠારી, શ્રી રમણિકલાલ ગોસર, ડૉ. લાલ ડાઘા, શ્રી દિલીપ દંડ અને શ્રી રજનીકાંત પારેખ.*

## વયસ્ક સમિતિના કાર્યક્રમની તસવીરી ઝલક



કાર્યક્રમની મજા માણતી વડીલ સન્નારીઓ



કાર્યક્રમની મજા માણતા વડીલો.



બર્થ ડે ની કેક કાપતા શ્રી પ્રતાપભાઈ દંડ.



બર્થ ડે ની કેક કાપતા
શ્રી હસમુખભાઈ દેઢિયા.



હાઉસીના ઈનામો મેળવતા સભ્યશ્રીઓ



વય વંદના (આયુષ્માન કાર્ડ) કઢાવતાં વડીલો



વય વંદના (આયુષ્માન કાર્ડ) કઢાવતાં વડીલો

*નિષ્ફળતાઓની ચિંતા કરશો નહીં. તેઓ તદ્દન સ્વાભાવિક છે, જીવનમાં સૌંદર્યરૂપ છે. એમના વગરનું જીવન કેવું હોય? જો સંઘર્ષો ન હોય તો જીવનની પ્રાપ્તિનું પણ કશું જ મૂલ્ય નથી. એમના વિના જીવનનું કાવ્ય પણ ક્યાં હોય? સંઘર્ષોની, ભૂલોની પરવા કરશો નહીં. મેં કોઈ ગાયને જૂઠું બોલતી કદાપિ સાંભળી નથી, પણ એ તો ગાયની કોટિ થઈ, માણસની નહીં. એટલે આ નાની નાની નિષ્ફળતાઓની, નાનાં નાનાં સ્ખલનોની, પરવા કરશો નહીં. તમારા આદર્શને હજારવાર ઊંચો ધરી રાખો અને જો હજારવાર નિષ્ફળતા સાંપડે તો વધુ વખત પ્રયત્નો ચાલુ રાખશો.*

*– સ્વામી વિવેકાનંદ*

# યુવા વિકાસ સમિતિ

યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ બોક્સ ક્રિકેટ લીગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૪૮ પ્લેયર્સે ભાગ લીધેલ હતો. જેમના તા. ૨૫ નવેમ્બરના રોજના ઑક્શનથી ૮-૮ પ્લેયર્સની છ ટીમ બનાવેલ હતી, જેની વિગત નીચે મુજબ છે :

- ★ કચ્છ વોરિયર્સ
- ★ કચ્છ સ્પાર્ટન્સ
- ★ કચ્છ રોયલ
- ★ કચ્છ ચેલેન્જર
- ★ કચ્છ ટાઇટન્સ
- ★ કચ્છ કિંગ

ઉપરની છ ટીમ ટોટલ છ લીગ મેચ રમી બે સેમિ ફાઇનલ અને એક ફાઈનલ રમી હતી. જેમાં કચ્છ કિંગ વિનર અને કચ્છ સ્પાર્ટન્સ રનર-અપ રહી હતી.

આ બોક્સ મેચનું લાઈવ પ્રસારણ યુવા વિકાસ સમિતિના ફેસબુક પેજ ઉપર પણ કરવામાં આવ્યું હતું અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઘણા સભ્યોએ એને લાઇવ નિહાળી પણ હતી. આ સાથે ભાગ લેનારના ફેમિલી મેમ્બર્સે ત્યાં આવીને આ લીગનો આનંદ માણ્યો હતો.



*ટુર્નામેન્ટની ચેમ્પિયન ટીમ "કચ્છ કિંગ" જીતની ઉજવણી કરતા ખેલાડીઓ.*



*મેન ઓફ ધી મેચ સિધ્ધાર્થ મહેતાને ટ્રોફી આપતા જયદીપ મૈશેરી*



*મેન ઓફ ધી ટુર્નામેન્ટ સિધ્ધાર્થ મહેતાને ટ્રોફી આપતા ડૉ. કેતન શાહ*



*રનર અપ ટીમ "કચ્છ સ્પાર્ટન"*

વિજેતા ટીમને યુવા વિકાસ સમિતિના કન્વીનર દ્વારા ટ્રોફી અને સમિતિના સભ્યો દ્વારા મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે દરેક મેચના મેન ઓફ ધ મેચ અને મેન ઓફ ધ સિરીઝ જેવા અનેક ઇનામો પણ આપવામાં આવ્યા હતા.

**ડૉ. કેતન આઈ શાહ, કન્વીનર - યુવા વિકાસ સમિતિ**

*નજીક જવાથી વસ્તુઓ માંગ્યા વગર આપોઆપ મળી જાય છે –*
*જેમ કે બરફ પાસે જવાથી શીતળતા, અગ્નિ પાસે જવાથી ગરમી, ગુલાબ પાસે જવાથી સુગંધ....*
*પછી ભગવાન પાસે માંગવાને બદલે નીકટતા બનાવીએ તો આપોઆપ ઈચ્છેલી વસ્તુ મળવાની શરૂ થઈ જશે.*

## તબીબી સાધનોનો દાન સ્વીકાર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નવનીત મેડિકલ સેન્ટર - બોપલ ખાતે શ્રીમતી ભારતીબેન નવીનચંદ્ર શાહ દ્વારા નીચેના સાધનો ભેટ મળેલ છે, કે જેનો આ સંસ્થા સાભાર સ્વીકાર કરે છે.

★ વ્હીલ ચેર : નંગ-૨

★ ફાઉલર બેડ : નંગ-૧

★ ગાદી : નંગ-૧

*સંસ્થા ભારતીબેનનો ખૂબ ખૂબ આભાર માને છે.*

**શ્રીમતી ભારતીબેન નવીનચંદ્ર શાહ**
૧૦, શુભ આવાસ એપાર્ટમેન્ટ, પ્લોટ નં.-૩૦, હરિયા સ્કૂલની પાછળ, જી.આઈ.ડી.સી. હાઉસિંગ, જામનગર-૩૬૧ ૦૦૪. (ગુજરાત)

## ચક્ષુદાન અને દેહદાન



**દમયંતીબેન (લક્ષ્મીબેન) રમણલાલ ગાલા** (ઉંમર ૮૭ વર્ષ), ગામ રાયધણજર, હાલે આદિપુર (કચ્છ), સોમવાર, તા. ૧૮-૧૧-૨૦૨૪ના રોજ વિદિશા (મ.પ્ર.) મધ્યે અવસાન પામ્યા છે. તેઓએ ચક્ષુદાન અને દેહદાન કરેલ છે.

એમનો આત્મા પરમ શાંતિ પામે અને મોક્ષ તરફ પ્રયાણ કરે એવી પરિવારના સૌ સભ્યોની પ્રભુને પ્રાર્થના.

*શ્રી બિપીન રમણલાલ ગાલા : મો. ૯૯૭૯૮ ૮૦૨૦૧*
*શ્રી પરેશ રમણલાલ ગાલા : મો. ૯૮૨૮૧ ૭૨૯૭૯*
*શ્રી મનીષ રમણલાલ ગાલા : મો. ૮૩૨૦૩ ૩૪૭૨૦*
*શ્રી હેમલ માખીજાની : મો. ૯૮૬૦૬ ૯૪૭૯૬*

## પરમકૃપા મેડિકલ સેન્ટર – ચાંગોદર દ્વારા યોજાયેલ ફ્રી નિદાન કેમ્પની તસવીરી ઝલક



*પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર દ્વારા સિધ્ધિ વિનાયક વેજી. ફૂડ પ્રા.લિ. ખાતે યોજાયેલ ફ્રી નિદાન કેમ્પના લાભાર્થીઓ*



*પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર દ્વારા સિધ્ધિ વિનાયક વેજી. ફૂડ પ્રા.લિ. ખાતે યોજાયેલ ફ્રી નિદાન કેમ્પની એક ઝાંખી*



*પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર દ્વારા કેમેક્સ વેલનેસ લિ. ખાતે યોજવામાં આવેલ ફ્રી નિદાન કેમ્પના લાભાર્થીઓ*



*પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર દ્વારા કેમેક્સ વેલનેસ લિ. ખાતે યોજવામાં આવેલ ફ્રી નિદાન કેમ્પની એક ઝાંખી*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ _સંચાલિત_ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે તેમજ વિવિધ મેડિકલ સેન્ટરો ખાતે દિવાળીના તહેવાર નિમિત્તે રંગોળી બનાવવામાં આવેલ તેની તસવીરી ઝલક...**



*શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે દીપોત્સવી પ્રસંગે રંગોળી. (તસવીરમાં) HR ખુશ્બુબેન શાહ અને મેનેજર શ્રી કિશોરભાઈ ઠક્કર તથા કાર્યાલય સ્ટાફ.*



*નવનીત મેડિકલ સેન્ટર - પાલડી ખાતે દીપોત્સવી પ્રસંગે મેડિકલ સ્ટાફ દ્વારા રંગોળી.*



*નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર ખાતે દીપોત્સવી પ્રસંગે રંગોળી. (તસવીરમાં) ડૉક્ટર્સ અને સ્ટાફ.*




*પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર ખાતે દીપોત્સવી પ્રસંગે મેડિકલ સ્ટાફ દ્વારા રંગોળી.*

## સરનામા ફેરફાર

- **વિપુલ ગુલાબચંદ દેવશી ડાઘા**
  ૬, બીજો માળ, સત્કૃતિ એપાર્ટમેન્ટ,
  ૯, શ્રીનિવાસ સોસાયટી, સુખીપુરા બસ સ્ટેન્ડ પાસે,
  શારદા મંદિર રોડ, પાલડી,
  અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૭૫૦૭૭ ૯૭૬૫૮, ૯૪૨૨૨ ૧૧૨૧૯
- **અભિષેક વિનોદ રમેશચંદ્ર ત્રેવડિયા (શાહ)**
  ૧૯, તુલસીવૃંદ સોસાયટી, રજવાડુ હોટલની પાસે,
  જીવરાજ પાર્ક, વેજલપુર,
  અમદાવાદ-૩૮૦ ૦૫૧.
  મો. ૮૮૪૯૨ ૬૮૦૪૮, ૭૦૪૧૪ ૯૭૭૯૭
- **દિનેશ દામજી માલસી દૌલત (ધુલ્લા)**
  ડી-૧૨૦૧, શિવાલીક શારદા હાર્મની,
  પાંજરાપોળ ચાર રસ્તા,
  આઈ.આઈ.એમ. રોડ, પોલીટેકનિક પાસે,
  આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૯૩૭૫૩ ૭૦૭૦૯, ૯૩૭૭૭ ૩૨૩૭૯
- **મનીષ મનસુખલાલ કલ્યાણજી ત્રેવડિયા (શાહ)**
  એ-૭૦૨, શાશ્વત ફ્લેટ, વિતરાગ જૈન દેરાસર પાસે,
  પી.ટી. કૉલેજ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૯૭૮૫ ૦૯૨૪૭, ૯૨૨૭૭ ૭૯૨૭૭
- **શૈલેન વિજયસેન રવજીભાઈ શાહ**
  ૮, યુકો બેંક ફ્લેટ્સ, કલ્યાણ જ્વેલર્સ પાસે,
  સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, આંબાવાડી,
  અમદાવાદ-૩૮૦ ૦૦૬.
  મો. ૯૮૨૪૦ ૦૧૧૬૬, ૮૪૬૦૩ ૫૫૩૫૫

## શુભ લગ્ન

● કચ્છ ગામ લાયજા (હાલ અમદાવાદ)ના રશ્મિબેન ચેતન મેઘજી છેડાના સુપુત્ર **ચિ. ઉર્વિશ** (યુ.એસ.એ.)ના શુભ લગ્ન શ્રી રશુકા ખુશાલ ખેરાજ ગાલા (ગામ દેવપુર, હાલ અમદાવાદ)ના સુપુત્રી **ચિ. શૈલી** સાથે ૨૫ જણની હાજરીમાં તા. ૨૩-૧૧-૨૦૨૪ના રોજ સાદાઈથી કરવામાં આવ્યા.

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### મંગલ મંદિર – દીપોત્સવી અંક (સહ શુભેચ્છક દાતા)

રૂા. ૫,૦૦૦/- ગૂર્જર પ્રકાશન
C/o. શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ - અમદાવાદ

રૂા. ૫,૦૦૦/- પ્રેમીલા કુરૂવા ફાઉન્ડેશન
C/o. ચૌલાબેન ઉમરશી કુરૂવા - અમદાવાદ

રૂા. ૫,૦૦૦/- શ્રી મહેન્દ્ર મોતીલાલ વસા - અમદાવાદ

### વયસ્ક સમિતિ

રૂા. ૩૦,૦૦૦/- એપોલો હોસ્પિટલ્સ ઈન્ટરનેશનલ લિ. - અમદાવાદ
રૂા. ૫,૧૦૦/- શ્રી મેઘજી કચરાભાઈ છેડા - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રી જયંતીભાઈ અમૃતલાલ શાહ - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- એક સન્નારી - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રીમતી શોભનાબેન મુકેશભાઈ મહેતા - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રી નીતેન નવીનચંદ્ર વસા - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રી જયેશ નાગજી શાહ - અમદાવાદ
રૂા. ૨,૧૦૦/- શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા - અમદાવાદ
રૂા. ૧,૫૦૦/- શ્રીમતી જક્ષાબેન મહેન્દ્રભાઈ શાહ - અમદાવાદ

### વૈયાવચ્ચ યોજના

રૂા. ૫૧,૦૦૦/- શ્રી દિલકેસ રમેશભાઈ શાહ - અમદાવાદ

### જનરલ ડોનેશન

રૂા. ૫,૦૦૧/- શ્રી ચંદુલાલ ગોકલદાસ એકલવેના - વડોદરા
રૂા. ૨,૦૦૦/- શ્રી દેવેન્દ્ર વી. ગડા - મુંબઈ

### મેડિકલ રીલીફ ફંડ

રૂા. ૩,૦૦૦/- શ્રી પૂનમભાઈ જયંતીલાલ મહેતા - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

- *ખાતાનું નામ* : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ [Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]
- *બેંક* : કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ [Canara Bank, Paldi Branch - Ahmedabad]
- *એકાઉન્ટ નંબર* : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032]
- *IFSC કોડ* : CNRB0017007

## ઉડતી નજરે.... માસ નવેમ્બર-૨૦૨૪ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા**<br>**શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી* – ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ **૬૫૪**<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ **૫૦**<br>● બોડી ચેક-અપ ........ **૨૮૭**<br>● સોનોગ્રાફી ........ **૧,૦૦૪**<br>● ટી.એમ.ટી. ........ **૪૯**<br>● ઑપરેશન ........ **૮**<br>● ઈકો ........ **૨૫૩**<br>● અન્ય ........ **૬,૯૩૭** | **૯,૨૪૨** |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી* – ● લાભ લેનારી વ્યક્તિઓ ........ **૭૦૨**<br>● કેન્ટીન ........ **૪,૨૩૦** | **૪,૯૩૨** |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી* – ● પુરુષો ........ **૧૨૭**<br>● સ્ત્રીઓ ........ **૭૪**<br>● બાળકો ........ **૯** | **૨૧૦** |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** | **૧૪૪** |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી* – ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ........ **૨,૧૮૩**<br>● મ્યુઝિયમ ........ **૧,૧૦૫**<br>● કેન્ટીન ........ **૩,૯૦૦**<br>● જલારામ અન્નક્ષેત્ર ........ **૪૩૫**<br>● ડિસ્પેન્સરી ........ **૭૬** | **૭,૬૯૯** |
| ૬. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** | **૫૯૦** |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર *તથા***<br>**દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી* – ● બોડી ચેક- અપ ........ **૧૭૨**<br>● સોનોગ્રાફી ........ **૨૧૫**<br>● ઑપરેશન ........ **૧૦**<br>● માઈનોર ઓ.ટી. ........ **૭**<br>● ફિઝિયોથેરાપી ........ **૧,૬૮૬**<br>● અન્ય ........ **૪,૭૨૦** | **૬,૮૧૦** |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** | **૨૭૭** |

| | | |
|---|---|---|
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* ● એક્સ-રે ... **૫૯**<br>● સોનોગ્રાફી ... **૩૧**<br>● બોડી ચેક-અપ ... **૧૨૭**<br>● ઈકો ... **૮**<br>● અન્ય ... **૩૪૯** | **૫૭૪** |
| ૧૦. | **નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* ● એક્સ-રે ... **૧૩૨**<br>● સોનોગ્રાફી ... **૫૪**<br>● ફિઝિયોથેરાપી ... **૩૨૪**<br>● ડેન્ટલ ... **૯૧**<br>● બોડી ચેક-અપ ... **૧૯**<br>● ઈકો ... **૯**<br>● પેથોલોજી ... **૧૭૭**<br>● ઈ.સી.જી. ... **૪૬**<br>● ટી.એમ.ટી. ... **૯**<br>● અન્ય ... **૮૯૮** | **૧,૭૫૯** |
| *માસ નવેમ્બર – ૨૦૨૪ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ* | | **૩૨,૨૩૭** |

*મહેચ્છા એવી રાખીએ કે સુખમાં અહંકાર ન આવે અને દુઃખમાં શ્રદ્ધા ન ડગી જાય.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**તા. ૧૮-૧૧-૨૦૨૪થી તા. ૧૮-૧૨-૨૦૨૪ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી**

| | | | |
|---|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | જિતેન્દ્ર નાનાલાલ પ્રેમચંદ શાહ | અમદાવાદ | ૧૯-૧૧-૨૪ |
| ૨. | મોના નીલેશ મહેતા | ભુજ, કચ્છ | ૦૫-૧૨-૨૪ |
| ૩. | ચંદ્રાબેન મહેન્દ્ર વિશનજી શાહ | અમદાવાદ | ૦૬-૧૨-૨૪ |
| **૨ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | દિલીપ કિશોરચંદ્ર મહેતા | અમદાવાદ | ૧૨-૧૨-૨૪ |
| **૩ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | અનિલ જયંતીલાલ શાહ | નંદુરબાર | ૨૮-૧૧-૨૪ |
| **૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | મનુભાઈ ગોવિંદલાલ શાહ | અમદાવાદ | ૧૦-૧૨-૨૪ |

## ભૂલ સુધાર

**મંગલ મંદિર ● ડિસેમ્બર-૨૦૨૪ અંક**

★ પાના નં.-૯
કારોબારી સમિતિના સભ્યોની યાદીમાં ક્રમ નં.-૨૪ શ્રી ચૈતન્ય દામજી વીરજી ધરોડને બદલે **શ્રી ચેતન દામજી વીરજી ધરોડ** વાંચવું.

★ પાના નં.-૭૮, ક્રમ-૧૪
શ્રી શિવ પારસ કલ્યાણ ટ્રસ્ટ. **શ્રી ઉવસગ્ગહરં** પાર્શ્વનાથ પ્રભુજી વાંચવું.

★ પાના નં.-૭૮, ક્રમ-૨૦
શ્રી પ્રદીપભાઈનો મોબાઈલ નં. **૯૮૨૫૮ ૪૯૪૬૫** વાંચવો.

### હસાવે અને રડાવે

*જિંદગી હસાવે ત્યારે સમજવું કે સારા કર્મનું ફળ મળ્યું છે, જિંદગી રડાવે ત્યારે સમજવું કે સારા કર્મ કરવાનો સમય આવ્યો છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## સંસ્થા વિભાગ

**તા. ૧૮-૧૧-૨૦૨૪**

- આજ રોજ પાલડી ભવન ખાતે હિસાબી સમિતિની મીટિંગ મળેલ. જેમાં વિમેશ શાહ, દેવેશ દંડ, દેવેન છેડા તથા મિતુલ્લ ઠક્કર (ઑડિટર) હાજર રહેલ અને હિસાબો અંગેની ચર્ચાઓ કરવામાં આવેલ.

**તા. ૧૯-૧૧-૨૦૨૪**

- ભવન સમિતિની મીટિંગ પાલડી ભવન ખાતે મળેલ. જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી નરેન્દ્રભાઈ કોઠારી હાજર રહેલ. શાહીબાગ ભવન માટે જરૂરી ખરીદી અંગેની ચર્ચા કરીને તે અંગે ઓર્ડર આપેલ.

**તા. ૨૩-૧૧-૨૦૨૪**

- ભવન સમિતિની મીટિંગ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે મળેલ. જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીભાઈ પારેખ, ડૉ. કેતન શાહ હાજર રહેલ. વિશ્રામ ગૃહોના રૂમોના કલરકામ અને રીનોવેશન અંગેની ચર્ચા કરવામાં આવેલ.

**તા. ૨૫-૧૧-૨૦૨૪**

- આજ રોજ શ્રી રજનીભાઈ પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી દેવેશ દંડ, શ્રી રમણિકભાઈ ગોસર તથા શ્રી નરેન્દ્રભાઈ કોઠારી પાલડી ભવન ઉપર મળેલ અને સિનિયર સિટીઝનના તા. ૨૬-૧૧-૨૦૨૪ના રોજના પ્રોગ્રામ અંગેની ચર્ચા કરેલ હતી.

**તા. ૨૯-૧૧-૨૦૨૪**

- શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી એચ. કે. શાહ, શ્રી કે.ડી. શાહ, શ્રી વિમેશ શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી રમણિકભાઈ ગોસર પાલડી ભવન ખાતે મળેલ અને બીજા માળ અને ચોથા માળના રૂમોના રીનોવેશન અંગેની ચર્ચા કરેલ. ઉપરાંત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે લીફ્ટ બદલવા અંગે તથા આપાતકાલીન (ઇમરજન્સી) સીડી બનાવવા અંગેની ચર્ચા કરવામાં આવેલ હતી.

**તા. ૩-૧૨-૨૦૨૪**

- શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી એચ.કે. શાહ, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી કે.ડી. શાહ તથા શ્રી વિમેશ શાહે શણગાર ડેકોરેટર્સના બાકી પૈસાની ઉઘરાણી માટે ચર્ચા કરેલ.
- શ્રી લક્ષ્મીચંદ વીરા તથા શ્રી કે.ડી. શાહે આજે શાહીબાગ વિશ્રામગૃહની મુલાકાત લીધી હતી. ડાયાલિસિસ સેન્ટરમાં સ્ટોકની ચકાસણી કરેલ હતી. ભવનમાં રૂમોની સફાઈ અંગે મેનેજર તથા સ્ટાફ સાથે ચર્ચા કરેલ હતી. ભવન ખાતે ઉતરેલા યાત્રીઓ તથા કચ્છથી ટ્રીટમેન્ટ (સારવાર) માટે આવેલ દર્દીઓ સાથે ચર્ચા કરેલ હતી.
- શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી એચ.કે. શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી વિશાલ શાહ, શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકભાઈ ગોસરે શાહીબાગ વિશ્રામ ગૃહ ખાતે નવી સીડી, ફાયર સેફ્ટી અને રૂમોના રીનોવેશન અંગે ચર્ચા કરેલ તેમજ ખજાનચી શ્રી વિમેશ શાહ સાથે ફંડ અંગે ચર્ચા કરી ઉપરના કામો ચાલુ કરવાની પ્રક્રિયા ચાલુ કરવાનું નક્કી કરવામાં આવેલ.
- મેડિકલ સેન્ટરના શ્રી પીન્ટુભાઈ પટેલના જન્મ દિવસે હાજર રહેલ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી વિશાલ શાહ, શ્રી વિમેશ શાહ, શ્રી દેવેશ દંડ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી પ્રદીપ મહેતા, શ્રી ગિરીશભાઈ પોલડિયા તથા મેડિકલ સેન્ટરના ડૉક્ટર્સ – ડૉ. નીતુબેન પરીખ, ડૉ. રાગેશ ફડિયા, ડૉ. શિલ્પાબેન, ડૉ. ચાર્મિબેન શાહ, ડૉ. ગાર્ગીબેન, ડૉ. પૂજન પંચાલ, ડૉ. હીના મહેતા, ડૉ. દક્ષાબેન, HRO ખુશ્બુબેન શાહ, મેનેજર શ્રી કિશોર ઠક્કર અને બધા સ્ટાફ મેમ્બર્સ હાજર રહેલ અને શ્રી પીન્ટુભાઈને આજના જન્મ દિવસની શુભેચ્છા પાઠવી હતી તેમજ કેક કટીંગ કરી હતી.

**તા. ૯-૧૨-૨૦૨૪**

- સિનિયર સિટીઝનોનો હેલ્થ અવેરનેસનો એક કાર્યક્રમ આજ રોજ પાલડી ભવન ખાતે રાખવામાં આવેલ. જેમાં એપોલો હોસ્પિટલના ડૉક્ટરોએ હાડકાં, ડાયાબિટીસ અને હાર્ટના રોગો અંગેની ઝીણવટપૂર્વક સમજ આપેલ હતી.

**તા. ૧૧-૧૨-૨૦૨૪**

- આજ રોજ ડાયાલિસિસ સેન્ટરો કોન્ટ્રાક્ટથી ચલાવવા આપવા અંગેની એક ઓનલાઈન મીટિંગ હૈદ્રાબાદ સ્થિત Nephrophis ના માલીક (Owner) સાથે પાલડી ભવનથી કરવામાં આવેલ. જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી એચ. કે. શાહ, શ્રી વિશાલ શાહ, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી વિમેશ શાહ, શ્રી દેવેશ દંડ તથા

શ્રી કે.ડી. શાહ ઉપસ્થિત રહેલ હતા.

**તા. ૧૩-૧૨-૨૦૨૪**

- આજ રોજ હિસાબી સમિતિની મીટિંગ પાલડી ભવન ખાતે મળેલ. જેમાં શ્રી વિમેશ શાહ, શ્રી દેવેશ દંડ, શ્રી દેવેન છેડા તથા મિતુલભાઈ ઠક્કર ઉપસ્થિત રહેલ હતા અને જરૂરી ચર્ચા વિચારણા કરેલ હતી.
- ભવન સમિતિના શ્રી કે.ડી. શાહ, શ્રી નવીન લાલકા, શ્રી રોહિત સંઘવી, શ્રી નરેન્દ્રભાઈ કોઠારીએ પાલડી ભવન ખાતેના રૂમોના નાના મોટા રીપેરીંગ કાર્ય માટેની જરૂરી સુચનાઓ આપેલ તેમજ ભવનનું નિરીક્ષણ કરી ટેરેસ ઉપર તેમજ અન્ય સ્ટોરેજમાં પડેલ વધારાની અને નક્કામી ચીજવસ્તુઓના નિકાલ અંગે મેનેજરશ્રી તેમજ સ્ટાફને જરૂરી સુચનાઓ આપેલ.

**તા. ૧૯-૧૨-૨૦૨૪**

- આજ રોજ સવારમાં શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશોક મહેતા, શ્રી હિરેન શાહ તથા શ્રી રજનીકાંત પારેખ મળેલ હતા અને તેઓએ (૧) મુંબઈ અતિથિ ભવન, (૨) વિવિધ મેડિકલ સેન્ટર્સ, (૩) સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, (૪) સી.ટી. સ્કેન તથા એમ.આર.આઈ. મશીન વસાવવા અંગે, (૫) ભવન રીનોવેશન, (૬) લીલાબેન વીસારિયાના સર્વે રીપોર્ટ તથા (૭) 'મંગલ મંદિર'ના સ્વરૂપ અંગે વિગતવાર ચર્ચા કરેલ હતી.

## પાલડી મેડિકલ સેન્ટર

**તા. ૨૬-૧૧-૨૦૨૪**

- ડૉ. દેવલ શાહ દ્વારા મોતિયાનું એક ઑપરેશન કરવામાં આવ્યું.

**તા. ૨૭-૧૧-૨૦૨૪**

- ડૉ. દેવલ શાહ દ્વારા મોતિયાના બે ઑપરેશન કરવામાં આવ્યા.

**તા. ૨૯-૧૧-૨૦૨૪**

- ડૉ. આકાશ પટેલે મોતિયાનું એક ઑપરેશન કર્યું.

**તા. ૭-૧૨-૨૦૨૪**

- ફિઝીયોથેરાપિસ્ટ દ્વારા ફિઝીયોથેરાપી વિભાગમાં સુજોક થેરાપી, એક્યુપ્રેશર, કપીંગ, નીડલીંગ થેરાપી ચાલુ કરવા માટે પ્રપોઝલ આપેલ.

**તા. ૧૦-૧૨-૨૦૨૪**

- કાંસા થાળી ફૂટ મસાજનું નવું મશીન મૂક્યે આજે બે મહિના થયા છે. અત્યાર સુધી ૬૧૦ ફૂટ મસાજ કરવામાં આવ્યા.

**તા. ૧૧-૧૨-૨૦૨૪**

- તબીબી સેવા સમિતિની મીટિંગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મુખ્ય મુદ્દામાં ડૉ. ગાર્ગીબેન વસાવડાને પુરુષ દર્દીઓના મસાજ શિરોધારા માટે હોમિયોપેથીક વિભાગ આપવો અને હોમિયોપેથીક વિભાગને જૂના ડેન્ટલમાં પાર્ટીશન બનાવી શિફ્ટ કરવાનું નક્કી કરવામાં આવ્યું.
- નેમિ મેડિસિન્સનો ભાડાનો કોન્ટ્રાક્ટ ૧૦% વધારવાના સંસ્થાના પ્રપોઝલની સામે નેમિવાળાની રીક્વેસ્ટને માન આપીને એનો એ જ કોન્ટ્રાક્ટ એક વર્ષ માટે રાખવામાં આવ્યો.

**તા. ૧૩-૧૨-૨૦૨૪**

- એક સદ્‌ગૃહસ્થ દ્વારા મેડિકલમાં રૂા. ૩,૦૦૦/-નું ડોનેશન આપવામાં આવ્યું.

**તા. ૧૮-૧૨-૨૦૨૪**

- આંખ વિભાગમાં ગવર્નમેન્ટ તરફથી ફૉલો-અપ ઈન્સ્પેક્શન આવેલ. જેમાં જૂની જે કામગીરી બાકી હતી તે બધી થઈ ગયેલ છે. પણ સ્ક્રબ રૂમ બનાવવા માટે અને વોર્ડ, જ્યાં દર્દીને મોતિયાના ઑપરેશન પહેલા સુવાડવામાં આવે છે, એનું પણ ઑપરેશન થિયેટરની જેમ જ કલ્ચર લેવાનું સૂચન તેમણે આપ્યું હતું.

## નવનીત મેડિકલ સેન્ટર – બોપલ

**તા. ૧૯-૧૧-૨૦૨૪**

- આજ રોજ પાલડી મેડિકલ સેન્ટરથી સોનોગ્રાફીનું Logic P9 મશીન બોપલ મેડિકલ સેન્ટર ખાતે ઈન્સ્ટોલ થયેલ હતું.

**તા. ૨૦-૧૧-૨૦૨૪**

- આજ રોજ બોપલ ખાતે એક UPS મશીનની જરૂર જણાતા ડૉ. હિતેન્દ્રભાઈએ તેની મંજૂરી આપેલ હતી.

**તા. ૨૨-૧૧-૨૦૨૪**

- આજ રોજ નવનીત ડાયાલિસિસ સેન્ટરમાં PMJAY ખાતામાંથી ઈન્સ્પેક્શન થયેલ હતું. તેઓના હિસાબે આ

ડાયાલિસિસ સેન્ટરનું સંચાલન વ્યવસ્થિત રૂપે થાય છે.

**તા. ૨૫-૧૧-૨૦૨૪**

- આજ રોજ ડૉ. ચાંદની મોદી દ્વારા મોતિયાના ૩ સફળ ઑપરેશન થયેલ હતા.

**તા. ૨૯-૧૧-૨૦૨૪**

- આજ રોજ શ્રી બોપલ મેડિકલ સેન્ટરના તૃષિત મહેતા અને અજય સોલંકી દ્વારા નજીકના એરીયામાં પ્રેક્ટીસ કરતા ડૉક્ટરોની મુલાકાત લેવા માંગે છે તે અંગે ડૉ. રીધ્ધિએ ડૉ. હિતેન્દ્રભાઈને માહિતી આપેલ હતી. જેમાં સંસ્થામાં ચાલતા વિવિધ વિભાગો અને સુવિધા તથા બોડી ચેક-અપ અને ડાયાલિસિસ સેન્ટરની માહિતી આપવામાં આવશે તેવું ડૉ. હિતુભાઈને જણાવેલ હતું.

**તા. ૩૦-૧૧-૨૦૨૪**

- આજ રોજ નવા શીફ્ટ થયેલ સોનોગ્રાફી મશીનના AMC અંગે ચર્ચા થયેલ હતી.

**તા. ૧-૧૨-૨૦૨૪**

- આજ રોજ ડૉ. રીધ્ધિબહેને ડૉ. હિતેન્દ્રભાઈને નવેમ્બર-૨૦૨૪નો રીપોર્ટ આપેલ હતો. જેમાં ટોટલ ૬૭૩૫ દર્દીઓએ સારવાર લીધેલ હતી. ૨૭૭ જેટલા ડાયાલિસિસ થયેલ હતા.

**તા. ૧૪-૧૨-૨૦૨૪**

- આજ રોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલ સાવલા, ડૉ. હિતેન્દ્રભાઈ શાહ અને શ્રી મનીષભાઈ ગોસરે બોપલ મેડિકલ સેન્ટરની મુલાકાત લીધેલ હતી. જેમાં રોજની કામગીરી અંગે ચર્ચા થયેલ હતી.

## પરમકૃપા મેડિકલ સેન્ટર – ચાંગોદર

**તા. ૧૯-૧૧-૨૦૨૪**

- આજ રોજ વિપ્રો હેલ્થકેર કંપનીમાંથી સ્ટાફ આવેલ અને સોનોગ્રાફી મશીનની સર્વિસ કરાવવામાં આવી.
- ચામુંડા એન્જિનિયરીંગ વર્કસ, રોનક પ્લાસ્ટો ઇન્ડસ્ટ્રીઝ, સત્યમ સ્ટીલ – આ ત્રણ કંપનીઓમાં મુલાકાત લીધી અને જવાબદાર વ્યક્તિને મળીને સેન્ટરમાં થતી સારવાર વિશે માહિતી આપેલ હતી.

**તા. ૨૦-૧૧-૨૦૨૪**

- આજ રોજ હેમટેક અને હેમ સ્ટાર કંપનીના ઓક્ટોબર-૨૦૨૪ના બીલનું પેમેન્ટ મેળવવામાં આવ્યું.
- સેનોલેટ લાઇફકેર કંપનીના ૩ વર્કરોના મેડિકલ ફિટનેસ સર્ટી. અને રીપોર્ટ આપવામાં આવ્યા.
- હેમા રેમેડાઇઝ કંપનીમાં સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનાના જે બીલ બાકી હતા તેનું ફોલો અપ લેવામાં આવ્યું.

**તા. ૨૧-૧૧-૨૦૨૪**

- આજ રોજ કેમેક્સ વેલનેસ કંપની - સરી ગામ ખાતે મુલાકાત લેવામાં આવી અને કંપનીના HR મનીષભાઈ સાથે તેમની કંપનીના ૪૦ કર્મચારીઓના મેડિકલ ફિટનેસ કરાવવાના હતા તેના માટે મીટિંગ કરી અને ચાર્જિસ જણાવવામાં આવ્યા.

**તા. ૨૨-૧૧-૨૦૨૪**

- આજ રોજ પરમકૃપા મેડિકલ સેન્ટર ખાત ડૉ. સમીર મહેતા (ઓર્થોપેડિક)ને એપોઇન્ટ કરવામાં આવ્યા. દર શુક્રવારે અને શનિવારે સવારે ૯થી ૧૧ની ઓ.પી.ડી. શરૂ કરવામાં આવી.

**તા. ૨૫-૧૧-૨૦૨૪**

- આજ રોજ વિનાયક પેકેજિંગ સોલ્યુશનના ડાયરેક્ટર શ્રી મિતેશ પટેલ, સ્કીનોટેક્ષ ઇન્ડિયા પ્રા.લિ.ના એચ.આર. શ્રી દીપકભાઈ તથા રીષભ રીડ્સ પ્રા.લિ. કંપનીની મોરૈયા ખાતે મુલાકાત લેવામાં આવી.

**તા. ૨૬-૧૧-૨૦૨૪**

- આજ રોજ પ્રિયલ કોસ્મેટીક્સ - મોરૈયા ગામનું સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૨૪નું જે બીલ બાકી હતું તેનું ફોલો-અપ લેવામાં આવ્યું.
- આજ રોજ એમ.બી.આર. રીલાયેબલ - સરી ગામ ખાતે ઓક્ટોબર-૨૦૨૪નું જે બીલ પેમેન્ટ બાકી છે તેનું ફોલો-અપ લેવામાં આવ્યું.

**તા. ૨૮-૧૧-૨૦૨૪**

- આજ રોજ સલામતી સિક્યોરીટી એજન્સીમાં મુલાકાત લેવામાં આવી અને શ્રી રજાકભાઈ સુપરવાઇઝર નવા નિયુક્ત થયા તેમને મળીને સેન્ટરમાં થતી સારવાર વિશે માહિતી આપવામાં આવી અને તેમની કંપનીનો સ્ટાફ જે મેડિકલ ફિટનેસ કરાવવા સેન્ટર ઉપર આવે છે તેની ચર્ચા કરવામાં આવી અને આગળ જતાં પણ સેન્ટરને પેશન્ટ બાબતે યોગ્ય કાર્યવાહી કરતા રહે તેવી ભલામણ કરવામાં આવી.

- હેમટેક ઈન્ડસ્ટ્રીઝ અને હેમસ્ટાર ફિલામેન્ટ્સ કંપનીના વર્કરના મેડિકલ ફિટનેસ સર્ટી. અને બ્લડ રીપોર્ટ શ્રી આનંદભાઈ (HR)ને આપવામાં આવ્યા. ૩ દિવસમાં મળીને કુલ ૮ રીપોર્ટ આપવામાં આવ્યા.

**તા. ૩૦-૧૧-૨૦૨૪**

- આજ રોજ કેમેક્સ વેલનેસ કંપનીમાં ફરીવાર શ્રી મનીષભાઈ (HR) સાથે મુલાકાત કરવામાં આવી અને તા. ૨-૧૨-૨૦૨૪ને સોમવારથી તેમની કંપનીના ૪૦ કર્મચારીઓ મેડિકલ ફિટનેસ સેન્ટર ઉપર આવીને કરાવી જશે તે મુજબ નક્કી કર્યું.

**તા. ૩-૧૨-૨૦૨૪**

- આજ રોજ પાલડી ભવનની મુલાકાત કરી અને એક્સ-રે ડિપાર્ટમેન્ટની માંગણી મુજબ શ્રી કિન્નરીબેન પાસેથી સામાન લઈને ચાંગોદર સેન્ટર ખાતે પહોંચતો કર્યો.
- આજ રોજ PNDT ડિપાર્ટમેન્ટ - લાલ દરવાજા ગયા હતા અને એન્ટીનેટલ સોનોગ્રાફી પેશન્ટનાં બે ફોર્મ જમા કરાવ્યા.

**તા. ૪ તથા ૫-૧૨-૨૦૨૪**

- આ બે દિવસમાં કુલ ૯ કંપનીમાં જઈને નવેમ્બર-૨૦૨૪ના બીલ આપવાનું કામ કરવામાં આવ્યું.

**તા. ૬-૧૨-૨૦૨૪**

- આજ રોજ સિધ્ધિ વિનાયક વેજ ફુડ પ્રા.લિ. કંપનીમાં પ્રતીક વ્યાસ, મનીષાબેન (નર્સિંગ સ્ટાફ), જિતેન્દ્ર મકવાણાએ જઈને કુલ ૫૪ કારીગરોનાં મેડિકલ ફિટનેસ માટે બ્લડ સેમ્પલ એકત્રિત કર્યા.

**તા. ૭-૧૨-૨૦૨૪**

- આજ રોજ કેમેક્સ વેલનેસ લિ. - સરી ગામ ખાતે શ્રી મનીષભાઈને મળ્યા અને તેમની કંપનીના ૩૨ કારીગરોને મેડિકલ ફિટનેસ માટે સેન્ટર ઉપર આવીને ચેકિંગ કરાવવાનું નક્કી કર્યું.

**તા. ૯-૧૨-૨૦૨૪**

- આજ રોજ ગ્રામ પંચાયત - મોરૈયાની મુલાકાત લેવામાં આવી અને ટેક્સ કપાતનું ફોર્મ લઈને પાલડી ભવન ખાતે શ્રી ખુશ્બુબેન (HR)ને આપવામાં આવ્યું.

**તા. ૯ તથા ૧૦-૧૨-૨૦૨૪**

- કેમેક્સ વેલનેસ લિ. કંપનીના ૩૨ કર્મચારીઓ આ બે દિવસ દરમિયાન સેન્ટર ઉપર આવ્યા. તેમને ફિઝીશિયન, આંખના ચેક-અપ અને બ્લડ રીપોર્ટ – મેડિકલ ફિટનેસના ચેકિંગનું કામ કરવામાં આવ્યું.

**તા. ૧૧-૧૨-૨૦૨૪**

- આજ રોજ હેમટેક કંપનીના બે કર્મચારીના રીપોર્ટ શ્રી આનંદભાઈ (HR)ને આપવામાં આવ્યા.
- આજ રોજ એમનીલ ફાર્માસ્યુટીકલ કંપનીના પાંચ કર્મચારીઓની મેડિકલ ફિટનેસ ફાઈલ શ્રી અશોકભાઈ - સુપરવાઇઝરને આપવામાં આવી.

**તા. ૧૨-૧૨-૨૦૨૪**

- આજ રોજ મેધાન્સ ઈન્ડસ્ટ્રીઝ - ચાંગોદર કંપનીના પાંચ કર્મચારી સેન્ટર ઉપર આવ્યા અને તેઓના મેડિકલ ફિટનેસ માટે CBC, યુરીન અને ફિટનેસ રીપોર્ટ કરવામાં આવ્યા.

**તા. ૧૩-૧૨-૨૦૨૪**

- આજ રોજ સેનોલેટ લાઇફકેર લિ. કંપનીના બે કર્મચારી સેન્ટર ઉપર આવ્યા અને તેમના ફિઝીશિયન ચેક-અપ, આંખના ચેક-અપ અને બ્લડ રીપોર્ટનું ચેકિંગ કામ કરવામાં આવ્યું.
- આજ રોજ એમનીલ ફાર્માસ્યુટીકલ કંપનીની ૨૫ ફાઈલ જે સેન્ટર ઉપર આવીને મેડિકલ ફિટનેસ કરાવવામાં આવે છે તે કંપનીના સુપરવાઇઝર શ્રી અશોકભાઈને આપવામાં આવી.

**તા. ૧૪-૧૨-૨૦૨૪**

- આજ રોજ સેનોલેટ લાઇફકેર પ્રા.લિ. કંપનીના બે કર્મચારીના ફિટનેસ સર્ટી. અને નવેમ્બર-૨૦૨૪નું બીલ આપવામાં આવ્યા.

## નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર

**તા. ૧૧-૧૧-૨૦૨૪**

- આજ રોજ જશોદાનગર સેન્ટર ખાતે ફિઝીશિયન અને આંખની તપાસનો ફ્રી કેમ્પ રાખવામાં આવ્યો. જેમાં કુલ ૨૦ દર્દીઓએ કેમ્પનો લાભ લીધેલ હતો.

**તા. ૧૩-૧૧-૨૦૨૪**

- આજ રોજ ચામડીના રોગોનાં ડોક્ટર વર્નોમ જેમ્સ દ્વારા બાયોપ્સીની પ્રોસીજર કરવામાં આવી.
- આજ રોજ ચાંગોદર સેન્ટરના ઇન્ચાર્જ પ્રતીક વ્યાસે સેન્ટરની મુલાકાત લીધી. એમણે જશોદાનગરના એડમિન સ્નેહલભાઈ ભાવસારને ઈન્ડસ્ટ્રીઝની વિઝીટ કરવા અંગે માહિતી અને માર્ગદર્શન આપ્યું.

**તા. ૧૮-૧૧-૨૦૨૪**

- સેન્ટર પર ડૉ. હર્ષલ પટેલે મોતિયાનું એક ઑપરેશન કર્યું.

**તા. ૧૯-૧૧-૨૦૨૪**

- આજ રોજ લુણાવાડા વિશ્વકર્મા પંચાલ સમાજના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ પંચાલે શ્રી ચેતનભાઈ ધરોડ સાથે જશોદાનગર સેન્ટરની મુલાકાત લીધી હતી. સેન્ટરના મેડિકલ ઓફિસર ડૉ. કોમલ દવેએ એમને સેન્ટરની વિવિધ સુવિધાઓ વિશે માહિતી આપેલ હતી.

**તા. ૨૦-૧૧-૨૦૨૪**

- આજ રોજ જશોદાનગર સેન્ટર પર શ્રી લક્ષ્મીચંદ વીરા અને પાલડી ભવનના એડમિન પીન્ટુભાઈએ મુલાકાત લીધેલ હતી. શ્રી લક્ષ્મીચંદ વીરાએ કાંસ્ય થાળી થેરાપી વિશે ચર્ચા કરેલ હતી.

**તા. ૨૧-૧૧-૨૦૨૪**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધેલ હતી અને એમણે ફ્રી કેમ્પ માટે માર્ગદર્શન આપેલ હતું.

**તા. ૨૩-૧૧-૨૦૨૪**

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાનું એક ઑપરેશન કરવામાં આવેલ હતું.

**તા. ૨૮-૧૧-૨૦૨૪**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધેલ હતી.

**તા. ૨-૧૨-૨૦૨૪**

- આજ રોજ સેન્ટર પર મોતિયાનું એક ઑપરેશન થયેલ હતું.
- આજ રોજ જશોદાનગર સેન્ટર પર ડૉ. હિતેન્દ્ર શાહે મુલાકાત લીધેલ હતી. એમણે રેડિયોલોજિસ્ટ ડૉ. નીલ ચોક્સી સાથે સેન્ટર પર રેડિયોલોજિસ્ટની નિમણુંક બાબતે વાતચીત કરેલ હતી.

**તા. ૧૦-૧૨-૨૦૨૪**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધેલ હતી. એમણે ફિઝીયોથેરાપી વિભાગના કામકાજ અંગે ચર્ચા કરેલ હતી. ■


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવતી જાહેરાતના માસિક દરો

| ક્રમ | વિગત | કલર | આખું પાનું | અડધું પાનું | પા પાનું |
|---|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં.-૪ | મલ્ટી કલર | રૂા. ૭,૦૦૦ | — | — |
| ૨. | કવર પેજ નં. ૨ | મલ્ટી કલર | રૂા. ૬,૫૦૦ | — | — |
| ૩. | કવર પેજ નં. ૩ | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | — | — |
| ૪. | કવર પેજ નં. - ૨ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | | |
| ૫. | કવર પેજ નં. - ૩ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૫૦૦ | | |
| ૬. | અંદરનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૦૦૦ | | |
| ૭. | અંદરનું પાનું | સીંગલ કલર | રૂા. ૪,૦૦૦ | | |
| ૮. | અંદરનું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૨,૦૦૦ | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ |
| ૯. | સાદા પાનાની નીચે ૧'' સાઈઝની બોટમ પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૫૦૦ | | |

*જાહેરાતના અત્રે દર્શાવેલ દરમાં ૫% લેખે GST અલગથી લાગશે.*

**નોંધ :** એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

**જાહેરાતની સાઈઝ :** (૧) ફુલ પેજ : ૧૮.૦ X ૨૩.૬ સે.મી. | (૨) હાફ પેજ : ૧૮.૦ X ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ X ૧૧.૬ સે.મી. | (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ X ૨.૫૪ સે.મી.

**વિઝીટીંગ કાર્ડ સાઈઝ જાહેરાત : ૧૨ મહિનાના ભાવ**

*જાહેરાતના અત્રે દર્શાવેલ ભાવમાં ૫% લેખે GST અલગથી લાગશે.*

| ક્રમ | વિગત | કલર | સાઈઝ | એમાઉન્ટ |
|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં — ૪ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૫,૦૦૦ |
| ૨. | કવર પેજ નં — ૨ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૦,૦૦૦ |
| ૩. | કવર પેજ નં — ૩ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૧૫,૦૦૦ |

*નોંધ : દરેક વિઝીટીંગ કાર્ડ સાઈઝના જાહેરાતના ૧૨ મહિનાના ડિસ્કાઉન્ટ સાથેના ભાવ છે.*

# અતીતના ઓવારેથી.... : મણકો-૧૭

*'અતીતના ઓવારેથી'ના મણકા-૧૭ ના આ વિભાગમાં 'મંગલ મંદિર'ના જુલાઈ-૨૦૦૫ના અંકમાં પ્રસારીત કરવામાં આવેલ લેખ "SATELLITES"ના ૩ પ્રકરણમાંથી પ્રથમ પ્રકરણ પ્રસારીત કરીએ છીએ કે જે લેખ આજથી ૨૦ વર્ષ અગાઉ હાલના સમાજના સહમંત્રી શ્રી વિશાલ મહેન્દ્ર શાહે આલેખિત કરેલ હતો.*

*સાથે સાથે સપ્ટેમ્બર-૨૦૦૫માં પ્રસારીત કરવામાં આવેલ લેખ "શ્રી કચ્છી વિશ્રામ ગૃહની તવારીખ" પણ પ્રસારીત કરીએ છીએ કે જેની દિલચશ્પ માહિતી આજે પણ વાચકના દિલ ડોલાવી શકશે.*

*– તંત્રી મંડળ*

# SATELLITES

■ ***Vishal Mahendra Vishanji Shah*** ■

*Shri Vishal Mahendra Vishanji Shah is a member of Shri Kutchhi Jain Seva Samaj and settled in Ahmedabad since 1991. During his career, last year he was a President of Sankalp – Shri Kutchhi Jain Youth Association. He passed Diploma in Electronics Engg. in the year 1982 from A.V.P.T.I. – Rajkot and joined Physical Research Laboratory since 1983. Now his post is Technical Assistant in Astronomy and Astrophysics Division at Physical Research Laboratory – Ahmedabad. Readers of "Mangal Mandir" will read his column regularly from this month regarding "Satellite Science" which we hope, will receive warm welcome from the readers.*

***- Editor***

Not so long ago, satellites were exotic, top-secret devices. They were used primarily in a military capacity, for activities such as navigation and espionage. Now they are an essential part of our daily lives. We see and recognize their use in weather reports, television transmission by DIRECTV and the DISH Network, and everyday telephone calls. In many other instances, satellites play a background role that escapes our notice :

☞ Some newspapers and magazines are more timely because they transmit their text and images to multiple printing sites via satellite to speed local distribution.

☞ Before sending signals down the wire into our houses, cable television depends on satellites to distribute its transmissions.

☞ The most reliable taxi and limousine drivers are sometimes using the satellite based Global Positioning System (GPS) to take us to the proper destination.

☞ The goods we buy often reach distributors and retailers more efficiently and safely because trucking firms track the progress of their vehicles with the same GPS. Sometimes firms will even tell their drivers that they are driving too fast.

☞ Emergency radio beacons from downed aircraft and distressed ships may reach search-and-rescue teams when satellites relay the signal.

In this article, we will show you how satellites operate and what they do. You'll get to see what's inside a satellite, explore the different kinds of orbits and find out why the intended use of the satellite affects the choice of orbit. We'll even tell you how to see and track a satellite yourself!

### *WHAT IS A SATELLITE?*

A satellite is basically any object that revolves around a planet in a circular or elliptical path. The moon is Earth's original, natural satellite, and there are many man-made (artificial) satellites, usually closer to Earth.

☞ The path a satellite follows is an orbit. In the

orbit, the farthest point from Earth is the apogee, and the nearest point is the perigee.

☞ Artificial satellites generally are not mass-produced. Most satellites are custom built to perform their intended functions. Exceptions include the GPS satellite (with over 20 copies in orbit) and the Iridium satellites (with over 60 copies in orbit).

☞ Approximately 23,000 items of space junk - objects large enough to track with radar that were inadvertently placed in orbit or have outlived their usefulness - are floating above Earth. The actual number varies depending on which agency is counting. Payloads that go into the wrong orbit, satellites with run-down batteries, and leftover rocket boosters all contribute to the count. This online catalogue of satellites has almost 26,000 entries!

Although anything that is in orbit around Earth is technically a satellite, the term "satellite" is typically used to describe a useful object placed in orbit purposely to perform some specific mission or task. We commonly hear about weather satellites, communication satellites and scientific satellites.

### *WHOSE SATELLITE WAS THE FIRST TO ORBIT EARTH?*

The Soviet Sputnik satellite was the first to orbit Earth, launched on October 4, 1957.

Because of Soviet Government secrecy at the time, no photographs were taken of this famous launch. Sputnik was a 23-inch (58 cm), 184 pound (83 kg.) metal ball. Although it was a remarkable achievement, Sputnik's contents seem meager by today's standards: Thermometer, Battery, Radio transmitter (changed the tone of its beeps to match temperature changes) and Nitrogen gas to pressurized the interior of the satellite. On the outside of Sputnik, four whip antennas transmitted on short-wave frequencies.

After 92 days, gravity took over and Sputnik burned in Earth's atmosphere. Thirty days after the Sputnik launch, the dog Laika orbited in half-ton Sputnik satellite with an air supply for the dog. It burned in the atmosphere in April 1958.

Sputnik is a good example of just how simple a satellite can be. As we will see later, today's satellite are generally for more complicated, but the basic idea is a straightforward one.

***(To be contd.)***

# શ્રી કચ્છી વિશ્રામ ગૃહની તવારીખ

■ અશોક મહેતા ■

કચ્છના લખપત તાલુકાના પાનન્ધ્રોમાં લીગ્નાઈટની ખાણો મળી આવ્યા બાદ ગુજરાત ખનીજ વિકાસ નિગમે (જી.એમ.ડી.સી.) કચ્છમાં પોતાની પ્રવૃત્તિનો વ્યાપ ખૂબજ વ્યવસ્થિત રીતે અને સારા એવા પ્રમાણમાં વધારી દીધો. પરિણામસ્વરૂપે આ કોર્પોરેશન વર્ષાંતે સારો એવો નફો રળતી થઈ ગઈ. વર્ષ દરમ્યાન થતા નફાનો અમુક ભાગ પોતાની "સામાજિક જવાબદારી" તરીકે આ સંસ્થા વિવિધ સ્થળે વાપરવા લાગી પરંતુ આમાંની મોટાભાગની રકમ સામાન્યપણે કચ્છ બહાર જ વપરાતી. કચ્છના ભાગે કોઈ રકમ આવતી નહીં તેવું કહીએ તો પણ તે અતિશયોક્તિ નહીં કહેવાય. કચ્છની સૂકી ધરાને વિકસાવવા માટે આ રકમનો હિસ્સો અનેક વર્ષો સુધી બિલકુલ કામે ના લાગ્યો.

ભુજના તે સમયના તરવરીયા ધારાસભ્ય શ્રી મુકેશભાઈ ઝવેરીની નિમણૂક જી.એમ.ડી.સી.ના અધ્યક્ષ સ્થાને થતાં પરિસ્થિતિ સમગ્રપણે પલટાઈ ગઈ અને આ સંસ્થાએ પોતાની "સામાજિક જવાબદારી" અદા કરવા માટે મરૂભૂમિ કચ્છને પણ સારા એવા પ્રમાણમાં સ્વીકાર્યું. એ સમયે લગભગ પાંચ વર્ષ સુધી સતતપણે દરેક વર્ષે સરેરાશ રૂા. ૧૦ કરોડ કરતાં પણ વધુ રકમ કચ્છના સામાજિક કાર્યો કરતી સંસ્થાઓના નવા નવા પ્રોજેક્ટોમાં જી.એમ.ડી.સી. તરફથી મળવા લાગી. અંદાજિત ૪ાા-૫ વર્ષના આ સમયગાળા દરમ્યાન જી.એમ.ડી.સી.એ કચ્છની વિવિધ સામાજિક સંસ્થાઓને રૂા. ૫૦ કરોડ કરતાં પણ વધુ રકમના અનુદાન આપ્યા.

પરંતુ તે સમયના જી.એમ.ડી.સી.ના ચેરમેન શ્રી મુકેશભાઈ ઝવેરી જૈન વણિક હતા અને પાછા "ઝવેરી" પણ હતા તેથી "પક્કાઈ" અને "પરખ" એમ બંને પ્રકારના ગુણ તેમનામાં જન્મજાત ઉતરેલ હતા. તેઓશ્રી જે સંસ્થાને રૂા. ૧૦ લાખનું અનુદાન આપતાં તે આ સંસ્થા પાસેથી અન્યત્રથી બીજા રૂા. ૩૦ લાખ એકત્રિત કરાવડાવી, રૂા. ૪૦ લાખ જેટલી રકમના સામાજિક કામ

*શ્રી મુકેશભાઈ ઝવેરીએ તા. ૧૨-૨-૨૦૦૦ના દિવસે ચેક અર્પણવિધિ સમારંભમાં જણાવ્યું હતું કે આજે કચ્છના લોકો માટે એક નાનું યોગદાન આપવાનો મોકો મળ્યો છે એનો મને આનંદ છે. સમગ્ર કચ્છના લોકો માટે અમદાવાદનું શ્રી કચ્છી જૈન સેવા સમાજ એક સરસ સુવિધા ઊભી કરી રહ્યું છે અને એમાં ગુજરાત ખનિજ વિકાસ નિગમ એક નિમિત્ત બને છે. નિગમે કચ્છ પ્રત્યેની પોતાની જવાબદારી અદા કરવાના એક કામ તરીકે અદનામાં અદના આદમીનો વિચાર કરીને અમદાવાદ શહેરમાં આ સુવિધા ઊભી થાય તેમાં પોતાનું યોગદાન આપેલ છે.*

કરાવવાની તકેદારી રાખતા. વળી તેઓશ્રી "ઝવેરી" હોવાથી કઈ સંસ્થા યોગ્ય છે તેની "પરખ" પણ સારી રીતે કરી શકતા. પરિણામ સ્વરૂપે તેઓશ્રીના સમયગાળામાં રૂા. ૨૦૦ કરોડથી પણ વધુ રકમ આ પ્રકારના સામાજિક કાર્યોમાં વપરાઈ હશે. આવા પ્રકારના કાર્યો માટે કચ્છનો એ "સોનેરી" સમય હતો.

આર્થિક રીતે નબળા અને મધ્યમ વર્ગના અનેક દર્દીઓ કચ્છથી અમદાવાદની વિવિધ હોસ્પિટલોમાં તેમજ અન્યત્ર દવા કરાવવા આવતા. દર્દી સાથે આવેલા સગાં-સંબંધીઓને સિવિલ હોસ્પિટલની આજુબાજુમાં દર્દીની સારવાર દરમ્યાન રહેવા માટે કોઈ વ્યવસ્થિત જગ્યા ન હતી. શ્રી મુકેશભાઈ ઝવેરીના લક્ષ પર આ વાત આવી. તેઓશ્રીએ નજર દોડાવી અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પર પસંદગી ઉતારી. જી.એમ.ડી.સી.ના આ પ્રકારના ફંડમાંથી રૂા. ૧ કરોડ જેટલી માતબર રકમનું દાન આપ્યું અને જોતજોતામાં રૂા. ૪ કરોડની ઈમારત ખડી થઈ ગઈ. આ ઈમારત એટલે શાહીબાગમાં આવેલ "શ્રી કચ્છી વિશ્રામ ગૃહ".




ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદ્ હસ્તે તા. ૬-૧-૨૦૦૨ના દિવસે આ ઈમારતનું લોકાર્પણ થયા પછી દર વર્ષે ૨૦,૦૦૦થી પણ વધુ લોકો આ વિશ્રામ ગૃહનો લાભ મેળવે છે. કચ્છથી તેમજ અમદાવાદથી સારવાર અર્થે અથવા તો કોઈ સામાજિક કે ધંધાકીય કારણોસર પધારતા લોકો પોતાના અમદાવાદના ટૂંકા રોકાણ દરમ્યાન આ ગૃહનો સારા પ્રમાણમાં લાભ મેળવે છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા હાથ ધરાયેલ પ્રકલ્પને બિરદાવી, એને સમગ્ર ગુજરાતનું ગૌરવ ગણાવ્યું હતું.

છેલ્લા બે વર્ષથી આ મકાનમાં કચ્છી વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ માટે હંગામી ધોરણે એક હોસ્ટેલ પણ ચાલુ કરી દેવામાં આવેલ હોવાથી અનેક કચ્છી બાળકો અહીં રહી અભ્યાસ કરે છે. હાલે અહીં કચ્છથી અમદાવાદ ભણવા અર્થે આવેલ ૨૨ વિદ્યાર્થી તથા ૧૨ વિદ્યાર્થિનીઓએ હોસ્ટેલના વિદ્યાર્થી તરીકે રહી પોતાનો અભ્યાસ ચાલુ રાખેલ છે.

*તા. ૧૨-૨-૨૦૦૦ના ચેક અર્પણવિધિ સમારંભના સમયે અતિથિ વિશેષ પદેથી પ્રાસંગિક પ્રવચન કરતાં શ્રી તારાચંદભાઈ છેડાએ જણાવ્યું કે આ "વિશ્રામ ગૃહ" એ ખરેખર "ભગવાનનું મંદિર" બની રહેશે કે જેમાં આપણને આમ આદમીના દર્શન થશે. ભુજના વીસા ઓસવાળ સમાજનો આ પ્રોજેક્ટમાં સંપૂર્ણ સહયોગ રહેશે.*

*તા. ૬-૨-૨૦૦૨ના શ્રી કચ્છી વિશ્રામ ગૃહના લોકાર્પણ બાદ ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દીપ પ્રગટાવી સમારંભને વિધિવત્ ખુલ્લું મૂકતા જણાવ્યું કે અહીં રોકાવાનું ગમે, કારણકે વખાણ એટલા થાય છે કે વાહ! ઘર બનાવવાનું કામ સમાજ કરે છે ત્યારે એ મંદિર બને છે. ભારતમાં પ્રાચીનકાળથી મહાજનની પરિકલ્પના રહી છે. સમાજને રાજ્ય નહીં પણ મહાજન શક્તિ બક્ષતા અને ગામ - શહેર - રાજ્યનો વિકાસ સધાતો. એ વ્યવસ્થા આદર્શ હતી. આજે એવી કોઈ વ્યવસ્થા ન વિકસવી જોઈએ કે જેમાં સમાજ ઓશિયાળો બને. અલબત્ત, સરકાર પણ સમાજનું અંગ છે. આઝાદી આવ્યા પછી આ વ્યવસ્થામાં થોડી ઊણપ આવી કારણકે ગામ પોતાના ચૂંટાયેલા પ્રતિનિધિ તરફ નજર રાખવા માંડ્યું. પરંતુ અમદાવાદના શ્રી કચ્છી જૈન સેવા સમાજે સારવાર અર્થે આવતા દર્દીઓના બરદાસીઓ માટે તમામ સવલતોવાળું સાર્વજનિક વિશ્રામ ગૃહ બનાવી, મહાજનની શક્તિ અને ક્ષમતાના દર્શન કરાવ્યા છે. ભૂકંપ પછી કચ્છની પ્રજાએ દર્શાવેલી ખુમારીથી સહાય માટે આવેલ વિદેશીઓ પણ દંગ રહી ગયા હતા. ભૂકંપે સમાજના ચહેરા ઉપર ઓશિયાળાપણું આવવા દીધું નથી. સમાજની એક ઈનહેરન્ટ ક્વોલિટી હોય છે અને ગળથૂથીને સહારે એ ભાવના વિકસે છે. હવે આપણે બારાખડીમાં ફેરફાર કરીને "ક" કચ્છનો, "ખ" ખુમારીનો, "ગ" ગુજરાતનો એવી રીતે બાળકોને શીખવવું પડશે. હમણા યુધ્ધના માહોલ વચ્ચે હું કચ્છની સરહદ પર ગયો હતો. ત્યાં પણ સરહદ વિસ્તારના અને સમગ્ર કચ્છના લોકોની ખુમારીથી ખૂબ પ્રભાવિત થયો હતો.*

સાધ્વીજી મહારાજ સાહેબો માટેના ૪ રૂમો તથા સાધુ મહારાજ સાહેબો માટેના બે રૂમોનો ઉપયોગ પણ અહીં નિયમિતપણે થયા કરે છે.

ગ્રાઉન્ડ ઉપરાંત ત્રણ મજલાની આ ઈમારતમાં વિવિધ પ્રકારની આધુનિક સવલત ધરાવતા નાના મોટા ૬૩ રૂમો, ૪ ડોરમેટરી, કોન્ફરન્સ રૂમ, કીચન, એ.સી. ડાઈનીંગ હોલ, નોન એ.સી. ડાઈનીંગ હોલ વગેરે પ્રકારની આગવી સગવડતા ઉપલબ્ધ છે. અહીંના કોન્ફરન્સ રૂમમાં સમાજની અનેક મિટિંગો તથા કોન્ફરન્સો થઈ ચૂકેલ છે.

ડોરમેટરીમાં એક વ્યક્તિનું એક દિવસનું ભાડું માત્ર રૂા. ૨૦/- લેવામાં આવે છે. જ્યારે બે વ્યક્તિના સમાવેશવાળી રૂમોનું ભાડું વિવિધ પ્રકારની આધુનિક સગવડતાવાળા રૂમોમાં રૂા. ૫૦/- અથવા તો રૂા. ૧૨૫/- લેવામાં આવે છે. એ.સી. રૂમનું ભાડું માત્ર રૂા. ૪૨૫/- લેવામાં આવે છે. અમદાવાદ જેવા શહેરમાં આ પ્રકારની સેવા ખૂબજ કિફાયતી દરે હોય તેવી ગણના કરવામાં આવે છે. અહીં એક ટાઈમ ફુલ જમવાના માત્ર રૂા. ૨૦/- લેવામાં આવે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની "શ્રી કચ્છી વિશ્રામ ગૃહ સમિતિ" આ ભવનના સંચાલનની દેખભાળ રાખે છે. સમિતિના અનેક સભ્યો દરરોજ પોતાનાથી શક્ય સેવા આપી રહેલ છે. આ ભવનના બાંધકામ સમયે "બાંધકામ સમિતિ"ની કામગીરી કાબિલે દાદ રહેવા પામેલ હતી. અમદાવાદ સ્થિત આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠે આર્કિટેક્ટ તરીકેની સેવા વિનામૂલ્યે બજાવેલ હતી.

આ "વિશ્રામ ગૃહ" માટે અનેક નામાંકિત કચ્છી દાનવીરો તથા સંસ્થાઓએ સારા એવા પ્રમાણમાં દાન આપી સહકાર આપેલ છે કે જેની વિગત "મંગલ મંદિર"ના આ જ અંકમાં અન્યત્ર પ્રસારિત કરવામાં આવેલ છે.

આ વિશાળ ઈમારત ઊભી કરવા અદનાથી અદના કચ્છી માનવીનો "કૂપન" પધ્ધતિ દ્વારા સહકાર સાંપડેલ છે કે જેની વિગતો પણ "મંગલ મંદિર"ના આ જ અંકમાં અન્યત્ર પ્રસારિત કરવામાં આવેલ છે.

આ ઈમારતની પ્રથમ માળની છ વિંગ તથા દ્વિતીય માળની ૮ વિંગ એમ કુલ્લે ૧૪ વિંગોના નામકરણની વિધિ ડ્રો પધ્ધતિથી રવિવાર તા. ૧૮-૯-૨૦૦૫ના દિવસે રાખવામાં આવેલ છે. અનેક રૂમોના દાન આપનાર દાતાઓના નામની તક્તીઓની અનાવરણવિધિ પણ એ જ દિવસે વિવિધ મહાનુભાવોના વરદ્ હસ્તે યોજવામાં આવેલ છે.

અમદાવાદના શાહીબાગ ખાતેના શ્રી કચ્છી વિશ્રામ ગૃહના નિર્માણમાં જે જે મહાનુભાવોએ પોતાનો સહકાર આપેલ છે, તેઓએ કચ્છની જનતાની ઉત્તમ સેવા બજાવેલ છે. તેઓ સહુ પૂરેપૂરા અભિનંદનના અધિકારી છે.

*તા. ૬-૨-૨૦૦૨ના શ્રી કચ્છી વિશ્રામ ગૃહના લોકાર્પણ સમારંભના અધ્યક્ષ સ્થાનેથી તે સમયના ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી ધીરુભાઈ શાહે પણ કચ્છના આગવા ખમીર અને ખુમારીની વાત કરી હતી. આજનો દિવસ કચ્છીયતના સ્વાભિમાનનો દિવસ છે. કષ્ટમાં પણ પોતાનો રંગ ન બદલે, એ સાચો માનવી, જેમ દૂધમાંથી દહીં, દહીંમાંથી છાશ, છાશમાંથી માખણ અને માખણમાંથી ઘી બની બધા કષ્ટ વેઠે છતાં દૂધ પોતાનો રંગ બદલતો નથી.*

# સવાલ અમારો... જવાબ તમારો.....

**મણકો ૨૧**

**સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી – અમદાવાદ**
(સમાજના ભૂતપૂર્વ મંત્રી, 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી તથા પ્રવર્તમાન મંગલ મંદિર તંત્રી મંડળના સભ્ય)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

**• આ અંકના સવાલો •**

૧. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ : ____________ (૩ ડિસેમ્બર, ૧૫ ડિસેમ્બર, ૨૮ ડિસેમ્બર)

૨. રાષ્ટ્રીય ગણિત દિવસ : ____________ (૧૪ ડિસેમ્બર, ૨૨ ડિસેમ્બર, ૧૭ ડિસેમ્બર)

૩. 'મંગલ મંદિર'ના અંદરના સાદા પેઈજ પર બ્લેક એન્ડ વ્હાઈટમાં ફૂલ પેઈજ જાહેરાતનો દર રૂા. ____________ છે. (રૂા. ૫૦૦૦/-, રૂા. ૩૦૦૦/-, રૂા. ૨૦૦૦/-)

૪. મંગલ મંદિરનો દીપોત્સવી અંક ____________ પૃષ્ઠનો હતો. (૨૦૦, ૧૫૦, ૧૨૪)

૫. સુડોકુ ક્રમાંક-૧૧૬૯માં કુલ ____________ વ્યક્તિઓએ સાચા જવાબ મોકલ્યા હતા. (૨૨, ૩૪, ૧૯)

૬. અન્વેષણ પુસ્તકના લેખક : ____________ (દિલીપ રાણપુરા, પરેશ ભટ્ટ, ધીરૂભાઈ ઠાકર)

૭. એપ્રિલ-૨૦૦૪થી માર્ચ-૨૦૦૫ દરમિયાન સમાજના કુલ ____________ સભ્યોએ મેડિકલ સેન્ટરની સેવાનો લાભ લીધો. (૩૪૯૦, ૩૩૮૫, ૩૨૦૫)

૮. બોપલ મેડિકલ સેન્ટરમાં તા. ____________ના રોજ ફૂટ મસાજ માટે કાંસા થાળી મશીન મૂકવામાં આવ્યું. (તા. ૮-૧૦, તા. ૧૪-૧૦, તા. ૧૦-૧૦)

૯. ઓક્ટોબર-૨૦૨૪ માસ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિઓ : ____________ (૩૪૯૪૨, ૩૧૮૪૨, ૩૬૮૪૭)

૧૦. ૭૫મા પ્રજાસત્તાક દિવસે – શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ધ્વજવંદન કાર્યક્રમ કોના વરદ્ હસ્તે રાખવામાં આવેલ છે? ____________ (શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી જ્ઞાનચંદ ભાનુશાળી, શ્રી રજનીભાઈ પારેખ)

## ● મણકા—૨૦ ના સવાલોના સાચા જવાબો ●

૧. સમાજનું બેંક એકાઉન્ટ **કેનેરા બેંક**માં છે.
૨. મેડિકલ સેન્ટર – પાલડીના ટેલીફોન નંબર **૪૮૯૦ ૬૦૦૧** છે.
૩. 'મંગલ મંદિર'નું ૫ વર્ષનું લવાજમ રૂા. **૬૦૦/-** છે.
૪. 'મંગલ મંદિર'ના નવેમ્બર અંકમાં શબ્દ રમત નંબર **૨૧૨** છે.
૫. પરમકૃપા મેડિકલ સેન્ટર **ચાંગોદર** ખાતે આવેલ છે.
૬. સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન શાહીબાગ - ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં **૫૭૨** વ્યક્તિઓએ લાભ લીધો.
૭. યુવા વિકાસ સમિતિનો એક કાર્યક્રમ **તા. ૧૨-૧૦-૨૦૨૪** ના રોજ યોજાઈ ગયો.
૮. સ્પંદન સંસ્થાના સ્થાપક **ફાલ્ગુની શાહ** છે.
૯. અમદાવાદમાં વસવાટ કરતા કચ્છના જૈન પરિવારોમાંથી **૭૫૩** પરિવારોનો સર્વે કરવામાં આવ્યો.
૧૦. 'મંગલ મંદિર'માં એક ફૂલ પેઈજ મલ્ટિકલર જાહેરાતનો ભાવ રૂા. **૫૦૦૦/-** છે.

***મણકા-૨૦ (મંગલ મંદિર ડિસેમ્બર-૨૦૨૪ અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. નીતિન એચ. સંઘવી – ગાંધીનગર
૨. સ્મિતા શાહ – અમદાવાદ
૩. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૪. ઝરણા પારેખ – અમદાવાદ
૫. નેહા પારેખ – અમદાવાદ
૬. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૭. હસમુખ દામજી દેઢિયા – અડાલજ
૮. નવનીત ત્રિકમલાલ પટેલ – અમદાવાદ
૯. દમયંતી દિલીપ દંડ – અમદાવાદ
૧૦. અજય અશ્વિનભાઈ રાણા – અમદાવાદ
૧૧. રોનકબેન આઈ. શેખ – અમદાવાદ
૧૨. અવ્વાબરાજ એ. શેખ – અમદાવાદ
૧૩. ડૉ. લુબનાબેન આઈ. શેખ – અમદાવાદ
૧૪. નીરવ મહેન્દ્રભાઈ શાહ – અમદાવાદ
૧૫. નીલોફર આઈ. શેખ – અમદાવાદ
૧૬. જીનલ નીલેશ કારાણી – અમદાવાદ
૧૭. મિત્તલ પટેલ – અમદાવાદ
૧૮. દિશા પટેલ – અમદાવાદ
૧૯. અમરીષ કે. સંઘવી – અમદાવાદ
૨૦. નરેન્દ્ર પ્રજાપતિ – અમદાવાદ
૨૧. કામિની સ્નેહલકુમાર શેઠ – અમદાવાદ
૨૨. રણજીતસિંહ રાણા – અમદાવાદ
૨૩. નિરંજન મૈશેરી – અમદાવાદ
૨૪. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ

*ઉપરોક્ત નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.*

| | | | |
|---|---|---|---|
| ૧. | **મિત્તલ પટેલ** | **– અમદાવાદ** | **મો. ૯૭૧૨૮ ૭૩૨૦૩** |
| ૨. | **નરેન્દ્ર પ્રજાપતિ** | **– અમદાવાદ** | **મો. ૯૩૧૬૧ ૪૫૩૮૩** |
| ૩. | **હસમુખ દામજી દેઢિયા** | **– અડાલજ** | **મો. ૯૫૫૮૦ ૫૯૫૬૫** |
| ૪. | **નીતિન એચ. સંઘવી** | **– ગાંધીનગર** | **મો. ૯૮૯૮૧ ૧૬૭૭૧** |
| ૫. | **ડૉ. લુબનાબેન આઈ. શેખ** | **– અમદાવાદ** | **મો. ૯૨૭૬૭ ૫૨૨૩૫** |

***આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.***

★ **નોંધ :**

(૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે.
(૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.
(૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.

**મારો સમાજ... મારું મુખપત્ર... મારો મનગમતો વિભાગ...**

*પથ્થર બનવા માટે પણ તાકાત જોઈએ; હથોડા કેટલાયે વાગે જીવનમાં, પણ દર્દ સહી મૂર્તિ બનવાની ઔકાત જોઈએ!*

આપણા ડૉક્ટર્સને પહેચાનો

## આપણા ડૉક્ટર્સને પહેચાનો

# મણકો - ૧૬ : ડૉ. આકાશ પટેલ

અશોક મહેતા

"આપણા ડૉક્ટર્સને પહેચાનો"ના મણકા નં.-૧૬માં આજે આપણે વાત કરીશું ડૉ. આકાશ પટેલની કે જેઓએ ઓપ્થેલ્મોલોજીમાં માસ્ટર ઓફ સર્જરીની ડિગ્રી વર્ષ ૨૦૨૦માં પાસ કરેલ છે અને છેલ્લા દોઢ વર્ષથી તેઓ પોતાની સેવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના નવનીત મેડિકલ સેન્ટરમાં આપી રહ્યા છે.



**ડૉ. આકાશ પટેલ**
**M.S. (Opthelmology)**

તેમની વિગતો જાણીને આપણને તેમના પ્રત્યે વિશેષ સદ્‌ભાવ એટલા માટે ઉત્પન્ન થશે કે તેઓએ કચ્છના ભોજાય ગામની 'ભોજાય સર્વોદય ટ્રસ્ટ'ની હોસ્પિટલમાં ઓપ્થેલ્મિક કન્સલ્ટન્ટ તરીકે લાગલગાટ દોઢ વર્ષ લગી સેવા આપેલ છે અને હાલે પણ ત્યાં આંખના કેમ્પ હોય ત્યારે પોતાની સેવા આપવા અવાર-નવાર જાય છે. તેઓશ્રી લીલાધર ગડા સાથે સારો નાતો ધરાવે છે. તેઓશ્રી ભોજાયમાં દરરોજની આંખની ૧૦ની આસપાસની સર્જરી કરતા હતા અને અવાર નવાર યોજાતા કેમ્પમાં પણ પોતાની સેવા આપી રહ્યા હતા.

તેઓશ્રીની ભોજાયની એક વિશિષ્ટ વાત એ છે કે તેમણે તેમના ધર્મપત્ની ડૉ. યશ્વી પટેલ કે જેઓ પણ આંખના સર્જન છે, તેમની સાથે રહી **દોઢ દિવસમાં આંખની સર્જરીના ૧૫૦ ઓપરેશન્સ કરેલ હતા.**

આવા યશસ્વી ડૉ. આકાશ પટેલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના 'નવનીત મેડિકલ સેન્ટર'માં પોતાની સેવા આપી રહ્યા છે, તેની વિગતો કદાચ સમાજના મોટાભાગના લોકો જાણતા નહીં હોય.

ડૉ. આકાશ પટેલનો જન્મ અમદાવાદ ખાતે તા. ૯-૩-૧૯૯૨ના રોજ થયેલ હતો. તેમના પિતાશ્રી ડૉ. પ્રવીણભાઈ પટેલ અમદાવાદમાં છેલ્લા ૩૫ વરસથી જનરલ પ્રેક્ટીશનર તરીકે પ્રેક્ટીસ કરે છે. તેમના માતુશ્રી સુધાબેન પટેલ આર્કિટેક્ટ થયેલ છે. તેઓની બહેન ડૉ. ફીનલ પટેલ પીડિયાટ્રીશિયન છે અને હાલે તેઓ પીડિયાટ્રીશિયન તરીકે પોતાની સેવા આપી રહ્યા છે, જ્યારે તેમના ભાઈ ઉત્કર્ષ પટેલ ડર્મેટોલોજિસ્ટ છે. ડૉ. આકાશ પટેલના વાઈફ ડૉ. યશ્વી પટેલ D.O. M.S. છે અને ઓપ્થેલ્મિક કન્સલ્ટન્ટ અને સર્જન તરીકે 'હેલ્ડ એન્ડ કેર ફાઉન્ડેશન' (પોલીયો ફાઉન્ડેશન) - જીવરાજ પાર્ક, અમદાવાદ ખાતે પોતાની સેવા આપી રહ્યા છે. આ રીતે આ આખોયે પરિવાર અમદાવાદમાં રહી મુખ્યત્વે તો આરોગ્ય ક્ષેત્રે અનેક લોકોની સેવા-સુશ્રુષા કરી રહેલ છે.

તેઓ મહેસાણા જિલ્લાના પાંચોટ ગામના વતની છે અને જ્ઞાતિએ કડવા પાટીદાર છે. તેમનો પરિવાર છેલ્લા ૫૦ વર્ષથી અમદાવાદમાં સ્થાયી થયેલ છે.

ડૉ. આકાશ પટેલનો શાળાકીય અભ્યાસ શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલ, ઉસ્માનપુરા, અમદાવાદ ખાતેથી પૂર્ણ થયેલ હતો.

તેઓએ MBBS નો અભ્યાસ એન.પી. શાહ મેડિકલ કોલેજ - જામનગરથી વર્ષ ૨૦૧૫માં પૂર્ણ કરી MBBS ની પદવી પ્રાપ્ત કરેલ હતી.

એ સમયે તેઓશ્રી બ્લડ ડોનર્સ એસોસિએશનના જોઈન્ટ સેક્રેટરી હતા અને **એક વર્ષમાં ૪ વખત પોતાનું બ્લડ ડોનેટ કરી એવૉર્ડ પ્રાપ્ત કરેલ હતો.**

ત્યારબાદ તેઓશ્રીએ સી.યુ. શાહ મેડિકલ કોલેજ - સુરેન્દ્રનગરમાંથી M.S. ઓપ્થેલ્મોલોજીની ડિગ્રી વર્ષ ૨૦૨૦માં પ્રાપ્ત કરેલ હતી.

તેઓએ ત્યારબાદ અમદાવાદની નગરી આઈ હોસ્પિટલમાં સિનિયર રેસિડેન્ટ ડૉક્ટર તરીકે સેવા આપેલ હતી.

ત્યારબાદ લગભગ દોઢ વર્ષ લગી તેઓશ્રી ભોજાય હોસ્પિટલ - કચ્છમાં કાર્યરત રહ્યા હતા.

તેઓશ્રી હાલે છેલ્લા દોઢ વર્ષથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના નવનીત મેડિકલ સેન્ટરમાં પોતાની સેવા આપી રહ્યા છે.

સાથે સાથે તેઓશ્રીએ પોતાની પ્રાઈવેટ હોસ્પિટલ "Vision Plus Eye Hospital" એલિસબ્રિજ - અમદાવાદ ખાતે વર્ષ ૨૦૨૨થી શરૂ કરેલ છે.

છેલ્લા ૪ વર્ષમાં તેઓશ્રીએ અંદાજિત ૭૦૦૦ જેટલા મોતિયા (કેટરેક્ટ)ના ઑપરેશન કરેલ છે.

તેઓશ્રી ઈન્જેક્શન, ટાંકા તથા પાટા પટ્ટી વગર મોતિયાના ઑપરેશન કરે છે.

તેઓશ્રી વેલ (Pterygium)નું ટાંકા વગર અને પ્લાસ્ટીક સર્જરી વગર ઑપરેશન કરે છે.

તેઓશ્રી દ્વારા ઝામર, પડદાની તપાસ તથા યોગ્ય સારવાર આપવામાં આવે છે.

તેઓશ્રીએ તેમની ૩૨ વર્ષની નાની ઉંમરમાં ઉપરોક્ત કાર્યો સિધ્ધ કરેલ છે. આવતા વર્ષોમાં તેઓશ્રી અમદાવાદ અને ગુજરાતની જનતાની તેમના ક્ષેત્રે વધુને વધુ સારવાર કરી સારવારના આ ક્ષેત્રે વધુને વધુ સેવા આપવા કાર્યરત રહે તેવી અભિલાષા રાખીએ અને તેમના પ્રત્યે શુભેચ્છા વ્યક્ત કરીએ. ■

## વિશ્વમાં અબજોપતિઓ

વિશ્વમાં અબજોપતિઓની સંખ્યામાં પ્રથમ ક્રમાંકે અમેરિકા અને બીજા ક્રમાંકે ચીન છે. ૧૮૫ અબજોપતિ સાથે ભારતનું સ્થાન વિશ્વમાં ત્રીજા નંબરે છે.

એક અહેવાલ અનુસાર છેલ્લા ૧૦ વર્ષમાં અબજોપતિઓની સંયુક્ત સંપત્તિ ૪૨ ટકા વધીને ૯૦૫ અબજ ડોલરને વટાવી ગઈ છે.

આર્થિક ક્ષેત્રને સધ્ધર બનાવવા કરાયેલા કેટલાક માળખાગત ફેરફારોના કારણે ભારત વિશ્વમાં પાંચમા નંબરનું અર્થતંત્ર બની શક્યું છે અને તેના પગલે અબજોપતિઓની સંખ્યા પણ વધી છે.

૨૦૧૫થી ૨૦૨૪ દરમિયાન વિશ્વના અબજોપતિઓની સંપત્તિમાં ૧૨૧ ટકાનો એટલે કે ૧૪ ટ્રીલિયન ડોલરનો વધારો થયો હતો ત્યારે અબજોપતિઓની સંખ્યા ૧૭૫૭ પરથી ૨૬૮૨ પર પહોંચી હતી.

ચીનમાં અબજોપતિઓની સંખ્યા ૫૨૦ પરથી ઘટીને ૪૨૭ પર આવી ગઈ છે. તેમની સંપત્તિ પણ ૧.૮ પરથી ૧.૪ ટ્રીલિયન ડોલર પર આવી ગઈ છે.

પશ્ચિમ યુરોપની વાત કરીએ તો અબજોપતિની સંખ્યામાં બ્રિટનને બાજુ પર હડસેલીને સ્વિટ્ઝરલેન્ડ બીજા નંબરે આવી ગયું છે કે જ્યારે જર્મની ટોપ પર છે. જર્મનીમાં અબજોપતિઓની સંખ્યા ૧૦ પરથી ૮૫ પર પહોંચી ગઈ છે.

ફ્રાન્સમાં અબજોપતિઓની સંખ્યામાં ૧૨નો વધારો થઈને ૪૬ પર પહોંચી છે. એવી જ રીતે ઇટલીમાં ૮ અબજોપતિ વધ્યા છે અને કુલ સંખ્યા ૬૨ પર પહોંચી છે.

યુરોપમાં સૌથી વધુ અબજોપતિ ફ્રાન્સમાં જોવા મળે છે.

૨૦૨૪ના વર્ષમાં ભારતમાં ૧૮૫ , અમેરિકામાં ૮૩૫ અને ચીનમાં ૪૨૭ અબજોપતિ હોવાનું મનાય છે. ■

## પ્રેરણાદાયી પ્રસંગ

એક ક્લાસરૂમમાં અચાનક એક વિદ્યાર્થી ઊભો થયો અને તેણે પ્રોફેસરને કહ્યું કે, જન્મદિવસ પર પિતાજીએ ગિફ્ટમાં આપેલી કિંમતી ઘડિયાળ કોઈએ ચોરી લીધી છે.

આ સાંભળી પ્રોફેસરે બધાને પોતાની આંખો પર પટ્ટી બાંધીને એક લાઈનમાં ઊભા રહેવા કહ્યું. પછી પ્રોફેસરે બધાના ખિસ્સા તપાસવાનું શરૂ કર્યું. થોડી જ વારમાં એક છોકરાના ખિસ્સામાંથી ઘડિયાળ મળી ગઈ. પ્રોફેસરે ચૂપચાપ તે ઘડિયાળ લઈને તેના માલિકને આપી દીધી. પ્રોફેસરે કોઈને કંઈ ન કહ્યું. બધાની આંખો પર પટ્ટી હોવાને કારણે કોઈને કંઈ ખબર ન પડી કે ઘડિયાળ કોણે ચોરી હતી. પછીના ત્રણ દિવસ સુધી ઘડિયાળ ચોરનાર છોકરો ગભરાતો રહ્યો કે તેની ચોરીની જાણ બધાને થઈ જશે, પણ કોઈને ખબર ન પડી. અને થોડા મહિનાઓમાં બધા વિદ્યાર્થીઓ અભ્યાસ પૂરો કરીને કોલેજમાંથી ચાલ્યા ગયા..

બહુ વર્ષો પછી કોલેજમાં જૂના વિદ્યાર્થીઓનો રીયુનિયન કાર્યક્રમ હતો.

એ વિદ્યાર્થી કે જેણે ચોરી કરી હતી, હવે એક મોટો ઉદ્યોગપતિ બની ગયો હતો! તે પોતાના પ્રોફેસર પાસે ગયો. તેણે પ્રોફેસરને કહ્યું, 'મારા જીવન પર તમારું ઋણ છે. આજે હું જીવું છું તો તે તમારા જ કારણે.' પ્રોફેસરે આવું કહેવાનું કારણ પૂછ્યું તો તે વિદ્યાર્થીએ કહ્યું, 'સર, એકવાર તમારા વર્ગમાં એક ઘડિયાળ ચોરાઈ હતી ત્યારે તમે બધાની આંખો પર પટ્ટી બંધાવીને બધાના ખિસ્સા તપાસ્યા હતા. એ દિવસે આબરૂ જવાના ડરે મેં નક્કી કરી લીધું હતું કે જો બધાને ખબર પડી જશે તો હું આત્મહત્યા કરી લઈશ. તે ઘડિયાળ મારા ખિસ્સામાંથી મળી, પરંતુ તે અંગે તમે કોઈને ન કહ્યું. તમે મને માફ કરીને મારી આબરૂ સાચવી લીધી.'

પ્રોફેસરે કહ્યું, 'હું નહોતો જાણતો કે ઘડિયાળ તેં લીધી હતી. મેં તમારા બધાની આંખે પટ્ટી બાંધવાની સાથે મારી આંખ પર પણ પટ્ટી બાંધી દીધી હતી. હું નહોતો ઇચ્છતો કે મને ખબર પડે કે મારા કયા વિદ્યાર્થીએ આ કામ કર્યું છે. જેથી તે વિદ્યાર્થી મારી નજરમાંથી ઉતરી જાય.' આ સાંભળીને તે છોકરો નતમસ્તક થઈ ગયો.

કોઈની ભૂલ ખબર પડવા પર તેનું અપમાન કરવું, નિંદા કરવી અને સજા આપવી સામાન્ય વાત છે, પરંતુ તેની ભૂલ માફ કરીને તેનું આત્મસન્માન બચાવવાની તક આપવી 'મહાનતા' છે.

***મેનેજમેન્ટનો સિદ્ધાંત છે કે પ્રશંસા બધાની વચ્ચે કરો અને નિંદા એકલામાં. માફ કરવું અને માફી માંગવી – બંને શક્તિશાળી લોકોનું કામ છે.***

***ક્ષમા વીરનું ભૂષણ છે, ભૂલ મનુષ્યનો સ્વભાવ છે. પણ માફી માંગવી અને આપવી તે આપણો પુરુષાર્થ છે.*** ■

# મુંબઈની હોસ્પિટલોમાં સેવા આપતા સેવાભાવીઓના નામ અને નંબર

**૧. ભક્તિ વેદાંત હોસ્પિટલ - મીરા રોડ**
સરોજબેન મહેરા મો. ૯૩૨૪૯ ૪૮૧૬૨
વેંકટ રામન મો. ૯૩૨૪૨ ૩૬૬૬૧
હેતલ વર્મા મો. ૭૦૪૫૩ ૫૦૧૬૮

**૨. દહીંસર નવનીત હોસ્પિટલ - બોરીવલી નવનીત હાઈટેક**
મણિલાલ ભવાનજી શેઠિયા (વડાલા) મો. ૯૮૨૦૦ ૬૮૨૯૦
અમૃતલાલ મોનજી વોરા (મોટી ખાખર) મો. ૯૮૩૩૦ ૬૧૧૫૧

**૩. કોકિલાબેન અંબાણી હોસ્પિટલ - અંધેરી**
કિશોરભાઈ ઝાટકિયા મો. ૯૩૨૨૬ ૯૩૪૦૪
વસંત ગલિયા મો. ૯૩૨૨૨ ૨૮૧૩૪

**૪. નાણાવટી હોસ્પિટલ**
વસંત ગલિયા મો. ૯૮૨૦૬ ૪૭૭૯૯
પન્નાબેન શાહ મો. ૯૩૨૦૨ ૧૬૯૭૩
ધીરજ છેડા (લાયજા) મો. ૯૮૬૯૪ ૭૬૪૯૦
કિશોરભાઈ ઝાટકિયા મો. ૯૩૨૨૬ ૯૩૪૦૪

**૫. કૂપર હોસ્પિટલ - પાર્લા જુહુ**
વસંત ગલિયા મો. ૯૮૨૦૬ ૪૭૭૯૯
પન્નાબેન શાહ મો. ૯૩૨૦૨ ૧૬૯૭૩
ધીરજ છેડા (લાયજા) મો. ૯૮૬૯૪ ૭૬૪૯૦
કિશોરભાઈ ઝાટકિયા મો. ૯૩૨૨૬ ૯૩૪૦૪

**૬. લીલાવતી હોસ્પિટલ**
કીર્તિભાઈ શાહ મો. ૯૩૨૨૨ ૩૩૫૯૦

**૭. હિંદુજા હોસ્પિટલ**
જ્યોતિબેન નાગડા મો. ૯૮૨૧૪ ૦૨૧૮૨

**૮. રાહેજા હોસ્પિટલ**
પન્નાબેન શાહ મો. ૯૮૨૦૬ ૪૭૭૯૯

**૯. કીકાબાઈ હોસ્પિટલ**
દીપક મારૂ (સાભરાઈ)
વસંત હરિયા (શેરડી)

**૧૦. કે.ઈ.એમ. હોસ્પિટલ**
વીરૂભાઈ ગડા (રાયણ) મો. ૯૮૨૧૬ ૭૫૭૨૨
કલ્પેશ ગોગરી (પુનડી) મો. ૯૩૨૩૪ ૯૪૫૧૨

**૧૧. નાયર હોસ્પિટલ**
રાજેશ સાવલા (વાંકી) મો. ૮૦૮૦૫ ૫૦૬૮૮
વીરૂભાઈ ગડા (રાયણ) મો. ૮૯૭૬૪ ૮૪૧૧૮
કલ્પેશ સંગોઈ (પુનડી) મો. ૯૮૯૨૫ ૬૨૬૫૭

**૧૨. ભાટીયા હોસ્પિટલ**
કીર્તિભાઈ શાહ મો. ૯૩૨૨૨ ૩૩૫૯૦

**૧૩. બોમ્બે હોસ્પિટલ**
કીર્તિભાઈ શાહ મો. ૯૩૨૨૨ ૩૩૫૯૦

**૧૪. હરકિશન - રીલાયન્સ હોસ્પિટલ**
રતિલાલભાઈ સાવલા (ડેપા) મો. ૯૮૧૯૧ ૮૧૭૫૫
શ્રેયાંસ રાંભિયા (રામાણિયા) મો. ૯૮૨૦૬ ૩૩૦૧૦

**૧૫. જે. જે. હોસ્પિટલ**
ઈંદુબેન મોતા (નવી નાર) મો. ૯૨૨૦૫ ૬૩૦૨૯
(હેન્ડી સર્ટીફિકેટ)
પારસ ગોસર (માપર) (મેડિકલ શોપ) ફોન : ૨૩૭૩ ૧૩૭૩

**૧૬. ટાટા હોસ્પિટલ**
વીરૂભાઈ ગડા (રાયણ) મો. ૮૯૭૬૪ ૮૪૧૧૮
કલ્પેશ સંગોઈ (પુનડી) મો. ૯૮૯૨૫ ૬૨૬૫૭
સુષ્મા ગાલા (દેવપુર) મો. ૯૮૧૯૯ ૫૩૫૧૮
ચેતન સાવલા મો. ૯૮૨૧૬ ૪૫૩૪૦

**૧૭. વાડિયા હોસ્પિટલ**
ભારતીબેન ગડા મો. ૯૮૧૯૩ ૯૧૧૨૧
કલ્પેશ સંગોઈ (પુનડી) મો. ૯૮૯૨૫ ૬૨૬૫૭

**૧૮. સાયન હોસ્પિટલ**
ભારતીબેન સંગોઈ (લાયજા) મો. ૯૨૨૪૪ ૧૬૬૭૫
રફિકભાઈ મિસ્ત્રી મો. ૯૮૧૯૨ ૦૨૫૮૬

**૧૯. સુરાના હોસ્પિટલ - ચેમ્બુર**
કિશોરભાઈ ઝાટકિયા મો. ૯૩૨૨૬ ૯૩૪૦૪

**૨૦. રાજાવાડી હોસ્પિટલ - ઘાટકોપર**
અતુલ ભાયાણી મો. ૯૮૨૦૨ ૨૫૪૧૮

**૨૧. માનવ જ્યોત, મુલુંડ - સેવા ક્ષેત્ર માર્ગદર્શન**
કુલીનકાંતભાઈ લુઢિયા મો. ૯૮૨૦૦ ૩૯૪૬૯
વલ્લભજીભાઈ (માનવ જ્યોત)

## NanoNine® શબ્દ રમત-૨૧૪

સંકલન : રજનીકાંત પારેખ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | | ૬ | | ૭ | ૮ |
| ૯ | | | | ૧૦ | | | | ૧૧ | | | |
| | | | ૧૨ | | | | ૧૩ | | | | |
| ૧૪ | | ૧૫ | | ૧૬ | | | | ૧૭ | ૧૮ | | |
| ૧૯ | ૨૦ | | | | | | ૨૧ | | | | |
| ૨૨ | | | | ૨૩ | | | ૨૪ | | | | |
| | | | ૨૫ | | | | | | | | |
| ૨૬ | | ૨૭ | | | | ૨૮ | | ૨૯ | | ૩૦ | ૩૧ |
| ૩૨ | ૩૩ | | | ૩૪ | | | ૩૫ | | | | |
| ૩૬ | | | ૩૭ | | | ૩૮ | | | | | |
| | | ૩૯ | | ૪૦ | | | | | ૪૧ | | ૪૨ |
| ૪૩ | | | | | | | ૪૪ | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૧-૨૦૨૫ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. અગ્રેસર, શ્રેષ્ઠ (૪)
૪. ધંધામાં પાર્ટનર (૪)
૭. એક જાતનું ઝાડ, શરૂ, આરંભાયેલું (૨)
૯. રાજા માટેનું સંબોધન (૩)
૧૦. ઘડિયાળમાં નાંખવાનો સેલ (અં) (૩)
૧૧. મેઘ જેવું કાળું, શ્રીકૃષ્ણ (૪)
૧૨. બગીચો, ઉદ્યાન (૩)
૧૩. પવન, વાયરો, સમીર (૨)
૧૬. પ્રવાહી નીચે ઠરતો કચરો (૩)
૧૭. ઉત્તર ભારતની એક ઘોડાઘાડી (૪)
૧૯. ગુજરાતનું ગાયકવાડી શહેર (૪)
૨૨. કરારની શરત, પેન (૩)
૨૪. સૂવાનો ઓરડો, બેડ રૂમ (૫)
૨૫. દીકરીનો વર, દામાદ (૩)
૨૭. ભાર ખાનાનો ડબો (અં) (૩)
૨૮. ખાંડના પાસાદાર ગાંગડા (૩)
૩૦. ઋતુ, મોસમ, મુસાફરખાનું (૨)
૩૨. વા, વહેતો વાયુ (૩)
૩૪. નીચેનો પ્રદેશ, તળેટી (૨)
૩૫. મૃતદેહ લઈ જવા માટેનું વાહન, ડેડ બોડી વાન (૫)
૩૬. ખાલી, શૂન્ય (૨)
૩૯. વિનોદ, મજા (૩)
૪૧. હોડ, કરાર (૩)
૪૩. આરોપી (૬)
૪૪. પાપ (૩)

### ઊભી ચાવીઓ

૧. કામ કે જવાબદારીનો બોજો (૨)
૨. ખુશ કરવું તે, મનોરંજક (૩)
૩. એક રાષિ, પૈસો, નાણું (૨)
૪. ગાંઠિયા માટે જાણીતું સૌરાષ્ટ્રનું એક શહેર (૫)
૫. ગિરનારનો ગિરી પ્રદેશ (૨)
૬. ઉતાવળનો ગભરાટ (૪)
૮. ઝાંઝરોનો અવાજ થાય એમ (૪)
૧૦. કંગાળ, સાંકડા મનનું (૩)
૧૪. પાવન કરનાર, અગ્નિ (૩)
૧૫. સૃષ્ટિનો સૌથી પ્રથમ જન્મેલો પુરુષ (૩)
૧૮. ઘર, ઈમારત (૩)
૨૦. અમેરિકન ચલણ (૩)
૨૧. ખેંચતાણ, ધક્કા ધક્કી, ધમાધમ (૫)
૨૩. સાચવી રાખવા સોંપેલું (૪)
૨૫. વિશ્વ, દુનિયા, જગત (૨)
૨૬. અજાણ્યું, વણ ઓળખીતું (૫)
૨૭. વાહન, બળદગાડી કે ડમણિયું હઠ - રઢ (૨)
૨૯. ઘટ્ટ બાસુંદી (૩)
૩૦. સખી, બહેનપણી (૪)
૩૧. રાજાની પત્ની (૨)
૩૩. સમય (૨)
૩૭. ખેલ, ક્રિડા (૩)
૩૮. આનંદી, હર્ષિત, પ્રસન્ન (૨)
૩૯. શોક, દુઃખ, ખામોશી (૨)
૪૦. ત્યારે (૨)
૪૧. વહેમ, શંકા, ઈન્દ્ર (૨)
૪૨. સત્ય, સાચું (૨)

*તમે જો માનતા હો કે તમે હારશો*
*– તો તમે હારી જ જવાના.*

*તમે જો માનતા હો કે તમારામાં હિંમત નથી*
*– તો તમે કાયર જ રહેવાના.*
*તમને જીતવું તો ગમે જ,*

*પણ તમે એવું વિચારતા હો કે જીતી નહિ શકો*
*– તો ખાતરી રાખો કે તમે નહિ જ જીતો.*

*સફળતાનો પાયો છે આત્મવિશ્વાસ.*

*જિંદગીની દોડ જીતનાર હંમેશાં શક્તિશાળી જ હોય એવું જરૂરી નથી.*

*જેણે જીતવાનો સંકલ્પ કરી આરંભ કર્યો હોય તે જ જીતે છે.*

## NanoNine® શબ્દ રમત-૨૧૩નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જો | ડા | ક્ષ | ર | ■ | સ | ફા | ચ | ટ | ■ | ત | ટ |
| ક | ળી | ■ | હે | મં | ત | ■ | રો | ન | ક | ■ | કો |
| ર | ■ | અ | વ | ગ | ત | ■ | ત | લ | વા | ર | ■ |
| ■ | ■ | સ | ર | ળ | ■ | ક | ર | ■ | ય | મુ | ના |
| પ | ર | વા | ■ | વા | ય | ર | ■ | ■ | ત | જ | ■ |
| લ્લ | ■ | ર | ડા | ર | ■ | તા | સ | ક | ■ | ■ | ના |
| વ | ન | ■ | બો | ■ | પા | લ | વ | ■ | ક | લ | ગી |
| ■ | પા | વ | ડી | ■ | દ | ■ | લ | ક્ષ્મી | પૂ | જ | ન |
| કે | સ | ર | ■ | ક | ર | વ | ત | ■ | ત | વ | ■ |
| દ | ■ | ■ | ખા | ટ | ■ | ન | ■ | દે | ■ | વું | ■ |
| ખા | ત | ર | ■ | ક | ક | રા | વ | વું | ■ | ■ | ધ |
| નું | ■ | ■ | ન | ટ | રા | જ | ■ | ■ | ન | ય | ન |

*નવેમ્બર-૨૦૨૪ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૧૨ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. દમયંતી દંડ – અમદાવાદ
૨. સરલા શાહ – અમદાવાદ
૩. હસમુખ દેઢિયા – અડાલજ, અમદાવાદ
૪. ચંદ્રા શાહ – અમદાવાદ
૫. સ્મિતા શાહ – અમદાવાદ
૬. અજય રાણા – અમદાવાદ
૭. વંદના શાહ – અમદાવાદ
૮. મિત્તલ પટેલ – અમદાવાદ
૯. દિશા પટેલ – અમદાવાદ
૧૦. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૧. મિતેશ દેઢિયા – અમદાવાદ
૧૨. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૧૩. જ્યોતિ ગડા – અમદાવાદ
૧૪. પ્રવીણ દંડ – અમદાવાદ
૧૫. પ્રભા શેઠિયા – વલસાડ
૧૬. કંચનબેન મોરબીયા – ભુજ, કચ્છ
૧૭. હેનીલ ગોગરી – અમદાવાદ
૧૮. જય ગોગરી – અમદાવાદ
૧૯. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૨૦. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૨૧. ઝરણા પારેખ – અમદાવાદ
૨૨. હસ્તી ઠાકર – ભુજ, કચ્છ
૨૩. હંસાબેન ઠાકોર – અમદાવાદ
૨૪. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૨૫. નરેન્દ્ર સંઘવી – અમદાવાદ
૨૬. સરોજબેન શાહ – અમદાવાદ
૨૭. ઈલા અંતાણી – ભુજ, કચ્છ
૨૮. લીના લોડાયા – વડોદરા
૨૯. શાંતિલાલ લાલકા – હુબલી (કર્ણાટક)
૩૦. કામિની શેઠ – અમદાવાદ
૩૧. મીનાબેન ખરીદીયા – અમદાવાદ
૩૨. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૩૩. જયંતીલાલ શાહ – અમદાવાદ
૩૪. રાજકુમારી શાહ – અમદાવાદ
૩૫. કિંજલ શેઠ – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં ત્રણ વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા :***

(૧) સરલા શાહ – અમદાવાદ
(૨) ચંદ્રા શાહ – અમદાવાદ
(૩) ઝરણા પારેખ – અમદાવાદ

## ‘નેનો’ શબ્દ રમત : સુધારો

‘નેનો’ શબ્દ રમત – ૨૦૭, ૨૦૮, ૨૧૦ અને ૨૧૧ (માહે જૂન, જુલાઈ, સપ્ટેમ્બર અને ઓક્ટોબર-૨૦૨૪)માં બધા સાચા ઉકેલ મોકલાવનારના નામો પૈકી **શ્રી શાંતિલાલ લાલકા**ના નામની સામે સરતચૂકથી – હુગલી (કલકત્તા) પ્રિન્ટ થયેલ છે. તેના બદલે **હુબલી (કર્ણાટક) તેમ સુધારીને વાંચવું.**

## શબ્દ રમત તેમજ નેનો નાઇન સુડોકુ વિતેલ સમય પછી મળેલ જવાબ મોકલાવનારના નામ

### નેનો શબ્દ રમત-૨૧૧ (ઓક્ટોબર-૨૦૨૪)

૧. શ્રી મણિલાલ રૂઘાણી - રાણાવાવ
૨. શ્રી હંસકુમાર છેડા - મુંબઈ

### નેનો શબ્દ રમત-૨૧૨ (નવેમ્બર-૨૦૨૪)

૧. ધનલક્ષ્મી કિશોર – મુંબઈ

### નેનો નાઇન સુડોકુ - ૧૧૭૦ (નવેમ્બર-૨૦૨૪)

૧. ધવલ શાહ - ગાંધીનગર

*__નોંધ__: શબ્દ રમત તથા સુડોકુની સ્પર્ધામાં ભાગ લેનારે તેમના જવાબો આપેલ સમય મર્યાદામાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મળે તે રીતે મોકલી આપવા વિનંતી. સમય મર્યાદા પછી મળનાર જવાબો મોકલનાર વ્યક્તિઓને ઈનામો આપવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં.*

## NanoNine® Sudoku

**નવેમ્બર-૨૦૨૪ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૭૦ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

| | | |
|---|---|---|
| ૧. | રોનકબેન શેખ | – અમદાવાદ |
| ૨. | અવ્વાબરાજ શેખ | – અમદાવાદ |
| ૩. | લુબનાબેન શેખ | – અમદાવાદ |
| ૪. | નીલોફર શેખ | – અમદાવાદ |
| ૫. | અજય રાણા | – અમદાવાદ |
| ૬. | હેમલતા દેઢિયા – | અડાલજ, અમદાવાદ |
| ૭. | ચંદ્રા શાહ | – અમદાવાદ |
| ૮. | સ્મિતા શાહ | – અમદાવાદ |
| ૯. | જ્યોતિ શાહ | – અમદાવાદ |
| ૧૦. | જ્યોતિ ગડા | – અમદાવાદ |
| ૧૧. | મિતેશ દેઢિયા | – અમદાવાદ |
| ૧૨. | મહેન્દ્ર પુજ | – અમદાવાદ |
| ૧૩. | પ્રભા શેઠિયા | – વલસાડ |
| ૧૪. | નયના ગોગરી | – અમદાવાદ |
| ૧૫. | હેનીલ ગોગરી | – અમદાવાદ |
| ૧૬. | મીનાક્ષી પારેખ | – અમદાવાદ |
| ૧૭. | ઝરણા પારેખ | – અમદાવાદ |
| ૧૮. | સરોજબેન શાહ | – અમદાવાદ |
| ૧૯. | અમન ગોસર | – અમદાવાદ |
| ૨૦. | કામિની શેઠ | – અમદાવાદ |
| ૨૧. | મીનાબેન ખરીદીયા | – અમદાવાદ |
| ૨૨. | ઈંદુબેન પટેલ | – અમદાવાદ |

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર બે વિજેતાઓના નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** : (૧) જ્યોતિ શાહ – અમદાવાદ
(૨) અમન ગોસર – અમદાવાદ

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૭૨અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૧-૨૦૨૫ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૭૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | 1 | | | 6 | 9 | | |
| 3 | | | 9 | 1 | | | 4 | |
| | 7 | 9 | | | 2 | | 8 | 3 |
| 1 | | 7 | | 9 | | | 6 | |
| 9 | | | 3 | | 8 | | | 1 |
| | 8 | | | 7 | | 5 | | 9 |
| | 9 | | 1 | | | | 3 | |
| | 3 | | | 4 | 9 | | | 5 |
| 5 | | 4 | 2 | | | 7 | | 6 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 3 | | 8 | | | | | |
| | 8 | | | | 1 | 9 | 4 | |
| 6 | | 5 | 3 | | 7 | 8 | | 2 |
| | 4 | | 7 | | | | 8 | 6 |
| | | 7 | | 3 | | 4 | | |
| 5 | 6 | | 9 | | 4 | | 2 | |
| 3 | | | | | 9 | 5 | | 8 |
| | 1 | 8 | 5 | 6 | | | 7 | |
| | | 6 | | | 8 | 1 | | 9 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | 1 | | 9 | | | | 7 |
| | | | | | 7 | | 5 | |
| 4 | 8 | | | 3 | 6 | 9 | | 2 |
| | | 8 | 3 | | | | 9 | |
| 7 | | | | 1 | | | | 6 |
| | 2 | 9 | 7 | | 5 | 3 | | 1 |
| 3 | | | 4 | | | | 2 | 9 |
| | 1 | 4 | 6 | | 3 | | | |
| 8 | | | | 5 | | 4 | 6 | 3 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 8 | | | | 6 | 7 | | 4 |
| 5 | | 3 | 4 | | | | 6 | |
| 6 | | | 1 | 9 | | 5 | | 2 |
| 3 | | 6 | | | 7 | | 5 | |
| 2 | | | | 8 | | | | 7 |
| | 5 | | 6 | | 9 | 3 | | 1 |
| 8 | | 9 | | 3 | 4 | | | 5 |
| | 3 | | | | 1 | 8 | | 6 |
| 1 | | 5 | 8 | | | | 4 | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૭૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 5 | 7 | 9 | 2 | 6 | 3 | 4 |
| 2 | 7 | 3 | 6 | 8 | 4 | 5 | 9 | 1 |
| 6 | 9 | 4 | 1 | 3 | 5 | 8 | 7 | 2 |
| 1 | 2 | 9 | 8 | 7 | 3 | 4 | 5 | 6 |
| 4 | 3 | 8 | 2 | 5 | 6 | 9 | 1 | 7 |
| 7 | 5 | 6 | 4 | 1 | 9 | 3 | 2 | 8 |
| 5 | 8 | 2 | 9 | 4 | 1 | 7 | 6 | 3 |
| 3 | 4 | 1 | 5 | 6 | 7 | 2 | 8 | 9 |
| 9 | 6 | 7 | 3 | 2 | 8 | 1 | 4 | 5 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 8 | 4 | 2 | 6 | 9 | 3 | 1 | 7 |
| 6 | 3 | 7 | 8 | 1 | 4 | 2 | 5 | 9 |
| 2 | 1 | 9 | 5 | 3 | 7 | 6 | 8 | 4 |
| 8 | 7 | 2 | 4 | 9 | 5 | 1 | 6 | 3 |
| 4 | 6 | 1 | 7 | 8 | 3 | 9 | 2 | 5 |
| 9 | 5 | 3 | 1 | 2 | 6 | 4 | 7 | 8 |
| 3 | 2 | 5 | 9 | 7 | 1 | 8 | 4 | 6 |
| 1 | 4 | 6 | 3 | 5 | 8 | 7 | 9 | 2 |
| 7 | 9 | 8 | 6 | 4 | 2 | 5 | 3 | 1 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 9 | 5 | 2 | 6 | 1 | 7 | 8 | 3 |
| 7 | 2 | 3 | 8 | 4 | 5 | 9 | 1 | 6 |
| 6 | 8 | 1 | 7 | 3 | 9 | 2 | 5 | 4 |
| 5 | 7 | 8 | 9 | 2 | 3 | 6 | 4 | 1 |
| 3 | 6 | 2 | 1 | 7 | 4 | 8 | 9 | 5 |
| 9 | 1 | 4 | 5 | 8 | 6 | 3 | 7 | 2 |
| 1 | 5 | 6 | 3 | 9 | 7 | 4 | 2 | 8 |
| 2 | 4 | 9 | 6 | 5 | 8 | 1 | 3 | 7 |
| 8 | 3 | 7 | 4 | 1 | 2 | 5 | 6 | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 9 | 7 | 1 | 3 | 5 | 6 | 2 | 4 |
| 2 | 5 | 3 | 6 | 4 | 9 | 7 | 8 | 1 |
| 6 | 1 | 4 | 2 | 7 | 8 | 3 | 5 | 9 |
| 9 | 6 | 8 | 5 | 1 | 3 | 4 | 7 | 2 |
| 5 | 4 | 1 | 8 | 2 | 7 | 9 | 6 | 3 |
| 3 | 7 | 2 | 4 | 9 | 6 | 5 | 1 | 8 |
| 4 | 8 | 9 | 7 | 5 | 1 | 2 | 3 | 6 |
| 1 | 3 | 5 | 9 | 6 | 2 | 8 | 4 | 7 |
| 7 | 2 | 6 | 3 | 8 | 4 | 1 | 9 | 5 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE
Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# પ્રતિભાવ

## 'મંગલ મંદિર'ના અનેક વિષયોનો રસાસ્વાદ કચ્છી મસાલાથી સભર અડદિયા જેવી લિજ્જત આપે છે

'મંગલ મંદિર' ડિસેમ્બર ૨૦૨૪નો અંક ખોલતા જ શ્રી રમેશભાઈ શાહનો શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરના મેડિકલ સેન્ટરના સુખદ અનુભવનો પ્રસંગ વાંચી લાગ્યું કે સંવેદના હજુ પણ છે. સમાજના મેડિકલ સેન્ટરના સંચાલકો દક્ષાબેન તથા પીન્ટુભાઈ જેવા પાત્રો માનવતાની મહેક પ્રસારે છે. સમાજની સંસ્થાઓમાં વિવિધ સેવાઓનો લાભ ઓક્ટોબર-૨૦૨૪ દરમિયાન કુલ ૩૧૮૪૨ વ્યક્તિઓએ લીધો છે. જે તેનો વ્યાપ કેટલો બધો છે તે દર્શાવે છે તથા તેની સાર્થકતા પણ સાબિત કરે છે. અતીતના ઓવારેથી મણકા-૧૬માં એપ્રિલ-૨૦૦૫માં પ્રકાશિત કરેલ 'વલોવતન'ની વિગતો પુનઃ પ્રકાશિત કરી જૂની યાદો ફરી તાજી કરી છે. પ્રા. સૂર્યકાંત ભટ્ટ રચિત 'મંગલ મંદિરનું માધુર્ય' કાવ્ય થોડામાં ઘણું કહી જાય છે.

'પ્રતિભાવ' વિભાગ એ મંગલ મંદિરના વાચકોનો દર્પણ છે. દેશ વિદેશના સમાચારોમાં અનેક અવનવા સમાચારો પણ જાણવા મળે છે. દેશના સૌથી મોટા દાનવીર શિવ નાદર દ્વારા રૂા. ૨૧૫૩ કરોડના દાનની વિગતો જાણી ગૌરવ અનુભવ્યું. શ્રી રસીક મહેતા દ્વારા જ્ઞાન વિજ્ઞાનની સંકલિત માહિતી યુવાવર્ગને આકર્ષે છે. ડૉ. આશિષ ચોક્સી દ્વારા જૂની પણ જીવંત યાદો વાંચીએ ત્યારે શ્રી બાલકૃષ્ણ દવેની જૂનું ઘર ખાલી કરતા કાવ્ય યાદ આવી જાય. એરિસ્ટોક્રેટ્સ શ્રેણીમાં ઓસવાલ શ્રેષ્ઠીની કથા તથા તેનો ઈતિહાસ સુંદર રીતે આલેખાયેલ છે. ડૉ. નવીન પારેખનો 'દીકરીઓને સક્ષમ બનાવીએ' લેખ ખૂબ જ સામાજિક અભ્યાસ બાદ લખાયેલ છે. દીકરીઓને સક્ષમ બનાવવાની સાચી પદ્ધતિ, તેમના માટેના ભયસ્થાનો સુંદર રીતે દર્શાવેલ છે. કચ્છમાં વિવિધ તાલુકામાં જૈન દેરાસરોનું લીસ્ટ પ્રગટ કરી ઘણી જ મહત્ત્વની તથા ઉપયોગી માહિતી રજૂ કરેલ છે. શ્રી નરેશ અંતાણી દ્વારા ગંગાના વિસરાયેલ પાત્ર અંગેની ઐતિહાસિક ગાથા ઘણી જ રોમાંચક છે.

મંગલ મંદિરમાં રજૂ થયેલ વિવિધ વિષયોનો રસાસ્વાદ કચ્છી મસાલાથી સભર અડદિયા જેવી લિજ્જત આપે છે. આવનારા નવા વર્ષમાં પણ મંગલ મંદિર તેની સફળ યાત્રા આ રીતે ચાલુ રાખે તેવી શુભેચ્છા.

*અશોક વી. શાહ - ગાંધીનગર*
*મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯*

★

## નવનીત મેડિકલ સેન્ટર – બોપલ

અમે આજે સવારે (તા. ૨૫-૧૨-૨૦૨૪) અહીં બોડી ચેક-અપ કરાવવા આવ્યા. અહીંના દરેક ડૉક્ટર અને બધા સ્ટાફ બહુ જ કો-ઓપરેટીવ છે. સાંજે રીપોર્ટ લેવા આવ્યા ત્યારે પણ જે ફિઝીશિયન ડૉક્ટર (ડૉ. પાર્થ પટેલ – M.D. (Physician))ને બતાવવા આવ્યા તેમણે પણ રીપોર્ટ જોઈને સરસ સમજાવ્યું. ડૉક્ટર સાહેબ યંગ છે એટલે એમની પાસે અત્યારના રોગો વિશેનું નૉલેજ પણ બહુ સરસ છે. અહીં ફરી બતાવવા આવવું હોય તો પણ ઈચ્છા થાય તેવી સગવડ છે.

*અલ્કા સોલંકી, પ્રદીપ સોલંકી - અમદાવાદ*
*મો. ૭૯૯૦૪ ૨૪૬૨૩*

★

## કચ્છી સંસ્કૃતિનું મીમ સ્વરૂપમાં દર્શાવેલ સંગ્રહાલય અંગેનું અવલોકન

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે જે કચ્છના નાગરિકો દ્વારા તેમની રહેણીકરણી અને અભણ છતાં કોઠાસુઝથી કંડારેલ કલા વારસાનું મીમ (પૂતળા) દ્વારા સંગ્રહાલયમાં દાર્શનિક સંગ્રહ કરી જે આજના સમયમાંના નાગરિકોને પૌરાણિક કલા વારસાને જીવંત રાખવા અભ્યાસુ કલાકારો તથા કલા રસીકો પ્રેરણા લઈ જન માનસમાં કલા પ્રત્યે વધુ સારું પ્રોત્સાહન, પ્રેરણા દ્વારા કલા અને કલાકારોને બિરદાવી, પૌરાણિક કલાકૃતિઓ પ્રત્યે પોતાના આવા પ્રયત્નો અને જાળવણી અંગે યોગદાન સમર્પિત કરી કલા વારસાને જીવંત રાખવાની પ્રેરણા કલાકારે તાદશ્ય કરેલ છે. કચ્છ સંસ્કૃતિના નાગરિકોના પહેરવેશ, ભરતકામ અને અન્ય નાના મોટા ગૃહોપયોગી ગૃહ ઉદ્યોગ, વહાણવટુ, પૌરાણિક વાસણો, જીવનોપયોગી વસ્તુઓના સુરમ્ય સંયોગ દ્વારા સંગ્રહ કરીને આમ નાગરિકોને પ્રેરણા મળે તે દિશામાં પ્રસંશનીય કાર્ય કરેલ છે.

મીમ (પૂતળા)માં દર્શાવેલ સ્ત્રી - પુરુષના શરીરની ચામડી ઉપરની કરચલીઓ અને બરછટતા દર્શાવવાનું ચૂકી ગયા છે, જે એકમાત્ર ક્ષતિ કલાકાર દ્વારા રહી ગઈ છે. બધું જ સુપેરે દર્શાવવામાં કલાકારે ખૂબ સારા પ્રયત્નો કર્યા છે, જે પ્રશંસનીય છે.

અંતમાં, આપ સૌ કલારસિક સજ્જનો દ્વારા પૌરાણિક વારસાને જીવંત રાખવા જન માનસને કચ્છી કલા સંસ્કૃતિ વિશે જ્ઞાન થાય અને વધુમાં વધુ પૌરાણિક કલા વારસાનું જતન કરવા પોતાનું યોગદાન આપે તેવા શુભ પ્રયત્નો આપના દ્વારા કરવામાં આવ્યા છે, તે પ્રશંસાને પાત્ર છે.

સંગ્રહાલયના દાર્શનિક સંગ્રહની મુલાકાત ખરેખર પ્રેરણાદાયી છે. મારા પોતાના માનસમાં શુભ પ્રેરણા જગાડવા બદલ આપ

સૌનો આભાર.

*દિનેશ સી. શાહ - સરખેજ, અમદાવાદ (આર્ટીસ્ટ)*
*મો. ૯૦૨૩૨ ૦૪૧૫૫*

★

અમે ગઈકાલે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે ૨ દિવસ માટે બુકિંગ કરાવી અમદાવાદ આવ્યા હતા અને આજે નીકળીને મુંબઈ પરત જઈશું.

આ દરમિયાન બુકિંગથી લઈને ચેક-આઉટ સુધી સ્ટાફના ભાઈઓ તથા ભોજનશાળા સ્ટાફનો વ્યવહાર સરસ વિનમ્ર રહ્યો. અમને કોઈ જ તકલીફ પડવા ના દીધી.

આવી જ અપેક્ષા ભવિષ્યમાં રહે અને સારી રીતે કરી શકે એ જ શુભકામના.

બીજું સજેશન એ છે કે જ્યારે જ્યારે ગ્રુપમાં ૨૫-૩૦ જણા આવે ત્યારે થોડુંક જૈન ફુડમાં યોગ્ય વ્યંજન સાથે થાળીની વ્યવસ્થા ગ્રુપની જરૂરિયાત પ્રમાણે અગાઉથી કરી શકે તો બહાર જવું ના પડે.

એ જ ફરી પાછી મંગલ શુભ કામના.

***ખાસ*** *: કચ્છ સંસ્કૃતિ મ્યુઝીયમ અદ્‌ભુત છે. જોઈએ ત્યારે એવું લાગ્યું જાણે કચ્છમાં લટાર મારવા નીકળી પડ્યા.*

*કિરીટ છાડવા - મુંબઈ*
*મો. ૯૮૨૦૫ ૯૩૧૮૩*

★

***Jai Jinendra.***

Our stay here (Shri Kutchhi Vishram Gruh - Shahibaug) for 2 days was excellent. We had senior citizens & a little 6 month old baby with us and the staff here made our stay extremely pleasant and comfortable. A special mention for the Managers at the reception for supporting us for each request. The food is also good and reasonably priced.

We would definitely spread the good work about this place among out friends & family. Also, the rooms are very neat and well maintained.

***Karan Rathod – Andheri, Mumbai***
***M. 97661 87527***

★

અમે શંખેશ્વરથી ભગવાન પાર્શ્વનાથના દર્શન કરી ગઈકાલે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે આવ્યા અને આજે ત્યાંના કચ્છ સંસ્કૃતિ મ્યુઝીયમની મુલાકાત લીધી. અમે ૧૯ જણા છીએ. મારા સાસુ ૯૦ વર્ષના છે અને અમે કુટુંબ જાત્રા કરવા આવ્યા છીએ. મારા સાસુને આ મ્યુઝીયમ જોઈને પોતાના ગામની યાદ આવી ગઈ. અમને પોતાના નાનપણની બધી વાતો કરી આને આ બધા સ્ટેચ્યુ જોઈને પોતે ૭૦ વર્ષ પહેલાની યાદોમાં ખોવાઈ ગયા. આનાથી વિશેષ આનંદની વાત શું હોય કે જેનાથી તેઓ ૯૦ વર્ષના હોવા છતાં ૧૦-૧૨ વર્ષના થઈ ગયા. આ મ્યુઝીયમ એટલું સરસ છે અને એટલું વાસ્તવિક લાગે છે કે અમારા ૧૨ અને ૭ વર્ષના બે બાળકોને પણ કચ્છની સંસ્કૃતિની ઝલકનો સ્પર્શ થઈ ગયો. ખૂબ ખૂબ ધન્યવાદ જેણે પણ આ મ્યુઝીયમને આવું સાકાર રૂપ આપ્યું અને કચ્છની સંસ્કૃતિને જીવંત કરી છે.

*ડૉ. રીટા હસમુખ શાહ (કુંદરોડી - મુંબઈ)*
*મો. ૯૮૨૦૧ ૪૧૯૨૧*

---

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### *અમદાવાદ પધારતા અતિથિઓની સગવડતા વધારાઈ*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ત્રણે અતિથિ ભવન – પાલડી, શાહીબાગ અને ગીતા મંદિરનું બુકિંગ હવે ઓનલાઈન થઈ શકશે.*

**www.kjss.org** પર બુકિંગ થઈ શકશે.

| | |
|---|---|
| **રજનીકાંત પારેખ** | **પ્રતાપ દંડ** |
| **માનદ્ મંત્રી** | **પ્રમુખશ્રી** |
| **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** | **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** |

# અન્ય સંસ્થાના સમાચાર

## શ્રી કચ્છ માંડવી પાંજરાપોળ અને ગૌશાળા

### સર્વે ગૌ સેવાધારી જીવદયા ભક્તોને હાર્દિક નમ્ર અપીલ

શ્રી કચ્છી માંડવી પાંજરાપોળ અને ગૌશાળા લગભગ ૨૦૦ વર્ષ જૂની સંસ્થા છે. આ સંસ્થા માંડવી તાલુકામાં નાગલપુર તથા પોલડિયા ખાતે બે શાખા ધરાવે છે. જેમાં બંને શાખામાં હાલે ૧૯૦૦ મૂંગા જીવોને આશ્રય આપવાનું કાર્ય થઈ રહ્યું છે.

રાજ્યમાં ઓગસ્ટ માસમાં સતત પાંચ દિવસથી વરસી રહેલા એકધારા અનરાધાર વરસાદ અને તેના લીધે આવેલા પૂરના કારણે કચ્છ જિલ્લામાં જનજીવનને વ્યાપક અસર થઈ હતી. સૌથી વધુ વરસાદ કચ્છ જિલ્લામાં થઈ રહ્યો હતો. તેથી વરસાદના કારણે નુકસાન થયું છે. વરસાદ પડવાના કારણે નદીઓ ઓવરફ્લો થતાં નીચાણવાળા વિસ્તારોમાં પૂર આવ્યું હતું અને રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.

કચ્છના મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદને કારણે અવિરત મેઘ સવારી ચાલુ રહી હતી. માંડવી ઉપર ઘાત હોય તેમ ભારે પવન ફૂંકાવાની સાથે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે ત્યારે વરસાદી આફત વરસવાને કારણે માંડવી પાંજરાપોળ અને ગૌશાળાની નાગલપુર શાખા ત્રણથી ચાર ફૂટ પાણીમાં ગરકાવ થયેલ હતી. માંડવીથી નાગલપુર શાખામાં પહોંચવું દુષ્કર હતું. વરસાદી માહોલને કારણે પાણી તેમજ વીજળી પુરવઠા અભાવ હોવા છતાં આપણી પાંજરાપોળના રોજમદાર મજૂર પરિવારો તેમજ સ્થાનિક ટ્રસ્ટીશ્રીઓ અને કર્મચારી ભાઈઓની કાર્યદક્ષતાને કારણે અતિવૃષ્ટિમાં એક પણ જીવ મૃત્યુને શરણે થયેલ નથી. જે મૂંગા જીવોનો પ્રતાપ આશિર્વાદ છે.

વરસાદી પાણીના સતત અવિરત પ્રવાહને પરિણામે એક અઠવાડિયા સુધી જે ભારે વરસાદ થયો તેના કારણે વરસાદી પાણીના ભારે પ્રવાહને પરિણામે માંડવી પાંજરાપોળ અને ગૌશાળાની નાગલપુર શાખા ખાતે જમીન ધોવાણ તેમજ દીવાલો તેમજ મોટો ગેટ, ગાયના વાડાની ગમાણો તેમજ શેડ ક્ષતિગ્રસ્ત થયેલ છે. ગોદામ તથા તેમાં સંગ્રહ કરેલો સૂકો ચારો બિન ઉપયોગી થયેલ છે. વરસાદી પાણીના પ્રવાહને પરિણામે રાયણ ખાતેની બોરની તેમજ નદીમાં આવેલ પાણીના ટાંકાથી અવાડા સુધીની પાણીની લાઈનો અસરગ્રસ્ત થયેલ છે. પશુઓના વાડામાં ધોવાણ થતાં એકઠું થયેલ ખાતર પણ ધોવાઈ ગયેલ છે.

આમ, એકંદરે માંડવી પાંજરાપોળ અને ગૌશાળાની નાગલપુર શાખા ખાતે લગભગ અંદાજે ૨૫ લાખ રૂપિયાનું નુકસાન થયેલ છે. તેથી સંસ્થા પર વધારાનો આર્થિક બોજ સહન કરવો પડ્યો છે. પરંતુ અમોને આશા, શ્રદ્ધા અને વિશ્વાસ છે કે મૂંગા જીવોના અને આપ જેવા પુણ્યાત્માના આશિર્વાદથી આ કપરો સમય પણ પાર કરીશું.

આપ સર્વશ્રીઓ અથવા આપશ્રીના ધ્યાને હોય તેવા જીવદયા – ગૌ પ્રેમી – ધર્માનુરાગી દાતાશ્રી તરફથી જીવદયા – આફત સહાય માટે આંગળી ચિંધ્યાનું પુણ્ય પ્રાપ્ત કરવાની પ્રભુ પરમાત્મા આપને શક્તિ આપે અને અબોલ જીવોના મૂક આશિર્વાદ આપના પરિવાર પર વરસતા રહે તેવી પ્રાર્થના સાથે અબોલ જીવો વતી શક્ય સહાયતા માટે પ્રાર્થના.

***આપની સુકૃત લક્ષ્મીનો સદુપયોગ કરશોજી.***

***આ સંસ્થાને અપાતું દાન 80 G – 10AC હેઠળ કરમુક્ત છે.***

***સંપર્ક :***

| | |
|---|---|
| *શ્રી રજનીકાંત એમ. શાહ - મુલુંડ* | *મો. ૯૯૩૦૯ ૭૩૮૩૯* |
| *શ્રી પ્રવીણચંદ્ર એમ. શાહ - કાંદિવલી* | *મો. ૯૩૨૨૮ ૫૪૩૮૫* |
| *શ્રી રજનીકાંત એ. શાહ - કાંદિવલી* | *મો. ૯૮૨૦૬ ૮૮૭૪૨* |
| *શ્રી નવીનચંદ્ર એમ. શાહ - મુલુંડ* | *મો. ૯૩૨૪૩ ૪૪૫૯૯* |

## શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ

### *'મહાજનનું મામેરૂ' અંતર્ગત ૨૭૫મી દીકરીના લગ્નોત્સવ સાજન માજનની ઉપસ્થિતિમાં યોજાયા*

ભુજ મધ્યે આવેલ સંસ્થા શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ દ્વારા આજથી ચૌદ વરસ પહેલા અનશનવ્રતધારી, જૈન સમાજરત્ન માન. શ્રી તારાચંદભાઈ જગશીભાઈ છેડાની પ્રેરણાથી અને સંસ્થાના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ સંચાલિત 'મહાજનનું મામેરૂ' યોજના અંતર્ગત આજરોજ ૨૭૫માં લગ્ન ભુજ નિવાસી મહેન્દ્રભાઈ વાઢિયાની સુપુત્રી ચિ. પૂજા સંગે ભુજ નિવાસી દીપકભાઈ જણસારીના સુપુત્ર ચિ. સતીષ સંગાથે સાજન માજનની વિશાળ ઉપસ્થિતિમાં ધામધૂમથી સંપન્ન થયા હતા.

આ પ્રસંગે સંસ્થાના ખજાનચી શ્રી હરેશભાઈ ગોગરીએ જણાવ્યું હતું કે આ યોજના અંતર્ગત વરસો જૂની મહાજન પરંપરાને ઉજાગર કરવા સાથે સમાજના નાનામાં નાના માનવીને ઉપયોગી થવાનો જે લાભ મળ્યો છે તે સૌભાગ્યની વાત છે.

આ યોજનામાં સહકાર આપનાર સૌ દિલેર દાતાશ્રીઓનો આભાર માન્યો હતો.

આજના આ લગ્ન પ્રસંગે માતુશ્રી લક્ષ્મીબેન જગશી ચાંપશી છેડા હસ્તે શ્રીમતી હંસાબેન તારાચંદભાઈ છેડા પરિવાર, સમર્પણવાળા શ્રી ભાઈચંદભાઈ સ્વરૂપચંદભાઈ વોરા પરિવાર, શ્રીમતી જ્યોતિબેન ગિરીશભાઈ છેડા પરિવાર, શ્રીમતી નેહાબેન ટોપરાણી અને શ્રી કેતનભાઈ ચોથાણી પરિવાર, શ્રીમતી જયશ્રીબેન સુભાષભાઈ આઈયા પરિવાર, શ્રીમતી લક્ષ્મીબેન જમનાદાસ ઠક્કર (હસ્તે કમલેશ જ્વેલર્સ) પરિવાર, સ્વ. લીલાવંતીબેન મથુરાદાસ પુરોહિત હસ્તે શ્રી પ્રદીપભાઈ (છબીકલા) પરિવાર, શ્રી તુલસીભાઈ જોશી (ઓધવરામ ડેવલોપર્સ - ભુજ) પરિવાર, શ્રીમતી કસ્તુરબેન વિશ્રામભાઈ નારાણજી ચંદે (પ્રકાશ એજન્સી - ભુજ) પરિવાર, નીલમબેન ગાંધી પરિવાર વગેરે દાતાશ્રીઓ દ્વારા કન્યાને વિવિધ ભેટ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે મહાજનના ખજાનચી શ્રી હરેશભાઈ ગોગરી, સહમંત્રી શ્રી હિરેનભાઈ પાસડ, ટ્રસ્ટી શ્રી વિનોદભાઈ ગાલા, શ્રી ભુજ ક.વી.ઓ. જૈન સંઘના ટ્રસ્ટી અને બીસીસીબી બેંકના ડાયરેક્ટર શ્રી ધીરેનભાઈ પાસડ, મહાજનનું મામેરૂ સમિતિના શ્રી સંજયભાઈ મોતા, શ્રી ભાવિનભાઈ દેઢિયા, ડીનલ ધરોડ, શ્રીમતી નીતાબેન નાગડા, સખીવૃંદના પ્રમુખ પ્રીતિબેન છેડા, મંત્રી શ્રીમતી કેતનાબેન નાગડા, શ્રીમતી ભક્તિબેન વોરા, યુવા પાંખના પ્રમુખ શ્રી ઈશાન મોતા, મંત્રી શ્રી ચિરાગ ધનાણી વગેરેએ ઉપસ્થિત રહી નવ દંપતિને શુભકામનાઓ પાઠવી અને ભેટ સોગાદ અર્પણ કરી હતી.

આ પ્રસંગે સંસ્થાના જનરલ મેનેજર અંકિત ગાલા અને સંસ્થાના કર્મચારીઓએ સમગ્ર વ્યવસ્થા સંભાળી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ સહમંત્રી શ્રી હિરેનભાઈ પાસડે કરી હતી. વિધિવિધાન શ્રી તુષારભાઈ ભટ્ટે કરાવી હતી. ભાવતા ભોજન શ્રી ઈન્દ્રજીતે જમાડ્યા હતા.

## ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ

### મૂળ કચ્છના વતની અને હાલ ભાવનગરને કર્મભૂમિ બનાવનાર શ્રી મહેન્દ્ર સુધાકરભાઈ શાહની રેલવે કન્સલ્ટેટીવ કમિટીમાં બે વર્ષ માટે થયેલ વરણી

શ્રી મહેન્દ્ર સુધાકરભાઈ શાહની ડિવિઝનલ રેલવે કન્સલ્ટેટીવ કમિટી (DRUCC)ની વર્ષ ૮-૨૦૨૪થી ૮-૨૦૨૬ના સમય માટે ભાવનગર જિલ્લાના સાંસદ તથા કેન્દ્રિય રાજ્યમંત્રી શ્રીમતી નીમુબેન બાંભણિયાની ભલામણથી સભ્ય તરીકેની વરણી કરવામાં આવેલ છે.

મૂળ કચ્છના વતની અને વર્ષોથી ભાવનગરને કર્મભૂમિ બનાવનાર શ્રી મહેન્દ્રભાઈ ભાવનગર કચ્છ સમાજના છેલ્લા ૩૮ વર્ષથી પ્રમુખ તરીકે, ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની સાથે ૩૮ વર્ષથી જોડાયેલા છે અને હાલ ચેરમેન તરીકેની જવાબદારી સંભાળે છે. તેમજ ભાવનગરના પૂર્વ મહારાજા દ્વારા બનાવવામાં આવેલ સર તખ્તસિંહજી મહાજન ધર્મશાળામાં છેલ્લા ૨૦ વર્ષથી જોડાયેલા છે તેમજ હાલ માનદ્ મંત્રી તરીકેની જવાબદારી સંભાળે છે. તેમજ GERC દ્વારા સપ્લાય કોડ રીવ્યુ પેનલમાં ૧૨ વર્ષથી કમિટીમાં કામગીરી કરે છે. ભાવનગરની વિખ્યાત બહેરા-મૂંગા સ્કૂલ તથા ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળ સાથે સંકળાયેલા છે. શ્રી મહેન્દ્રભાઈએ ગત બે વર્ષ માટે ડિસ્ટ્રીક્ટ ચેમ્બરના પ્રતિનિધિ તરીકેની જવાબદારી સંભાળી હતી.

## કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થા - ભુજ

★ કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા - ભુજના ઉપક્રમે એક બેઠકમાં દિલીપ આચાર્યના પ્રમુખપદે વિવિધ વિષયની રચના રજૂ કરવામાં આવેલ હતી. જેમાં ગુજરાતી, કચ્છી સહિતની રચના રજૂ થઈ હતી. જેવા કવિ નંદ, તુલસીદાસ બોરા, જગદીશ ગોર, કનૈયાલાલ અબોટી, સોનલ ભાટીયા, ચંદ્રકાંત ધલ, ચંદુલાલ ગોર, નંદુ જોષી, પ્રવિર ધોળકિયા, રાજેશ સોની, મેહુલ મહેતાએ કવિ 'સારસ'ની રચના પઠન, અજીત સચદે પછી દિલીપ આચાર્ય 'દિલકશ' તેમજ અન્ય ઉપસ્થિત સભ્યોએ વિવિધ રચનાઓ રજૂ કરી હતી. આ સંસ્થાની સાપ્તાહિક સાહિત્ય ગોષ્ઠિ સાથે વિવિધ વિષયની કાવ્ય પઠન બેઠક યોજવામાં આવે છે. જેમાં વરિષ્ઠ કવિ સાથે નવોદિત કવિઓને હંમેશ મુજબ પ્રોત્સાહન સાથે પ્લેટફોર્મ આપવામાં આવે છે.

આ પ્રસંગે સરસ્વતી વંદના વરિષ્ઠ કવિ ચંદ્રવદન મહેતાએ રજૂ કરી હતી.

★ કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થા - ભુજની વિવિધ પ્રવૃત્તિ સાથે પ્રસંગ વગેરેની ઉજવણી સાથે વરિષ્ઠ સાહિત્યકાર નવીન ત્રિપાઠી 'અલ્પ' અને રાજકોટના આવૃત્તિબેન ભટ્ટ (ત્રિપાઠી)ના અતિથિ પદે અને દિલીપ આચાર્યના પ્રમુખ સ્થાને યોજવામાં આવેલ હતી. આ પ્રસંગે અતિથિ પરિચય અને જૂના પ્રસંગોને યાદ કરીને પ્રવચનમાં સંસ્મરણો વગેરે વાગોળવામાં આવેલ હતા.

જેમાં મદન ભટ્ટ, ચંદુલાલ ગોર, સોનલ ભાતિયા, તુલસીદાસ બોરા, નંદ જોશી, અશ્વિન જાની, મદન ભટ્ટ, મુંજાલ જાની, જગદીશ ગોર એ વિવિધ સ્વ-રચિત કાવ્યો અને કનૈયાલાલ અબોટીએ સિનિયર સિટીઝનની રચના રજૂ કરી હતી. પછી

દિલીપ આચાર્યએ હેમશિલા માહેશ્વરી, ભારતી ભંડેરી, કિશોર સોની, છાયા શાહ, જયંતી વેદિયા સહિતની આવેલ ગ્રુપમાં રચનાને સાહિત્ય સેવા બિરદાવતા પઠન રજૂ કરેલ હતા. નવી રચના હોદ્દેદારની કરવા ને સક્રિય બની વધુ પ્રવૃત્તિ કાર્ય વેગવંત કરવા સેવા ને સમય સાથે સહયોગી બનવા અનુરોધ કરવામાં આવેલ હતો. જ્યારે મગનભાઈ ઠક્કરે પૂર્વ નાણાંમંત્રી પ્રેમજીભાઈ ઠક્કરની પુણ્યતિથિ પ્રસંગે શ્રદ્ધાંજલી રૂપે કાવ્ય રજૂ કરેલ હતું. જેમાં અતિથિનો પરિચય આપેલ તેમજ અતિથિ પદેથી પ્રવચન કરતા આ સંસ્થાને રશ્મિબેન ત્રિપાઠી પરિવાર દ્વારા સાહિત્ય પ્રવૃત્તિ માટે સ્પર્ધા વગેરે કાર્ય માટે સહકાર આપવાનું જણાવેલ હતું. આ સહકાર બદલ અંતમાં સંસ્થા તરફથી આભારની લાગણી વ્યક્ત કરવામાં આવેલ હતી.

## એકલો જાને રે સંસ્થા – ભુજ

ભુજ એકલો જાને રે સંસ્થા સ્થાપક અને રાષ્ટ્રીય ઍવોર્ડ વિજેતા શિક્ષક મગનભાઈ જી. ઠક્કરના ઉપક્રમે ૪૫ વરસથી વધુ સાહિત્ય ક્ષેત્રે કાર્યરત અને કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થાના સ્થાપક પ્રમુખ શ્રી દિલીપ આચાર્ય ‘દિલકશ’ની સાહિત્ય સેવાને બિરદાવતા શુભ કામના સહ અભિનંદન પાઠવતા સન્માન કરેલ હતું. જેમાં મનહર જોશી, અશ્વિન જાની, જગદીશ ગોર વગેરે સભ્યો હાજર રહેલ હતા.

## શ્રી મયંકભાઈ વિજયભાઈ રૂપારેલનો એરપોર્ટ સલાહકાર સમિતિમાં થયો સમાવેશ

આપણા દેશના વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે કચ્છ જિલ્લાને પ્રવાસન ક્ષેત્રે વિશ્વ ફલક પર ચમકાવ્યું છે. ત્યારે દેશ વિદેશથી હજારોની સંખ્યામાં પ્રવાસીઓ કચ્છના પ્રવાસન સ્થળોની મુલાકાત લે છે. ભુજ વિમાન મથકે પ્રવાસીઓને સારી સુવિધા મળે તે માટે એરપોર્ટ સલાહકાર સમિતિમાં અખિલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેનાના પ્રમુખ, અબડાસા તાલુકા લોહાણા મહાજનના મંત્રી, અનેકવિધ સેવાકીય સંસ્થાઓ સાથે જોડાઈને સેવાકીય કાર્યો કરનાર યુવા આગેવાન શ્રી મયંકભાઈ વિજયભાઈ રૂપારેલની નિમણુંક કરવામાં આવી છે. તે બદલ કચ્છના સાંસદ અને પ્રદેશ ભાજપના મહામંત્રી શ્રી વિનોદભાઈ ચાવડા દ્વારા તેમને શુભકામના પાઠવવામાં આવી છે. તેના પ્રત્યુત્તરમાં શ્રી મયંકભાઈ રૂપારેલે જણાવ્યું હતું કે મારા પર વિશ્વાસ રાખીને મને જે જવાબદારી સોંપવામાં આવી છે તે બખૂબી નિભાવી અને દેશ વિદેશના પ્રવાસીઓને એરપોર્ટ પર વધુમાં વધુ અત્યાધુનિક સુવિધા મળે તે માટે કામ કરવાની ખાત્રી આપી હતી.

## શ્રી મનસુખભાઈ શાહનો એરપોર્ટ સલાહકાર સમિતિમાં થયો સમાવેશ

ભુજના રહીશ મનસુખભાઈ જેવતભાઈ શાહ કે જેઓ લાયન્સ હોસ્પિટલના મેડિકલ ચેરમેન અને લાયન્સ ક્લબના સક્રિય સભ્ય છે તેમજ દેહદાનની પ્રવૃત્તિનું સંચાલન કરે છે, ચક્ષુદાન માટે પણ પ્રયત્નશીલ રહે છે, માનવ જયોત સંસ્થા - ભુજની કારોબારી સમિતિના સભ્ય તરીકે સક્રિય સેવાઓ આપે છે તેમજ આર્થિક રીતે નબળા દર્દીઓને અમદાવાદ - મુંબઈ લઈ જઈને એમને સારવાર અપાવે છે. ભુજની અન્ય સંસ્થાઓ સાથે પુનિતવન ગ્રુપના પણ સક્રિય સભ્ય છે. એમની જ્ઞાતિ ક.વી.ઓ. જૈનમાં પણ સક્રિય છે.

૨૦૨૫-૨૦૨૬ના બે વર્ષ માટે મા. સંસદસભ્ય શ્રી વિનોદભાઈ ચાવડાની ભલામણથી એમનો એરપોર્ટ સલાહકાર સમિતિમાં સમાવેશ કરવામાં આવેલ છે. એમને પુનિતવન ગ્રુપ તથા મુંદ્રા રીલોકેશનના અન્ય ગ્રુપ તથા વિવિધ સંસ્થાઓ તેમજ એમની જ્ઞાતિ ક.વી.ઓ. જૈન સંસ્થા એમ વિવિધ સ્થળેથી અભિનંદન મળી રહ્યા છે. ■

## શોર્ટ સ્ટોરી : અછૂત!

પિતાની ચિઠ્ઠી મળતાં જ રામનાથના બન્ને દીકરા ગામડે તેને મળવા દોડી આવ્યા. રામનાથે બન્ને દીકરાઓને કહ્યું, ‘બેટા, ડૉક્ટરસાહેબે કહ્યું છે કે હવે હું શહેરની મોટી હોસ્પિટલમાં ઈલાજ કરાવું એટલે મેં તમને બોલાવ્યા.’

બન્ને દીકરાઓએ પિતાના ઈલાજની મૂક સ્વીકૃતિ આપી દીધી.

રાત્રે પાર્થે સિદ્ધાર્થને કહ્યું, ‘ભાઈ, તું બાપુ સાથે રહેજે, મારે તો ઘર પણ નાનું છે.’

આ સાંભળતાં જ સિદ્ધાર્થ બોલ્યો, ‘અરે ના ના, બાપુને તો હોસ્પિટલમાં ભરતી કરાવી દઈશું. ઘરમાં રાખવાની શું જરૂર છે?’

પોતાના જીગરના ટુકડાની વાત સાંભળીને રામનાથને જાણે લકવો મારી ગયો. તે ખાટલામાં પડ્યો પડ્યો વિચારવા લાગ્યો કે, ‘શું આ એ જ દીકરા છે જે બાળપણમાં મારા ખોળામાં બેસવા માટે લડતા-ઝઘડતા હતા. મેં તો તેમને એક મા બનીને ઉછેર્યા હતા. તો પછી મારા ઉછેરમાં શું કમી રહી ગઈ કે આજે હું તેમના માટે અછૂત બની ગયો!’ અને રામનાથે શહેર ન જવાનો નિર્ણય કરી લીધો હતો.

*– નજમા યુનુસ ગોલીબાર*

# નવી શિક્ષણ નીતિ પ્રાપ્ત થઈ : કેન્દ્રીય કેબિનેટની મંજૂરી

ભારત સરકાર દ્વારા પ્રસ્તાવિત કેન્દ્ર સરકારની કેબિનેટની મંજૂરી બાદ દેશમાં ૩૬ વર્ષ બાદ નવી શિક્ષણ નીતિ અમલમાં આવી છે.

કેબિનેટે નવી શિક્ષણ નીતિ (નવી શિક્ષણ નીતિ ૨૦૨૩)ને લીલી ઝંડી આપી દીધી છે. ૩૪ વર્ષ બાદ શિક્ષણ નીતિમાં ફેરફાર કરવામાં આવ્યો છે. નવી શિક્ષણ નીતિના નોંધપાત્ર મુદ્દાઓ નીચે મુજબ છે.

૧. નર્સરી @ ૪ વર્ષ

૨. જુનિયર કે.જી. @ ૫ વર્ષ

૩. સિનિયર કે.જી. @ ૬ વર્ષ

૪. ધોરણ ૧લી @ ૭ વર્ષ

૫. ધોરણ ૨જી @ ૮ વર્ષ

**ત્રણ વર્ષની તૈયારી**

૬. ધોરણ ૩જી @ ૯ વર્ષ

૭. ધોરણ ૪થી @ ૧૦ વર્ષ

૮. ધોરણ ૫મું @ ૧૧ વર્ષ

**ત્રણ વર્ષ મધ્ય**

૯. ધોરણ ૬ @ ૧૨ વર્ષ

૧૦. ધોરણ ૭મું @ ૧૩ વર્ષ

૧૧. ધોરણ ૮મું @ ૧૪ વર્ષ

**ચાર વર્ષ માધ્યમિક**

૧૨. ધોરણ ૯મું @ ૧૫ વર્ષ

૧૩. Std. SSC @ ૧૬ વર્ષ

૧૪. ધોરણ FYJC @ ૧૭ વર્ષ

૧૫. ધોરણ SYJC @ ૧૮ વર્ષ

● **ખાસ મુદ્દાઓ :**

★ બોર્ડ ફક્ત ધોરણ ૧૨માં લેવામાં આવશે.

★ એમફિલ બંધ થશે. કોલેજની ડિગ્રી ૪ વર્ષની રહેશે.

★ ૧૦મું બોર્ડ પૂરું થયું.

★ હવે ધોરણ ૫ સુધીના વિદ્યાર્થીઓને માતૃભાષા, સ્થાનિક ભાષા અને રાષ્ટ્રીય ભાષામાં જ ભણાવવામાં આવશે. બાકીના વિષયો, ભલે તે અંગ્રેજી હોય, પણ એક વિષય તરીકે શીખવવામાં આવશે.

★ અગાઉ ૧૦માં બોર્ડની પરીક્ષા આપવી ફરજિયાત હતી, જે હવે નહીં થાય.

★ પરીક્ષા ૯ થી ૧૨ ધોરણ સુધીના સેમેસ્ટરમાં લેવામાં આવશે. શાળા શિક્ષણ ૫+૩+૩+૪ ફોર્મ્યુલા હેઠળ ભણાવવામાં આવશે.

★ કોલેજની ડિગ્રી ૩ અને ૪ વર્ષની હશે. એટલે કે તમને ગ્રેજ્યુએશનના પ્રથમ વર્ષમાં પ્રમાણપત્ર, બીજા વર્ષમાં ડિપ્લોમા અને ત્રીજા વર્ષમાં ડિગ્રી મળશે.

★ ૩ વર્ષની ડિગ્રી એવા વિદ્યાર્થીઓ માટે છે, જેઓ ઉચ્ચ શિક્ષણ લેવા માંગતા નથી. જ્યારે ઉચ્ચ શિક્ષણ કરતા વિદ્યાર્થીઓએ ૪ વર્ષની ડિગ્રી કરવાની રહેશે. ૪ વર્ષની ડિગ્રી કરતા વિદ્યાર્થીઓ એક વર્ષમાં MA કરી શકશે.

★ MA વિદ્યાર્થીઓ હવે સીધા Ph.D. કરી શકશે.

★ વિદ્યાર્થીઓ વચ્ચે અન્ય અભ્યાસક્રમો કરી શકશે. ઉચ્ચ શિક્ષણમાં ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો ૨૦૩૫ સુધીમાં ૫૦ ટકા થશે. નવી શિક્ષણ નીતિ હેઠળ, જો કોઈ વિદ્યાર્થી એક કોર્સની વચ્ચે બીજો કોર્સ કરવા માંગતો હોય, તો તે મર્યાદિત સમય માટે પહેલા કોર્સમાંથી બ્રેક લઈને બીજો કોર્સ કરી શકે છે.

★ ઉચ્ચ શિક્ષણમાં પણ ઘણા સુધારા કરવામાં આવ્યા છે. સુધારાઓમાં વર્ગીકૃત શૈક્ષણિક, વહીવટી અને નાણાંકીય સ્વાયત્તતા વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પ્રાદેશિક ભાષાઓમાં પણ ઈ-કોર્સ શરૂ કરવામાં આવશે. વર્ચ્યુઅલ લેબ વિકસાવવામાં આવશે. નેશનલ એજ્યુકેશનલ સાયન્ટીફિક ફોરમ (NETF) શરૂ કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે દેશમાં ૪૫ હજાર કોલેજો છે.

★ સરકારી, ખાનગી અને ડીમ્ડ – તમામ સંસ્થાઓ માટે સમાન નિયમો રહેશે.

*ધર્મેન્દ્ર પ્રધાન, શિક્ષણ મંત્રી - ભારત સરકાર*

*પ્રેષક : રજનીકાંત પારેખ - અમદાવાદ*

## ગાંઠ અને રસ

*શેરડીમાં જ્યાં 'ગાંઠ' હોય છે ત્યાં 'રસ' નથી હોતો અને જ્યાં 'રસ' હોય છે ત્યાં 'ગાંઠ' નથી હોતી. જીવનમાં પણ કાંઈક આવું જ છે.*

દેશ વિદેશ

# દેશ – વિદેશ...

ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

**★ ૧૬ વર્ષથી ઓછી વયના બાળકો માટે મોબાઇલ પર પાબંદી લાદવા છાત્રોએ વડાપ્રધાનને લખ્યા ૪૦ પત્રો**

*વાલીઓના હકારાત્મક અભિગમ સાથે કુનરિયા શાળા પરિવારે કરી અનોખી પહેલ.*

વિજ્ઞાન અને ટેકનોલોજીના બદલાતા યુગ વચ્ચે મોબાઇલ અને ઇન્ટરનેટનો જેટલો લાભ છે તેટલો જ ગેરલાભ છે ત્યારે ભુજ તાલુકાના કુનરિયાની શાળાના છાત્રોએ વડાપ્રધાન મોદીને ૪૦ પત્રો લખીને ૧૬ વર્ષથી નીચેના બાળકો માટે મોબાઇલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ લાદવાની માંગ કરી હતી. *(તા. ૫-૧૨-૨૦૨૪)*

**★ આ ગુજરાતીએ ૮ દેશમાં ૫૦ મંદિર બનાવ્યાં**

*અમદાવાદમાં સ્ટ્રક્ચર તૈયાર કરી દરિયાઈ માર્ગે મોકલ્યાં અને UKમાં ચર્ચમાંથી બનાવ્યું ભવ્ય મંદિર*

છેલ્લા કેટલાક સમયથી વિદેશમાં જવાનો અને સ્થાયી થવાનો ટ્રેન્ડ જેમ-જેમ વધી રહ્યો છે એમ-એમ આપણી સંસ્કૃતિ પણ વિસ્તરી રહી છે. વિદેશમાં હવે મંદિરો પણ બનવા લાગ્યાં છે. અમદાવાદમાં રહેતા રવિભાઈ સોની છેલ્લાં ૨૦ વર્ષથી વિદેશી ધરતી પર મંદિર બનાવવાનું કામ કરે છે. તેમણે ૮ દેશમાં ૫૦ જેટલા મંદિર બનાવ્યા છે. *(તા. ૧૨-૧૨-૨૦૨૪)*

**★ કેનેડિયન મીડિયા અમને બદનામ કરી રહ્યું છે'**

*ભારતે કહ્યું, 'કોને વિઝા આપવા, કોને નહીં એ અમારો અધિકાર.' કેનેડાએ કહ્યું હતું, 'ભારત અમારા નાગરિકોને વિઝા નથી આપી રહ્યું.'*

વિદેશ મંત્રાલયે શુક્રવારે કેનેડિયન મીડિયા પર ભારતને બદનામ કરવાનો આરોપ લગાવ્યો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કેનેડિયન મીડિયાના અહેવાલોને ફગાવી દીધા છે. જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારતે કેટલાક કેનેડિયન નાગરિકોને વિઝા આપ્યા છે. *(તા. ૧૨-૧૨-૨૦૨૪)*

**★ સ્પાઇસજેટે કર્મચારીઓના PF અને બાકી પગાર ચૂકવ્યો :** નાણાકીય કટોકટીનો સામનો કરી રહેલી એરલાઈને રૂપિયા ૧૬૦ કરોડ આપ્યા, QIP માંથી રૂા. ૩,૦૦૦ કરોડ ઊભા કર્યા હતા. *(તા. ૧૨-૧૨-૨૦૨૪)*

**★ રાજસ્થાનના ૫-૫ જિલ્લાઓમાં પારો ૫ ડિગ્રીથી નીચે :** *લાહૌલ-સ્પીતિમાં નદી બરફ બની. લદ્દાખ-શ્રીનગરમાં રોડ બ્લોક. કાશ્મીરના મેદાની વિસ્તારોમાં પહેલી હિમવર્ષા.*

પાકિસ્તાનના ઉત્તર ભાગમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં સતત હિમવર્ષા થઈ રહી છે. હિમાલયથી મેદાની વિસ્તારો તરફ ફૂંકાતા પવનોને કારણે ૧૧ રાજ્યોમાં શીત લહેર ફૂંકાઈ રહી છે. ખાસ કરીને મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને દિલ્હીના ઘણા જિલ્લાઓમાં તાપમાન ૫ ડિગ્રીથી નીચે પહોંચી ગયું છે. રાજસ્થાનના સીકરમાં સૌથી નીચું તાપમાન ૧ ડિગ્રી નોંધાયું હતું. કાશ્મીરના બારામુલા, કુપવાડા, શોપિયાં, પુલવામા અને બાંદીપોરામાં હિમવર્ષા ચાલુ છે. *(તા. ૧૨-૧૨-૨૦૨૪)*

**★ PM મોદીએ મહાકુંભનો શુભારંભ કર્યો**

*મોતીઓથી મઢેલા કળશને ત્રિવેણી કિનારે સ્થાપિત કર્યો. ગંગાજીને ચુંદડી ઓઢાડી અને દૂધ અર્પણ કર્યું.*

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે પ્રયાગરાજમાં છે. તેઓ ૧૧.૩૦ વાગ્યે બમરૌલી એરપોર્ટ પહોંચ્યા. ત્યાંથી અરેલ ઘાટ પહોંચ્યા. પછી નિષાદરાજ ક્રૂઝમાં બેસીને સંગમ કિનારે પહોંચ્યા. ઋષિ-મુનિઓને મળ્યા બાદ સંગમ સ્થાને ૩૦ મિનિટ સુધી ગંગાની પૂજા કરી. PMએ મહાકુંભની સફળતા માટે પ્રાર્થના કરી. *(તા. ૧૩-૧૨-૨૦૨૪)*

**★ તબલાવાદક ઉસ્તાદ ઝાકિર હુસૈનનું નિધન**

*તેઓ ૭૩ વર્ષના હતા. તેમને ૨૦૨૩માં મળ્યો હતો 'પદ્મ વિભૂષણ' અને ત્રણ ગ્રેમી ઍવોર્ડ પણ મળ્યા હતા.*

વિશ્વ પ્રસિદ્ધ તબલાવાદક અને પદ્મ વિભૂષણ ઉસ્તાદ ઝાકિર હુસૈનનું નિધન થયું છે. તેમની સાન ફ્રાન્સિસ્કોમાં સારવાર ચાલી રહી હતી. ત્યાં જ તેમણે અંતિમ શ્વાસ લીધા. તેમનો જન્મ ૯ માર્ચ, ૧૯૫૧ના રોજ મુંબઈમાં થયો હતો. ઉસ્તાદ ઝાકિર હુસૈનને ૧૯૮૮માં પદ્મશ્રી અને ૨૦૦૨માં પદ્મભૂષણથી નવાજવામા આવેલ. *(તા. ૧૫-૧૨-૨૦૨૪)*

**★ રાજકોટના દિવ્યાંગ શખ્સે ૧૦મી વાર ગિરનાર સર કર્યો :** ૮૦% વિકલાંગતા સામે મક્કમ મનની જીત કહેવાય. અગાઉ ઇન્ડિયા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ સ્થાન મેળવેલ. *(તા. ૧૫-૧૨-૨૦૨૪)*

**★ 'ગાંધી પરિવાર નહેરૂના પત્રો પરત કરે...' પીએમ મ્યુઝિયમ :** *'પત્રોથી ભરેલાં ૫૧ બોક્સ સોનિયા લઈ ગયાં'. આઈન્સ્ટાઈન-માઉન્ટબેટને લખ્યા હતા લેટર. PM મ્યુઝિયમે*

*પરત મંગાવ્યા.*

વડાપ્રધાનના સંગ્રહાલય તરફથી લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને પત્ર લખવામાં આવ્યો છે. પંડિત જવાહરલાલ નહેરૂના પત્ર પરત કરવા માટે આ ચિઠ્ઠી લખવામાં આવી છે. રાહુલને આ પત્ર PM મ્યુઝિયમ એન્ડ લાઈબ્રેરી (PMML) સોસાયટીના સભ્ય રીઝવાન કાદરીએ લખ્યો છે. *(તા. ૧૬-૧૨-૨૦૨૪)*

**★ ૬ વર્ષનું બાળક નર્મદા પરિક્રમાના કઠિન પથ પર**

***MPના નમને દાદા-દાદી સાથે રોજના ૨૦-૨૫ કિ.મી. અને ૧ મહિનામાં ૫૦૦ કિ.મી. અંતર કાપ્યું. બાળહઠ જોઈ લોકો આશ્ચર્યચકિત થઈ ગયા.***

પાવન સલીલા મા નર્મદાની પરિક્રમામાં હવે બાળકો પણ જોડાઈ રહ્યાં છે. ૩,૦૦૦ કિ.મી.થી વધારે લાંબી પરિક્રમા કરી તેઓ પણ પુણ્યનું ભાથુ બાંધી રહ્યાં છે. *(તા. ૧૬-૧૨-૨૦૨૪)*

**★ 'ગાંધીજીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠમાં RSSનો કાર્યક્રમ. વિવિધ ક્ષેત્રેના ૪૫૦ લોકોને બોલાવી ૨૨મીએ સંઘ કરશે મંથન :** રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સ્થાપેલી અમદાવાદ સ્થિત ગુજરાત વિદ્યાપીઠના ઈતિહાસમાં પહેલીવાર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)નો કાર્યક્રમ યોજાશે. ૨૨મી ડિસેમ્બરે સવારે યોજાનારા આ કાર્યક્રમને 'સજ્જન શક્તિ સંગમ' નામ અપાયું છે. *(તા. ૧૯-૧૨-૨૦૨૪)*

**★ મણિપુરમાં ઘૂસણખોરો પાસેથી મસ્કનું સ્ટારલિંક ડિવાઈસ મળ્યું... ભારતને ટેન્શન..**

ભારતીય સેના અને આસામ રાઈફલ્સે મણિપુર પોલીસ સાથે મળીને સોમવારે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. તેમાં ૨૯ હથિયારો અને દારૂગોળો મળી આવ્યો હતો, જે છેલ્લા દોઢ વર્ષથી હિંસામાં ફસાયેલ મણિપુરમાં મળે તે સ્વાભાવિક છે. *(તા. ૧૯-૧૨-૨૦૨૪)*

**★ ક્રિકેટર કોહલી દેશ છોડીને લંડન શિફ્ટ થશે**

વિરાટના બાળપણના કોચે કહ્યું, પત્ની-બાળકો સાથે તે યુ.કે. જતો રહેશે. નિવૃત્તિ પર કહ્યું, તે ૨૦૨૭ના વર્લ્ડ કપ સુધી રમશે. *(તા. ૨૦-૧૨-૨૦૨૪)*

**★ ભાગવતે કહ્યું, 'દરરોજ મંદિર-મસ્જિદ વિવાદ ઊભો થાય છે.'**

આ યોગ્ય નથી. કેટલાક લોકો એવું વિચારે છે કે આમ કરવાથી તેઓ હિંદુઓના નેતા બની જશે. *(તા. ૨૦-૧૨-૨૦૨૪)*

**★ પ્રિયંકાએ કહ્યું, 'રાહુલ કોઈને ધક્કો મારી શકે નહીં.' :** ૨૦ બેઠકમાં જ સંસદનું શિયાળુ સત્ર ૨૦ ડિસેમ્બરના પૂર્ણ થયું.૧૦૫ કલાક જ કાર્યવાહી ચાલી. અદાણી-મણિપુર-આંબેડકર મુદ્દે હોબાળા થયા. *(તા. ૨૦-૧૨-૨૦૨૪)*

## વિદેશના સમાચાર

**★ પરપોટો બનીને હવામાં ઊડ્યું પાણી...સુનિતા વિલિયમ્સે કૂદકો મારીને પીધું.**

***ભારતીય મૂળના નાસાના અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ જૂન મહિનાથી અવકાશમાં અટવાયેલાં છે. તે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનનાં કમાન્ડર છે અને અવકાશને લગતા વિવિધ પ્રયોગો કરી રહ્યાં છે.***

સુનિતા વિલિયમ્સે તેમના વતન નીધમ, મેસેચ્યુસેટ્સની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. એક વિદ્યાર્થીએ સુનિતાને પૂછ્યું કે તમે પાણી કેવી રીતે પીવો છો, જેના પછી સુનીતાએ પાણીનું પેકેટ કાઢ્યું અને પછી તેમાંથી સ્ટ્રોથી પાણીના કેટલાક પરપોટા બહાર આવ્યા. અવકાશયાનમાં ઉડતી વખતે સુનીતાએ આ પીધું હતું. સુનીતા અને વિલ્મોર બૂચે તાજેતરમાં અવકાશમાં છ મહિના પૂરા કર્યા.

તાજેતરમાં સુનીતાની એક તસવીરે હલચલ મચાવી દીધી હતી. તેમની તબિયતને લઈને સવાલો ઉઠી રહ્યા હતા. એક ફોટામાં સુનીતા ખૂબ જ નબળી લાગી રહી હતી. તેમના ગાલ સુકાઈ ગયા હતા અને તેમનું શરીર પણ પાતળું દેખાતું હતું. નાસાથી લઈને દુનિયાભરના વૈજ્ઞાનિકો આનાથી આશ્ચર્યચકિત થઈ ગયા. જોકે, બાદમાં સુનીતાએ સ્પષ્ટતા કરી હતી કે તેનું વજન અવકાશમાં જવાના સમયે જેટલું હતું એટલું જ છે અને તે સંપૂર્ણ સ્વસ્થ છે. *(તા. ૮-૧૨-૨૦૨૪)*

**★ સીરિયાથી ભાગી ગયેલા અસદ પુતિનનાં શરણે**

***૫૦ વર્ષ બાદ ઈઝરાયલની સેના સીરિયામાં ઘૂસી. બળવાખોરોને રાષ્ટ્રપતિની ૪૦ લક્ઝરી કાર મળી. તમામ સ્થિતિ પર ભારતની નજર***

સીરિયામાં વિદ્રોહી જૂથોએ રાજધાની દમાસ્કસ પર કબજો કરી લીધો છે. સીરિયામાં ૨૭ નવેમ્બરના રોજ બળવાખોર જૂથો અને સેના વચ્ચે લડાઈ શરૂ થઈ હતી. એક પછી એક ચાર શહેર પર વિજય મેળવ્યા પછી બળવાખોરોએ ૮ ડિસેમ્બરે રાજધાની દમાસ્કસ પર પણ કબજો કર્યો. આ સાથે જ સીરિયામાં અસદ પરિવારના ૫ દાયકા લાંબા શાસનનો અંત આવ્યો છે.

રાષ્ટ્રપતિ બશર અલ-અસદ દેશ છોડીને રશિયા ભાગી ગયા છે. રોઈટર્સના અહેવાલ મુજબ, રશિયન રાષ્ટ્રપતિ પુતિને અસદ અને તેના પરિવારને રાજકીય આશ્રય આપ્યો છે. અમેરિકાએ સીરિયામાં અસદ સરકારના પતનનું સ્વાગત કર્યું. *(તા. ૯-૧૨-૨૦૨૪)*

**★ યુગાન્ડામાં ડિંગા-ડિંગા વાઇરસથી દર્દી 'નાચવા' લાગે છે.. :** ૩૦૦થી વધુ બીમાર. આમાં શરીરમાં ખૂબ જ ધ્રુજારી થાય છે. સ્ત્રીઓ અને છોકરીઓને સૌથી વધુ અસર છે. *(તા. ૨૦-૧૨-૨૦૨૪)*

જ્ઞાન વિજ્ઞાન

# જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

• સંકલન •
રસીક ખીમજી મહેતા

## આગની ચેતવણી આપતા : સ્મોક ડિટેક્ટર

આગની પ્રાથમિક નિશાની ધૂમાડો છે. ધૂમાડો એટલે સળગતી વસ્તુમાંથી નીકળતા વાયુઓ અને રાખના સૂક્ષ્મ રજકણો. સ્મોક ડિટેક્ટર નામનું સાધન ધૂમાડો થાય કે તરત જ ચેતવણી સાયરન કે ઘંટડી વગાડે છે. આમ, આગની ચેતવણી આપી મોટી હાનિ અટકાવનાર સાધન ઘણી જાહેર જગ્યાએ તેમજ વિમાન કે ટ્રેનમાં ઉપયોગી થાય છે.

સ્મોક ડિટેક્ટર બે પ્રકારનાં હોય છે : એક ફોટો ઇલેક્ટ્રીક અને બીજા આયોનાઇઝેશન. બંને પ્રકારના સ્મોક ડિટેક્ટર જુદી જાતના ધૂમાડાને ઓળખે છે. ફોટો ઈલેક્ટ્રીક પદ્ધતિમાં લેડ ટ્યુબ તથા ઇન્ફ્રારેડ કિરણો વહેતા હોય છે. આ કિરણો એક ટ્યુબના છેડેથી પસાર થાય છે. ટ્યુબના બીજા છેડે પ્રકાશિત લેમ્પ હોય છે. આ પ્રકાશ અને ઇન્ફ્રારેડ કિરણો વચ્ચે સંપર્ક હોતો નથી. પરંતુ ધૂમાડો પ્રવેશે ત્યારે તેના રજકણો પરાવર્તિત કરે છે અને ઇન્ફ્રારેડ કિરણોની ઝપટમાં આવી જાય છે અને ચેતવણી બેલ વાગે છે. આયોનાઇઝેશન સ્મોક ડિટેક્ટરમાં એમિરીડિયમ નામનું રેડિયો એક્ટીવ દ્રવ્ય વપરાય છે. એક ગ્રામના ૫૦૦૦મા ભાગ જેટલું આ દ્રવ્ય ઘણું મોટું કામ કરે છે. આ રેડિયો એક્ટીવ રજકણો વહેતા હોય છે. ધૂમાડો પ્રવેશે ત્યારે તેમાં રહેલા નાઇટ્રોજનના કારણે આ પ્રક્રિયામાં ભંગ પડે છે અને વીજપ્રવાહ અટકી જઈ ચેતવણીની ઘંટડી વાગે છે. આમ, સ્મોક ડિટેક્ટર આગની અગાઉથી ચેતવણી આપી દે છે. મોટા કારખાનાઓમાં આ સાધનનો ઉપયોગ થાય છે.

## પવન અને આંધીનું તોફાન : ચક્રવાત

ગરમીના દિવસોમાં ક્યારેક ખુલ્લા મેદાનમાં ચક્રાકાર ફરતી હવાના વંટોળ આપણે જોતા રહીએ છીએ. આ વંટોળ એટલે ચક્રવાત. આ જ પ્રકારના મોટા વંટોળીયા ક્યારેક કુદરતી આફત બની જતા હોય છે. ઉત્તર અમેરિકા, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને એશિયાના પૂર્વના દેશોમાં અનેકવાર મોટા ચક્રવાત ઉત્પન્ન થાય છે. જમીન કે સમુદ્ર પર નીચી સપાટીએ ગરમીના કારણે હવા ગરમ થઈ પાતળી બની ઉપરની દિશામાં ગતિ કરે ત્યારે તે સ્થળે ખાલી પડેલી જગ્યા પૂરવા આસપાસની હવા ચક્રાકાર ધસી આવી, તે પણ ઝડપભેર આકાશ તરફ ગતિ કરે છે. આ હવાની સાથે ધૂળના રજકણો અને કચરો હોય છે. તે પણ સાથે ચક્રાકાર ઘૂમતા આકાશ તરફ જાય છે. આમ તે સ્થળે ઉપરની તરફ ચડતી હવાનો એક સ્તંભ રચાય છે અને તે આગળ વધે છે. તેના માર્ગમાં આવતાં ઝાડ, મકાનો અને વીજળીના થાંભલા પડી જાય છે. ચક્રવાત સમયે ક્યારેક વરસાદ પણ પડે છે. ચક્રવાતનો પવન કલાકના ૧૭૦થી વધુ કિ.મી.ની ઝડપે ગતિ કરતો હોય છે અને લગભગ ૮૦ મીટરનો વિસ્તાર સપાટામાં લઈ લે છે.

ચક્રવાતના ઘણા પ્રકાર છે. સમુદ્રની સપાટી પર ચક્રવાત સર્જાય ત્યારે તેની સાથે પાણી પણ ચક્રાકારે ફરતું આકાશ તરફ જાય છે. રડાર ડોપ્લરથી ચક્રવાતની આગાહી થઈ શકે છે. ચક્રવાતની તીવ્રતા માપવા માટે ખાસ સ્કેલ છે જેને ફયુજીરા સ્કેલ કહે છે. એફ-૫ પ્રકારના ચક્રવાત વધુ શક્તિશાળી હોય છે. પૃથ્વીના ઉત્તર ગોળાર્ધ ચક્રવાત ઘડિયાળની વિરૂધ્ધ દિશામાં ચકરાવો લે છે. દક્ષિણ ગોળાર્ધમાં ઘડિયાળના કાંટાની દિશામાં ઘૂમે છે. **૧૯૮૯માં બાંગ્લાદેશમાં માણેકગંજ જિલ્લામાં આવેલા ચક્રવાતને કારણે ૧૩૦૦ લોકોના મૃત્યુ થયા હતા. ઇતિહાસનો આ સૌથી વધુ ભોગ લેનાર ચક્રવાત હતો.**

## ઉત્તરાખંડની વેલી ઓફ ફ્લાવર્સ

હિમાલયની ગોદમાં આવેલું કાશ્મીર પૃથ્વી પરનું સ્વર્ગ કહેવાય છે. પરંતુ સમગ્ર હિમાલય પર્વતમાળા અને તળેટીમાં કુદરતી સૌંદર્ય અપરંપાર છે. ઉત્તરાખંડમાં આવેલા નંદાદેવી નેશનલ પાર્ક અને વેલી ઓફ ફલાવર હેરીટેજ સાઇટ્સમાં સ્થાન પામ્યા છે. ફૂલોની આ ખીણમાં કુદરતી સૌંદર્યનો ખજાનો છે.

હિમાલયના ઢોળાવ પર આવેલી આ ફૂલોની ખીણ ત્રણ વિભાગમાં વહેંચાયેલી છે. ૩૨૦૦થી ૩૫૦૦ મીટરની ઊંચાઈએ, ૩૫૦૦થી ૩૭૦૦ મીટરની ઊંચાઈએ અને ૩૭૦૦ કરતાં વધુ ઊંચાઈએ – એમ ત્રણ સ્તરમાં વિવિધ પ્રકારના વૃક્ષો અને ફૂલછોડ ઊગે છે. કેટલાક ફૂલો તો વિશ્વમાં ક્યાંય જોવા ન મળે તેવા છે. આ ખીણમાં ૬૦૦ જેટલાં ફૂલો તેના તેજાબી રંગો અને મનમોહક આકાર માટે જાણીતા છે. આ ખીણમાં નવી જાતના ૫૮ ફૂલછોડ પણ મળી આવ્યા છે. ગલગોટા, ડેઝી, ઓર્ચિડ્સ, પોપીઝ, પ્રિ-પુલાસા જેવા નામ ધરાવતા અલભ્ય ફૂલો આ ખીણમાં જોવા મળે. વિશ્વભરમાં ભાગ્યે જ જોવા મળતું બ્રહ્મકમળ આ ખીણમાં રચાય છે.

ફૂલોની ખીણમાં વનસ્પતિના વૈવિધ્યની સાથે ૧૩ જાતના

વિશિષ્ટ પ્રાણીઓ, ૧૧૪ જાતના સુંદર પક્ષીઓ માત્ર અહીં જ જોવા મળે છે. બરફમાં રહેનારા દીપડો, ઉડતી ખિસકોલી, લાલ શિયાળ અને હિમાલયના હરણ અહીંની વિશેષતા છે. પાંચ હજાર ચોરસ કિ.મી. કરતાં વધુ વિસ્તારમાં ફેલાયેલા આ નેશનલ પાર્કમાં નાના મોટા ઝરણાં, ધોધ, નદીઓ અને ખડકોથી સૌંદર્યમાં વધારો થાય છે. વિશ્વભરમાં માત્ર પ્રવાસીઓ જ નહીં પણ વનસ્પતિશાસ્ત્રીઓ, પ્રાણીશાસ્ત્રીઓ અને ભૂસ્તરશાસ્ત્રીઓ પણ આ ખીણની મુલાકાતે આવે છે.

## દેશ વિદેશનું અવનવું

★ એશિયાનો એક જ દેશ થાઈલેન્ડ એવો છે કે જ્યાં કદી પશ્ચિમી સત્તા નહોતી.

★ સૌથી ટૂંકુ યુદ્ધ ઈ.સ. ૧૮૯૬માં ઝાંઝીબાર અને ઈંગ્લેન્ડ વચ્ચે લડાયેલું. માત્ર ૩૮ મિનિટમાં જ ઝાંઝીબારે શરણાગતિ સ્વિકારેલી.

★ અમેરિકાએ અલાસ્કા વિસ્તાર રશિયા પાસેથી વેચાતો લીધેલો અને એક એકરના બે સેન્ટ ચૂકવેલા.

★ ફિનલેન્ડ સૌથી વધુ તળાવ ધરાવતો દેશ છે. ત્યાં લગભગ ૧,૮૭,૮૮૮ તળાવ છે. તમામ ૫૦૦ ચોરસ મીટરના છે. કેનેડામાં પણ બે લાખ કરતાં વધુ તળાવ છે. તળાવની વ્યાખ્યા ગૂંચવણભરી હોવાથી સૌથી વધુ તળાવ ધરાવતા દેશનું બિરૂદ વિવાદાસ્પદ છે.

## ખારા પાણીના જંગલ : મેન્ગ્રુવ

ઉષ્ણ કટીબંધના ગરમ પ્રદેશના દરિયા કિનારે જોવા મળતી મેન્ગ્રુવ વનસ્પતિ અન્ય વનસ્પતિ કરતાં જુદી હોય છે. તેના જંગલ પણ વિશિષ્ટ હોય છે. ખારા પાણીવાળી જમીન અને દરિયાકાંઠાની વિશિષ્ટ આબોહવાને કારણે આ વનસ્પતિ પણ વિશેષતા ધરાવે છે.

દરિયામાં ભરતી આવે ત્યારે કાંઠાની જમીન પર પાણી ભરાય છે. આ ખારા પાણીમાં ઘણી જાતની વનસ્પતિ થાય છે. તેના મૂળ અડધા પાણીમાં અને અડધા જમીનની બહાર હોય છે. ખારા પાણી પીને વિકાસ પામતી આ વનસ્પતિ મોટેભાગે ઘાસ જેવી લાંબી હોય છે. સમુદ્ર કાંઠાના તીવ્ર પવનો, ક્ષારવાળા વાતાવરણ અને ઓછા ઓક્સિજનવાળા વાતાવરણમાં કહેલી આ વનસ્પતિ ભરતી સમયે સમુદ્રના જોરદાર મોજાનો પણ સામનો કરે છે. ભારતમાં બંગાળના સુંદરવનના મેન્ગ્રુવ જંગલ વિશ્વપ્રસિદ્ધ છે. આ જંગલમાં ૫૦ જેટલી જાતની મેન્ગ્રુવ વનસ્પતિ થાય છે. તેના મૂળ કાદવ કીચડમાંથી જમીન તરફ ફેલાય છે. ઘણી વનસ્પતિને થડ હોતા જ નથી. મૂળિયાના સમૂહ જ થડની ગરજ સારે છે. મેન્ગ્રુવ વનસ્પતિનાં પાન ઓછા અને મૂળ વધારે હોય છે. ઓક્સિનિયા નામની વનસ્પતિને ત્રણ મીટર લાંબા છોડમાં હજારો મૂળ હોય છે. આ વનસ્પતિ પર્યાવરણ માટે ઉપયોગી છે. તે દરિયાકાંઠાના ધોવાણને અટકાવે છે.

## દરિયાના પાણીનું અવનવું

★ પૃથ્વીની સપાટીના મોટા ભાગમાં સમુદ્રો છે. સમુદ્રના પાણી અને પીવાલાયક પાણી વચ્ચે ઘણો ફેર છે. દરિયાના પાણીની કેટલીક વિશેષતાઓ છે.

★ દરિયાના ૧ કિ.ગ્રા. પાણી દીઠ લગભગ ૩૫ ગ્રામ ક્ષાર હોય છે.

★ દરિયાનું પાણી મોડું એટલે કે માઈનસ બે ડિગ્રીએ બરફ બને છે.

★ પૃથ્વી પર થતા મોટાભાગના ભૂકંપ દરિયામાં થાય છે. એટલે તે સતત ડહોળાયા કરે છે.

★ દરિયાના પાણીની ઉપલી ૧૦ ફૂટની સપાટી સમગ્ર વાતાવરણ જેટલી ગરમી ધરાવે છે.

★ સમુદ્રનું પાણી ભૂરા રંગનું ઓછું શોષણ કરે છે. એટલે તે ભૂરું દેખાય છે.


★ દરિયાના પાણીમાં અવાજના મોજા વધુ ઝડપથી ગતિ કરે છે.

★ દરિયાનું પાણી પીવાલાયક નથી. છતાં તેમાં હજારો જળચરો વસે છે.

★ દરિયાના પાણીમાં ૩૩ ફૂટની ઊંડાઈએ દર ચોરસ ઈંચે ૬.૬૬ કિલો વજનનું દબાણ હોય છે. ■


॥ શુભેચ્છા સહ... ॥
ગણેશ ચિક્કી પરિવાર - અમદાવાદ
હ. જયંતીભાઈ નીસર

# મહાભારત, ગીતા અને શ્રીકૃષ્ણ વિષયક પુસ્તકો

















| | | |
|---|---|---|
| ગીતામૃત (ભાગ-1 : અધ્યાય 1-2-3) | રતિલાલ બોરીસાગર, મનસુખ સલ્લા, હુંદરાજ બલવાણી | 225 |
| સપ્ત માતૃકા (મહાભારતનાં સાત માતા પાત્રોની સંવેદનકથા) (પુરસ્કૃત) | ઇલા આરબ મહેતા | 260 |
| મહાભારત એક આધુનિક દૃષ્ટિકોણ (બંગાળી) | અનુ. અનિલા દલાલ | 42 |
| મહાભારત-સાર | સ્વામી સચ્ચિદાનંદ | 400 |
| મહાભારતનું ચિંતન | સ્વામી સચ્ચિદાનંદ | 400 |
| મહાભારતની જીવનકથાઓ | સ્વામી સચ્ચિદાનંદ | 280 |
| શ્રીકૃષ્ણલીલારહસ્ય (પુરસ્કૃત) | સ્વામી સચ્ચિદાનંદ | 350 |
| મહાભારત ચરિત્રવિમર્શ | દર્શના ધોળકિયા | 120 |
| મહાભારત (મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વેદવ્યાસરચિત) | સંપા. મહેશ દવે | 225 |
| મહાભારત કથાવલિ 1-4 | કાન્તિલાલ એમ. શાહ | 800 |
| મહાભારતના પ્રસંગો (સચિત્ર) | રતિલાલ બોરીસાગર | 250 |
| શ્રીકૃષ્ણ ઉત્તર આપે છે | ભાણદેવ | 500 |
| હિમાલયમાં ઉદ્ધવજીની કૃષ્ણકથા | ભાણદેવ | 500 |
| શ્રીમદ્ ભાગવતનાં પાત્રો | ભાણદેવ | 350 |
| શ્રી કૃષ્ણની અલૌકિક લીલા | ભાણદેવ | 280 |
| શ્રીકૃષ્ણનું સુ-દર્શન | ગૌતમ પટેલ | 225 |
| ગીતા અને આપણા પ્રશ્નો | સ્વામી સચ્ચિદાનંદ | 200 |
| ગીતા ઔર હમારે પ્રશ્ન (હિન્દી) | સ્વામી સચ્ચિદાનંદ | 200 |
| ગીતાજીનું ચિંતન | સ્વામી સચ્ચિદાનંદ | 900 |
| ભાગવતનું ચિંતન | સ્વામી સચ્ચિદાનંદ | 190 |
| ગીતા નવનીતમ્ (પુરસ્કૃત) | સ્વામી અધ્યાત્માનંદ | 125 |
| ગીતા જીવનની આચારસંહિતા | મૃદુલા મારફતિયા | 180 |
| ભગવદ્ગીતા અને અર્વાચીન જીવન | ક. મા. મુનશી | 200 |
| ગીતા-અનુસરણ | શિલીન નંદુભાઈ શુક્લ | 450 |
| શ્રીમદ્ ભાગવદ્ કથા | કામિની વોરા | 335 |
| શ્રીમદ્ ભગવદ્ ગીતા (મૂળ શ્લોક-અર્થ સાથે) | સંપા. અચલા વોરા, આરતી સંતોષ કરાડે | 180 |
| શ્રીમદ્ ભગવદ ગીતા | ગિરાબહેન મનુભાઈ ત્રિવેદી | 95 |
| શ્રીમદ્ ભાગવદ પ્રસંગમંથન | અમિત ત્રિવેદી | 200 |
| શ્રીમદ્ ભાગવત મહાપુરાણમ્ (એકાદશ સ્કંધ) અધ્યાય 1થી 31 | પ્રમોદા ચોક્સી | 1675 |
| શ્રીકૃષ્ણ નવી દૃષ્ટિએ | વસંતરાય પી. સંઘવી | 70 |
| મહાભારત (મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વેદવ્યાસરચિત) | સંપા. મહેશ દવે | 225 |
| કૃષ્ણાવતાર-1-2-3 (પુરસ્કૃત) | ક. મા. મુનશી | 1900 |
| પ્રતિશ્રુતિ | ધ્રુવ ભટ્ટ | 350 |
| શ્રીમદ્ ભાગવત ગીતા | સંપા. રામજીભાઈ પટેલ | 600 |
| બાળકોનું મહાભારત (પુ. 2) | રમણલાલ ના. શાહ | 300 |
| ગીતાનું અમૃતઃ કર્મયોગ | દોલતભાઈ દેસાઈ | 100 |
| ગીતાનું અમૃતઃ કર્મયોગ | દોલતભાઈ દેસાઈ | 10 |
| ગીતાનું અમૃતઃ જ્ઞાનયોગ | દોલતભાઈ દેસાઈ | 10 |
| ગીતાનું અમૃતઃ ભક્તિયોગ | દોલતભાઈ દેસાઈ | 10 |
| શ્રીમદ્ ભગવદ્ગીતાનું અમૃત આચમન | દોલતભાઈ દેસાઈ | 40 |
| આપણી મૂંઝવણના ઉકેલઃ ગીતા | દોલતભાઈ દેસાઈ | 100 |
| આપણા દુઃખનું નિવારણઃ ગીતા | દોલતભાઈ દેસાઈ | 100 |
| જો ગીતાના સ્થિતપ્રજ્ઞ પંથે વીચરીએ તો સંસારસાગર આનંદે તરીએ | દોલતભાઈ દેસાઈ | 35 |
| શ્રીમદ્ ભગવદ્ ગીતા | સંપા. રામજીભાઈ પટેલ | 600 |
| ક્ષણે-ક્ષણે ભગવદ્ ગીતા (પુ. 3) | દોલતભાઈ દેસાઈ | 400 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com.
website : gspbooksmall.com

પ્રેરણાત્મક પ્રસંગો

# મણકો - ૨૨ : જે કામ હાથ પર હોય તેના ઉપર જ ધ્યાન આપવું
# મણકો - ૨૩ : પ્રતિભાઓની સાદાઈ

• સંકલન •
ડૉ. આશિષ ચોક્સી

## જે કામ હાથ પર હોય તેના ઉપર જ ધ્યાન આપવું

એક લેખક હતા. તેઓ કોઈ પણ પુસ્તક લખવાનું શરૂ કરે પછી પુસ્તક પૂરું થાય ત્યાં સુધી ફક્ત પુસ્તકના અને તેના વિષયના જ વિચારો આવવા જોઈએ તેવું માનતા. આથી જ્યારે પુસ્તકનું છેલ્લું એડિટીંગ કરતાં ત્યારે તેઓ ઘરે આવતું છાપું વાંચવાનું બંધ કરી દેતા, સામાજિક સંપર્કો કે મિત્રો સાથે ફોન પર વાત કરવાનું બંધ કરી દેતા. બસ ૧૫થી ૨૦ દિવસ માટે જયાં સુધી પુસ્તકને આખરી ઓપ અપાય ત્યાં સુધી દિવસ-રાત તેના જ વિચારો આવવા જોઈએ તેમ માનતા.

મગજને એ જ રીતે કેળવવાનું કે અન્ય ભારણ જ ના રહે. દસમા અને બારમા ધોરણની પરીક્ષાના આગળના જ દિવસે વિદ્યાર્થીને મળવાનું ટાળવું કારણ કે તેના પરીક્ષાના વિષયના વિચારોમાં બ્રેક ના પડવો જોઈએ. બ્રેક પડ્યા પછી મૂળ ટ્રેક પર આવતા ઘણીવાર વાર લાગતી હોય છે.

સુનિલ ગાવસ્કર બેટીંગમાં હોય ત્યારે તેમના વિશે એવું કહેવાતું કે તેમનું ધ્યાન ફક્ત બોલ પર જ હોય. તેમના કેટલા રન થયા છે તે તરફ તેમનું ધ્યાન પણ ના હોય. સદી પૂરી થયા પછી સામે છેડે રહેલ બેટ્સમેન અભિનંદન આપવા માટે આવે ત્યારે પોતાની સદી પૂરી થઈ છે તેનો ખ્યાલ તેમને આવે.

અત્યારની જનરેશન કામ કરતાં કરતાં મોબાઈલને જોવાની ટેવને કારણે કામ પર પૂરું ફોકસ કરી શકતી નથી.

• **છેલ્લો બોલ :**

એક જ વસ્તુમાં ધ્યાન આપી બધું ભૂલી જઈએ ત્યારે આપણા શરીર અને મનની સઘળી શક્તિ એક જ બિંદુ પર એકત્રિત થાય છે. ઊર્જાનો પ્રચંડ સ્રોત તે જ કામની પાછળ લાગેલો હોવાને કારણે તે કામ અદ્‌ભુત થવાનું જ.

## પ્રતિભાઓની સાદાઈ

★ ભૂતપૂર્વ સદ્‌ગત રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની એક વાત જાણવા જેવી છે. તેઓ નાણામંત્રી હતા ત્યારે તેમણે જ મનમોહનસિંહને આગળ કરી આર.બી.આઈ. ગવર્નર બનાવ્યા. સમય જતાં મનમોહનસિંહ પી.એમ. બની ગયા અને પ્રણવદા નાણામંત્રી જ રહ્યા. મનમોહનસિંહ પી.એમ. થયા પછી પણ કેબિનેટ મીટિંગમાં પ્રણવદાને 'સર' કહીને બોલાવતા. પ્રણવ મુખરજીએ મનમોહનસિંહને કહેલું, 'જો તમે મને 'સર' કહેશો તો હવે પછીની મીટિંગમાં હું નહીં આવું.' કોઈ પણ પાર્ટીના નેતાઓ સાથેના નમ્ર અને સુંદર સંબંધોને લીધે જ તેમના રાષ્ટ્રપતિ બનવા માટે વિરોધપક્ષોએ પણ સમર્થન આપ્યું હતું. દુનિયાના બધા જ કામો પ્રેમના ઉપયોગથી પૂરા થાય જ છે. કોઈને તકલીફ, પીડા કે નુકસાન પહોંચાડવું હોય ત્યાં જ બળ કે સત્તાનો ઉપયોગ કરવો પડે.

★ એક વખત મોતીલાલ નહેરૂ ૧૯૩૦ની આજુબાજુના સમયમાં અમદાવાદની મુલાકાતે આવ્યા હતા. તેઓ ગાંધીજીની મુલાકાતે ગાંધી આશ્રમ આવ્યા હતા. બપોરનો સમય હતો. ગાંધીજીએ આશ્રમમાં તેમને એક રૂમ આરામ કરવા આપ્યો. ઓરડો જોઈને મોતીલાલ નહેરૂ આશ્ચર્યચકિત થઈ ગયા. તેમણે ગાંધીજીને કહ્યું, 'આટલો સ્વચ્છ અને સુઘડ ઓરડો મેં દિલ્હીમાં કે આનંદભવનમાં પણ જોયો નથી.' ગાંધીજીએ મોતીલાલને એ ઓરડો સ્વચ્છ રાખનાર મહિલાની વાત કરી. એ ઓરડાનું ધ્યાન ગાંધી આશ્રમમાં સાદાઈ ભર્યું, સેવાભર્યું અને ત્યાગપૂર્ણ જીવન જીવતા સરદાર વલ્લભભાઈના દીકરી મણિબેન રાખતા.

★ ગુજરાતના પ્રખ્યાત સંગીતકાર-અભિનેતાની બેલડી મહેશભાઈ અને નરેશભાઈના એક પ્રોગ્રામમાં પ્રોગ્રામ આપનાર સંગીતકારો પોતાના સાધનો લઈને બે કલાક મોડા આવશે તેવા સમાચાર આવ્યા. આ વખતે મહેશ-નરેશે ખાલી ડબ્બો લઈને આંગળી પરની વીંટીની મદદથી ગીતસંગીત દ્વારા લોકોનું મનોરંજન કરાવ્યું હતું.

• **છેલ્લો બોલ :**

પ્રતિભા ક્યારેય આકસ્મિક નથી હોતી. સંસ્કાર, તાલીમ અને કઠોર પરિશ્રમનું પરિણામ હોય છે. ■

હાર્દિક શુભકામનાઓ સાથે...
**માતુશ્રી શાંતાબેન ખીમજી પ્રેમજી મહેતા પરિવાર (બેલા વારા) – અમદાવાદ**
**રસિકભાઈ – રજનીકાંત – હસમુખ ખીમજીભાઈ મહેતા**

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

## સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો
# મણકો - ૧૩ : મદનલાલ ધીંગરા

• લેખક •
રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ

*જન્મ : ૧૮ સપ્ટેમ્બર, ૧૮૮૩*
*વીરગતિ : ૧૭ ઓગસ્ટ, ૧૯૦૯*

મદનલાલ ધીંગરાનો જન્મ ૧૮મી સપ્ટેમ્બર ૧૮૮૩ના રોજ પંજાબના અમૃતસરમાં થયો હતો. તેમના પિતા ડૉ. દીત્તામલજી દેશવાસીઓમાં કાળા અંગ્રેજ તરીકે ઓળખાતા હતા. તેમનો મોટો દીકરો પણ એવો જ હતો. લંડન ગયા પહેલાં તો મદનલાલની વિચારધારા પણ એવી જ હતી. પરંતુ ત્યાં શ્યામજી કૃષ્ણવર્મા અને સાવરકરના સંપર્કમાં આવતાં મદનલાલમાં ચમત્કારીક પરિવર્તન આવ્યું. તેઓ અંગ્રેજ શાસનના કટ્ટર વિરોધી બની ગયા. માતૃભૂમિ માટે પોતાનું બલિદાન આપવા તલપાપડ થવા માંડ્યા. કેટલાકને તેમનામાં આવેલા આ પરિવર્તનમાં વિશ્વાસ ન બેઠો. કોઈએ એમને કહ્યું પણ ખરું, 'મદન, ક્રાંતિકારી બનીને કેવું કષ્ટ વેઠવાનું થાય છે એની ખબર છે?' જવાબમાં મદનલાલે કહ્યું, 'એ સહન કરવા હું તૈયાર છું.' કસોટીરૂપે મદનલાલની હથેળી સોંસરવી સોય પસાર કરવામાં આવી. મદનલાલના મોંમાંથી ઊંહકારો પણ ન નીકળ્યો. મદનલાલ હવે કસોટીની એરણમાંથી પસાર થઈ ગયેલા ઇન્ડિયા હાઉસના સભ્ય તરીકે ઓળખાવા લાગ્યા. સાવરકર હવે તેમને બહુ મોટું કામ સોંપવા માંગતા હતા. એ વખતે લંડનમાં નેશનલ ઇન્ડિયન એસોસિએશન નામની એક સંસ્થા અંગ્રેજ સરકાર ચલાવતી હતી. તેમાં લંડન અભ્યાસ માટે આવતા ભારતીય યુવકોને અંગ્રેજોના વફાદાર સેવકો બનાવવાની પ્રેરણા આપવામાં આવતી. આ સંસ્થાનો વડો હતો કર્ઝન વાયલી. થોડાં વરસો પહેલાં તે ભારતમાં ફરજ બજાવતો હતો ત્યારે એણે દેશવાસીઓ ઉપર અત્યાચાર ગુજારવામાં કશું બાકી રાખ્યું નહોતું. ઇન્ડિયા હાઉસ વતી કર્ઝન વાયલીને ઠાર કરવાનું કામ મદનલાલે પોતાને માથે લીધું. કર્ઝન આમ તો મદનલાલના પિતાનો મિત્ર હતો. મદનલાલની ક્રાંતિકારીઓ સાથેની સાંઠગાંઠથી એ સખત નારાજ હતો. તેના પિતાને આ બાબતે તેણે અનેક વખત ફરિયાદ પણ કરી હતી. ૧ જુલાઈ, ૧૯૦૯નો દિવસ. સુંદર સ્યૂટ અને માથે પાઘડી પહેરીને મદનલાલ બરાબર આઠ વાગ્યે જહાંગીર હોલમાં પહોંચી ગયા. અંગ્રેજ મિત્રો સાથે હળીમળીને વાતો કરવા માંડ્યા. કોઈને ગંધ પણ ક્યાંથી આવે કે મદનલાલના ખિસ્સામાં પિસ્તોલ હશે. રાતના અગિયાર વાગ્યા સુધી સમારોહ ચાલ્યો. કાર્યક્રમ પૂરો થયો કે મદનલાલ કર્ઝન વાયલી પાસે આવ્યા. કર્ઝને માન્યું કે મિત્રનો દીકરો પોતાને મળવા આવ્યો છે. ત્યાં તો ધડાધડ કરતી બે ગોળીઓ તેની છાતીમાં ઘૂસી ગઈ. કર્ઝન ત્યાં જ ઢળી પડ્યો. આટલું થયા પછી પણ મદનલાલ સહેજ પણ ભયભીત ન થયા. ઘડીક તો કોઈ માની ન શક્યું કે ગોળીબાર ખરેખર તેમણે કર્યો છે! ધરપકડ કરીને તેમના પર કેસ ચલાવવામાં આવ્યો. અને આખરે લંડનની ધરતી પર ૧૭મી ઓગસ્ટ ૧૯૦૯ના રોજ આ મહાન ક્રાંતિકારીને ફાંસીએ લટકાવી દેવામાં આવ્યા. ■

## કચ્છમાં સર્વાંગી વિકાસનો જેટયુગ

**(અનુસંધાન : પાના નં. – ૫૩ ઉપરથી ચાલુ)**

૭૦ દુકાનો ડ્રેસ મટીરીયલ્સ તથા સાડીઓની છે. કચ્છી બાંધણી સુવિખ્યાત છે. રૂપિયા પંદર હજાર સુધીની સાડીઓ ઉપલબ્ધ છે. બીજી તરફ અંજારના સૂડી-ચપ્પુની આગવી ઓળખ વિશ્વભરમાં છે.

- **કચ્છમાં ઔદ્યોગિક ક્ષેત્રની ઉજ્જવળતા :**

કચ્છમાં ભૂકંપ પહેલા ઔદ્યોગિક રોકાણ ૨૫૦૦ કરોડ હતું જે વધીને હવે ૧.૪૦ લાખ કરોડ થયું છે. અદાણી સહિત પ્રત્યેક મોટા ઉદ્યોગ કચ્છમાં છે. ખાસ કરીને એન્જિનિયરીંગ, સિમેન્ટ, પાવર પ્લાન્ટ, જીંદાલ ગ્રુપ, સાંઘી ગ્રુપ, વેલસ્પન ગ્રુપ, અજન્ટા મેન્યુફેક્ચરીંગ ગ્રુપ ખાસ કાર્યરત છે.

- **ધોરાડ અને ઘુડખરથી કચ્છ સુવિખ્યાત :**

૪૫,૬૫૨ ચો.કિ.મી. સરહદી કચ્છ જિલ્લામાં ૨૩,૪૫૨ ચો.કિ.મી. મેદાની પ્રદેશ છે. ૧૯,૩૦૦ ચો.કિ.મી. રણવિસ્તાર છે. ઘુડખર અભયારણ્ય ૧૭૮ પક્ષી પ્રજાતિનું ઘર છે. સુરખાબ નગરી એશિયા ખંડમાં માત્ર કચ્છમાં છે. ગુજરાતનો ૬૮ ટકા ચેરિયા વિસ્તાર કચ્છમાં છે.

- **પ્રકીર્ણ :**

કચ્છમાં મીઠાનું ઉત્પાદન દેશના ૬૫ ટકા છે. જે ૧૫૦૦ કરોડ વિદેશી હુંડિયામણ કમાઈ આપે છે. હાલે ભુજમાં સ્મૃતિવન તથા અંજારનું વીર બાળ સ્મારક ભીષણ ભૂકંપની સ્મૃતિમાં સાકાર થયું છે. સ્મૃતિવન ૪૭૦ એકર વિસ્તારમાં છે.

*લીમડા લાઇન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

એરિસ્ટોક્રેટ્સ

## એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૧૦ ★ ઓસવાલ શ્રેષ્ઠી – ૩

# રાજકુમાર ઉત્પલદેવને દેશનિકાલ કરવામાં આવ્યા

● લેખક ●
દેવેન્દ્ર પટેલ

ઓસવાલ વંશના આદિપુરુષ ભિન્નમાલના ક્ષત્રિય રાજકુમાર ઉત્પલદેવ હતા જેમણે ઓસિયા વસાવ્યું. ભિન્નમાલના રાજા ઉત્પલદેવના પિતાનું નામ ક્યાંક ભીમસેન અપાયું છે તો ક્યાંક દેશલદે.

ઓસવાલ જાતિની ઉત્પત્તિ અંગે વહીભાટો (વહીવંચા) કે ચારણોએ વર્ણવેલી કથા આ પ્રમાણે છે :

આબુ પર્વતના અગ્નિકુંડમાંથી ચાર ક્ષત્રિય વીર પ્રગટ થયા. તેમનાથી ક્રમશઃ ચૌહાણ, પરમાર, પઢિયાર અને સોલંકી રાજકુંવરોનું પ્રવર્તન થયું. પરમાર વંશના રાજા ધાંધુજી જૂનાગઢ (બાડમેર પાસે)ના શાસક હતા. તેમને બે રાણીઓ હતી. પહેલી પટરાણી માધોસિંહજીની કન્યા હતી. બીજી રાણી ભાટી સામંત જોગીદાસની કન્યા હતી. પહેલી રાણીથી બે સંતાન થયાં : (૧) ઉત્પલદેવ અને (૨) જોગાકુંવરબાઈ. બીજી રાણીથી બે સંતાનો થયાં : (૧) ત્કાંધરાવ અને (૨) સાંતરાવ.

એકવાર ઉત્પલદેવ અને તેમના મિત્રો સેર કરવા નીકળ્યા. રસ્તામાં પનિહારીઓ મળી. રાજકુમારને મજાક સૂઝી. તેઓ બોલ્યા : 'અમારા રાજ્યમાં માટીના ઘડાનું શું કામ છે?' – એમ કહી રાજકુમારોએ તેમના માટીના ઘડા ફોડી નાખ્યા.

પનિહારીઓનાં વસ્ત્ર ભીંજાઈ ગયાં.

એ બધી યુવતીઓએ ઘેર જઈ ફરિયાદ કરી. વડીલો નારાજ થયાં : 'જ્યાં બહેન-દીકરીઓની ઈજ્જત ના હોય ત્યાં કેવી રીતે રહેવાય?'

વડીલોએ રાજ છોડવા નિર્ણય કર્યો. આ વાત રાજાના કાન સુધી પહોંચી. રાજાએ ગામના વડીલોને તેડાવી કહ્યું : 'જે કાંઈ થયું છે તે ખોટું થયું છે. આવું ફરી નહીં થાય તેની ખાતરી આપું છું.' રાજાએ બધા જ પરિવારોને ધાતુના નવા ઘડા આપ્યા અને વિદાય કર્યા.

પરંતુ રાજકુમાર ઉત્પલદેવ અને રાજકુમારોએ બીજા દિવસે એવી જ મજાક રાજપુરોહિતની કન્યા સાથે કરી. બ્રાહ્મણ કન્યાનો પણ માટીનો ઘડો ફોડી નાંખ્યો. રાજપુરોહિતે પણ રાજ છોડી અન્યત્ર ચાલ્યા જવા નિર્ણય કર્યો. રાજાએ આ સમાચાર મળતાં જ રાજપુરોહિતને બોલાવી તેમની ફરિયાદ સાંભળી. વાતની ખરાઈ કર્યા બાદ તેમણે રાજકુમારોને દેશનિકાલ કરવાનો હુકમ કર્યો.

રાજકુમાર ઉત્પલદેવ ૧૨ વર્ષ માટે દેશનિકાલ થયા. તેઓ કાળી ઘોડી લઈ તેમના સંગી, સાથી અને યુવરાજ્ઞીને લઈને નીકળી ગયા. ત્રણસો જેટલાં ગાડાંઓનો કાફલો દૂરના ઓસિયા ગામે પહોંચ્યો. થાકેલા ઉત્પલદેવ સૂઈ ગયા. રાત્રે સ્વપ્નમાં કુળદેવીએ પરચો આપ્યો : 'આ જગા છોડીશ નહીં. અહીં નગર વસાવો. અહીં પાણી નથી, પરંતુ તારા પલંગ નીચે સગર રાજાએ બાંધેલો કૂવો છે. ત્યાં કૂવો ખોદ. ૬૦ ડગલાં ઉત્તરે ખોદતાં ધનના ૯૯ ચરૂ મળશે.'

ઊંઘ પૂરી થઈ ગઈ.

રાજકુંવર ઉત્પલદેવ સવારે ઊઠ્યા ત્યારે તેમના લલાટ ઉપર કેસરનાં તિલક હતાં. બીજા સાથીઓના કપાળ ઉપર કંકુનાં તિલક હતાં. બધાને કુળદેવીના પરચા ઉપર શ્રદ્ધા બેઠી.

સ્વપ્નમાં કુળદેવીએ કહ્યું હતું તે પ્રમાણે રાજકુમારના પલંગ નીચે કૂવો શોધવા ખોદકામ હાથ ધરવામાં આવ્યું. કૂવો તો મળી આવ્યો પણ પાણી ખારું નીકળ્યું.

બીજા દિવસે રાત્રે સ્વપ્નમાં કુળદેવીએ ફરી પરચો આપ્યો : 'તેં દેવીને ચડાવો કર્યો નથી. પૂજા-પાઠ કર્યા નથી માટે પાણી ખારું નીકળ્યું. એ વિધિ પતાવ. ત્યારબાદ પાણી મીઠું થઈ જશે. તારા સરદારો સાથે ઘોડી પર બેસી તારાથી ફરી શકાય તેટલાં ગામ ફરી લેજે. ત્યાં સુધી તારું રાજ થશે. ત્યારબાદ દેવીનું મંદિર બનાવજે, તે પછી તારો મહેલ.'

રાજકુમાર ઉત્પલદેવે બીજા જ દિવસે કુળદેવીની પૂજા અર્ચના કરી ચડાવો ધરાવ્યો. ત્યારબાદ તેઓ પોતાના સાથીઓ સાથે ઘોડી પર બેસી આસપાસનાં ગામોમાં ફરી વળ્યા અને એ વિસ્તારમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. કુળદેવીની સૂચના પ્રમાણે તેમણે પહેલાં દેવીનું મંદિર બનાવ્યું. દેવીનો પરચો સાચો નીકળ્યો હોવાથી તે મંદિર "સચિયા દેવી' તરીકે ઓળખાય છે.

આ કથાનાં અનુસાર ઉત્પલદેવે સંવત ૧૮૪માં સચિયા માતાના મંદિરનો પાયો નાંખ્યો હતો. મંદિર બંધાતાં ૧૮ વર્ષ લાગ્યાં હતાં.

અલબત્ત, ૧૮ વર્ષના દેશનિકાલ દરમિયાન તેમણે ઘણી તકલીફો પણ સહી પરંતુ જીવનમાં ભારે પરિવર્તન બાદ ૧૨મા વર્ષે દેશનિકાલની સમયમર્યાદા પૂરી થતાં તેઓ પોતાનાં માતા-પિતાનાં દર્શન કરવા પિતાના રાજમાં ગયા. તે પહેલાં તેમણે વધુ એક વિવાહ ઓસિયામાં કર્યો હતો. બંને રાણીઓને તેઓ પોતાની સાથે લઈ ગયા. પિતાના રાજ 'કાંકડ' પર તેમણે પડાવ નાંખ્યો. તેમણે કાસદ દ્વારા માતા-પિતાને સંદેશો મોકલ્યો. પિતાની બીજી રાણીએ આ સંદેશો સાંભળ્યો ત્યારે તેણે વિચાર્યું

કે, 'પટરાણીનો પુત્ર ઉત્પલદેવ આવ્યો છે તેથી તેને જૂનાગઢ અને ઓસિયા એમ બંનેનું રાજ મળશે. મારા પુત્રને તો કાંઈ જ નહીં મળે.'

નાની રાણી એટલે સાવકી માએ ઉત્પલદેવને ખતમ કરી નાંખવા ષડયંત્ર રચ્યું. તેમણે મિનમખારો (જલ્લાદો)ને બોલાવીને કામ પાર પાડવાની યોજના સમજાવી દીધી. બીજી બાજુ રાજા પાસેથી એક દિવસનું શાસન માંગી લીધું.

પહેરેદારોને સૂચના આપી કે, 'આજે કોઈ પણ વ્યક્તિ શસ્ત્ર લઈને મહેલમાં પ્રવેશવો ન જોઈએ.'

ઉત્પલદેવ પિતાની આજ્ઞા મળતાં નગરમાં પ્રવેશ્યા. પહેરેદારોએ ઉત્પલદેવનાં શસ્ત્રો લઈ લીધાં. તેઓ જેવા મહેલમાં પ્રવેશ્યા તેની સાથે જ મિનખમારોએ તલવારથી ઉત્પલદેવનું મસ્તક કાપી લીધું. ચારેકોર વાયુવેગે સમાચાર ફેલાઈ ગયા. ઉત્પલદેવની બંને રાણીઓએ કલ્પાંત કર્યું. શોકાતુર પ્રજાજનોએ ઉત્પલદેવના મૃતદેહને અગ્નિસંસ્કાર માટે ચિતા પર ગોઠવ્યા. ચિતા પ્રગટાવવામાં આવી અને એ જ ક્ષણે ઉત્પલદેવની રાણીને સત પ્રગટ થયું. હાથમાં સળગતા અંગારા લઈ સતનાં પારખાં આપ્યાં. તેમણે શાપ આપ્યો : 'રાજા ધાંધુજીની બીજી રાણી જાયાનો વંશ હવે ના રહેજો. ભાઈઓમાં પ્રેમ ના રહેજો.'

ઉત્પલદેવની બંને રાણીઓએ પતિ પાછળ સતી થવા વિચાર કર્યો, પરંતુ નાની રાણી સતી ના થઈ શક્યા કારણ કે તે ગર્ભવતી હતી. મોટી રાણી સતી થઈ પરંતુ નાની રાણી ઓસિયા પાછી આવી અને એક બાળકને જન્મ આપ્યો. તેને ભગવાનસિંહ એવું નામ આપવામાં આવ્યું.

બીજી બાજુ ઉત્પલદેવના પિતાના રાજ પર રાઠોડોએ હુમલો કરી કાંધરાવ પાસેથી શાસન છીનવી લીધું.

આ ઘટનાનાં કેટલાંક વર્ષો બાદ જૈન મુનિ આચાર્યશ્રી રતિસૂરીશ્વરજી મહારાજ ઓસિયા ગામ આવ્યા. તેઓ અહીં પૂરા ચાર માસ સુધી તપ આરાધના કરતા રહ્યા. તેમના શિષ્યો એક દિવસ ગોચરી (ભિક્ષા) માટે નીકળ્યા પણ ક્યાંયથી ગોચરી ના મળી. આખરે તેઓ એક સુથારના ઘેર પહોંચ્યા. શિષ્યોએ કહ્યું : 'અમે જૈન સાધુઓ છીએ. સિંધથી આવ્યા છીએ અને કચ્છ જઈ રહ્યા છીએ.'

સુથારને દયા આવી. એણે જૈન સાધુઓને ગોચરી આપી.

શિષ્ય બીજા દિવસે પણ એ જ સુથારને ત્યાં ગોચરી લેવા માટે ગયો તો સુથારે સાધુના હાથમાં કુહાડી પકડાવી દેતાં કહ્યું : 'પહેલાં જંગલમાં જઈ લાકડું કાપી લાવો.'

જૈન સાધુ યુવાન હતો. તે જંગલમાં જઈ લાકડાં કાપી લાવ્યો. સુથારે થોડી ગોચરી આપી. નગરમાંથી બીજું કોઈ ગોચરી આપતું નહોતું. પૂરા ચાર મહિના સુધી શિષ્ય સુથારના ઘેર જતો. શિષ્ય જંગલમાં જઈ લાકડાં કાપી લાવતો અને બદલામાં ગુરૂજી માટે ગોચરી થઈ જતો.

આચાર્યના તપ-આરાધના હવે પૂરા થયા. તેમણે શિષ્યને થાકેલો અને દૂબળો પડી ગયેલો જોયો. કારણ પૂછ્યું તો શિષ્યે ચાર મહિનાની વીતક કથા કહી. ગુરૂજીને ક્રોધ આવ્યો. તેમણે પોતાના તપોબળથી નગરને નષ્ટ કરવા વિચાર્યું. પરંતુ ધર્મની પ્રભાવના માટે તેમને તેમ કરવાના બદલે શિષ્યે બીજો રસ્તો અપનાવવા સમજાવ્યા.

આચાર્યશ્રીએ રૂની પૂણીનો સર્પ બનાવ્યો. મંત્રબળથી તેને જીવતો કર્યો અને રાજા પર છોડી દીધો. એ સર્પે મરનાર રાજા ઉત્પલદેવની બીજી રાણીના પુત્ર ભગવાનસિંહને ડસી લીધો.

ફરી હાહાકાર થઈ ગયો.

ભગવાનસિંહ મૃત્યુ પામ્યો હતો. લોકો તેની 'વૈકુંઠી' બનાવી મૃતદેહને સ્મશાનમાં લઈ જતા હતા ત્યાં જ રસ્તામાં જૈન આચાર્યનો શિષ્ય મળ્યો. શિષ્યે તેમને રોકી લીધા અને ભગવાનસિંહનું મૃત્યુ થયું હોઈ દુઃખી થઈ એ મૃતદેહને પોતાના આચાર્ય પાસે લઈ જવા લોકોને સમજાવ્યા. શિષ્ય તથા લોકોએ જૈન આચાર્યને પ્રાર્થના કરી કે, 'બાળકને જીવતો કરો.

આચાર્યશ્રી પીગળી ગયા.

તેમણે પોતાના મંત્રબળથી યુવાનને જીવતો કરી દીધો. બસ, એ જ ક્ષણથી ભગવાનસિંહ અને તેમના સામંતોએ જૈન ધર્મ અંગીકાર કર્યો. એ જ રીતે ભગવાનસિંહ અને તેમના સામંતોએ હિંસાનો ત્યાગ કર્યો. સચિયામાતાને એ વખતે બકરા ચડાવવામાં આવતા હતા તે બંધ કરવામાં આવ્યા. પરિણામે દેવી ક્રુદ્ધ થયાં. દેવી આચાર્ય પાસે ગયાં. પરંતુ ગુરૂએ કહ્યું : 'ખાજાંનો કરો ખાકો, ખોપરાનો ભૂકો અને મીઠી લાપસીનો ડેરો.' એ દિવસથી પશુબલિનો રીવાજ બંધ થયો અને સચિયા માતાને ખાજાં, શ્રીફળ અને લાપસીનો ચડાવો કરવાનો રીવાજ ચાલુ થયો.

સચિયાદેવી હજુ નારાજ હતાં. તેમણે શાપ આપ્યો : 'ત્રણ દિવસમાં ગામ ખાલી કરો.' ઉત્પલદેવના પુત્ર ભગવાનસિંહ હવે જૈન બની ગયા હતા. તેમણે ઓસિયા છોડી દીધું અને સાંડ્યા ગામે જઈ મજદૂર બની જવાનું પસંદ કર્યું. તેમના પુત્ર લાભરાજ સામંત જઈ વસ્યા અને ત્યાં અકસ્માતે જ વૈદું કર્યું અને 'વૈદ્ય' ગોત્રનો આરંભ કર્યો.

આવી છે ઓસવાલોના સંસ્થાપક ક્ષત્રિય રાજકુમાર ઉત્પલદેવ, તેમના પુત્ર ભગવાનસિંહ અને જૈન આચાર્ય રત્નપ્રભસૂરિના પ્રતિબોધની ભાટચારણોએ કહેલી એક બીજી કથા. ■

નૂતન માહિતી

# મધર્સ મિલ્ક બેંક

## નવજાત શિશુને પારકીમાનું ધાવણ આપતી "માતૃ દૂગ્ધ પેઢી"

ભાલચંદ્ર જાની

મુંબઈમાં મિલ વિસ્તાર લાલબાગમાં રહેતી સવિતાબાઈની કૂખે દીકરો અવતર્યો તોય ચહેરા પર પુત્રજન્મની ખુશીની કોઈ ઝલક જણાતી નહોતી. ડિલીવર થઈ ગઈ કે તરત જ નર્સે બાળકને અલાયદા વોર્ડમાં ખસેડવું પડ્યું કારણકે સવિતાબાઈ સ્તન કેન્સરની બીમારીથી પીડાતી હતી અને એવા સંજોગોમાં સવિતાબાઈ દીકરાને ધવડાવે નહીં એનું ખાસ ધ્યાન રાખવાનું હતું.

રાણીકાદેવીને અધૂરે મહિને પ્રસૂતિ થઈ એટલે ડૉક્ટરે તેની બેબીને પણ નિયોનાટોલોજી વિભાગમાં ખસેડવી પડી. માતા બન્યા છતાં રાણીકાદેવીના સ્તનમાંથી માતૃત્વ ઊભરાતું જ ન હોય તો નવજાત પુત્રીને પોષણ ક્યાંથી આપી શકે?

મનીષાબેનને કોલેરા થયાનાં લક્ષણો દેખાયાં એટલે નર્સે તેમની નવી જન્મેલી બેબીને પણ તેમનાથી અળગી કરી દીધી. રખેને માતાનો ચેપ દીકરીને લાગે તો...! મનીષાબેને ઘણા વલખાં માર્યા પરંતુ ડૉક્ટર નાઈલાજ હતા. બાળકને બચાવી લેવાનું આવું કઠણ પગલું ભર્યે જ છૂટકો.

આપણા દેશમાં સવિતાબાઈ, રાણીકાદેવી અને મનીષાબેન જેવી લાખ્ખો અભાગી માતા પોતાની અદમ્ય ઇચ્છા હોવા છતાં પ્રસુતિ પછી સંતાનને સ્તનપાન કરાવી શકતી નથી. એક યા બીજા કારણસર તબીબો માતાને તેના નવા જન્મેલા બાળકથી અલગ રાખે છે. પ્રસુતિ દરમિયાન ઊભી થયેલી કોઈ ગૂંચને કારણે ધનુર્વા થયો હોય તેથી અથવા બીજી કોઈ બીમારીને લીધે બાળકના જન્મ પછી ટુંકા ગાળામાં માતાએ પ્રાણ ત્યજી દીધા હોય એવા સંજોગોમાં તો એ કમનસીબ સંતાન આજીવન માતાના દૂધથી વંચિત રહી જાય છે. **આવા એક યા બીજા કારણસર સ્તનપાનને અભાવે ભારતમાં દર વર્ષે ૫૦ લાખ બાળકો મરણ પામે છે. અસંખ્ય બાળકો કમપોષણના શિકાર બની કાયમ માટે પાંગળા બની જાય છે.**

કોઈ કારણસર માતા પોતાના બાળકને સ્તનપાન ન કરાવી શકે તો વિદેશોમાં 'વેટનર્સ' (બીજાના બાળકને ધવડાવતી દાઈ)ની સેવા લેવાની પ્રથા અસ્તિત્વમાં છે. આપણે ત્યાં પણ દાઈ તરીકે બીજી સ્ત્રીનો ઉપયોગ કરવાનું જમાનાઓથી ચાલ્યું આવે છે.

૧૭મી સદીમાં યુરોપના શાહી પરિવારની સ્ત્રીઓ શરીર સૌંદર્યને ખાતર બાળકને ધવડાવવાનું ટાળતી ત્યારે 'વેટનર્સ'નો વ્યવસાય બહુ ચગ્યો હતો. અરે, રાજ પરિવારના ચિરાગ ગણાતા બાળકને પૂરતું પોષણ મળી રહે અને તેના ઉછેરમાં કોઈ કચાશ ન રહે એ માટે તેમને ધવડાવનારી દાઈઓ વિશે ખાસ નિયમો ઘડી કાઢવામાં આવ્યા હતા. પરંતુ આજના સમયમાં પરાઈ સ્ત્રી કોઈના બાળકને ધવડાવે એવું શક્ય રહ્યું નથી એટલે તેના માટે એક નવી જ વ્યવસ્થા ગોઠવાઈ છે.

રક્તદાતાઓનું લોહી સંઘરી જરૂરતમંદોને રક્ત પૂરું પાડનારી બ્લડ બેંક હવે ઠેરઠેર જોવા મળે છે. મૃત વ્યક્તિના દાનમાં મેળવેલા ચક્ષુ જમા કરતી નેત્ર બેંકોની સંખ્યા પણ દેશમાં વધી રહી છે. હમણાં સુધી વિદેશમાં જોવા મળતી અસ્થિ બેંક, ત્વચા બેંક અને પુરુષના વીર્ય સાચવતી સ્પર્મ બેંક જેવી સંસ્થા પણ ભારતમાં પાંગરી છે. માનવ ત્વચાનો સંગ્રહ કરતી દેશની સર્વપ્રથમ સ્કીન બેંક મુંબઈમાં ખૂલી છે અને ભારતમાં તબીબી ક્ષેત્રે એક નવો ચીલો પાડતી બેંક દાયકા પૂર્વે મુંબઈમાં શરૂ થઈ છે : 'બ્રેસ્ટ મિલ્ક બેંક!' આવી જ એક 'માતૃ દૂગ્ધ બેંક' વડોદરાની કાશીબા ચિલ્ડ્રન હોસ્પિટલમાં ખૂલી છે.

આનંદની વાત એ છે કે મુંબઈ શહેરની જરૂરિયાતને ધ્યાનમાં રાખી હવે એકના બદલે ચાર-ચાર બ્રેસ્ટ મિલક બેંક શહેરમાં કાર્યરત છે. સાયન હોસ્પિટલ પછી હવે વાડિયા, કે.ઈ.એમ. અને હવે (૧૮મી ફેબ્રુઆરીથી) જે. જે. હોસ્પિટલમાં પણ માનવદૂધ સંકલન કેન્દ્ર શરૂ થયું છે.

નામ પ્રમાણે જ આ સંસ્થા સ્ત્રી સ્તનમાંથી પ્રાપ્ત કરાયેલા દૂધનો સંગ્રહ કરી જરૂરતમંદ બાળકોને માનવ દૂધ પૂરું પાડવાની સેવા બજાવે છે. 'માતૃ દૂગ્ધ પેઢી' – આ સંસ્થાનું સંચાલન મુંબઈની લોકમાન્ય ટીળક જનરલ (સાયન) હોસ્પિટલ કરી રહી છે. શૈશવકાળમાં બાળકને માતાના દૂધની અતિ આવશ્યક્તા હોય છે. જન્મ પછી ત્રણ મહિના સુધી માતાનું દૂધ જ બાળકનો એકમાત્ર પોષક આહાર ગણાય છે.

'જનનીના દૂધની તોલે તો અમૃત પણ ન આવે' – એ ઉક્તિ અનુભવના આધારે પ્રચલિત થઈ છે. સવાસો વરસ પહેલાં ડૉ. ઓલિવર વેન્ડલ હોમ્સે લખ્યું હતું કે વિદ્વાન પિતાના મગજના બે અર્ધગોળાર્ધ કરતાં માતાના સ્તનરૂપી બે ગોળાર્ધ બાળક માટે વધુ પોષણ પેદા કરે છે. આ વિધાન પરત્વે લગભગ એક સદી સુધી કોઈએ ગંભીર રીતે વિચાર્યું નહીં. તબીબી શિક્ષણમાં પણ આ હકીકતની ઉપેક્ષા થઈ હતી. પરંતુ પાછલા ત્રણ દાયકામાં બ્રેસ્ટ ફિડિંગના ફાયદા વિશે મેડિકલ સાયન્સે ઘણી જાણકારી પ્રાપ્ત કરી લીધી. એટલું જ

નહીં, તેનો મહિમા સમજીને સ્તનપાનનો જોરશોરથી પ્રચાર પણ વિદેશોમાં થવા લાગ્યો છે.

સાયન હોસ્પિટલ ખાતે 'માતૃ દૂગ્ધ પેઢી' હજુ તો તેમની પોતાની જરૂરિયાતને પણ પહોંચી વળે તેમ નથી. હોસ્પિટલના પ્રસુતિ વિભાગમાં દર વર્ષે અંદાજે ૧૦થી ૧૨ હજાર ડિલીવરી થાય છે. આ હોસ્પિટલના પાંચ વર્ષમાં ૧૦,૦૦૦થી વધુ નવજાત શિશુઓને દુગ્ધદાનનો લાભ મળ્યો છે.

વર્ષ ૨૦૧૯થી ૨૦૨૪ના પાંચ વર્ષના ગાળામાં ૪૩,૪૧૨ માતાઓએ દૂધ દાન કર્યું હતું. જેના પ્રતાપે લગભગ ૪૧૮૪ લીટર દૂધ આ બેંકમાં જમા થયું હતું. જેનો લાભ ૧૦,૫૨૩ નવજાત શિશુઓને મળ્યો હતો. સુધરાઈની હોસ્પિટલ હોવાને નાતે રુગ્ણાલયમાં પ્રસુતિ માટે આવનારી મોટાભાગની સ્ત્રીઓ સમાજના નીચલા ગરીબ, મજૂર વર્ગમાંથી આવે છે. પોષણના અભાવે આ કમજોર સ્ત્રીઓમાંથી ૪૦ ટકા પ્રસુતિ પછી નવજાત શિશુને સ્તનપાન કરાવવાની સ્થિતિમાં હોતી નથી. તેમાં પ્રિમેચ્યોર (અધૂરા મહિને જન્મતા) બાળકોની સંખ્યા વિશેષ હોય છે. આવાં બાળકને ઉગારી લેવા માટે માતાના દૂધ સિવાય બીજો કોઈ પર્યાય નથી. જો એક યા બીજી સ્ત્રીનું દૂધ બાળકને આપી ન શકાય તો બીજી સારવાર થકી બાળક મહિનાથી વધુ સમય જીવિત રહી શકતું નથી.

વિદેશોમાં વ્યાપક પ્રચાર તથા તબીબોના અથાગ પ્રયાસને કારણે બ્રેસ્ટ મિલ્ક બેંકોની સંખ્યા અને દૂધનો પુરવઠો સતત વધતો રહ્યો છે. સ્તનપાન ન કરાવવાથી બ્રેસ્ટ કેન્સર થાય છે તેવું જાણ્યા પછી તો સુધરેલા દેશોની સુગાળવી સ્ત્રીઓમાં એવી ફડક પેસી ગઈ છે કે એકવાર આધુનિકતાને બહાને લુપ્ત થઈ ગયેલી બ્રેસ્ટ ફિડિંગની ફેશન ફરીથી પ્રચલિત થઈ છે. એટલું જ નહીં, પોતાના શિશુને સ્તનપાન કરાવ્યા પછી સ્ત્રીઓ હવે વધારાનું દૂધ માતૃ દુગ્ધ પેઢીને દાન કરવા લાગી છે. ન્યુયોર્કની 'મધર મિલ્ક બેંક'ના સંચાલક કહે છે, 'અમારે ત્યાં દૂધની આવક વધી ગઈ તેની સામે જાવક ઓછી થઈ. કારણકે વધુને વધુ સ્ત્રીઓ હવે સ્તનપાનનું મહત્ત્વ સમજી બાળકને ધવડાવવા લાગી છે.' **એટલે જ મિલ્ક બેંકમાંથી પોતાના સંતાન માટે દૂધ લઈ જતી સ્ત્રીઓનું પ્રમાણ ઘટ્યું. જ્યારે દૂધ આપવા આવતી મહિલાઓનું પ્રમાણ વધી રહ્યું છે.**

યુરોપ-અમેરિકામાં તો બ્રેસ્ટ મિલ્ક બેંકની સેવા નાના ગામડાંઓ સુધી વિસ્તરી છે. ભારતમાં આ પ્રકારની સેવા અત્યંત આવશ્યક હોવા છતાં કોણ જાણે કેમ તબીબો દ્વારા કે સરકારી સ્તરે આ દિશામાં હજુ સુધી કોઈ સચોટ પગલાં નથી લેવાયા. અલબત્ત ગુજરાતમાં ગાંધીનગર ઉપરાંત સુરત, વડોદરા, વલસાડમાં મધર્સ મિલ્ક બેંક કાર્યરત છે. ગુજરાતમાં દર વર્ષે અંદાજે ૧૩ લાખ બાળકોનો જન્મ થાય છે. જેમાંથી આશરે સવા લાખ બાળકો સમય કરતાં વહેલા જન્મેલા હોય છે. ૧૮.૫ ટકા નવજાત શિશુ ઓછા વજનવાળા હોય છે. જે માતા બાળકને દૂધ નથી પીવડાવી શકતી તેવા બાળકો અને જે બાળકો માતાના દૂધને સીધું ગ્રહણ કરવા સક્ષમ નથી હોતાં તેવા બાળકો માટે બીજી મમ્મીઓએ આપેલું દૂધ જીવનરક્ષક બની રહે છે.

**'એક ડીપ ફ્રિજ, બે ફ્રિજ તથા અન્ય કેટલાક ઉપકરણ વસાવીને આ પ્રકારની સેવા શરૂ કરવા પચાસ હજાર રૂપિયાનો ખર્ચ માંડ થાય છે' — એવો અંદાજ આપતા એક ડોક્ટરે ઉમેર્યું કે, 'ઇન્ટેન્સિવ કેર યુનિટ સ્થાપવા કરતાં આ પ્રકારની બ્રેસ્ટ મિલ્ક બેંક ઘણાં ઓછા ખર્ચે શરૂ થઈ શકતી હોવાથી જિલ્લા સ્તરે આખા દેશમાં માતૃ દુગ્ધ બેંકો સ્થપાય તો બાળ મરણ આંક ઘટાડી શકાય.'**

માતૃ દુગ્ધ બેંકનું સંચાલન જરાય અઘરું કે અટપટું નથી. જો કે અમુક ચીવટ રાખવી પડે. દૂધનો પુરવઠો મેળવવા માટે પ્રસુતા સ્ત્રીઓને વિશ્વાસમાં લેવાની જરૂર પડે. હોસ્પિટલમાં આ કામ માટે બે-ત્રણ નર્સોને ખાસ તાલીમ અપાય છે. પ્રસુતિ પછી સ્વસ્થ અને ખુશનુમા જણાતી મહિલાઓને સમજાવીને આ નર્સ તેમનું દૂધનું દાન કરવા સમજાવે છે. 'પોતાના ધાવણથી પારકા બાળકને મોતના મુખમાંથી ઉગારી લેવાશે' — એ એક જ વાત જો સ્ત્રીના ગળે ઉતારવામાં આવે તો દૂધ દાન માટે તે સહેલાઈથી તૈયાર થાય છે. એવું જણાવતાં આ બેંક સાથે સંકળાયેલી અન્ય એક મહિલા ડૉક્ટરે ઉમેર્યું, 'હજુ સુધી તો ધર્મ અને જાતિના બંધન અમારી પ્રવૃત્તિને નડ્યા નથી. હા, કેટલીક સ્ત્રીઓ પોતાનું દૂધ કયા બાળકને પીવડાવાય છે એ જાણવાની ઈચ્છા જરૂર વ્યક્ત કરે છે.

એવી સ્ત્રીઓ પણ મોજૂદ છે, જે માત્ર શોખ ખાતર અને પોતાની પવિત્ર ફરજ સમજીને પોતાનું 'ધાવણ' વેચે છે. જેમ કે **અમેરિકાના ટેક્સાસમાં રહેતી એલિસા ઓગ્લેટી નામની મહિલાએ છેલ્લાં ૧૪ વર્ષમાં ૨૬૪૬ લીટર બ્રેસ્ટ મિલ્ક ડોનેટ કરીને ગિનેસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે.** ૨૦૧૪માં પહેલી ડિલીવરી પછી તેણે વધારાનું બ્રેસ્ટ મિલ્ક ડોનેટ કરવાનું શરૂ કર્યું. ત્યારબાદ બીજી અને ત્રીજી પ્રસુતિ પછી પણ તેણે આ જ રીતે માતૃદૂગ્ધ દાન કરવાનો સિલસિલો ચાલુ રાખ્યો હતો.

દૂધ આપવા તૈયાર થયેલ મહિલાએ સર્વપ્રથમ તેના સ્તન સ્વચ્છ પાણીથી સાફ કરવાનાં હોય છે. ત્યારબાદ તેને માફક આવે એ રીતે હાથેથી સાદા પંપ દ્વારા અથવા ઈલેક્ટ્રિક પંપથી સ્તનમાંથી દૂધ લેવાય છે. વીસમી સદીની શરૂઆતમાં વિયેના

(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૬ ઉપર)

વિકાસ

# કચ્છમાં સર્વાંગી વિકાસનો જેટ યુગ

પ્રા. સૂર્યકાંત ભટ્ટ

નિસર્ગની લહાણીના દર્શન વિશ્વમાં અમુક જ પ્રદેશોમાં દશ્યમાન થાય છે. ભાગ્યશાળીજનો એનો અનુભવ કરી શકે છે, શાશ્વત મુખે માણી શકે છે. કચ્છને રણ, મહેરામણ અને ડુંગરોનો પ્રદેશ પણ કહ્યો છે. કચ્છની ભાતીગળ સંસ્કૃતિ પર અનેક લેખકો - કવિઓએ પોતાની આગવી કલમ કંડારી છે. ચલચિત્રના દિગ્ગજ કલાકાર કચ્છ વિશે એક જ વાક્યમાં અનેકગણું કહી દર્શાવે : "કચ્છ નહીં દેખા, તો કુછ નહીં દેખા." નિસર્ગદત્ત આપત્તિઓ જેવી કે સૂકો દુષ્કાળ, પૂર, વાવાઝોડાં, ભૂકંપ – એ બધું કચ્છની જનતાને કોઠે પડી ગયું હોય તેમ લાગે. આવી આપત્તિઓ સામે નિરાશા કે હતાશાને સ્થાને અનેકગણું મજબૂત મનોબળ રાખી તેનો સામનો કરવામાં કચ્છીઓ ક્યારેય પાછી પાની કરતા નથી, કરવાના નથી. આજે જો જગતમાં જ્યાં જ્યાં કચ્છીઓ વ્યવસાયાર્થે ગયેલા છે ત્યાં તેમણે કચ્છ અને કચ્છીયત ઉજાગર કર્યા છે.

- **કચ્છીઓની આત્મનિર્ભરતા :**

**"કચ્છ ન્યુ એજ ટેકનોલોજી તરફ બહુ મોટું પગલું ભરી રહ્યું છે"** – આ વાક્ય ૧૫મી ડિસેમ્બર, ૨૦૨૦ના આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું છે. આજે તો ચાર વર્ષ પહેલાનું વડાપ્રધાનશ્રીનું કહેવાયેલું કથન ફળીભૂત થતું જણાય છે. કચ્છ જિલ્લામાં ૧૦ તાલુકા છે અને ૯૫૧ ગામો આવેલા છે. છેલ્લી વસતી ગણતરી મુજબ વસતી વીસ લાખ બાણું હજારની છે. સાક્ષરતા દર ૭૦.૫૯% છે. કચ્છમાં આઠ શહેરોમાં આઠ નગરપાલિકા છે. કચ્છનું ક્ષેત્રફળ ૪૫,૬૭૪ ચોરસ કિ.મી. છે. ૧૧૯ ચેકડેમ, ૯૯૭ તળાવો, ૨૦ મધ્યમ કક્ષાના જળાશયો, ૭.૫૩ લાખ હેક્ટર કૃષિ વિસ્તાર, ૫.૬૭ લાખ હેક્ટર વન વિસ્તાર આવેલો છે. ૧૧૨૬૮ લઘુ ઔદ્યોગિક એકમો તથા મધ્યમ એકમો કચ્છમાં છે. ૧૫૦ મોટા ઉદ્યોગો છે. જિલ્લા મથક ભુજ શહેરની સ્થાપના સંવત ૧૬૦૫માં થયેલી. ૪૦૭ કિ.મી. દરિયા કિનારો કચ્છમાં છે. કંડલા, મુંદ્રા, તુણા બંદરો વિકસી રહ્યા છે. પ્રવાસન સ્થળો અંગેની યુનેસ્કોની યાદીમાં ધોરડો, લખપતનો ગુરૂદ્વારા, સ્મૃતિવન સામેલ છે.

- **સરહદ સંરક્ષણમાં આધુનિકતા :**

કચ્છમાં સીમા સુરક્ષા દળ 'બોર્ડર સિક્યોરીટી ફોર્સ' અસાધારણ હવામાન તેમજ કાદવ-કીચડ વચ્ચે પોતાની જાનના જોખમે સંરક્ષણની રાષ્ટ્રીય ફરજ બજાવી રહેલ છે. દુશ્મન દેશોની ઘૂસણખોરીને ડામવા હવે તો મહત્ત્વના પોઈન્ટ પર સી.સી.ટી.વી. કેમેરા લગાવી તેને કંટ્રોલ રૂમ સાથે જોડવામાં આવ્યા છે. ડ્રોન દ્વારા પણ દૂરદૂરના વિસ્તારો સુધી ચાંપતી નજર રખાઈ રહી છે. હરામી નાળા તથા જી.પીલર વિસ્તારમાં તો સુરક્ષા વિશેષ સઘન બનાવાઈ છે. ક્રીક સરહદ પણ વધુ સુરક્ષિત બનાવાઈ છે.

- **દિન પ્રતિદિન વિકસતું પ્રવાસન ક્ષેત્ર**

પ્રવાસન ક્ષેત્રે કાઠું કાઢનાર કચ્છના પ્રવાસે પ્રતિવર્ષ જગતભરમાંથી અત્રે લાખો પ્રવાસીઓ આવતા જ રહે છે. પરિણામે અત્રેની રેસ્ટોરન્ટ્સ, હોટેલો આધુનિકતાથી સજ્જ બની છે. મોબાઈલથી હોટલ બુક કરવાનું સરવાળે સરળ બન્યું છે. કચ્છના છેવાડાના વિસ્તારના દેશી ભૂંગાને આધુનિકતાનો ઑપ અપાયો છે. પરિણામે કારીગર વર્ગની આમદની વધી છે. કચ્છના ડુંગરા, રણ મહેરામણને નીરખી પ્રવાસીઓ ધન્યતાનો શ્વાસ લેતા રહે છે. રણોત્સવ માણવા લાખો પ્રવાસીઓ ઉમટે છે. તેમના માટે ભાવતા ભોજનો, સાંસ્કૃતિક કાર્યક્રમો, બાળકો માટે રાઈડ્સ, કચ્છી હસ્તકલા હુન્નર ઉદ્યોગના વેચાણ મથકો સજ્જ છે. પ્રવાસીઓને કચ્છમાં જોવાલાયક સ્થળો માટે બસ કે કારની વ્યવસ્થા પણ હોટેલમાંથી કરી અપાય છે.

- **કચ્છમાં કૃષિ ક્ષેત્રે ક્રાંતિ :**

કચ્છના કિસાનોની નૂતન ટેકનોલોજીથી કૃષિ નંદનવન બની છે. કચ્છની કેસર કેરીઓની વિદેશમાં નિકાસ થવા પામી છે. કચ્છમાં ખારેક સંશોધન કેન્દ્રો શરૂ થયા છે. કચ્છમાં દાડમ, લાલ જામફળ, તડબુચ, લીલી દ્રાક્ષ આદિના વાવેતર ઉત્પાદન વધવા પામ્યા છે. કચ્છમાં કોલ્ડરૂમ પ્રોસેસિંગ યુનિટ, ગામા રેડિયેશન જેવી ટેકનોલોજી અપનાવવા કિસાનો સંગઠિત થતા રહ્યા છે. ઈઝરાયેલની ઓટોમેશન ટેકનોલોજી કચ્છમાં કામે લગાડાઈ છે. ગ્રીન હાઉસ, નેટ હાઉસ, ડ્રીપ ઈરીગેશનના સુંદર પરિણામો કચ્છને મળ્યા છે.

- **કચ્છની હસ્તકલા ક્ષેત્રે નૂતન ભૂમિકા :**

હસ્તકલા ક્ષેત્રે ભુજોડી ગામ હબ બન્યું છે. કચ્છી વર્કના અનેક ડ્રેસ તથા સાડીઓ માટે અંજાર શહેર નામાંકિત થયું છે. અંજારના ખત્રી ચોકમાં ૩૫ તથા અન્ય વિસ્તારોમાં ૬૦-

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૮ ઉપર)

વિજય દિન

# ૧૬મી ડિસેમ્બર : ભારતના ઐતિહાસિક વિજયનો દિવસ

જગદીશચંદ્ર છાયા

'૧૬મી ડિસેમ્બર' ભારત માટે ઐતિહાસિક વિજયનો ગૌરવ દિન છે. એ વખતે અમારું ઘર મહાદેવ નાકા પાસે હતું.

અંધારપટનું પાલન કરવું પડતું. અર્થાત્ રાત્રે રોડ લાઈટો તો બંધ જ હોય, ઘરમાં પણ લાઈટ બંધ રાખવી પડતી. ઘરમાં ફાનસનો પ્રકાશ પણ રોકવો પડતો. એ માટે ફાનસના 'ફોટા' પર કાગળિયા આડા રાખીને ઝાંખા પ્રકાશમાં વાંચતો. ઘરની બારીઓ પડદાથી ઢાંકી દેતા. જેથી જરા સરખો પ્રકાશ પણ બહાર ન જાય. આમ, સાવ અંધારું હોય તો દુશ્મનનું વિમાન શહેરને જોઈ ન શકે અને બોમ્બમારો ન કરે.

તા. ૧૦મી ડિસેમ્બરે ભુજમાં અફવાની બજાર ગરમ થઈ હતી ત્યારે કેટલાક નગરજનો ભુજ બહાર પ્રયાણ કરવા લાગ્યા હતા. ટેક્ષીવાળાને તડાકો થયો હતો. પણ અમે તો 'અહૈ દ્વારકા' ભુજ છોડ્યું નહોતું અને કશું થયું પણ ન હતું.

'પાકિસ્તાન પાસે અમેરિકન ટેકનોલોજીવાળાં યુદ્ધ વિમાનો હોવા છતાં ટાર્ગેટ ચૂકી જતા અને અન્ય નિર્જન સ્થળે બોમ્બ ફેંકીને ભાગી જતા. તેથી આપણને ઓછું નુકસાન થયું હતું' – એ સાચું પણ એ ઘટના પાછળની બીજી વિગત – જે મને જાણવા મળી છે – એ મુજબ પાકિસ્તાની જનતાના ભારતની જનતા સાથે 'લોહીના સંબંધો' છે. જાણે 'એક મગની બે ફાડ.' જનતાને એ વખતે યુદ્ધ પસંદ નહોતું, આજેય પસંદ નથી. જનતા આ સંબંધો સાચવીને કોઈનું અહિત થાય એમ ઈચ્છતી નથી. મૂળ એ વિચારે આપણને બહુ નુકસાન થતું અટકાવ્યાની માન્યતા છે. એ માન્યતા માનીએ કે ન માનીએ, એ વ્યક્તિગત મુદ્દો છે. અલબત્ત, એ યુદ્ધ પછી આપણા ૫૪ વીર જવાનો ગાયબ થઈ ગયાનો ખટકો કાયમ રહેશે જ. એમની વીરતાને દેશ યાદ રાખશે. એ જવાનોને દેશ ક્યારેય નહીં વિસરે. એમના જેવા વીર જવાનો થકી આ ભવ્ય ઐતિહાસિક વિજય મળ્યો છે. એ સૌને સલામ!

૩ ડિસેમ્બરે પાકિસ્તાને ૧૧ ભારતીય એરફિલ્ડ પર હુમલો કરતાં વળતા જવાબરૂપે ભારતે પાકિસ્તાનના પૂર્વ તેમજ પશ્ચિમ વિસ્તારમાં હુમલો કર્યો હતો. **ત્યારબાદ ભારત સરકારે 'પૂર્વ પાકિસ્તાન'ના લોકોને બચાવવા માટે ભારતીય સેનાને પાકિસ્તાન સામે યુદ્ધ કરવાનો આદેશ આપ્યો.** ભારત તરફથી આ યુદ્ધની આગેવાની ફિલ્ડ માર્શલ માણેકશા કરી રહ્યા હતા. **એ માનવું અઘરું પડશે પણ હકીકત છે કે બાંગ્લાદેશમાં પ્રવેશતા ભારતીય સૈનિકોનું સ્થાનિક જનતા ઉમળકાભેર સ્વાગત કરતી!** ભારતીય સૈનિકોએ પૂરી બહાદુરીપૂર્વક લડીને પાકિસ્તાની સેનાને હરાવી દીધી હતી. આ યુદ્ધ માત્ર ૧૩ દિવસ ચાલ્યું હતું. આ પછી ૧૬મી ડિસેમ્બર ૧૯૭૧નાં પાકિસ્તાની સેનાના વડા જનરલ એ.એ. ખાન નિયાઝીએ લગભગ ૯૩૦૦૦ સૈનિકો સાથે ભારત સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. આ ઐતિહાસિક ઘટના છે. **એ ભવ્ય જીતની યાદમાં દર વર્ષે ૧૬ ડિસેમ્બરને "વિજય દિવસ" તરીકે ઉજવવામાં આવે છે.** સાથે સમગ્ર દેશ આ યુદ્ધમાં શહીદ થયેલા વીર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપે છે.

સરકારી પ્રકાશન 'ગુજરાત'માં યુદ્ધના સમયે રાખવાની સાવચેતી અંગે ફોટા સહિત માર્ગદર્શન આપવામાં આવતું. યુદ્ધમાં ઝળહળતો વિજય મળતાં 'કચ્છ મિત્ર'એ ખાસ વધારો પ્રગટ કર્યો હતો, જે હજુ ફરી વાંચવાની ઈચ્છા થાય છે.

યુદ્ધમાં વિજય મળ્યા પછી બાંગ્લાદેશ માટે ખાસ 'રાહત કર' લાદવાની ફરજ પડી હતી. જેનો જનતાએ વિરોધ કર્યો હોય એવું જાણમાં નથી. વિશેષમાં એ હેતુ પાંચ પૈસાની રેવન્યુ સ્ટેમ્પ પણ લગાડવી ફરજિયાત હતી. કદાચ, વિજય એટલો ભવ્ય હતો કે ટેક્ષનો કોઈને ભાર નહીં લાગ્યો હોય!

## "સંતોષ"

*જિંદગીનું સૌથી મોટું સુખ એટલે 'સંતોષ.'*
*જે પરિસ્થિતિ છે, જે મળ્યું છે એમાં આનંદથી રહો.*
*દેખા દેખી અને ઈર્ષ્યા ફક્ત અને ફક્ત ઉદ્વેગ જ આપે.*
*જ્યોતિષના ચક્કરમાં પડશો તો ગ્રહોની રમતમાં ગોટે ચડાવી દેશે.*
*હપ્તે વસાવવાનું પસંદ કરશો તો રાતની ઊંઘ પણ હરામ થઈ જશે.*
*આપણી પરિસ્થિતિથી શરમાવું નહીં અને બીજાનું સુખ જોઈને અકળાવું નહીં.*
*આપણા કર્મો પ્રમાણે જ આપણને મળે છે.*
*સારું કરશો તો સારું પામશો અને ખરાબ કરશો તો ભોગવશો.*
*મસ્ત રહો... જિંદગીને માણો અને બધી ચિંતા ભગવાન પર છોડી દો.*

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

વિશિષ્ટ દિવસ

# ૧૬મી જાન્યુઆરી : રાષ્ટ્રીય સ્ટાર્ટ-અપ દિવસ

ડૉ. મિહિર એમ. વોરા

ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ (DPIIT)એ ૭૫,૦૦૦થી વધુ સ્ટાર્ટ-અપ્સને માન્યતા આપી છે. જે એક સીમાચિહ્નરૂપ છે. જે સ્વતંત્રતાના ૭૫મા વર્ષ સાથે સુસંગત છે. જેમ જેમ ભારત 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી કરે છે, તેમ ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ નવીનતા, ઉત્સાહ અને ઉદ્યોગ સાહસિક ભાવનાથી પ્રેરીત થઈ રહી છે. દર વર્ષે ૧૬મી જાન્યુઆરીએ નેશનલ સ્ટાર્ટ-અપ ડે ઉજવવામાં આવે છે. કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૬માં ૧૬મી જાન્યુઆરીના રોજ સ્ટાર્ટ-અપ ઈન્ડિયા અભિયાનની શરુઆત કરી હતી

૧૫મી ઓગસ્ટ ૨૦૧૫ના રોજ લાલ કિલ્લા પરથી સ્વતંત્રતા દિવસના ભાષણ દરમિયાન, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ એક નવા ભારતની કલ્પના કરી હતી જે તેના લોકોની ઉદ્યોગ સાહસિક ક્ષમતાનો ઉપયોગ કરે છે. તે પછીના વર્ષની ૧૬મી જાન્યુઆરીએ, જે તારીખને હવે રાષ્ટ્રીય સ્ટાર્ટ-અપ દિવસ તરીકે જાહેર કરવામાં આવી છે, દેશમાં નવીનતા અને સ્ટાર્ટ-અપને પોષવા માટે એક મજબૂત ઈકોસિસ્ટમ બનાવવા માટે એક એક્શન પ્લાન તૈયાર કરવા માટે એક કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો.

૧૦ વર્ષથી, આ એક્શન પ્લાને ભારતને ત્રીજી સૌથી મોટી ઈકોસિસ્ટમ બનાવવા માટે સફળતાપૂર્વક માર્ગદર્શન આપ્યું છે. એ નોંધવું પણ રસપ્રદ છે કે, જ્યારે શરૂઆતના દસ હજાર સ્ટાર્ટઅપ્સને ૮૦૮ દિવસમાં ઓળખવામાં આવી હતી, જ્યારે છેલ્લા દસ હજાર માત્ર ૧૫૬ દિવસમાં પ્રાપ્ત થયા હતા. દરરોજ ૮૦ થી વધુ સ્ટાર્ટઅપ્સને માન્યતા મળી રહી છે - વિશ્વમાં સૌથી વધુ દર, સ્ટાર્ટઅપ સંસ્કૃતિનું ભાવિ ખૂબ જ આશાસ્પદ અને પ્રોત્સાહક છે. તિરૂપતિની શ્રી વેંકટેશ્વર યુનિવર્સિટીના કોમર્સના રીટાયર્ડ પ્રોફેસર ડૉ. હિમાચલમ દાસરાજુના ખાસ અહેવાલમાં જણાવાયું છે કે : ભારતીય સ્ટાર્ટઅપ ૨૦૨૧માં ૪૨ બિલિયન ડોલર સુધી પહોંચી ગયું છે. જે વર્ષ ૨૦૨૦માં ૧૧.૫ બિલિયન ડોલરથી વધી ગયેલ હતું. આઈએનસી-૪૨ અનુસાર, લેટ્સવેંચર, એંજલલિસ્ટ ઈન્ડિયા, સ્ટ્રાઈડ વેંચર્સ, સિકોઈયા કેપિટલ અને આ રીતના અનેક સક્રિય ઈન્વેસ્ટર્સ છે. તેના સિવાય સ્ટાર્ટઅપ બૂમ ૨૦૩૦ના અંત સુધીમાં ભારતના સકલ ઘરેલુ ઉત્પાદમાં ૫થી ૧૦ ટકાની વૃદ્ધિ લાવવા તૈયાર છે.

ભારતમાં ટેક સ્ટાર્ટઅપમાં વર્ષ ૨૦૨૨માં ૨૫ બિલિયન ડોલર્સની ૭૨ ટકા ખાધ જોવા મળે છે. જે છેલ્લા ૫ વર્ષોમાં સૌથી નિમ્ન સ્તરે છે. લેટ સ્ટેજ ફન્ડિંગનું સૌથી મોટું કારણ મંદી છે. વર્ષ ૨૦૨૨માં ૧૫.૬ બિલિયન ડોલરથી ૭૩ ટકાથી વધુ ઘટીને ૨૦૨૩માં ૪.૨ બિલિયન ડોલર જેટલી થઈ ગઈ છે. આઈએનસી-૪૨ના રીપોર્ટમાં ૨૦૨૨ અને ૨૦૨૩માં મળીને માત્ર ૧,૧૪૦ સ્ટાર્ટઅપ સામે આવ્યા. જે ૨૦૨૧માં ૧,૪૦૦ સ્ટાર્ટઅપથી પણ ઓછા છે.

ઉદ્યોગ સાહસિકોને ફન્ડિંગ માટે વધુ ઈન્વેસ્ટર્સને આકર્ષિક કરવા માટે પોતાની પરિચાલન દક્ષતા અને લાભપ્રદતા વધારીને નાણાં મેળવવા માટે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. પ્રૌદ્યોગિકી કૌશલ્યને અપડેટ કરવા, વૈશ્વિક પ્રતિસ્પર્ધા માટે તૈયારી વધતા ઉત્પાદકતા અને ઉત્પાદકો અને સેવાઓની ગુણવત્તા આવશ્યક છે.

ઉપયોગ કર્તાના અનુકૂળ વિનિયામક માળખા, સ્ટાર્ટઅપ માટે ટેક્સ બેનીફિટ્સ, નાણાં તેમજ સરકારી સમર્થન અને બજારમાં તેની સ્થિરતા સુધી ટેક્સ ફ્રીની જરૂરિયાત છે. એક લાઈવ સ્ટાર્ટઅપ પરિદૃશ્યના માધ્યમથી ભારતને નોકરી ઈચ્છનાર નહીં પરંતુ નોકરી આપનાર દેશમાં બદલવાની સખત જરૂર છે.

જે દેશમાં ઉદ્યમશીલતા ગતિવિધિની સુદ્રઢ ભાવના છે, નવીન વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અપનાવીને પ્રગતિ અને વિકાસ કરી શકે છે. ત્રીજા ક્રમથી નીચે ઉતર્યા સિવાય વૈશ્વિક સ્તરે જે આગળ વધે તે આપણી સ્ટાર્ટઅપ સ્થિતિને જાળવી રાખવા માટે સ્ટાર્ટઅપની દેખરેખ અને પોષણ કરવું આવશ્યક છે.

સ્ટાર્ટઅપ ઈન્ડિયા પ્રોગ્રામ જે મુખ્યત્વે સ્ટાર્ટઅપ માટે સક્ષમ વાતાવરણ પૂરું પાડવા માટે સેટઅપ કરવામાં આવ્યો હતો, તે આજે તેમના માટે લોન્ચપેડ તરીકે વિકસિત થયો છે. કર પ્રોત્સાહનો માટે ભંડોળ પૂરું પાડવાથી લઈને, બૌદ્ધિક સંપદા અધિકારો પરના સમર્થનથી લઈને સરળ જાહેર પ્રાપ્તિ સુધી, નિયમનકારી સુધારાને સક્ષમ કરવાથી લઈને આંતરરાષ્ટ્રીય તહેવારો અને કાર્યક્રમો સુધી પહોંચવા માટે, સ્ટાર્ટઅપ ઈન્ડિયા પ્રોગ્રામ ટકાઉ આર્થિક વૃદ્ધિનો પર્યાય બની ગયો છે.

કુલ માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સમાંથી, લગભગ ૧૨% IT સેવાઓ, ૯% હેલ્થકેર અને લાઈફ સાયન્સ, ૭% શિક્ષણ, ૫% વ્યવસાયિક અને વ્યાપારી સેવાઓ અને ૫% કૃષિ. ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ દ્વારા અત્યાર સુધીમાં પ્રભાવશાળી, ૭.૪૬ લાખ નોકરીઓનું સર્જન કરવામાં આવ્યું છે, જે છેલ્લા ૧૦ વર્ષમાં ૧૧૦% વાર્ષિક વધારો છે. હકીકત એ છે કે આપણા લગભગ ૪૯% સ્ટાર્ટઅપ્સ આજે ટાયર II અને ટાયર IIIના છે

તે આપણા દેશના યુવાનોની જબરદસ્ત સંભાવનાની માન્યતા છે.

ભારતીય ઈકોનોમિમાં હવે સ્ટાર્ટઅપનું યોગદાન નોંધનીય સ્વરૂપે બહાર આવી રહ્યું છે ત્યારે આ સફળતા પાછળ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના દરેક સ્ટોક હોલ્ડરોનો અગત્યનો ફાળો રહેલ છે. આજે ભારત ૧૦૦ કરતા વધારે યુનિર્કોન સ્ટાર્ટઅપનું ઘર છે. યુનિર્કોન સ્ટાર્ટઅપ એટલે જેનું માર્કેટ વેલ્યુએશન ૧૦૦ કરોડ હોય અને તે કોઈ સ્ટોક માર્કેટમાં લીસ્ટ ન થયા હોય. આજે ભારતના યુનિકોર્ન સ્ટાર્ટઅપની વિશ્વ ફલક ઉપર નોંધ લેવાઈ રહી છે.

દેશની જનસંખ્યા કે વસ્તીમાં યુવાધન કે જે યુવાઓ આવતીકાલને ઉજાગર કરે છે તેમના સ્વપ્નો નક્કર સ્વરૂપ આપવા અને તેમને નવી દિશા-નિર્દેશના ભાગરૂપે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ઘણા પ્રયત્નો કરવામાં આવે છે. **જેના ભાગરૂપે સ્ટાર્ટઅપ ઇન્ડિયા, મેક ઇન ઇન્ડિયા, ડિજીટલ ઇન્ડિયા જેવા અભિયાનો ચલાવવામાં આવે છે.**

પીએમ મોદીએ કહ્યું કે, ‘અમારો પ્રયાસ બાળપણથી જ દેશમાં ઈનોવેશન પ્રત્યે આકર્ષણ પેદા કરવાનો અને દેશમાં ઈનોવેશનને સંસ્થાકીય બનાવવાનો છે. ૯,૦૦૦થી વધુ અટલ ટીંકરીંગ લેબ્સ આજે બાળકોને શાળાઓમાં નવીનતા લાવવા અને નવા વિચારો પર કામ કરવાની તક આપી રહી છે.’

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, ‘સરકારના વિવિધ વિભાગો અને મંત્રાલયો કે જે યુવાનો અને સ્ટાર્ટ-અપ્સ સાથે સંપર્કમાં રહે છે, તેમના વિચારોને પ્રોત્સાહિત કરો. સરકારની પ્રાથમિકતા વધુને વધુ યુવાનોને ઈનોવેશનની તક આપવાની છે. ભારતમાં ઈનોવેશનને લઈને જે ઝુંબેશ ચાલી રહી છે, તેની અસર એવી છે કે ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સમાં ભારતનું રેન્કિંગ પણ ઘણું સુધર્યું છે. વર્ષ ૨૦૧૫માં ભારત આ રેન્કિંગમાં ૮૧મા નંબરે હતું. હવે ઈનોવેશન ઈન્ડેક્સમાં ભારત ૪૬મા નંબર પર છે.’

PMએ કહ્યું કે, “ભારતના યુવાનો આજે જે ઝડપ અને સ્કેલ પર સ્ટાર્ટ-અપ્સ બનાવી રહ્યા છે તે વૈશ્વિક રોગચાળાના આ યુગમાં ભારતીયોની મજબૂત ઈચ્છા શક્તિ અને નિશ્ચય શક્તિનો પુરાવો છે. અગાઉ શ્રેષ્ઠ સમયમાં, માત્ર થોડી કંપનીઓ જ મોટી બની શકતી હતી, પરંતુ ગયા વર્ષે દેશમાં ૪૨ યુનિકોર્ન બનાવવામાં આવ્યા હતા."

*સંદર્ભ : વિવિધ અખબારી અહેવાલ અને વિકિપીડિયા, તિરૂપતિની શ્રી વેંકટેશ્વર યુનિવર્સિટીના કોમર્સના રીટાયર્ડ પ્રોફેસર ડૉ. હિમાચલમ દાસરાજૂના ખાસ અહેવાલ.*

***“પરમેશ્વરી”, પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ, વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## મધર્સ મિલ્ક બેન્ક

**(અનુસંધાન : પાના નં. – ૫૨ ઉપરથી ચાલુ)**

ખાતે વિશ્વની પ્રથમ માતૃ દૂગ્ધ બેંક ખૂલી ત્યારે સ્ત્રીઓ હાથેથી નાના વાસણમાં દૂધ કાઢી આપી જાતે બેંકમાં જમા કરાવતી. ૫૦ વર્ષ પહેલાં બર્મિંગહામ (બ્રિટન)ની સોરેન્ટી મેટરનિટી હોસ્પિટલને પણ નિયમિત ૧૦,૦૦૦ સ્ત્રીઓ દ્વારા માતૃ દૂધ દાનમાં મળતું.

પોતાનું રક્તદાન કરનારા વ્યવસાયી ‘બ્લડ ડોનર’ની માફક દૂધદાન કરનારી સ્ત્રીને તમે કોઈ વળતર આપો છો ખરા? એવા પ્રશ્નના જવાબમાં એક ડૉક્ટરે જણાવ્યું, ‘માતૃ દૂધની કોઈ કિંમત આંકી ન શકાય. લાગણી અને માતાના પ્રભાવ હેઠળ જે દૂધ પ્રાપ્ત થતું હોય તેનું મૂલ્યાંકન પૈસામાં ન થઈ શકે.’ આમ, સાયન કે જે.જે. અથવા વાડિયા હોસ્પિટલની માતૃ દૂધ બેંક દૂધના આદાન પ્રદાનમાં પૈસાનો કોઈ વહીવટ કરતી નથી. પરંતુ બ્રિટનની સોરેન્ટો મિલ્ક બેંક ૧૯૮૩ સુધી ૧૦૦ મિલિલિટર દૂધ દીઠ દાતાને આઠ પેન્સ ચૂકવતી.

બીજી બાજુ, પારકી માતાનું દૂધ બીજા બાળકને આપતા પહેલાં તેનું યોગ્ય પૃથક્કરણ કરવું આવશ્યક છે. માઈક્રો બાયોલોજિકલ ટેસ્ટ કરીને દૂધમાં કોઈ ‘રોગીષ્ટ’ જીવાણું નથી ને? તેની ખાતરી કરાયા પછી જ બીજા બાળકને પીવડાવી શકાય. **કમળો, કોલેરા, ટાઈફોઈડ, કેન્સર, હાઈ બ્લડ પ્રેશર જેવી વ્યાધિથી પીડાતી મહિલાનું દૂધ તો ક્યારેય સ્વિકારાતું નથી.** યોગ્ય જણાય તેવી સ્ત્રી પાસેથી દૂધ મેળવ્યા પછી સ્ટીલના નાના ડબ્બા પર બેચ નંબર, ડોનર માતાનું નામ વગેરે વિગતોનું લેબલ મારી ફ્રિજમાં મૂકી દેવાય છે. આજ દૂધનો એક નમૂનો ટેસ્ટ માટે માઈક્રો બાયોલોજિસ્ટ પાસે મોકલાય છે. જો પરિણામ હકારાત્મક આવે તો દૂધને સ્વીકારી, જરૂર જણાતા પેસ્ચ્યુરાઈઝ્‌ડ કરી ૬ મહિના સુધી સાચવી શકાય છે.

દેશભરના તમામ મોટાં શહેરોમાં, મધ્યમ કદનાં કે નાનાં નગરોમાં તથા ગામડાંના તમામ પ્રસુતિ ગૃહોને મોટી બ્રેસ્ટ મિલ્ક બેંકની શાખાઓ વડે સાંકળી લેવા જોઈએ. જો આમ થઈ શકે તો દર વર્ષે કમોતે મરતાં નાના ભૂલકાઓને આબાદ બચાવી શકાય.

ખરેખર, માતૃ દૂગ્ધ પેઢી દેવના દીધેલ એવા નાના ભૂલકાનો જાન ઉગારવામાં તેને પોષક આહાર પૂરો પાડવામાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. કેન્દ્ર સરકારે આખા દેશમાં દરેક નગરમાં આવી બ્રેસ્ટ મિલ્ક બેંક ખૂલે તેવી ઝુંબેશ હાથ ધરવી જોઈએ.

***‘ગુજરાત સમાચાર’ માંથી સાભાર***

માહિતી

માનવનો સર્વશ્રેષ્ઠ મિત્ર એટલે શ્વાન

# રખડતા કૂતરાઓ માટે વડોદરામાં સ્મશાન બનાવવા હિલચાલ

મનીષ જોશી 'મૌન'

## તંત્ર ઉણું ઉતરતા એન.જી.ઓ. કામે લાગ્યું

માનવીનો સર્વ શ્રેષ્ઠ મિત્ર શ્વાનને ગણવામાં આવે છે. એટલે જ અમીરોના ઘરે મા-બાપ ભલે ને પલવાતા હોય પરંતુ કૂતરાં મજેથી રહેતા હોય એવા ઘણા ઘર જોવા મળે છે. એ કડવું સત્ય પણ છે.

વાત રખડતા કૂતરાઓની કરીએ તો.. આપણા દેશમાં અંદાજે ૧ કરોડથી વધુ રખડતા કૂતરાઓ હોવાનો રીપોર્ટ એક સર્વે માંથી મળે છે. કદાચ વર્ષના અંત સુધીમાં આ આંકડો વધીને ૩ કરોડને પાર જઈ શકે છે.

ભારતમાં રખડતા શ્વાનના આંતક પાછળ ઘણા કારણો જવાબદાર છે. તેમાં માત્ર વસ્તી વધારાને ટાર્ગેટ ન કરી શકાય. આની પાછળનું સૌથી મોટું કારણ ભારત દેશમાં એનિમલ હેલ્થકેર સિસ્ટમ અને કંટ્રોલમાં નબળાઈ હોવાનું કહેવાય છે.

જે લોકો 'પેટ' રાખતા હોય છે તે પણ ડોગની સારસંભાળ રાખતા ચૂકી જાય છે. શ્વાનોના બ્રિડ અને તેમની વસ્તી ગણતરીમાં પણ બેદરકારી હોવાનું કહેવાય છે.

શેરીમાં રખડતા કૂતરાઓ મોટાભાગે એગ્રેસિવ બની જતા હોય છે. એક સમયગાળા પછી તેમને રોગ થાય અથવા કોઈ અન્ય કારણોસર તેઓ હુમલો કરી દેતા હોય છે એમ ડોગ નિષ્ણાતો કહી રહ્યા છે.

પાલતુ શ્વાનોને તરછોડી દેવા અથવા તેમને શેરીઓમાં મુક્તપણે ફરવા દેવા પણ મોટો પડકાર છે. કારણ કે ઘણા માલિકો તેમના પાલતુ શ્વાનને બીમારી થઈ હોય તો અથવા અન્ય કારણોસર તરછોડી દેતા હોય છે. આ પગલું માણસાઈની વિરુદ્ધ છે. જો પોતાના 'પેટ'ની કાળજી ન રાખી શકતું હોય તો તેમની પાસે અનેક વિકલ્પો છે. પાલતુ શ્વાનોના શેલ્ટર હોમમાં મૂકી શકે છે અથવા જેને ડોગ રાખવાની ઈચ્છા હોય તેને આપી દેવું જોઈએ. પરંતુ એવું થતું નથી.

તેને કારણે રખડતા કૂતરા અન્ય વ્યક્તિઓ માટે માથાના દુઃખાવા સમાન બની જતા હોય છે. જો આવું ચોપગુ પ્રાણી મરી જાય ત્યારે વધુ મુશ્કેલી ઊભી થતી હોય છે. એટલે જ વડોદરાની ધ ફોર લેગ્સ ચેરીટેબલ ટ્રસ્ટના સ્થાપક ખ્યાતિ પંચાલ અને જર્સીસ ગાય આવા પ્રાણીઓ માટે સતત બચાવ અને સંરક્ષણનું કામ કરી રહ્યા છે. હવે આ બંને યુવાનો મરી ગયેલા કૂતરાઓ માટે સ્મશાન બનાવવા માટે મથામણ કરી રહ્યા છે. વડોદરામાં એક જગ્યા પર કૂતરાઓ બાળવા માટે સ્મશાન છે. પરંતુ તેની ફી સામાન્ય જનને ન પોસાય તેવી છે. આ બંને ડોગ લવર્સ કહે છે કે તેમનું એક ડોગ કોર્પોરેશન થોડા વર્ષો પહેલા ઉઠાવી ગયું હતું. તેનું મોત નીપજ્યું હતું. એ ડોગ ગાજરાવાડી વિસ્તારના સ્લેટર હાઉસમાં જેમનું તેમ કેટલાક દિવસ પડ્યું રહ્યું હતું.

તેથી દુઃખ થયું હતું. આમ તંત્ર ઉણુ ઉતરતા તેમનું એનજીઓ આ દિશામાં કામ કરવા વિચારવા લાગ્યું અને દુઃખનું નિવારણ તમામ રખડતા ડોગ માટે સ્મશાન બનાવવાનું કારણ બની ગયું.

ખ્યાતિ કહે છે કે, 'આપણા દેશમાં ડોગ માટે ઘણા કાયદા છે પરંતુ તેનો અમલ યોગ્ય રીતે થતો નથી. તેને કારણે કૂતરાઓ અને માનવીને બંનેને સહન કરવું પડતું હોય છે. જો સ્મશાન બનશે તો કૂતરા અને માનવી બંનેને યાતનામાંથી મુક્તિ મળશે એવું તેમનું માનવું છે.'

રખડતા કૂતરા તો ઠીક પરંતુ ઉંચી નસલ એટલે કે જાતના કૂતરા પણ બીમાર પડે ત્યારે તેના માલિક તેને રખડતા છોડી દેતા હોય છે. આવા જ રખડતા ઊંચી જાતના ડોગ વિષે ફરી લખીશ.

રખડતા શ્વાન વિષે આપના વિચારો અને આપના ગામમાં આવી કોઈ સગવડ છે કે નહીં તે મને જણાવશો.

*આપનો અભિપ્રાય મને મોકલી આપશો.*

**સંવેદના :**

*કૂતરાની હાલત બગાડનાર માણસને પણ ઘણા લોકો કૂતરા જેવો કહેતા હોય છે.*

'મેઘવર્ષા', ૧૪, સપ્તગિરિ સોસાયટી વિભાગ-૩,
સાંઇ મંદિર અને બગીચાની પાછળ,
વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા-૩૯૦ ૦૦૧.
મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮
ઈ-મેઈલ : maunjoshi@gmail.com, maun_66@yahoo.co.in

**પારખવું અને સમજવું**

*પારખવાની કોશિશ ઘણી બધી કરી બધાએ,*
*અફસોસ સમજવાની કોશિશ કોઈએ ના કરી.*

પ્રવાસ

# વન-ડે ટુર

અશોક વી. શાહ

ગુલાબી ઠંડીમાં સૌથી વધારે ફરવાની મજા આવે તે ધ્યાને લઇ અમે સૌ મિત્રોએ રવિવાર, તા. ૧-૧૨-૨૦૨૪ના રોજ વન-ડે ટુરનું આયોજન કર્યું.

પ્રવાસની શરૂઆત ગાંધીનગરથી પ્રથમ **ત્રિ-મંદિર અડાલજ** ખાતે સીમંધર સ્વામિના દર્શનથી કરી. સવારના ચા-નાસ્તાને અહિંયા જ ન્યાય આપ્યો. (અહીં ભોજનાલયમાં ચા-નાસ્તાનો સમય સવારના ૭થી ૮ વાગ્યાનો છે. ગ્રુપમાં આવવું હોય તો બુકિંગ માટે મો. ૯૩૨૮૯ ૬૧૧૬૬ પર સંપર્ક કરવો.)

અહીંથી અમે દેત્રોજ પાસે આવેલ **રૂદ્રાતલા ગામમાં આવેલ ગણપતિ મંદિરે** પહોંચી દર્શન કર્યા. અહીં જમવાનું અન્નક્ષેત્ર ચાલુ હોય છે. મંદિરના વહીવટદાર દ્વારા જમીને જવાનો આગ્રહ કરાયો. પરંતુ હજુ આગળ ઘણી જગ્યાએ જવાનું હોવાથી અમે વિવેકપૂર્ણ તેમના આગ્રહનો અસ્વિકાર કર્યો. અહીં પટાંગણ વિશાળ છે. (સંપર્ક માટે મો. ૯૯૭૯૨ ૦૨૩૦૫)

અહીંથી અમે બહુચર માતાના મૂળ સ્થાનક **શંખલપુર** પહોંચ્યા. અહીં દર્શન કરી બાજુમાં આવેલ ભોજનાલયમાં ભોજનને ન્યાય આપ્યો. મિત્રોએ બજારમાંથી જામફળ, તુવેર જેવી વસ્તુઓની ખરીદી કરી. શંખલપુરથી અમે અહીંથી ૪૪ કિ.મી. દૂર આવેલ **પાટણ** ખાતે પહોંચ્યા. પ્રથમ પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે પહોંચ્યા. અહીં પ્રવેશ ફી વ્યક્તિદીઠ રૂા. ૫૦/- છે. કેમ્પસમાં દાખલ થતાં જ વિશાળ ડાયનોસોરના સ્ટેચ્યુ સૂડા ઘાસની વચ્ચે જોવા મળ્યા. આ બધા હલનચલન જેવી મુવમેન્ટ કરતા હોવાથી બધાને રોમાંચ થયો. ૪ માળમાં આ વિજ્ઞાન કેન્દ્ર વિસ્તરેલું છે. અમે 5-D મુવી જોવા વ્યક્તિદીઠ રૂા. ૧૦૦/-ની ટિકિટ લઈ મુવી જોઈ આનંદિત થયા. ગેલેરીમાં ડાયનોસોર ગેલેરી નિહાળી ફોટોગ્રાફી કરી. નાના બાળકો માટે ડાયનોસોર સવારી પણ છે. ગુજરાતમાં બાલાસિનોર પછી અહીં બીજું ડાયનોસોર મ્યુઝીયમ બન્યું છે.

અહીંથી અમે પાટણની વિખ્યાત રાણીની વાવ જોવા ગયા. આ સ્થાપત્ય જોવાની ફી વ્યક્તિદીઠ રૂા. ૪૦/- છે. સવારના ૭ થી સાંજના ૬ કલાક સુધી ખુલ્લું રહે છે. આ ભવ્ય વાવ ૧૧મી સદીના અંતિમ ચરણમાં રાજા ભીમદેવ પ્રથમ (ઈ.સ. ૧૦૨૨-૧૦૬૩)ની રાણી ઉદયમતિ દ્વારા બનાવવામાં આવી હોવાનું માનવામાં આવે છે. વાવની લંબાઈ ૬૪ મીટર, પહોળાઈ ૨૦ મીટર તથા ઊંડાઈ ૨૭ મીટર છે. તે સિવાય પાણી જમા કરવા માટે મોટો કુંડ છે. ઈ.સ. ૨૦૧૪માં આને 'વિશ્વ વિરાસત' તરીકે જાહેર કરવામાં આવી છે. રૂા. ૧૦૦/-ની ચલણી નોટમાં આ વાવનાં ફોટાને સ્થાન મળ્યું છે.

રાણીની વાવ જોયા પછી પ્રવાસના અંતિમ ચરણમાં **મરતોલી** તરફ રવાના થયા. અહીં આવી ચેહર માતાનાં દર્શન કર્યા. સન ૧૯૯૬ના માર્ચ ૨૮ અને ૨૯મીએ અહીં હવનનું આયોજન કરવામાં આવેલું ત્યારે ભક્તોનો ધસારો જોઈ ટ્રસ્ટીગણે ભુવાજી શ્રી મહાદેવભાઈ દેસાઈને વાત કરી. ભુવાજીએ માતાજીની રજા લઈ માની ચુંદડી લાડુ પર ઢાંકી કહ્યું કે, પ્રસાદનો સમય થાય ત્યારે આપજો. થોડા સમય બાદ લાડુના ભંડારામાં જઈ જોયું તો ચેહર માતાની ચુંદડી લાડુના પતરા પર ઢંકાઈ ગઈ હતી અને અનેક વ્યક્તિઓ જમવા છતાં લાડુ ખૂટ્યા નહીં. તે સમયની પ્રસાદીના પાંચ લાડુ આજે પણ મંદિરમાં રખાયેલ છે. જે હજુ પણ બગડ્યા વગર એવા જ છે. આ ઘટનાના તે સાક્ષી છે. અહીં નિઃશુલ્ક ભોજનાલય છે અને યથાશક્તિ દાનથી અન્નક્ષેત્ર ચાલતું રહે છે. અહીં રહેવાની પણ સગવડ છે. રૂમ નિભાવ ખર્ચ રૂા. ૨૦૦/- છે. અમે અહીં ખીચડી-કઢીનું હળવું ભોજન લઇ ગુલાબી ઠંડીમાં એક સાથે અનેક પ્રવાસ સ્થળોનો પ્રવાસ કરી આધ્યાત્મિક તથા પ્રાકૃતિક આનંદ પ્રાપ્ત કર્યો.

*સેક્ટર ૨૭, બ્લોક નં. ૧૦૯૧, સ્વસ્તિક સોસાયટી,*
*ગાંધીનગર. મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯*

## દરેક વ્યક્તિ કંઈક ને કંઈક બોલે છે...

કોઈની જીભ બોલે છે,
કોઈનો સમય બોલે છે,
કોઈનો પૈસો બોલે છે,
કોઈની ચાલાકી બોલે છે,
પણ...
*જીવનના અંતમાં ભગવાનના દરબારમાં તો*
*માણસના કર્મ જ બોલે છે...*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

તંદુરસ્તી

# "લિવિંગ વિલ" – LIVING WILL

ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

શિર્ષક વાંચીને મોટાભાગના વાચકોને નવાઈ લાગશે કે વિલ – વસિયતનામાનો અમલ તો એ વ્યક્તિના મૃત્યુ બાદ થાય છે. તો આ જીવંત (Living) વિલ શું છે? આ એક મહત્ત્વનો 'કાનૂની દસ્તાવેજ' છે, જેના વિશે દરેકને જાણકારી હોવી જરૂરી છે.

● **લિવિંગ વિલ :**

આ એક કાનૂની દસ્તાવેજ છે, જે વ્યક્તિ જીવંત હોય ત્યારે અમલમાં આવે છે. લિવિંગ વિલ "આગોતરા વૈદ્યકીય નિર્દેશ" (Advance Medical Directive) છે. વ્યક્તિ ભવિષ્યમાં બીમાર પડે અને એ વખતે વ્યક્તિની હાલત એવી હોય કે નિર્ણય કરવાની ક્ષમતા ન હોય કે માનસિક રીતે નિર્ણય કરવાની ક્ષમતા ન હોય ત્યારે આ વિલ અમલમાં આવે. આ લિવિંગ વિલમાં છેવટની બીમારીમાં (Terminal Illness) સારવાર કરવી કે નહીં, ક્યાં સારવાર કરવી (ઘરે કે હોસ્પિટલમાં) એ બાબત વ્યક્તિની ઇચ્છા આગળથી જણાવવામાં આવે છે. સ્વજનો તથા કુટુંબીજનોએ આ નિર્દેશને માન્ય કરવો પડે છે તથા સારવાર કરનાર ડૉક્ટર કે હોસ્પિટલને પણ નિર્દેશ કાયદાની રીતે માન્ય કરવો પડે છે.

તાજેતરમાં એક સમાચાર પ્રમાણે હાઈકોર્ટના ન્યાયાધીશ, જે રીટાયર્ડ થવાના છેલ્લા દિવસે એમણે પોતાનું લિવિંગ વિલ – આગોતરા વૈદ્યકીય નિર્દેશ (Living Will : Advance Medical Directive) બનાવી રજિસ્ટર કર્યું હતું.

● **લિવિંગ વિલની જરૂરત શા માટે?**

ભારતમાં આયુષ્ય (Life Expectancy) ૭૦ વર્ષનું થયું છે. આપણી આજુબાજુમાં સમાજમાં ૭૦ વર્ષથી વધુ ઉંમરના ઘણા વડીલો જોવા મળે છે. આથી ઉંમરને લગતી બીમારીઓ થવાની શક્યતા વધી જાય છે. ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, કેન્સર જેવી બીમારીઓ લાંબા સમયથી હોય છે. જેની લાંબાગાળાની અસરો થાય છે. ખાસ કરીને બ્રેઇન પર. જેથી બ્રેઇન સ્ટ્રોક, લકવો જેવી બીમારીઓ થાય છે. જેમાં વ્યક્તિ પથારીવશ (Bed ridden) રહે છે. મોટી ઉંમરે અલ્ઝાઈમર જેવી બીમારી થાય છે. જેમાં સ્મૃતિભ્રંશના લક્ષણો જોવા મળે છે. છેવટના સ્ટેજ પર વ્યક્તિ પશુ જેવું જીવન જીવે છે.

આ પરિસ્થિતિમાં બીમારીની સારવાર વિશે નિર્ણયો કરવા અગત્યના છે. બીમાર વ્યક્તિ પોતે પોતાની સારવારના નિર્ણયો કરવા તે સમયે શારીરિક તથા માનસિક રીતે સક્ષમ નથી હોતા. આવી પરિસ્થિતિમાં જો એ વ્યક્તિએ લિવિંગ વિલ બનાવ્યું હોય તો આ કાનૂની દસ્તાવેજ મહત્ત્વનો બને છે તથા ઘણી બધી તકલીફો દૂર થાય છે.

બે કેસ સ્ટડી વર્ણવેલ છે, જ્યાં સ્વજનો દ્વિધામાં હતા.

## કેસ-૧

હેમંતને (નામ બદલ્યું છે) બ્રેઇન સ્ટ્રોકનો હુમલો આવ્યો હતો. હેમંત ઓચિંતો બેશુધ્ધ થઈ ગયેલ. હોસ્પિટલમાં આઈ.સી.યુ.માં દાખલ કરી સારવાર શરૂ કરેલ. શ્વાસોચ્છવાસમાં તકલીફ હોવાથી વેન્ટીલેટર પર મૂકેલ. ખોરાક નળી (રાઈલ્સ ટ્યુબ) દ્વારા આપવામાં આવતો હતો. પેશાબ માટે પણ નળી મૂકવી પડી હતી.

ચારેક દિવસની સારવાર બાદ દર્દીમાં સુધારો થયો. આંખો ખોલી હતી. જે દિશામાં અવાજ થાય એ દિશામાં આંખો ફેરવતો હતો. બીજી કાંઈ ખબર પડતી ન હતી. વેન્ટીલેટર દૂર કરવાનો પ્રયત્ન કરતા ફરીથી શ્વાસોચ્છવાસની તકલીફ શરૂ થતી હતી. અઠવાડિયા બાદ પણ વધારે સુધારો થયો ન હતો.

હવે પ્રશ્ન હતો કે આગળ શું કરવું? સ્વજનોનો એક મત હતો કે સારવાર ચાલુ રાખવી, જ્યારે બીજો મત હતો કે સારવાર બંધ કરવી.

આ પરિસ્થિતિમાં જો લિવિંગ વિલ બનાવેલું હોય તો એ દર્દીની ઇચ્છા પ્રમાણે આગલ નિર્ણય લઈ શકાય. સ્વજનોની દ્વિધા દૂર થાય.

## કેસ-૨

૮૩ વર્ષના કોકીલાબેનને અલ્ઝાઈમરની બીમારી થઈ હતી. ઘણી બધી વસ્તુઓ ભૂલી જતા હતા. ક્યારેક કપડામાં પેશાબ થઈ જતો હતો. એમના પતિ બે વર્ષ પહેલા ગુજરી ગયા હતા, જે કોકીલાબેનને યાદ રહેતું ન હતું. ફેમિલીમાં દીકરો, વહુ તથા પૌત્ર હતા.

એમને વાઈરલ ન્યુમોનિયા થયો. શ્વાસ લેવાની તકલીફ હતી. ઓક્સિજન લેવેલ ઘણું જ ઓછું થયું હતું. ફિઝીશિયને હોસ્પિટલમાં દાખલ કરી સારવારની સલાહ આપી. વેન્ટીલેટર પર રાખવાની જરૂર પડી. શું કરવું?

સ્વજનોનો એક અભિપ્રાય હતો કે સારવાર ચાલુ રાખવી તથા વેન્ટીલેટર પર પણ કોકિલાબેનના મૂકવા (ભાવનાત્મક નિર્ણય).

બીજો અભિપ્રાય હતો કે બીજી બધી સારવાર ચાલુ રાખવી પણ વેન્ટીલેટર પર ન મૂકવા (બુદ્ધિજન્ય નિર્ણય).

આ પરિસ્થિતિમાં લિવિંગ વિલ ખૂબ જ અગત્યનો કાનૂની દસ્તાવેજ છે, જે સ્વજનો તથા સારવાર કરનાર ડૉક્ટર તથા હોસ્પિટલને માન્ય રાખવો જ પડે છે.

- **લિવિંગ વિલ કોણ બનાવી શકે?**

નીચે વર્ણવેલ મુદ્દાઓ જે વ્યક્તિ પરિપૂર્ણ કરે તે વ્યક્તિ લિવિંગ વિલ બનાવી શકે.

૧. ઉંમર ૧૮ કે એનાથી વધારે હોવી જોઈએ.
૨. માનસિક રીતે સ્વસ્થ હોય.
૩. વ્યક્તિ જે ઇચ્છા પ્રદર્શિત કરે છે તેના વિશે સમજણ હોવી જોઈએ તથા એના પરિણામો વિશે યોગ્ય સમજણ હોવી જોઈએ (Testamentory capacity).

- **લિવિંગ વિલમાં લખાણ :**

નીચેના મુદ્દાઓ આવરી લેવા જોઈએ :

૧. સારવાર તથા મરણ ક્યાં થાય? (ઘરે કે હોસ્પિટલમાં)
૨. કયા પ્રકારની સારવાર મળે.
૩. સ્વાસ્થ્ય તથા બીમારી વિશે યોગ્ય જરૂરી જાણકારી મળે.
૪. કયા પ્રકારની સહાય (Support system) છેવટના સમયમાં મળે.

મહત્ત્વનો મુદ્દો છે કે ઉપરોક્ત મુદ્દાઓ વિશેનું લખાણમાં પોતાની અપેક્ષાઓ સ્પષ્ટ લખાણમાં લખેલી હોવી જોઈએ.

- **આગોતરા વૈદ્યકીય નિર્દેશ :**

૧. આગોતરા વૈદ્યકીય નિર્દેશ લખાણમાં હોવું જોઈએ.
૨. લિવિંગ વિલ બનાવનાર વ્યક્તિ બે સાક્ષીઓની હાજરીમાં વિલ પર સહી કરે.
૩. લિવિંગ વિલ રજિસ્ટર્ડ હોવું જોઈએ.

- **વસિયતનામું (વિલ) અને લિવિંગ વિલમાં તફાવત :**

૧. વસિયતનામું મિલ્કત બાબતે હોય છે જ્યારે લિવિંગ વિલ મેડિકલ સારવાર બાબત નિર્દેશ કરે છે.
૨. વસિયતનામું વ્યક્તિના મરણ બાદ અમલમાં આવે છે. લિવિંગ વિલનો અમલ વ્યક્તિ જીવતી હોય ત્યારે જ થાય છે.
૩. વસિયતનામામાં મિલ્કતનો લાભ અન્યને મળે છે, જ્યારે લિવિંગ વિલનો લાભ વ્યક્તિને પોતાને મળે છે.

- **સારાંશ :**

૧. આજના સમયમાં લિવિંગ વિલ એક અગત્યનો કાયદાકીય દસ્તાવેજ છે.
૨. સુપ્રીમ કોર્ટે આ દસ્તાવેજને ૨૦૧૮માં માન્યતા આપી છે.
૩. લિવિંગ વિલમાં વ્યક્તિ નિર્દેશ આપે છે. જેથી એનું છેલ્લું જીવન તથા મૃત્યુ ગૌરવભેર રહે.
૪. લિવિંગ વિલ લખાણમાં હોવું જરૂરી છે.
૫. બે સાક્ષીઓની હાજરીમાં વ્યક્તિએ સહી કરવી જરૂરી છે.
૬. વિલ રજિસ્ટર્ડ કરવું જરૂરી છે.
૭. આ વિલની નકલ નજીકના સ્વજન પાસે રાખવી. જેથી યોગ્ય સમયે એનો ઉપયોગ કરી શકાય.

## મુંજો કચ્છડો!

કચ્છ જે ગામડે... કેતરો સોખ આય
ઓત માડુંએંજો મન વડો આય
મેમાણેં કે મેઠો આવકાર આય
ને પેરોજો મોરલેંજો ટહુકાર આય
ઘર મે ગોયું - મેયું જો વાસ આય
દૂધ, ઘી ને છાયજી રેલમછેલ આય
બાજરજી માની ને ગોવારફરિયેંજો શાગ આય
દીં ઓલંધે ખેચડી કડી જો સ્વાદ આય
ઘરજા દુઝણા ઐઇ
ને ખેતરેં મોલ ઓભા ઐઇ
હવાપાણી ચોખ્ખા ઐઇ અંગમેં મોડસાઇ આય
શિખરતે મોરલા ઐઇ ત ચબુતરે કબુડા ઐઇ
તરામેં નીર ઐઇ ત બગીચેમેં લીલોતરી આય
ચોકમેં મેળાવડો આય ત ગામમેં સંપ આય
દેરેં આરતીજો ઘંટારવ ત મસ્જિદમેં બંદગી આય
ન પ્રદૂષણ ન ઘોંઘાટ ન ટ્રાફિક
ન હોટલ ન થીયેટર... સાંજ પે ગામ બાર લટાર
માડુએમેં પ્રેમ આય
હેડો મુંજો મેઠો કચ્છડો આય
કે જેડાં...
શાંતિ જ શાંતિ આય...

*શાંતિલાલ રામજી લાલકા - હુબલી (વારાપધ્ધર)*
**મો. ૯૨૪૨૨ ૨૦૮૦૩**

# IBS (Irritable Bowel Syndrome)

ડૉ. કમલેશ એન. શાહ
MD, F.I.C.A. (USA)

આ પેટનો રોગ એક કહાની છે. જેમાં મુખ્ય પાત્રો તરીકે વ્યક્તિનું મન, પેટ અને આંતરડાં અભિનય કરે છે. વ્યક્તિનું મન સારું ન હોય તો પેટ અને આંતરડાં વીફરે છે. કઈ રીતે, તે હવે આપણે સાચી કહાની દ્વારા જોઈએ.

અમારા મિત્ર રમેશભાઈ, ખૂબ જ મહેનતુ અને સાદાઈથી કામ કરવાવાળા પરગજુ વ્યક્તિ. નાની ફેક્ટરી ચલાવે. નાની મોટી સંસ્થાઓમાં સંકળાયેલા, ને સમયસર કામ કરવાવાળા. હા, ગુસ્સો વધારે. કદાચ તેમનું વ્યક્તિત્વ એ રીતે ઘડાયેલું હશે. સીંગલ બોડી, આધ્યાત્મિક વ્યક્તિ ને છેલ્લા ૩-૪ વર્ષથી શરીરના પ્રશ્નો રહે. બોડી ચેક-અપ કરાવ્યું. **તેમના મુખ્ય પ્રશ્નો વારંવાર સંડાસ જવું પડે, વજન ધીમે ધીમે ઘટતું જાય.** તેમના બધા રીપોર્ટસ નોર્મલ આવે પરંતુ હિમોગ્લોબીન ૯.૦ ની આસપાસ રહે. ઝાડાના રીપોર્ટમાં એક વખત કરમિયા શોધાયા ત્યારથી એમના મગજમાં એક જ ધૂન સવાર થઈ કે મને કરમિયાના લીધે પેટના પ્રશ્નો છે. ખોરાક લેવાતો નથી, વારંવાર સંડાસ જવું પડે છે એટલે વાતવાતમાં ગુસ્સે થઈ જવાય છે. રાત્રે પૂરતી ઊંઘ પણ ન આવે. જમવામાં ખૂબ જ સાચવે. કદાચ ભૂખ લાગતી હશે તો પણ ન ખાય. જાણે સંડાસ જવું પડશે! તેમણે કરમિયાની એલોપેથીક દવાઓ લીધી. પણ ઝાડામાં, ભૂખમાં, વજન ઘટાડામાં કંઈ ફેર પડતો ન હતો. થોડો સમય આયુર્વેદના સહારે ચડી ગયા. જાત જાતની ફાકીઓ ને ઉકાળા પીવે. તેમના મિત્રો તેમને સલાહ આપે તો કહે મારે સારવાર ચાલે છે. તેમની ધર્મપત્ની તેમને પૂરો સાથ આપે. પણ તે કંટાળ્યા. હવે શું કરવું? હા... એક બાબત બતાવવાની રહી ગઈ કે એમને કોઈ સંતાન ન હતું. પરંતુ તે બાબતનો કોઈ અફસોસ હોય તેવું લાગતું ન હતું. એમના ફેમિલિ ડૉક્ટર બહુ સારા. જેમણે કોઈ ગેસ્ટ્રો ફિઝીશિયન પાસે મોકલ્યા. આ રીપોર્ટ નોર્મલ આવ્યા. ગેસ્ટ્રોલોજિસ્ટ સાહેબે Endoscopy અને Colonoscopyની સલાહ આપી. બંને ટેસ્ટ સાથે બ્લડ ટેસ્ટ થયા. પણ દવાઓથી કોઈ રાહત થઈ નહીં.

હવે તેમનું વજન દેખીતું ઘટવા લાગ્યું અને વધારામાં પગે સોજા આવ્યા. સાવ નંખાઈ ગયેલા લાગતા હતા. તેમના ફેમિલી ડૉક્ટરે એમને ફરીથી સારા ફિઝીશિયન પાસે મોકલ્યા તો લોહીના ટેસ્ટમાં Proteinનું પ્રમાણ ઘટી ગયું હતું તથા $B_{12}$ અને Vit $D_3$ તથા હિમોગ્લોબીન પણ ઘટી ગયું હતું.

તેમના ફેમિલી ડૉક્ટરે એવા ફિઝીશિયનનો સંપર્ક કર્યો, જે મનના રોગોના પણ નિષ્ણાત હોય. નવા ડૉક્ટરે પ્રથમ તો દર્દી સાથે એક કલાકની વાતચીત કરી તેમના શરીરનો નકશો મનમાં લીધો. તેમના પ્રશ્નો ઘણા ખરા તેમના વ્યક્તિત્વ એટલે કે પર્સનાલીટી ટાઈપ A અને હતાશા સાથે સંકળાયેલા લાગ્યા.

હવે તેમનું બરોબર નિદાન થવા લાગ્યું, છતાં પણ Endoscopy અને Colonoscopyના રીપોર્ટ ૩ વર્ષ પહેલાંના હોઈ ફરીથી કરાવ્યા તો, હોજરી કે આંતરડાનો કોઈ રોગ હાથમાં આવ્યો નહીં. તેમનું નિદાન થયું IBS. એટલે મનના લીધે આંતરડાઓની ઉત્તજના વધતા ઝાડા થાય. શરીરમાં હિમોગ્લોબીન, પ્રોટીન, વિટાવિન બી૧૨ તથા ડી-૩ ની ઉણપ થાય. બીજા શબ્દોમાં કહીએ તો MAL ABSORBTION. પ્રોટીન ઓછું હોવાને કારણે પગ ઉપર સોજા વધતા હતા.

હવે સારવારની લાઈન નક્કી થઈ. રાત્રે ઊંઘ આવવા લાગી. Serotoninનું લેવલ મગજમાં દવાના કારણે વધવા લાગ્યું. આંતરડાની ઉત્તેજનાઓ દૂર કરવાની દવાઓ અસર કરવા લાગી. પ્રોટીનના ૩ બોટલ ૩ દિવસ. સાથે Sucrose Iron અને $B_{12}$ ના ઈન્જેક્શનો બોટલમાં નાખી આપતા. પ્રોટીન વધ્યું, સોજા ઓછા થયા. ખોરાકમાં ફેરફારના કારણે ભૂખ ઉઘડી. વજન એક મહિનામાં ૫ કિલો વધ્યું. ગુસ્સો બંધ થઈ ગયો. જીવનમાં ધીમે ધીમે હાશકારો થવા લાગ્યો.

હા, પગના સોજા ને પગની પીંડીઓમાં દુઃખાવાને લઈને પગના કલર ડોપ્લર (લોહી જામી ગયું નથી ને? DVT) ની તપાસ પણ નેગેટીવ આવી. ખોરાકમાં પ્રોટીન હવે પચવા લાગ્યું. મહિને એક બોટલ પ્રોટીનની ૩ મહિના સુધી આપવી એમ નક્કી થયું, જેથી લોહીમાં પ્રોટીન નોર્મલ થઈ જાય.

- **ઉપસંહાર :**

૧. પેટના કેટલાક રોગો ઉપર જણાવ્યા પ્રમામે તથા ગેસ એસિડિટી (Chronic gastritis) મનના રોગો સાથે સંકળાયેલા છે.

૨. IBS જે Type-1 personality સાથે અને ડિપ્રેશન કે Insomnia સાથે સંકળાયેલો છે. જેમાં બાયોકેમિકલ ફેરફાર જેવા કે Serotonin તથા Endorphin ખૂબ ઓછા પ્રમાણમાં પેદા થાય છે.

૩. વ્યક્તિની પૂરેપૂરી કુંડળી – કાઉન્સેલિંગ પ્રશ્નો મટાડવામાં મદદરૂપ થાય છે.

*અંતમાં...*

*તું નારાજ ના રહા કર એ મન હમસે, તુજે ખુદા કા વાસ્તા હૈ,*
*એક તેરા ચહેરા ખુશ દેખકર તો હમેં અચ્છી નિંદ આતી હૈ.*

વિવિધતા

# જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો : લેખાંક-૯

દૃષ્ટિ મહેતા
યેશા મહેતા

***પ્રશ્ન*** *: નીચેની કવિતા વાંચો અને કહો, આ કવિતામાં 'ઘેટું' એટલે શું?*

*પરાપૂર્વથી એક ઘેટું ઘટે છે,*
*ગણી જો હજી એક ઘેટું ઘટે છે.*

*વિચારી વિચારી થયા વૃદ્ધ લોકો,*
*વિચાર્યું કદી : એક ઘેટું ઘટે છે.*

*સદી-દર-સદી થાય સંખ્યા ગણતરી,*
*સદી-દર-સદી એક ઘેટું ઘટે છે.*

*ઝળેળાટ સૂરજ, સુગંધી પવન છે,*
*વહે છે નદી, એક ઘેટું ઘટે છે.*

*ન વારણ - નિવારણ, ન કારણ - પ્રયોજન,*
*ખુલાસો નથી, એક ઘેટું ઘટે છે.*

*– કવિ શિલ્પીન થાનકી*

***જવાબ*** : આમ, જોવા જઈએ તો 'ઘેટું' શબ્દ સાંભળતા જ આપણા મગજમાં ઊનથી ઘેરાયેલું હૃષ્ટપુષ્ટ પ્રાણી જ મગજમાં આવે છે. પરંતુ ઉપર્યુક્ત કવિતામાં 'ઘેટું' શબ્દનો અર્થ ખૂબ જ ગહન છે. 'ઘેટું' ઘટે છે. અત્રે 'ઘેટું' એક અર્થાલંકાર છે, જેનો અર્થ છે : માનવીની ઇચ્છાઓ અનંત છે, તેનો કોઈ જ અંત નથી. બધું મેળવી લીધા છતાં માનવીને સદાયે કંઈક ખૂટતું હોય તેમ લાગે છે અને કવિ શિલ્પીન થાનકીએ આ વાત સુંદર રીતે કરતાં લખ્યું છે કે, 'પરાપૂર્વથી એક 'ઘેટું' ઘટે છે, ગણી જો, હજુ એક ઘેટું ઘટે છે.'

- **જીવનશીખ**

ઉપર્યુક્ત બાબતથી કવિ સમજાવે છે કે : ઘેટાંના ટોળામાં હંમેશાં એકાદ ઘેટું ઘટતું લાગે છે, તેમ ઇચ્છાઓનું પણ તેવું જ છે. ગમે તેટલી સંતોષીએ, છતાં પણ કંઈક તો ખૂટતું લાગે જ છે. આથી, સુખી જીવન જીવવા ઇચ્છાઓને સીમિત કરવાની કળા શીખવી જરૂરી છે.

★

***પ્રશ્ન*** *: નીચે મહાન વ્યક્તિ બનવા માટે મહત્ત્વના પાંચ માધ્યમ બતાવવામાં આવ્યા છે. તેને યોગ્યતાના ધોરણ અનુસાર તમારે ગોઠવી બતાવવાના છે. (૧) વિદ્યા, (૨) ધન, (૩) કુળ, (૪) શીલ, (૫) પ્રતિષ્ઠા.*

***જવાબ*** : મહાનતાની વ્યાખ્યા દરેક વ્યક્તિના મતાનુસાર જુદી જુદી હશે કારણકે આપણે સામાજિક સ્તરે જો છીછરી વિચારસરણી અનુસાર ગોઠવણી કરીએ તો અત્યંત ધનિક, હોદ્દેદાર, ઉચ્ચ કુળધારી વ્યક્તિને મહાન ગણવામાં આવે છે. પરંતુ જો હું તેને મારા મત અનુસાર, યોગ્યતાના ધોરણ અનુસાર ગોઠવવાનો પ્રયાસ કરીશ તો હું ક્રમ ગોઠવણી આ અનુસાર કરીશ : (૧) શીલ, (૨) વિદ્યા, (૩) પ્રતિષ્ઠા, (૪) ધન, (૫) કુળ.

કારણકે આ પાંચ તત્ત્વમાંથી સૌપ્રથમ જો કોઈ તત્ત્વને બાદ કરવું હોય તો પ્રથમ બાદબાકી 'કુળ'ની થાય. કારણકે વ્યક્તિના જન્મ કરતાં તેનાં કર્મનું વધુ મહત્ત્વ રહેલું છે.

ત્યારબાદ બાકી રહેલા ચાર તત્ત્વોમાંથી જો કોઈની બાદબાકી કરવાની હોય તો દ્વિતીય બાદબાકી 'ધન'ની થાય. કારણકે વ્યક્તિ ગરીબ હોય તો તે તેનો દુર્ગુણ નથી. માટે ધન ન હોય તો ચાલે.

તદુપરાંત જો કોઈ તત્ત્વની બાદબાકી કરવાની હોય તો તે તત્ત્વ છે 'પ્રતિષ્ઠા.' કારણકે પ્રતિષ્ઠાનો મોહ ન રાખવો. કારણકે વ્યક્તિની સમાજમાં કીર્તિ ન હોય તો ચાલે, પરંતુ સમાજમાં અપકીર્તિ ન હોય એટલું કાફી છે.

બાકી બચેલા બે તત્ત્વોમાંથી જો કોઈ તત્ત્વની બાદબાકી કરવાની હોય તો તે હું કરીશ 'વિદ્યા.' કારણકે વિદ્યા વિના ચાલે પરંતુ શીલ વગર ચાલવાનું નથી. કારણકે અભણ હોવું એ દુર્ભાગ્ય ગણાય, પરંતુ અવગુણ ન ગણાય. જ્યારે શીલહીન હોવું એ સૌથી મોટો દુર્ગણ છે. તેથી શીલ હોવું એ માણસના સ્વભાવનો અનિવાર્ય સદ્ગુણ છે.

- **હિતાર્થ**

જીવનમાં મહાનતા કેળવવી એ કંઈ મમરા ચાવવાની વાત નથી. તેની માટે જીવનની માર્મિકતા સમજી યોગ્યતા કેળવવી પડે. તો જ મહામાનવ બની શકાય છે.

*૨૦૪, કળશ (સી.એન.) કો.ઓ. હાઉ. સોસાયટી,*
*સી. એન. વિદ્યાલય ગેટ નં.-૧ની સામે,*
*આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬. સંપર્ક : ૯૯૭૪૩ ૭૯૮૫૮*

**પહેલા અને પછી**

*બોલતા 'પહેલાં' અક્ષર આપણો ગુલામ*
*અને બોલ્યા 'પછી' આપણે અક્ષરના ગુલામ.*

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૬૮

### શ્રી હથુન્ડી તીર્થ
### (શ્રી રાતા મહાવીર ભગવાન)



અરવલ્લીની ટેકરીઓમાં આવેલું આ હથુન્ડી તીર્થ રાણકપુર તીર્થથી ૩૨ કિ.મી., ફાલનાથી ૨૮ કિ.મી. અને જવાઈબંધ રેલવે સ્ટેશનથી ૨૦ કિ.મી. દૂર આવેલું છે. અહીં મૂળનાયક શ્રી મહાવીર ભગવાનની રક્તપ્રવાલ વર્ણની ૧૩૫ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. રાષ્ટ્રકૂટોની રાજધાની રહી ચૂકેલી આ નગરીનાં બે નામ મળે છે અને તે છે હસ્તિકુંડી તથા હસ્તિતુંડી. હસ્તિતુંડીનો અર્થ છે હાથીનું મુખ અને અહીં મૂળ નાયક શ્રીરાતા મહાવીર સ્વામીની પ્રતિમાની નીચે અષ્ટાપદ સિંહનું (જેનું મુખ રાજાનું હોય) લાંછન છે. તેથી આ નગરનું નામ હસ્તિતુંડી પડયું હશે. આવું લાંછન અન્ય કોઇ પ્રતિમા પર જોવા મળતું નથી. આજે એ જ ચોથી શતાબ્દીની પ્રાચીન પ્રતિમા વિદ્યમાન છે. આ મંદિરનું નિર્માણ વિ.સં. ૩૭૦માં પૂ. આ. શ્રી સિદ્ધસૂરિજીની પ્રેરણાથી શ્રી વીરદેવ શ્રેષ્ઠી દ્વારા થયાનો ઉલ્લેખ મળે છે. એ પછી વિ.સં. ૯૭૩માં રાજા હરિવર્ધનના પુત્ર વિદગ્ધ રાજાએ જૈન ધર્મનો અંગીકાર કર્યો અને આ મંદિરનો જીર્ણોદ્ધાર કરીને તેની પ્રતિષ્ઠા કરાવી હતી. વિદગ્ધ રાજાના વંશજ રાજાઓ જૈન ધર્મના અનુયાયીઓ હોવાથી તેમણે પણ ધર્મપ્રસારનું કાર્ય કર્યાની નોંધ મળે છે. વિ.સં. ૧૦૫૩માં પૂ. શ્રી શાન્ત્યાચાર્યજી મ.ના સુહસ્તે આદિનાથ ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠિત થયાનો ઉલ્લેખ છે. લગભગ વિ.સં. ૧૩૪૫માં આ ગામનું નામ હથુન્ડી પડ્યું તેવો ઉલ્લેખ છે. આનો છેલ્લો જીર્ણોદ્ધાર વિ.સં. ૨૦૦૬માં પંજાબ કેસરી પૂ.આ. શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મ.ને સુહસ્તે ઘણાં જ ઉલ્લાસમય વાતાવરણમાં થયો હતો.

*સેવા અને પરોપકાર કરવાની તક માત્ર માનવભવમાં જ મળે છે.*

## તીર્થ દર્શન-૬૯

### શ્રી ફલૌધી તીર્થ
### (શ્રીફળવૃદ્ધિ પાર્શ્વનાથ ભગવાન)



રાજસ્થાનના મેડતા રોડ સ્ટેશનથી ૧ કિ.મી. દૂર આવેલા ફલૌધી ગામમાં આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રીફળવૃદ્ધિ પાર્શ્વનાથ ભગવાનની લગભગ ૧૦૫ સે.મી. ઊંચી શ્યામ વર્ણની પદમાસનસ્થ પ્રતિમા છે. આ પ્રાચીન ચમત્કારીક પ્રભુપ્રતિમા અત્યંત સુંદર છે તેમ જ એને ભાવપૂર્વક વંદન કરવાથી ભાવનાઓ ફળીભૂત થાય છે. ભગવાનની પ્રતિમા રેતી અને માટીની બનેલી છે. રાજસ્થાનનાં પ્રાચીન તીર્થોમાં આ એક મહિમાવંતુ તીર્થ છે. ૧૪મી સદીમાં શ્રી જિનપ્રભસૂરીશ્વરજીએ 'વિવિધ તીર્થકલ્પ'માં નોંધ્યું છે કે આ તીર્થનું દર્શન કરવાથી ૬૮ તીર્થોનો લાભ મળે છે. આમાં એમ પણ લખ્યું છે કે અહીંના શ્રી ધાંધલ શ્રેષ્ઠીને સ્વપ્નમાં અધિષ્ઠાયક દેવે સંકેત આપ્યો. સંકેતના સ્થળે તપાસ કરતાં દેવાધિદેવ પાર્શ્વનાથ ભગવાનની સપ્તફણી ચમત્કારિક પ્રતિમા પ્રાપ્ત થઈ. એમણે મંદિરના નિર્માણનું કાર્ય શરૂ કર્યું. એમાં આવેલી મુશ્કેલીઓ પણ અધિષ્ઠાયક દેવને કારણે ઓછી થઈ. વિ.સં. ૧૧૮૧માં પૂ. આ.શ્રી ધર્મઘોષસૂરીશ્વરજીએ અહીંના શ્રી સંઘને ઉપદેશ આપીને પુનઃ પ્રતિષ્ઠા કરાવી. અહીં દર વર્ષે ભાદરવા વદ ૧૦ના દિવસે મેળો ભરાય છે અને હજારો નર-નારીઓ શ્રધ્ધાપૂર્વક શ્રીફળવૃધ્ધિ પાર્શ્વનાથની આરાધના કરે છે. અહીં પાર્શ્વનાથ ભગવાન અને મહાવીર ભગવાનના ભવ-પટ્ટ તથા અન્ય પટ્ટોની કલાત્મકતા દર્શનીય છે. અનેક ગ્રંથોમાં આના વખતોવખત થયેલા જીર્ણોધ્ધારની વિગત મળે છે. અત્યારે આ મંદિરની નજીક જ બે પ્રાચીન મંદિર છે. એકમાં ભગવાન પાર્શ્વનાથ અને બીજામાં ભગવાન શાંતિનાથ છે. એનો રંગમંડપ પણ ભવ્ય છે.

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***
***મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭***

જૈન દેરાસરો

# કચ્છના વિવિધ તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ – ૩

મહેન્દ્ર લખમશી મોતા
(નલીયા, અમદાવાદ)
ફોન : (૦૭૯) ૨૬૮૫ ૫૧૧૦

*'મંગલ મંદિર'ના ડિસેમ્બર-૨૦૨૪ના અંકમાં આપણે નખત્રાણા તાલુકા, ભુજ શહેર અને ભુજ તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લીસ્ટ જોઈ ગયા.*

*'મંગલ મંદિર'ના આ અંકમાં આપણે માંડવી શહેરમાં અને માંડવી તાલુકામાં આવેલ જૈન દેરાસરો વિશેની જાણકારી મેળવીએ.*

*– તંત્રી મંડળ*

## માંડવી શહેરમાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ

**૧.** શ્રી અજિતનાથ પ્રભુજી. શ્રી વિનયભાઈ : મો. ૯૮૭૯૫ ૬૩૦૩૭. શ્રી દિલીપભાઈ : મો. ૬૩૫૩૮ ૩૮૨૧૭

**૨.** શ્રી શાંતિનાથ પ્રભુજી (અચલગચ્છ). શ્રી મયુરભાઈ : મો. ૯૪૨૯૧ ૨૫૪૦૩, શ્રી કિશોરભાઈ : મો. ૯૯૧૩૯ ૫૨૪૦૦

**૩-૪.** શ્રી શીતલનાથ પ્રભુજી અને શ્રી મહાવીર સ્વામિ પ્રભુજી. આ બે પ્રભુજીના દેરાસર અલગ અલગ વિસ્તારમાં છે. તપગચ્છ સંઘ એક છે. શ્રી ચંદ્રેશભાઈ : મો. ૯૮૭૯૪ ૫૯૪૫૧, શ્રી તરૂણભાઈ : મો. ૯૪૨૬૪ ૫૭૮૧૦

**૫.** શ્રી ધર્મનાથ પ્રભુજી (ખરતરગચ્છ). શ્રી મિતુલભાઈ : ફોન : (૦૨૮૩૪) ૨૨૪૧૩૭.

**૬-૭.** શ્રી પાર્શ્વનાથ પ્રભુજી અને શ્રી મહાવીર સ્વામિ પ્રભુજી તથા દાદાવાડી. શ્રી ભૂપતભાઈ : ફોન : (૦૨૮૩૪) ૨૨૪૧૨૫ આ બંને દેરાસરના સંચાલનકર્તા એક છે.
શ્રી રાજુભાઈ : મો. ૯૮૨૫૬ ૨૨૫૮૨, શ્રી નિખિલભાઈ : મો. ૯૮૨૫૩ ૫૫૪૩૨

**૮.** શ્રી સુમતિનાથ પ્રભુજી (બાબાવાડી). શ્રી મનસુખભાઈ : મો. ૯૪૨૬૯ ૯૭૫૧૪. શ્રી ચેતનભાઈ : મો. ૯૮૨૫૮ ૫૭૭૪૮

- ★ છ કોટી સ્થાનકવાસી જૈન સંઘ. શ્રી પુનીતભાઈ : મો. ૯૮૨૫૦ ૯૪૮૯૪, શ્રી જયેશભાઈ : મો. ૯૮૨૫૧ ૭૭૪૫૮
- ★ સ્થાનકવાસી આઠ કોટી મોટો પક્ષ જૈન સંઘ.
- ★ શ્રી મેહુલભાઈ : મો. ૯૯૨૫૦ ૨૧૬૯૩, શ્રી ભાવિન સંઘવી : મો. ૯૯૨૫૬ ૪૦૦૮૮
- ★ જૈન પુરી. ફોન : (૦૨૮૩૪) ૨૩૦૦૭૫. શ્રી મેહુલભાઈ : મો. ૯૯૨૫૦ ૨૧૬૯૩, શ્રી ચંદ્રેશભાઈ : મો. ૯૮૭૯૪ ૫૯૪૫૧
- ★ શ્રી વીસા ઓસવાલ જૈન ગૂર્જર જ્ઞાતિ ધર્મશાળા. ફોન : (૦૨૮૩૪) ૨૨૪૮૪૨ શ્રી પ્રવીણભાઈ.
  શ્રી મેહુલભાઈ : મો. ૯૯૨૫૦ ૨૧૬૯૩, શ્રી ચંદ્રેશભાઈ : મો. ૯૯૭૯૪ ૫૯૪૫૧
- ★ જૈન ભોજનશાળા.
  વિનુભાઈ : ફોન : ૨૩૨૩૩૩, શ્રી ભાવિનભાઈ : મો. ૯૯૨૫૬ ૪૦૦૮૯, શ્રી શૈલેષભાઈ : મો. ૮૮૪૯૬ ૩૪૭૦૬

**૯.** શ્રી મેઘજી સોજપાલ જૈન આશ્રમ. શ્રી શાંતિનાથ પ્રભુજી. મો. ૯૮૨૫૩ ૦૬૫૫૪

**૧૦.** શ્રી યશોધન વર્ધમાન ૭૨ જિનાલય ટ્રસ્ટ, શ્રી આર્યકલ્યાણ જૈન ચેરીટેબલ ટ્રસ્ટ. શ્રી આદિનાથ પ્રભુજી.
શ્રી રમણિકભાઈ : મો. ૯૯૭૮૨ ૪૭૨૭૧, શ્રી ગિરીશભાઈ : મો. ૭૩૫૯૦ ૦૨૮૦૨

## માંડવી તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ

**૧.** **આસંબીયા નાના.** શ્રી આદેશ્વર દાદા પ્રભુજી.
શ્રી ચેતનભાઈ : મો. ૬૩૫૨૭ ૧૫૫૪૨. શ્રી પ્રવીણભાઈ : મો. ૯૭૦૨૪ ૪૭૧૧૪

**૨.** **આસંબીયા મોટા.** શ્રી સુપાર્શ્વનાથ પ્રભુજી. શ્રી મહારાજ : મો. ૯૯૨૫૩ ૧૪૦૮૧

**૩. ઉનડોઠ મોટી.** શ્રી વાસુપૂજ્ય સ્વામિ પ્રભુજી.
શ્રી પ્રવીણભાઈ : મો. ૯૦૯૯૬ ૪૫૫૯૫, શ્રી નરેન્દ્રભાઈ : મો. ૯૩૨૪૫ ૦૪૨૭૨

**૪. કોટડી મહાદેવપુરી.** શ્રી કુંથુનાથ પ્રભુજી.
શ્રી જીવરાજભાઈ : મો. ૮૪૬૯૭ ૬૧૧૨૪, શ્રી મૂલચંદભાઈ : મો. ૯૩૨૧૧ ૧૯૭૬૧

**૫. કોડાય.** શ્રી અનંતનાથ પ્રભુજી.
ફોન : ૨૭૫૫૨૬. શ્રી અમૂલભાઈ ગાલા : મો. ૯૮૨૫૩ ૭૨૫૫૫, શ્રી હરખભાઈ ગાલા : મો. ૯૮૯૦૨ ૧૧૮૧૮

**કોડાય.** શ્રી ભક્તિ પાર્શ્વનાથ પ્રભુજી.
ફોન : ૨૭૫૯૧૩. શ્રી અમૂલભાઈ ગાલા : મો. ૯૮૨૫૩ ૭૨૫૫૫, શ્રી દામજીભાઈ દેઢિયા : મો. ૯૮૨૦૪ ૩૦૮૬૧

**કોડાય.** શ્રી મહાવીર સ્વામિ પ્રભુજી.
શ્રી સાકરચંદભાઈ : મો. ૯૩૨૩૩ ૧૪૨૧૨, શ્રી અનંતભાઈ વીરા : મો. ૯૮૧૯૮ ૦૪૬૩૬

**૬. નાની ખાખર.** શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુજી.
શ્રી અમિતભાઈ : મો. ૯૯૭૮૧ ૬૩૭૭૨, ૯૬૩૮૩ ૫૩૫૫૪. શ્રી ખુશાલભાઈ : મો. ૮૭૭૯૬ ૯૬૧૦૭

**૭. ગઢશીશા.** શ્રી આદિનાથ પ્રભુ. શ્રી સોહિતભાઈ : મો. ૯૮૨૫૭ ૩૭૦૮૮, શ્રી હિરેનભાઈ : મો. ૯૭૧૨૩ ૯૪૨૦૪.

**૮. ગુણપુરી.** (૭૨ જિનાલય પાસે) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજી. કસ્તુરબેન : મો. ૯૯૨૫૧ ૪૭૩૧૦

**૯. ગુંદિયાળી.** શ્રી શાંતિનાથ પ્રભુજીની પ્રતિમા શ્રી ભદ્રેશ્વર વસહી મહાન તીર્થમાં પધરાવેલ છે.
શ્રી રાહુલભાઈ શાહ : મો. ૯૩૨૦૨ ૨૩૩૦૪, શ્રી દીપકભાઈ : મો. ૯૩૨૧૯ ૬૮૬૧૮

**૧૦. ગોધરા.** શ્રી કેસરીયા આદિનાથ પ્રભુજી. શ્રી કાંતિલાલ : મો. ૯૮૩૩૮ ૦૦૬૮૦
ચાંગડાઈમાં હાલ દેરાસર નથી.

**૧૧. ડોણ.** શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુજી. શ્રી વસંતભાઈ : મો. ૯૯૨૫૭ ૩૮૨૮૪

**૧૨. તલવાણા.** શ્રી સુમતિનાથ પ્રભુજી. શ્રી પ્રવીણભાઈ : મો. ૯૯૧૩૭ ૧૭૯૧૭, શ્રી શૈલેષભાઈ : મો. ૯૭૨૬૬ ૮૧૫૬૫

**૧૩. ત્રગડી.** શ્રી સંભવનાથ પ્રભુજી. શ્રી જયેશભાઈ : મો. ૯૮૬૯૧ ૩૯૧૩૫.

**૧૪. દેઢિયા** ગામમાં શ્રી આદિનાથ પ્રભુજી. શ્રી વિનોદભાઈ : મો. ૯૮૧૯૪ ૨૪૨૬૬, ૯૦૧૬૨ ૯૯૩૭૮

**દેઢિયા** હાઈવે પર શ્રી પાર્શ્વનાથ પ્રભુજી. શ્રી મનોજભાઈ : મો. ૯૫૧૦૩ ૨૫૭૬૧, ૯૨૭૧૫ ૯૮૫૬૫
પેઢી : શ્રી હરેશભાઈ કે. છેડા : મો. ૭૦૪૫૮ ૦૮૨૫૨

**૧૫. દેવપુર (ગઢ).** શ્રી ગોડી પાર્શ્વનાથ પ્રભુજી. શ્રી કાંતિભાઈ : મો. ૯૮૭૯૯ ૩૫૦૯૮

**૧૬. નાગલપુર.** શ્રી ચંદ્રપ્રભ સ્વામિ પ્રભુજી.
શ્રી હરેશભાઈ : મો. ૯૯૦૯૭ ૨૭૫૦૬, શ્રી કમલેશભાઈ : મો. ૯૮૭૯૩ ૫૬૫૩૯

**નાગલપુર વિદ્યાપીઠ.** શ્રેયાંસનાથ - આદિનાથ પ્રભુજી. શ્રી તલકશીભાઈ : મો. ૯૫૭૪૦ ૩૪૨૦૫

**૧૭. નાગ્રેચા.** શ્રી ચંદ્રપ્રભ સ્વામિ પ્રભુજી.
શ્રી સુરેશભાઈ : મો. ૯૯૭૮૩ ૧૭૩૦૫, શ્રી હેમચંદ રતનશી છેડા - મુંબઈ : મો. ૯૩૨૨૨ ૮૯૫૫૦

**૧૮. નવાવાસ (દુર્ગાપુર).** શ્રી શાંતિનાથ પ્રભુજી.
પેઢી : શ્રી પરેશભાઈ : મો. ૯૬૮૭૧ ૦૪૪૨૬, શ્રી વસંતભાઈ : મો. ૯૭૨૭૬ ૨૯૦૨૨

**૧૯. પુનડી.** શ્રી અજિતનાથ પ્રભુજી.
શ્રી કિશોરભાઈ નંદુ : મો. ૯૭૦૨૩ ૬૧૮૮૮, શ્રી મુકેશભાઈ ગંગર : મો. ૯૮૨૦૬ ૭૮૫૭૯

**૨૦. ફરાદી.** શ્રી શાંતિનાથ પ્રભુજી. શ્રી ભરતભાઈ : મો. ૯૯૦૯૭ ૨૭૬૭૫, શ્રી રાજુભાઈ : મો. ૯૯૮૭૧ ૧૭૭૨૨

**૨૧. બાડા.** શ્રી ચંદ્રપ્રભ સ્વામિ પ્રભુજી. શ્રી મહેન્દ્રભાઈ : મો. ૯૭૨૬૧ ૦૯૮૭૪,
શ્રી કીર્તિભાઈ - મુંબઈ : મો. ૯૮૨૧૧ ૨૩૦૬૨, શ્રી મુલજીભાઈ : મો. ૬૩૫૪૩ ૦૨૭૬૨

**૨૨. બાયઠ.** શ્રી મહાવીર સ્વામિ પ્રભુજી.
શ્રી જગદીશભાઈ - વાશી, મુંબઈ : મો. ૯૮૨૦૭ ૭૫૬૭૭, શ્રી કાંતિભાઈ : મો. ૯૫૩૭૨ ૭૯૩૮૦

**૨૩. બાંભડાઈ.** શ્રી વિમલનાથ પ્રભુજી. શ્રી સુરેશભાઈ : મો. ૯૩૨૨૧ ૯૯૪૯૭, શ્રી જયેશભાઈ : મો. ૯૩૨૩૦ ૫૮૧૧૪

**૨૪. બીદડા.** શ્રી આદિનાથ પ્રભુજી. પેઢી : ફોન : (૦૨૮૩૪) ૨૪૪૨૩૦, શ્રી નીલેશભાઈ : મો. ૯૮૨૫૭ ૭૪૪૭૦

**૨૫. ભાડિયા નાના.** શ્રી શાંતિનાથ પ્રભુજી.
શ્રી પ્રેમજીભાઈ : મો. ૯૩૨૦૦ ૭૨૫૨૩, શ્રી પંકજભાઈ રાંભિયા : મો. ૯૮૬૯૬ ૪૮૪૪૯

**૨૬. ભીંસરા.** શ્રી સુવિધિનાથ પ્રભુજી. પેઢી : પૂજાબેન : મો. ૬૩૫૩૭ ૦૩૩૮૮
શ્રી મનીષભાઈ : મો. ૯૭૭૩૦ ૦૮૮૨૦, શ્રી પ્રેમચંદભાઈ - મુંબઈ : મો. ૯૩૨૨૬ ૦૭૧૪૩

**૨૭. ભોજાય.** શ્રી શાંતિનાથ પ્રભુજી. શ્રી વિપુલભાઈ : મો. ૯૫૧૦૮ ૯૭૫૨૩, શ્રી દેવચંદભાઈ : મો. ૯૯૭૮૨ ૪૭૮૫૫

**૨૮. મકડા.** શ્રી સુમતિનાથ પ્રભુજી. શ્રી ભરતભાઈ જેઠાલાલ ગાલા : મો. ૮૬૫૨૭ ૯૯૧૨૯
પ્રમુખ શ્રી ગુલાબચંદ મુળજી ગાલા : મો. ૮૭૭૯૫ ૫૮૧૩૨, શ્રી સતીષ ખીમજી ગાલા : મો. ૯૯૬૯૫ ૦૪૧૬૭

**૨૯. માપર.** શ્રી વાસુપૂજ્ય સ્વામિ પ્રભુજી. શ્રી નાનજીભાઈ કલ્યાણજી ગડા : મો. ૯૮૯૨૯ ૫૮૨૦૬

**૩૦. મેરાઉ.** શ્રી વાસુપૂજ્ય સ્વામિ પ્રભુજી. શ્રી હરેશભાઈ : મો. ૯૯૧૩૮ ૪૩૮૦૫, શ્રી પ્રફુલભાઈ : મો. ૯૯૧૩૯ ૨૦૦૬૯
**મેરાઉ વિદ્યાપીઠ.** શ્રી શાંતિનાથ પ્રભુજી. શ્રી તલકશીભાઈ : મો. ૯૫૭૪૦ ૩૪૨૭૫

**૩૧. રતાડિયા નાના.** શ્રી સુમતિનાથ પ્રભુજી.
શ્રી જગદીશભાઈ : મો. ૯૭૨૬૬ ૮૧૬૪૬, શ્રી ખુશાલભાઈ : મો. ૯૫૩૭૨ ૦૩૨૬૬, શ્રી ભાવિશભાઈ : મો. ૯૩૭૨૮ ૧૭૮૭૯

**૩૨. રતાડિયા મોટા.** શ્રી વાસુપૂજ્ય સ્વામિ પ્રભુજી. શ્રી મહેશભાઈ : મો. ૯૭૧૨૭ ૯૩૩૬૯

**૩૩. રાયણ મોટી.** શ્રી ચંદ્રપ્રભ સ્વામિ પ્રભુજી.
શ્રી ભાઈલાલ ગાલા : મો. ૭૭૩૮૩ ૮૫૧૮૩, શ્રી દીપકભાઈ ગડા : મો. ૮૩૬૯૪ ૩૬૩૩૫

**૩૪. લાયજા.** શ્રી મહાવીર સ્વામિ પ્રભુજી. શ્રી કાંતિભાઈ : મો. ૮૯૮૦૫ ૭૫૭૦૩, શ્રી કેતનભાઈ : મો. ૯૮૧૯૫ ૭૯૫૧૭

**૩૫. વાંઢ (ગજપુરી).** શ્રી કુંથુનાથ પ્રભુજી.
શ્રી મુલેશભાઈ : મો. ૯૫૫૮૫ ૭૯૫૯૯, શ્રી દિનેશભાઈ : મો. ૯૮૨૦૫ ૭૭૦૪૦

**૩૬. વીઢ.** શ્રી સુમતિનાથ પ્રભુજી. શ્રી ગિરીશભાઈ : મો. ૯૪૨૬૧ ૪૨૫૭૨

**૩૭. શેરડી.** શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ પ્રભુજી.
શ્રી નાગજીભાઈ : મો. ૯૧૬૭૭ ૪૭૫૫૦, શ્રી ભાવેશભાઈ છેડા : મો. ૯૮૨૦૦ ૪૬૨૫૯

**૩૮. શિવમસ્તુ જૈન તીર્થ.** સમવસરણ જૈન દેરાસર, શિવમસ્તુ સાધના કેન્દ્ર. શ્રી શિવમસ્તુ પાર્શ્વનાથ પ્રભુજી.
શ્રી સોહિતભાઈ : મો. ૯૮૨૫૭ ૩૭૦૮૮, શ્રી હિરેનભાઈ : મો. ૯૭૧૨૩ ૯૪૨૦૪

**૩૯. સાભરાઈ.** શ્રી વાસુપૂજ્ય સ્વામિ પ્રભુજી.
શ્રી વસંતભાઈ ગાલા : મો. ૯૪૨૭૭ ૫૯૭૭૬, ૯૮૨૧૨ ૫૩૨૬૦, શ્રી જયેશભાઈ : મો. ૯૯૨૫૫ ૪૮૩૫૫

**૪૦. હમલા મંજલ.** શ્રી સુમતિનાથ પ્રભુજી.
શ્રી અરવિંદ ગઢીઆ : મો. ૯૭૨૭૩ ૨૬૩૭૫, શ્રી પ્રદીપભાઈ : મો. ૯૩૨૩૬ ૧૪૦૪૦

**૪૧. હાલાપર.** શ્રી શીતલનાથ પ્રભુજી.
શ્રી ધીરજભાઈ મારૂ : મો. ૯૭૧૨૪ ૫૩૯૭૮, ૯૮૧૯૮ ૧૨૮૦૧. શ્રી જયંતભાઈ : મો. ૯૮૨૧૧ ૫૬૨૦૮


**ચૌલા કુરૂવા અને પ્રમીલા કુરૂવા ફાઉન્ડેશનના પ્રકાશનો**

| | | | |
|---|---|---|---|
| ■ આનંદ મંગલ | : ......... 100/- | ■ સફળતા | : .......... 75/- |
| ■ સત્યમ્ શિવમ્ સુંદરમ્ | : ......... 100/- | ■ પહેલું સુખ તે જાતે નર્યા | : .......... 70/- |
| ■ આરોગ્યના અમૃત | : ......... 150/- | ■ ગીત ગુંજન | : ....... 150/- |
| ■ આરોગ્ય હેલ્થ ટીપ્સ | : ......... 100/- | ■ સાપસીડી | : ....... 250/- |

WhatsApp
99130 12120

લઘુકથા

## લઘુકથા : સંયુક્ત પરિવાર

આજે સવારથી જ મને વિખરાઈ ગયેલ અમારું સંયુક્ત પરિવાર યાદ આવતું હતું.

એ સવારો કેવી પડતી હતી. બધા સાથે ચા લેતા, છાપું વાંચી ચર્ચાઓ કરતા. સવારે તો અમે બધાં સૌ સૌના કામે લાગી જતાં, પણ રાત્રીનું ભોજન તો સાથે જ હોય.

આજે ડાઇનિંગ ટેબલ ઉપર ત્રણ થાળી જોઈ મારું મન દુઃખી થઈ જતું.

એક વખત હતો ઘણી થાળીઓ એક વિશાળ ડાઇનિંગ ટેબલ ઉપર એક સાથે મુકાતી.

એવું તો ઘરમાં શું તોફાન આવ્યું? એવી તો ઘર ઉપર કોની નજર લાગી ગઇ? એવી તો કેવી ગેરસમજ અંદરો અંદર થઈ ગઈ કે અમારો હસતો રમતો પરિવાર વિખરાઈ ગયો!

હું થોડા ભૂતકાળમાં જતો રહ્યો.

પપ્પા પછી કોઈ પણ નિર્ણય લેવો હોય પછી તે ઘર હોય કે બિઝનેસ, મોટાભાઈનો નિર્ણય અંતિમ ગણાતો. મોટાભાઈ-ભાભીને ઘરમાં બધાં માન અને આદર આપતા. એક આદર્શ પરિવાર તરીકે ગામ અને સમાજમાં અમારાં ઘરનું નામ હતું.

પપ્પાના બિઝનેસમાંથી નિવૃત્ત થયા પછી મોટાભાઈના વર્તનમાં થતો ફેરફાર દરેક વ્યક્તિ નોંધ કરતી હતી પણ બિઝનેસ ચલાવવામાં પડતી તકલીફ તરફ અમે બધા બેધ્યાન હતા.

ભાઇઓમાં હું નાનો હતો. બધા ભાઇઓ પરિવાર વાળા હતા. પણ સંયુક્ત પરિવાર હોવાથી બધાં સાથે રહેતા હતા. દરેકના ખર્ચ અલગ અલગ હોવાથી જયારે મોટાભાઈ પાસે હાથ ખર્ચીની વાત કરીએ ત્યારે બે ત્રણ દિવસ તેઓ અમને ફેરવે પછી થોડું સાચું ખોટું સંભળાવી રૂપિયા આપે.

મહેનત તો ધંધામાં અમે બધાં કરતા હતા. તેવી ભાવના ધીરે ધીરે દરેકને થવા લાગી.

એક વખત વચ્ચેના ભાઈએ મોટા ભાઈ પાસે ૫૦ હજાર રૂપિયા નવું બાઇક લેવા માંગ્યા.

મોટા ભાઈએ કીધું, અત્યારે બિઝનેસ બરાબર ચાલતો નથી, જૂના બાઈકથી ચલાવો. તેમને ગમ્યુ નહીં પણ ત્યાંથી મૂંગા મોઢે જતાં રહ્યાં.

એ દિવસે સાંજે ભાઈએ જયારે મોટાભાઈ અને ભાભીને સોની બજારમાં અમારાં સોનીની દુકાને જોયા ત્યારે મોટાભાઈ અને ભાભી તરફ તેમને નફરત થઈ ગઈ. મારે બાઈક લેવું છે તો રૂપિયા નથી, બિઝનેસ ખોટમાં છે, બહાના કાઢે છે અને અહીં મોટાં ભાભી માટે સોનુ ખરીદવા આવ્યાં છે.

રાત્રે ઘરે આવી ભાઈ પપ્પાના રૂમમાં ગયા અને બધી વાતની જાણ કરી. ત્યાં મોટાભાઈ રૂમની અંદર આવી ગયાં. ચર્ચા થોડી ગરમી પકડી રહી હતી. અમારી માંગણી હતી કે હવે અમે બધાં પણ મોટાં થયાં છીએ. અમારે પણ પરિવાર છે અને અમારી વ્યક્તિગત જરૂરિયાત પણ હોય. વારંવાર રૂપિયા માટે ભીખ ના માંગીએ.

મોટા ભાઈ શાંતિથી બધું સાંભળતા હતાં. આરોપો ઉપર આરોપો થતાં હતા. એમાં ભાઈથી બોલાઈ ગયું : ‘તમારી પાસે બાઈક ખરીદવાના રૂપિયા નથી, પણ સોનીની દુકાનેથી ભાભીનું સોનું ખરીદવા રૂપિયા છે. વાહ, મોટા ભાઈ વાહ!’

બારણાં પાસે મોટાં ભાભી ઉભા ઉભા સાંભળતા હતા. તે વચ્ચે બોલવા ગયા પણ મોટાભાઈએ તેમને રોકી લીધાં.

પપ્પા પણ અમારા ઉપર ગરમ થઈ બોલ્યા, તમે ભેગાં થઈ શું બોલો છો, તમને લોકોને ભાન નથી! તમારી એક નાની આશંકાના બીજ સમગ્ર પરિવાર અને બિઝનેસને હતું ન હતું કરી દેશે.

પપ્પાએ મોબાઈલ હાથમાં લીધો અને સોનીને તાત્કાલિક અમારા ઘરે બોલાવ્યા. (અમારા પરિવારની સોનાની ખરીદી ત્યાંથી જ થાય છે). સોની થોડીવારમાં ઘરે આવી ગયા.

હવે વાત વધી ગઇ હતી. સમગ્ર પરિવાર પપ્પાના બેડરૂમમાં ભેગું થયું હતું પણ મોટાભાઈ જાણે ખાનદાની સાચવી હોય તેમ એક પણ શબ્દ બોલ્યાં વગર નીચું મોઢું રાખી પપ્પાની બાજુમાં બેઠાં જ રહ્યા.

પપ્પાએ સોનીને અમારાં સમગ્ર પરિવાર સામે પૂછ્યું કે આ મોટા ભાઈ તમારી દુકાને કેમ આવ્યો હતો, જરા વિગતે આ બધાંને જણાવો.

સોની બોલ્યાં, બિઝનેસ ઘણાં સમયથી ખોટમાં ચાલતો હોવાથી રૂપિયા ૨૫ લાખના મોટાભાભીના ઘરેણાં તેઓ ગીરવે મુકવા અમારે ત્યાં આવ્યા હતા.

રૂમની અંદર સોપો પડી ગયો. અમારી પાસે બોલવા માટે કોઈ શબ્દ ના હતા. હવે અમારાં માથાં શરમથી ઝૂકી ગયા હતા.

મોટાભાઈ અને ભાભી આંખમાં પાણી સાથે રૂમમાંથી

મૂંગા મોઢે બહાર નીકળી ગયા.

પપ્પાએ અમારી સામે જોઈ કીધું, શંકાનું સમાધાન થઈ ગયું હોય તો બધાં જ અહીંથી બહાર ચાલ્યા જાઓ.

બધાંની હાજરીમાં સોની બોલ્યા, 'તેમણે (મોટાભાઈ-ભાભીએ) એવું પણ કીધું હતુ કે આ રૂપિયામાંથી પ્રથમ મારાં નાનાં ભાઈનું બાઈક છોડાવવું છે. તેની નવા બાઈકની ઘણી ઈચ્છા છે.' સોનીની વાત સાંભળી ભાઈની આંખમાંથી પાણી નીકળવા લાગ્યા.

મેં મોટાભાઈ અને ભાભીને સમજવાની ઘણી મોટી ભૂલ કરી દીધી છે.

પપ્પા બોલ્યા, સાંભળો બધાં... જિંદગીમાં ખાલી મોટા કહેવાથી મોટાં નથી બની જવાતું. વિશ્વાસ જીતવો પડે છે. ઘણું બધું જતું કરવું પડે છે. પરિવારની આબરૂ માટે ઘસાઈ જવું પડે. તમારાં મોટાભાઈ ઉપર વિશ્વાસ અને માન મને એટલે છે કે તમારી 'મા' મરી ગયા પછી હું તો માનસિક રીતે તૂટી ગયો હતો. આ તમારા મોટાભાઈના સપોર્ટ અને લાગણીથી જ પરીવાર અને બિઝનેસ આજે પણ ટકી રહ્યો છે. આ તમારી મોટીભાભી પણ પરણીને આવી ત્યારે ઘરમાં કોઈ લેડીઝ ન હતી. તમને બધાને 'માં'ની જેમ પ્રેમ આપી અંધકારરૂપી ઘરમાં રોશની ફેલાવી હતી. બેટા, તમે બધાંજ એકવાત સમજી લેજો આદર અને માન મેળવવાં ઘસાઈ જવું પડે છે. તમારી ઈચ્છાઓને દબાવી દેવી પડે છે. મારી મુશ્કેલીમાં ખભે હાથ મૂકીને ચાલ્યો છે તમારો મોટો ભાઈ. હું એકલો છું તેવો તેણે મને કદી એહસાસ પણ થવા દીધો નથી. આરોપો લગાવતાં પહેલા સત્યને સમજતા શીખો. બાકી યાદ રાખજો : મન,મોતી અને કાચ એકવાર તૂટે પછી તિરાડ તો રહી જ જાય છે.

અમે બધાં શરમ સાથે રૂમની બહાર નીકળી ગયા.

બીજા દિવસે સવારે મોટાભાઈ અને ભાભીની માફી માંગવા અમે બધાં તેમનાં રૂમમાં ગયાં. તો ત્યાં મોટાભાઈ અને ભાભી ન હતા. પપ્પાને પૂછ્યું તો પપ્પાએ કીધું, થોડો વખત માટે તેઓ જાત્રાએ ગયા છે અને કહેતા ગયા છે, હવે હું બિઝનેસ કે પરિવારને ચલાવવા માટે અસમર્થ છુ. આજથી મારાં તમામ હક્ક હું ઘર અને બિઝનેસના જતા કરું છું. સાથે બિઝનેસમાંથી હું સ્વૈચ્છિક નિવૃત્તિ લઉં છું. મારી એક ભાઈ તરીકેની ફરજમાંથી હું કદી પણ નિવૃત્ત નહીં થાઉં તેમ મારાં નાનાં ભાઈઓને મારા તરફથી કહી દેજો.

પપ્પાએ મોટા ભાઈનો પત્ર અમારા હાથમાં મૂક્યો અને બોલ્યા, હવે તમે બધાં જ મુક્ત છો. બિઝનેસ ચલાવવો કે બંધ કરવો, એ તમારો પોતાનો અંતિમ નિર્ણય ગણાશે.

પપ્પા બોલ્યા, આજે મારો પણ અંતિમ નિર્ણય સાંભળી લ્યો. હવે તૂટેલાં મન અને હૃદયથી પરિવાર તરીકે સાથે કદી રહી નહીં શકાય. મારી મિલકતના ચાર ભાગ હું કરું છું. હવે તમે બધાં અલગ થઈ પોતાની જિંદગી પોતાની રીતે જીવી શકો છો.

આજે ડાઈનિંગ ટેબલની ખુરશી પર ભીની આંખે બેઠો બેઠો ગુમાવેલ સમય અને વ્યક્તિઓને હું શોધી રહ્યો છું.

પરિવારને તોડતાં નહીં પણ જોડજો.....

***સંયુક્ત પરિવાર ટકેલા છે તેવા તમામ પરિવાર અને કુટુંબનાં સભ્યો માટે આ વાર્તા ખૂબજ ગંભીર શીખ આપી જાય છે.*** ■

## જરા વિચારજો...

અચાનક જ કહી દેવાયું કે તમારી પાસે જે નોટ છે એ નહીં ચાલે. તમારી પાસે ૫૦ દિવસ છે. તમે ગભરાઈ ગયા અને કોઈપણ પ્રકારે નોટ બદલવા લાઈન લગાવી...

*જરા વિચારજો...*

એક દિવસ એવો આવશે, તમને કહી દેવાશે, જે કાંઈપણ તમારી પાસે છે, એ બધું જ છોડીને તમારે જવાનું છે.

તમારા કરેલા પાપ-પુણ્ય જ સાથે ચાલશે અને એને બદલવા એક સેકંડનો પણ સમય નહીં મળે...

***તો વિચારો... એ સમયે તમારું શું થશે?***

માટે એવી કમાણી કરો જે સાથે લઈ જઈ શકાય...

**પ્રેષક : નવનીત પટેલ**

## ગઝલ

હા, મને માણસ બનાવે છે ગઝલ,
દૂર શેતાની હટાવે છે ગઝલ.

એટલે અજવાશ આઠે પ્હોર છે,
આત્મનો દીપક જલાવે છે ગઝલ.

સોળ નહીં સત્તર સજે શણગાર એ,
રંગ મહેલે મન લુભાવે છે ગઝલ.

રાખતી રાજી મને લગભગ બધે,
તો કદી થોડો સતાવે છે ગઝલ.

હું, તમે કે કોઈ ના હો શક્ય છે,
'રશ્મિ'ની મહેફિલ જમાવે છે ગઝલ.

**ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'**

વાર્તા

# સફળતા

ધીરજલાલ ડી. તન્ના

અમદાવાદની પ્રખ્યાત કોલેજનાં વાઈસ પ્રિન્સિપાલ શ્રી ડી.વી. સાહેબનો વયનિવૃત્તિ વિદાય સન્માન સમારોહ રાખવામાં આવેલ. સ્ટેજ પરથી એક એક વક્તા ડી.વી. સાહેબની વિદ્વતા, ફરજનિષ્ઠા, સાલસતા, નિયમિતતા, સમર્પણ ભાવનાનાં વખાણ કરતાં હતા. એક વક્તાએ તો ત્યાં સુધી જણાવ્યું કે; કોઈ વિદ્યાર્થી આવા ગુણો ધરાવતો હોય તો એમને કોલેજમાં 'ડી.વી. સાહેબ'નાં હુલામણાં નામથી બોલાવાતો હતો એ અમીટ છાપ સાહેબ આપણાં પર મૂકતાં ગયા છે. ડી.વી. સાહેબની સરનેમ તો હાજરી પત્રકમાં કેદ થઈને રહી ગઈ છે, પરંતુ ડી.વી. સાહેબ તો આપણાં હરએકનાં હૃદયમાં કેદ થઈ ગયા છે.

આવા સન્માનનાં પ્રતિભાવમાં ડી.વી. સાહેબે તમામનો આભાર માનતા કહ્યું કે, મેં તો ફક્ત મારી ફરજ નિભાવી છે. મેં જે સેવા અર્પેલ છે તેનું પગાર સ્વરૂપે મેં વળતર પણ મેળવેલ છે. આમ છતાંય મેં મેળવેલ વળતરનાં બદલામાં મારાથી સામે આપવામાં કશી ઊણપ રહી ગઈ હોય તો મને ક્ષમા પ્રદાન કરશો. કયારેક વિદ્યાર્થીને ભણાવવામાં મારાથી કચાશ રહી ગઈ હોય ત્યારે મને રાત્રે સુતી વખતે સતત અજંપો રહેતો કારણ મેં સરકારમાંથી પગાર મેળવેલ છે જેનું હું પૂરું વળતર આપી નથી શક્યો. પરંતુ આવી રાતો બહુજ ઓછી હતી એનો મને સંતોષ છે.

ડી.વી. સાહેબનું વકતવ્ય પૂર્ણ થતાં હાજર એક પત્રકારે પ્રશ્ન કર્યો કે, સાહેબ, આપનો ભવ્ય વિદાય સમારંભ થયો કે જેનાં આપ હક્કદાર છો; આ તો આપની યશસ્વી કારકિર્દી અને સફળતાનો શિરપાવ છે. ડી.વી.સાહેબ આપની આ સફળતાનું રહસ્ય શું છે? આપની સફળતામાંથી પ્રેરણા લઈ અન્ય લોકો પણ એનુ અનુસરણ કરી સફળતા મેળવે માટે આ રહસ્ય જણાવશો તો અમોને અતિ આનંદ થશે.'

મારી ફરજનિષ્ઠાને તમો સફળતા ગણાવો છો તે જાણી આનંદ થયો. આ પહેલાં તમને મારે મહેનતી પરિશ્રમી છોકરાની વાત કરવી છે. આમ કહી વાત વહેતી મૂકી.

'હવે ભણવાનુ બોવ થીયું કૈંક કામે વરગી જા નઈતર આપણે ખાહુ હું?' મજૂરીએ જાતાં છ માણસની જવાબદારી સંભાળતાં બાપની સહાયમાં વળગી જવા ધનજીની માએ ધનજી સાતમા ધોરણમાં પાસ થતાં જ હુકમ કરી દીધો.

ધનજીને નાછૂટકે બાપ સાથે મજૂરીએ વળગી જવું પડયું. ધનજીએ કોઈ દિવસ પાણીનો ગ્લાસ પણ ભરેલ નહીં. એટલે સવારનાં આઠ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી મજૂરીનું કામ આકરું લાગતા આઠ દિવસમાં થાકી ગયો. બીજે ક્યાંક નોકરી કરવાનું વિચારતો હતો એમાં ગામનાં મોટા વેપારીની દુકાને એક માણસની જરૂરિયાત હોઈ ત્યાં મહિનાનાં રૂા. ૩૦ લેખે નોકરીએ વળગી ગયો.

મોટા વેપારી એટલે વ્યાપાર પણ ઘણો. ધનજીને સવારથી સાંજ સુધી સખત મહેનત કરવી પડતી. જેનાં કારણે સાંજ થતાં સાવ થાકી જતો હતો; પણ આશ્વાસન એ વાતનું હતું કે ટાઢા છાંયાની નોકરી તો છે? છતાંય તે રાતોની રાતો વિચારમાં ખોવાઈ જતો કે આમાં મારું ભવિષ્ય શું? કાલ મારાં લગ્ન થશે ત્યારે પણ પોતાને સાત ધોરણ ભણેલ હોવા છતાં આખી જિંદગી મજૂરીથી જ ગુજરાન ચલાવવું પડશે? આવા વિચારોથી એ બેચેન થઈ જતો હતો. મારે મારા ભવિષ્ય માટે કંઈક તો કરવું જ જોઈએ! એ અરસામાં કોઈએ કહ્યું, તું સાત ધોરણ ભણેલ છે. શાળાંતની પરીક્ષા આપી દે. એમાં પાસ થઈ જઈશ તો તને માસ્તરની સરકારી નોકરી મળી જશે. અને એ સમયે શાળાંત પાસ શિક્ષકની નોકરી માટે લાયકાત ગણાતી.

ડી.વી. સાહેબ અસ્ખલિતપણે બોલ્યે જતા હતા અને હાજર શ્રોતાઓ એકીટસે સાંભળ્યે જતા હતા. ગળામાં શોષ પડતા સાહેબ પાણી પીવા રોકાયા. સભામાં હરએક વ્યકિત વિચારતી હતી હવે પછી શું હશે? સાહેબ પાણી પી લીધા બાદ બોલ્યા; ધનજીને શાળાંત પરીક્ષાની વાત ગળે ઊતરી ગઈ અને નક્કી કર્યું કે મારે શાળાંતની પરીક્ષા તો આપવી જ છે. પોતાને તો સવારથી સાંજ સુધી ફુરસદ મળતી ન હતી કે તે વાંચી શકે! ધનજીએ મનમાં ગાંઠ બાંધી લીધેલ કે ભોમિયો લઈ વાંચન કરી શાળાંત પાસ તો થવું જ છે પણ થવું કઈ રીતે? એનો રસ્તો મળતો નહોતો.

સતત મંથન બાદ એણે રસ્તો શોધી લીધો કે, સવારનાં પાંચ વાગ્યામાં ઊઠી જવું અને રાતનાં ૧૨ વાગ્યા સુધી જાગવું. સવાર સાંજ ૪ કલાક ઊંઘ ઓછી કરી એ સમય વાંચનમાં ગાળવો. પરંતુ સવારનાં વહેલા ઊઠવા અને રાત્રિનાં મોડે સુધી વાંચન માટે જાગવાથી ઘરનાં સદસ્યોની ઊંઘને ખલેલ પહોંચતી હોઈ, એ શક્ય ના થતાં એનો પણ એણે રસ્તો શોધી લીધો. દરરોજ સવારનાં પાંચ વાગ્યે ઊઠી ફાનસ સાથે કપડાની થેલી લઈ ગામનાં પાદરમાં વહેતી નદીનાં પુલ નીચે ફાનસનાં

અજવાળે વાંચન કરવાનું. સાત વાગ્યે નહાઈ, બાજુનાં મંદિરે દર્શન કરી ઘરે આવી સીધા નોકરીએ વળગી જવાનું. સાંજનાં નોકરીએથી આવી, થાક ભૂલી જઈ રાત્રે જમીને ૯ વાગ્યે ફરીથી ફાનસ લઈ નદીએ વાંચન માટે પહોંચી જવાનું. કરિશ્મા થયો. મહેનત રંગ લાવી. શાળાંત પરીક્ષા આપતા પાસ થઈ જતાં પ્રા.શિક્ષકનો ઑર્ડર આવતા વેપારીની નોકરીને અલવિદા કરી નવી ઈનિંગ ચાલુ કરી.

ધનજીનાં ફરજનું ગામ ઘેડમાં આવેલ. નોકરીમાં હાજર થયા બાદ ચાર માસમાં ચોમાસુ ચાલુ થયું. સોરઠમાં પ્રથમ વરસાદ અનરાધાર પડ્યો. એ વરસાદનું સઘળું પાણી ઘેડમાં એકત્રિત થયું. એ સમયે ઘેડનાં રસ્તાઓ બધાં કાચા. ધનજી પાણીનાં હિસાબે એક મહિનો પોતાનાં ગામ જઈ ના શક્યો. આ બાજુ છાપાંમાં સમાચાર આવતા કે ઘેડમાં જળબંબાકાર થતાં જાનમાલની પારાવાર નુકસાની થયેલ છે. ધનજીનાં મા-બાપનો જીવ તાળવે ચોંટી ગયો. ધનજી મહિના દિવસે ઘરે આવતા ઘરનાંઓએ સ્પષ્ટ સુણાવી દીધું કે આવા ગામમાં આપણેનોકરી નથી કરવી. ત્યાંના જીવનાં જોખમ કરતાં અહીં આપણે મીઠું ને રોટલો ખાઈ લેશું. આમ કહી નોકરી છોડી દેવાનું દબાણ વધી ગયું. ધનજીએ વિચાર્યું કે માંડ કરીને આ નોકરી મળી છે એને આમ નથી ગુમાવવી. એવું હશે તો પ્રયત્ન કરી વતનમાં બદલી કરાવી લેશું. આવું વિચારી નોકરી ચાલુ રાખી. સાથે બદલીનાં પ્રયત્નો પણ ચાલુ રાખ્યા. ૧ વર્ષમાં પોતાનાં વતનમાં બદલી થઈ ગઈ.

નોકરીનો સમય સવારનાં ૭ થી ૧ નો હતો. બપોર પછી સાવ ફ્રી રહેવાતું હોઈ ધનજીનાં મગજમાં ભણવાનો કીડો ફરીથી સળવળવા લાગ્યો અને પેલી નદીવાળી જૂની રફતાર ચાલુ કરી દીધી. સખત મહેનત ચાલુ કરી એકસ્ટર્નલ ઓલ્ડ એસ.એસ.સી.ની પરીક્ષા આપી અને એમાં ઉત્તીર્ણ થતાં એ જ શાળામાં મિડલ સ્કૂલમાં પ્રમોશન મળી ગયું. પ્રગતિથી તેમનો ઉત્સાહ બેવડાઈ ગયો. આગળ અભ્યાસ માટે જૂની નદીવાળી થિયરી ચાલુ રાખી. એકસ્ટર્નલ બી.એ.ઑનર્સ થતાં નગરપાલિકા સંચાલિત હાઈસ્કૂલમાં સિલેકટ થયો. પ્રગતિ કરી છતાં પણ તેમની મહેચ્છા આનાંથી વધારે સારી પોસ્ટ મળે એવી હોઈ સતત અભ્યાસ ચાલુ રાખતા એમ.એ. પાર્ટ-૧ અને પાર્ટ-૨માં ઉત્તીર્ણ થતાં સૌરાષ્ટ્રની જિલ્લા કક્ષાની કોલેજમાં ટ્યુટર તરીકે ઓર્ડર આવ્યો. પ્રયત્નો અને ૫ વર્ષનાં અનુભવનાં આધારે લેક્ચરર અને પ્રોફેસર તરીકે પ્રમોશન આવ્યું. જતાં દહાડે તેમને વાઈસ પ્રિન્સિપાલનું પ્રમોશન મળ્યું. ધનજીની આ પ્રગતિથી ધનજીનાં ગામમાં કોઈ છોકરો 'આ કામ મારાથી નહીં થઈ શકે' એવું કહે તો મા-બાપ કહેતા, જો આપણાં ધનજી પાસેથી કંઈક શીખ! ગામ આખામાં ધનજી આપણો થઈ ગયો.

પાછી હેરતઅંગેજ હકીકત એ હતી કે તેનાં લગ્ન વેપારીને ત્યાં નોકરી કરતો એ દરમિયાન એક અભણ કન્યા સાથે થયેલ અને એજ અભણ કન્યાએ ધનજીને ટોચનાં શિખરે બેસાડવા કોઈ કસર બાકી ના રાખી. પત્નીનાં સહયોગ સિવાય ધનજી આ કક્ષાએ પહોંચીજ ના શકયો હોત!

ડી.વી સાહેબનાં ભાષણને સભા મંત્રમુગ્ધ થઈ શ્રવણ કરી રહી હતી. ભાષણ પૂર્ણ થયા બાદ પણ એક મિનિટ સન્નાટો રહ્યો.

સભાજનો એક મિનિટ બાદ સંમોહનીમાંથી બહાર આવતા પેલા પત્રકાર મિત્રે પૂછ્યું, સાહેબ, સંઘર્ષની પરાકાષ્ઠામાંથી પસાર થઈ દ્રઢ મનોબળી ધનજીભાઈનો કિસ્સો અદ્ભુત છે. આપ તો એને ઓળખતાં જ હશો! એ અદ્ભુત વ્યકિતત્વનાં સ્વામી ધનજીભાઈનાં અમારે દર્શન કરવા છે. પ્લીઝ ડી.વી. સાહેબ, એ વ્યકિત હાલ ક્યાં છે તેમની જાણકારી અમોને આપો. જેને મળી અમારું જીવન અમારે ધન્ય કરવું છે.

આપ સર્વે તો તેને મળી ચૂકયા જ છો! ડી.વી. સાહેબનો પ્રત્યુતર આજ હોયને!!

*કેશોદ.*

*મો. : ૯૭૩૭૭ ૧૨૯૯૯*

## આપણા પૂર્વજોનું અણમોલ જ્ઞાન

૧૦
૧૦૦
૧૦૦૦
૧૦૦૦૦
જેમ-જેમ પૈસા વધતા જાય છે,
તેમ-તેમ શૂન્યતા વધતી જાય છે...
એટલે આપણા વડીલોએ વ્યવહારમાં...
૧૧
૨૧
૫૧
૧૦૧
આપવાનો રીવાજ બનાવ્યો છે.
જેથી વ્યવહારોમાં છેવટે...
૧ (એકતા) રહે,
૦ (શૂન્યતા) નહીં...

*પ્રેષક : નવનીત પટેલ*

વાર્તા

# થાળી, વાટકો અને ચમચી

સ્મિતાબેન પટેલ

સ્મિતા, લોકરની ચાવી ક્યાં છે? કડક શબ્દોમાં ભાવેશ બોલ્યો.

સ્મિતા બોલી, 'કેમ આજે લોકરની ચાવીની તમને જરૂર પડી?'

'એ તારો વિષય નથી. ચાવી ક્યાં છે?'

'કેમ આજે સવારે અચાનક આવું ખરાબ વર્તન વ્યવહાર કરવાનું કારણ?'

'એ તું સારી રીતે જાણે છે... સ્મિતા... હું ઘરની નાની બાબતમાં માથું મારતો નથી. પણ જે સૂચના મેં આપી હોય તેનું ઉલ્લંઘન હું ચલાવી લેતો નથી તે તું જાણે છે... છતાં પણ તે...'

'પણ તેમાં શું મોટું આભ તૂટી પડ્યું કે તમે તમારી પત્ની સાથે આવું વર્તન કરો છો?' સ્મિતા બોલી.

'સ્મિતા કોઈ વ્યક્તિ વિશેનો ઇતિહાસ ખબર ન હોય તો અયોગ્ય પગલાં ન લેવા જોઈએ. તું શું જાણે છે મારી માં વિશે? તને મારી માં ના સ્વર્ગસ્થ થયા પછી હું તેની પિત્તળની થાળી, વાટકો અને ચમચી ભોજન દરમિયાન વાપરતો હતો એ ગમતું ન હતું. તું ક્યારની મને આ થાળી, વાટકો, ચમચી ભંગારમાં આપવાની જીદ પકડતી હતી. તારા સ્વભાવ અને નજર પ્રમાણે મારી માં ની થાળી, વાટકી કે ચમચી ગોબાવાળી જ માત્ર હતા.

આ બાબતે મેં તને ચેતવણી આપી હતી. તારે જે કરવું હોય તે કરજે પણ આ થાળી, વાટકો કે ચમચી માટે કોઈ નિર્ણય લેતી નહીં. છતાં પણ તેં એ થાળી, વાટકો અને ચમચી ભંગાર વાળાને વેચી નાખ્યા? તને મારી માં ની જૂની ગોબાવાળી થાળી પસંદ ન હોય તો તેના પહેરેલા જૂના ઘરેણાં ઉપર પણ તારો અધિકાર નથી. ચાવી આપ, એ ઘરેણાં હું કોઈ ગરીબ વ્યક્તિને આપી દઉં.'

સ્મિતા સામું જોઈ રહી...

અંદરથી મારો પુત્ર શ્યામ આવ્યો. પપ્પા આટલા બધા કદી ગુસ્સે નથી થતા. કેમ આજે...?

મેં આંખમાં પાણી સાથે કીધું, 'તારી દાદી અને મારી માં ની એક યાદ, તારી માં એ ભંગારમાં વેચી નાખી. એ પણ મારી સ્પષ્ટ ના હોવા છતાં...'

'પણ પપ્પા, એ થાળી....'

'બેટા, એ થાળી, વાટકા ચમચીનો ઇતિહાસ તારે જાણવો છે? આજે તું અને મમ્મી મારી સાથે આવો. આજે મારે ઓફિસે નથી જવું.'

હું શ્યામ અને સ્મિતાને લઈ અમારા ગામડા તરફ કારમાં આગળ વધ્યો.... મેં ગામડાના મંદિર પાસે કાર ઉભી રાખી. અંદરથી અમે નીચે ઉતર્યા. ત્યાં પૂજારી પંડ્યાદાદા દોડતા આવ્યા અરે, ભીખા તું?

મારી પત્ની અને મારો પુત્ર શ્યામ મારી સામે જોઈ રહ્યા. એક કોર્પોરેટ કંપનીનો જનરલ મેનેજર જેનો પગાર મહિને ૨ લાખ રૂપિયા... તેને પૂજારી આ રીતે બોલાવે, એ તો સ્મિતા કે શ્યામને ખબર જ ન હતી...

હું પૂજારીને પગે લાગ્યો.

પૂજારી બોલ્યો, 'બહુ મોટો વ્યક્તિ થઈ ગયો બેટા...'

મેં કીધું, 'આ બધું આ પ્રભુ અને મારી માં ની કૃપા છે...'

અમે દર્શન કરવા મંદિરમાં ગયા.

દર્શન કર્યા પછી પૂજારીએ કીધું, 'જમ્યા વગર જવાનું નથી.'

પૂજારી પંડ્યાદાદાએ પૂછ્યું, 'બા કેમ સાથે ન આવ્યા?'

મારી ભીની આંખ જોઈ પંડ્યા દાદા સમજી ગયા.

એ બોલ્યા, 'બેટા, તારી માં ની અંદર ગજબનો આત્મવિશ્વાસ હતો. ભણી ભલે ઓછું હતી પણ તારો ઉછેર તારી માં એ વગર બાપે કર્યો. તારો ઉછેર કોઈ બાપ ના કરી શકે તેવો તારી માં એ કર્યો.

પંડ્યાદાદા મારા પરિવાર સામે જોઈ બોલ્યા, 'આ ભીખલાનું સાચું નામ ભાવેશ છે. પણ ગામ આખું તેને ભીખો કહી પ્રેમથી બોલવતું... કારણ ખબર છે?

શાંતાબાના ઘરે ત્રણ વખત ઘોડિયા બંધાયા પણ કોઈ પણ કારણથી આ બાળકોનું મૃત્યુ થતું. ચોથી વાર આ ભાવેશ આવ્યો ત્યારે તેની માં શાંતાબાએ તેના લાંબા આયુષ્ય માટે ચંપલ આખી જિંદગી ન પહેરવાની અને એક વર્ષ પાંચ ઘરેથી ભીખ માંગીને ખાવાની બાધા લીધી હતી. સવારે માંગીને ખાય. ઘણી વખત પેટ પૂરતું ન પણ મળે. રાત્રે તો એક સમય ખાધા વગર ખેંચી લેતા. એક વર્ષ રોજ કોઈના ઘરે ભીખ માંગવા ઉભવું સહેલું નથી. એ પણ ભીખલાના લાંબા આયુષ્ય

માટે... ઉનાળો, શિયાળો, ચોમાસુ ખુલ્લા પગે....ભીખલાના લાંબા આયુષ્ય માટે ફરતી એ માં નું સ્વપ્ન મારી નજર સામે પૂરું થયું. થયું એવું....ભીખલો તો બચી ગયો પણ એક વર્ષનો તેને મૂકીને તેનો બાપ ટૂંકી બીમારીમાં સ્વર્ગસ્થ થયો. શાંતાબા ઉપર આભ તૂટી પડ્યું. છતાં પણ તે હિંમત હાર્યા નહીં. ગામના કામ કરે ત્યારે ભાવેશને અહીં મંદિરમાં વાંચવા માટે મૂકી જાય. ગામ આખાના કામ કરી અહીં આવે ત્યારે શાંતાબા થાકેલા હોય પણ મનમાં દ્રઢ વિશ્વાસ..... મારા ભાવેશને મોટો સાહેબ બનાવવો છે. શાંતાબાને હું મારી બેન જ માનતો....'

મારી આંખોમાંથી અવિરત આંસુ વહી રહ્યા હતા...

મારો પુત્ર પણ દાદીની વાતો સાંભળી રડી પડ્યો. મારી પત્ની સ્મિતા હાથ જોડી બોલી, 'ભાવેશ, મને માફ કર.... માં ને સમજવા માટે દસ અવતાર ઓછા પડે. એ પણ રડી પડી અને બોલી ફક્ત સાંભળીને આટલું દુઃખ થાય, એ જનેતાએ વેઠ્યું હશે ત્યારે કેવું દુઃખ થયું હશે?'

ભાવેશે ચેક બુક કાઢી. પંડ્યાદાદા, એક કામ કરવાનું છે...

બોલ બેટા, તું પાછો કયારે દેખાવાનો?

દાદા, વર્ષોથી મારી એક ઈચ્છા હતી. એ અચાનક આજે પૂરી કરવાનો અવસર મળ્યો છે

આ મંદિરની છત્રછાયામાં તમારી દેખરેખ નીચે હું ભણ્યો હતો. આ બે ચેક એક એક લાખના છે. એક મંદિરનો અને બીજો તમારો...

અરે બેટા....

અરે દાદા હવે અગત્યનું કામ...

મારી માં જે પાંચ ઘરે માંગીને મારા માટે ખાતી, એ પાંચ ઘર મને તમે બતાવો... મારી સાથે કારમાં બેસી જાવ...

પંડ્યાદાદાએ પાંચ ઘર બતાવ્યા. એ દરેક વડીલોને પગે લાગી, એક એક લાખના ચેક દરેક વ્યક્તિને આપી તેમનો દિલથી મેં આભાર માન્યો...

રસ્તામાં પંડ્યા દાદા કહે, 'બેટા, વાસ્તવમાં લોકો બારમું તેરમું અસ્થિ વિસર્જન માં બાપના મોક્ષ માટે કરતા હોય છે. પણ તે તારી માં ને આજે ઋણ મુક્ત કરી છે. તેનો મોક્ષ નક્કી... ધન્ય છે બેટા, તારા જેવા સંતાન દરેકના ઘરે થજો.'

મંદિરે પંડ્યા દાદાને ઉતારી અમે પાછા ઘર તરફ રવાના થયા.

અમારા ઘર પાસે વાસણની દુકાન પાસે સ્મિતાએ કાર ઉભી રખાવી. તે અંદર ગઈ. થોડા સમય પછી એ બહાર આવી ત્યારે તેના હાથમાં મારી માં ના જૂના થાળી, વાટકી અને ચમચી હતા.

સ્મિતા એ મારા હાથમાં મૂક્તા બોલી, 'આ દુકાને મેં કાલે વેચ્યા હતા આજે ફરી ખરીદી લીધા. જો આ થાળીનો સેટ વેચાઈ ગયો હોત તો હું મારી જાતને આખી જિંદગી માફ ન કરત. ભાવેશ, મને માફ કર. આ થાળીની તાકાત સમજવા માટે હું નબળી અને નાની પડી.

સ્મિતા, હું માફ કરનાર કોણ? મેં તો ફક્ત લાગણીના સંબધો કેટલા ઊંડા હોય છે તે સમજાવવા તને પ્રયત્ન કર્યો. ચલ, કારમાં બેસ...

બેસું પણ એક શરતે... મારા પાપોના પ્રાયશ્ચિત રૂપે હવેથી હું આ થાળીમાં રોજ જમીશ... મંજૂર? સ્મિતા બોલી.

ભાવેશ બોલ્યો, સ્મિતા તને તારી ભૂલ સમજાઈ એ મારા માટે ઘણું છે. તું જમે કે હું જમું, એ અગત્યનું નથી.

આવી આદર્શ કોઈ પણ વ્યક્તિ હોય તેને જીવતા અને તેમના ગયા પછી પણ આદર આપવો એ આપણી ફરજ બને છે. બાકી સ્મિતા, પ્રેમનું બંધન એટલું પાક્કું હોવું જોઈએ, કે કોઈ તોડવા આવે તો એ પોતે જ તૂટી જાય.... ■

## આકર્ષક અને લોકપ્રિય ફળ : ટામેટા

**લાલ ચટક ટામેટા હજારો વર્ષથી લોકપ્રિય રહ્યા છે. આપણે તેનો ઉપયોગ શાકભાજી તરીકે કરીએ છીએ. વનસ્પતિ શાસ્ત્રની દ્રષ્ટિએ, ટામેટા શાક નહીં પણ ફળ છે. પૃથ્વી પર સાતમી સદીમાં ટામેટાની ખેતી શરૂ થયેલી. આજે વિશ્વભરમાં ૭૫૦૦ જેટલી જાતના ટામેટાની ખેતી થાય છે. ટામેટાની માત્ર લાલ જ નહીં પરંતુ તેની પીળી, લીલી, ગુલાબી, સફેદ અને જાંબલી રંગની જાત પણ પાકે છે. સોળમી સદીમાં ટામેટા 'એપલ ઑફ લવ' અને 'એપલ ઑફ પેરેડાઇઝ' જેવા હુલામણા નામે ઓળખાતા. ટોમેટો સોસ, એ આજની લોકપ્રિય વાનગી છે. સોસ અને કેચપ જાણીતી વાનગી છે. સામાન્ય રીતે મસાલા નાંખી ગરમ કરીને પીરસાય તેને સોસ કહે છે. જ્યારે કેચપ ઘટ્ટ હોય છે. તેમાં ખાંડ અને મસાલા ઉમેરાયા હોય છે. તેને ગરમ કરવામાં આવતો નથી.**

**ટામેટા ખોરાક તરીકે લોકપ્રિય તો છે જ પણ તે મનોરંજનનું સાધન પણ બન્યા છે. સ્પેનમાં 'લા ટોમેટીના' નામનો એકબીજા પર ટામેટા ફેંકવાનો ઉત્સવ મનાવાય છે. ટામેટાના ઢગલા પર એક આબોહવાની અને નૃત્ય કરવાની સ્પર્ધા પણ યોજાય છે. ટામેટા સામાન્ય રીતે છોડ પર પેદા થતી સીઝનનો પાક છે. ફ્લોરીડામાં ડિઝની વર્લ્ડ કંપનીએ કરેલા સાયન્સ પ્રોજેક્ટમાં વર્ષ ૨૦૦૫માં ટામેટાના એક જ છોડ ઉપરથી ૫૨૨ કિ.ગ્રા. ટામેટાનો પાક લીધાનો વિશ્વવિક્રમ નોંધાયો છે. અમેરિકાના ઓક્લાહોમાના એક ખેડૂતે ૨૦૧૩માં ૩.૫૧ કિલો વજનનું સૌથી મોટું ટામેટું પકવવાનો વિશ્વવિક્રમ નોંધાવ્યો હતો.**

## ભારતના બુઝુર્ગો

ભારતમાં ૧૦.૩૮ કરોડ બુઝુર્ગો છે

આપણા દેશની મહાન સંસ્કૃતિના ગાન ભલે આપણે ગાઈએ પણ વડીલોની સાચવણ અને માન સન્માનમાં આપણે બીજા દેશો કરતાં ઘણાં 'પાછળ' છીએ...

***આજે પણ તમો જોતાં હશો કે...***

- ★ ૮૦% બુઢ્ઢા મા-બાપને જમવા અલગ બેસાડાય છે.
- ★ ૨૦% મા-બાપને સગવડતા હોય તોય ઘરવાળીના ડરથી અલગ રખાય છે.
- ★ ૯૦% પુત્રો કામેથી આવીને સાંજે બાળકોને ચુમી ઉઠે છે. તો અમુક તો ઘરવાળી વર્ષોથી વિખુટી પડી ગઈ હોય તેમ લબાડવેડા કરી ભેટી પડે છે. પણ ઘરમાં બા-બાપુજી ને 'કેમ છો બા?' કહેતાં નથી!
- ★ ૭૦% મા-બાપો ઘરડાં થાય ને કંઈ પણ બોલે તો 'તમને ખબર નો પડે...!' એમ કહીને ચૂપ કરાય છે ...
- ★ ૯૦% ઘરડાં માતા-પિતાને દિકરાઓ તેના પૈસા બાબતે પૂછતાં નથી! ભીખની જેમ રૂપિયા માંગવા પડે છે...

***જેવું કરશો તેવું જ ભરશો... એ મુજબ...***

મારા સર્વે પ્રમાણે, જે લોકો મા-બાપને એકલાં છોડી મૂકે છે કે માન સન્માન આપતાં નથી તેમનાં પોતાનાં ઘડપણ વખતે તેનાંથી પણ વધુ બુરા હાલ થાય જ છે...

અમુક કુટુંબોમાં તો આવું પેઢી દર પેઢી ચાલ્યું આવતું જ હોય છે.

મા-બાપો કુતરાંની જેમ બીચારાં થઈ જીવતાં હોય... ને આવી સાઈકલ પેઢી દર પેઢી ચાલું જ હોય. ખરેખર આવા કુટુંબોમાં સંસ્કાર, શિષ્ટતા અને કેળવણીમાં જ ખોટ હોય છે

***સમજો... વિચારો... યુવાનો...***

૬૦ વર્ષ પતિ-પત્ની સાથે રહીને જ્યારે તેમાંથી એકાદ સ્વર્ગે સિધાવે ત્યારે તેની જિંદગીમાં એકલતા વ્યાપી જાય.

ધીરે ધીરે બચપણના ભાઈ બહેનો ચાલ્યા જાય...

ઓટા-ચોરાના મિત્રો એક પછી એક ચાલ્યાં જાય...

૮૦-૯૦ વર્ષે તો તેના તમામ સાથીદાર, મિત્રો ચાલ્યાં જાય....

જેની સાથે જીવવું છે તે તમામ નવાં?

ઉંમરને લીધે શરીર સાથ ના દે... સંભળાય નહીં... ભાષાના શબ્દો, ટેકનોલોજી, રહેનસહેન, ફેશન પળપળ બદલાતી હોય ત્યારે બધાં સાથે સંકલન અશક્ય બની જાય. ત્યારે જીવવું એ જ બોજ બની જાય

માનવ જિંદગીનો સૌથી ભયાનક અને બિહામણો તબક્કો ત્યારે બની જાય કે પુત્રો હરામી પાકે...

આવા સમયે પુત્ર-પુત્રવધૂઓએ પોતાનાં બાળપણને યાદ કરવું જોઈએ...

જન્મથી જ આપણને ખાતાં, ચાલતાં, બોલતાં ને આ દુનિયાના આટાપાટા જેણે ખંત અને મહેનતથી શીખવ્યા હોય, તેને જ્યારે જરૂર પડે ત્યારે આટલા બધાં હલકટવેડા?

વિચારો...

માતા-પિતાને તરછોડીને આ દુનિયામાં કોઈ જ સુખી થયું નથી... થવાનું નથી...(થવા પણ ના જોઈએ)

કૂતરાંના મોતે ના મરવું હોય અને ઘડપણમાં સુખેથી જીવવું હોય તો મા-બાપની પોતાનાં ભુલકાં જેટલી જ કાળજી લો.

'કેમ છો બા? કેમ છો બાપુજી?' – આટલાં શબ્દો જ તેમને ઘડપણ ભુલાવી પરમ સુખ આપે છે.

***જ્યાં લખવું હોય ત્યાં લખી લો...***

***માતા-પિતા એ સૌથી મોટા ઈશ્વર છે.***

***તેમને ભરપૂર પ્રેમ કરો.***

## પ્લાસ્ટીક અને પ્રદૂષણ

- પ્લાસ્ટીકનો કચરો કાયમી પ્રદૂષણ કરે છે. પ્લાસ્ટીકનો સામાન્ય કપ જમીનમાં ૫૦થી ૮૦ વર્ષેય નાશ પામતો નથી.
- એકલા અમેરિકામાં જ દર કલાકે ૨૫ લાખ પ્લાસ્ટીકની બોટલ વપરાય છે.
- સમુદ્રમાં ફેંકેલા પ્લાસ્ટીકના કચરાને કારણે દર વર્ષે ૧૦ લાખ જેટલા સમુદ્રી જીવોનાં મોત થાય છે.
- મહા સમુદ્રોમાં દર વર્ષે પ્લાસ્ટીકનો લગભગ ૨૫ અબજ કિલો કચરો ઠલવાય છે.
- માછીમારના ઉદ્યોગો દર વર્ષે ૧૫૦૦૦ ટન પ્લાસ્ટીકનો કચરો સમુદ્રમાં ઠાલવે છે.
- આજ સુધીમાં વિશ્વભરમાં બનેલું બધું જ પ્લાસ્ટીક હજુ પણ અસ્તિત્વમાં છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

મંગલ મંદિરને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

હાર્દિક શુભેચ્છાઓ

મનુષ્યની ઈચ્છાશક્તિ
પક્ષીની એ પાંખો જેટલી
મજબૂત હોવી જોઈએ
કે જે હવાની વિપરીત ચાલને પણ
પોતાના ઉડવાનું માધ્યમ બનાવી લે.

તમારી હાલતને એવી ના બનાવો
કે આપ હિંમત હારી જાવ
પરંતુ હિંમત એવી રાખો
કે તેનાથી હાલત હારી જાય
અને પરિસ્થિતિ સુધરી જાય.

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

*With Best Compliments From*

**Sathwara Construction**

C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com

**INDOTEX PAINTS**

• DURABLE • DECORATIVE • PROTECTIVE

Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

**શાંતિનાથ ડેકોરેટર્સ**
(મહાવીર ગ્રુપ - ધામાવાળા)
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર

બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

khadi
VEDA
Essence of Nature

HAIR CARE | MEDICATED | BODY CARE
WELLNESS | BEAUTY & FACE CARE



**Book Shelf**
English & Gujarati books

**For New Books Pl Check Our WhatsApp Status No : 9099000362**
e-mail : bookshelfa@gmail.com | Visit us: www.gujaratibookshelf.com

16,City Center, Opp.Dominoz Pizza
Nr. Swastik Chaar Rasta, C.G.Road,Navrangpura, Ahmedabad.380 009

Like Us On | Book Shelf | Help Line No. 90990 00362 | Phone : 079 - 2644 1826



ચાહે કોઈ પણ યુગ હોય,
વિજય હંમેશાં સત્યનો જ થયો છે.
બસ થોડી ધીરજ અને ધૈર્યની જરૂરત છે.
બાકી આથમેલો સૂરજ સવારે ઉગવાનો જ છે.



સમય, તબિયત અને સંબંધ -
આ ત્રણેય ઉપર કિંમતનું લેબલ નથી હોતું
પણ જ્યારે એમને ગુમાવી દઈએ છીએ
ત્યારે તેની સાચી કિંમત સમજાય છે.



સમયની સાથે ચાલવું જરૂરી નથી, સત્યની સાથે ચાલો.
એક દિવસ સમય આપની સાથે ચાલવા લાગશે.

R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

Chandrakant K. Gada
+91-9825069290

BLUE STAR INDUSTRIES

**Stainless Steel Re-Rollers**

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

BMCB BANK ESTD 1995 Multi-State Bank
**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.**
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ-૬.
Tel. : 26400969 ● www.bhujbank.com

બેંકની વિવિધ સગવડો
- FDR વ્યાજ દર upto 8.75% @ with monthly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil*
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : ● વર્ષ ૨૦૨૨ : ૧૦% ● વર્ષ ૨૦૨૩ : ૧૨%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫



**SKYBLUE STATIONERY MART**
EVERY THING THAT YOU THINK

**South Bopal** : 35, Gala Magnus, Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara** : GF Shop No. 26, Maple Trade Centre, SAL Hospital Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**



**ફ્યુઝન કિડની કેર પ્રા. લી.** FUSION KIDNEY INSTITU
Full UroNephro Solutions



**ડૉ.હિમાંશુ શાહ** [M.S. Mch.(યુરોલોજી)] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

*Bharat B. Gala*
M. : 93270 05460

SHREE **Raju** ENTERPRISE
RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

● શુભેચ્છા સહ ●



**પ્રભુલાલ એમ. સંઘવી**
ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

*દૂધ, દહીં, છાશ, માખણ, ઘી વગેરે એક જ કુળના હોવા છતાં બધાની કિંમત એક સરખી નથી હોતી, કેમ કે શ્રેષ્ઠતા જન્મથી નહીં પરંતુ કર્મથી પ્રાપ્ત થાય છે.*

*If undelivered please return to :*
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

*To,*